SMT. HANSA MEHTA LIBRARY
The Maharaja Sayajirao University of Baroda
Call No. BP 70 .D2
G.9301

# તવારીખે-પીર

## ભાગ ૨ જો

SMT. HANSA MEHTA LIBRARY
THE M. S. UNIVERSITY OF BARODA

લેખક :
...ઝાદા સૈયદ સદરૂદ્દીન એચ. દરગાહવાલા
દરગાહ શરીફ
નવસારી.

આ પુસ્તકના સર્વ પ્રકારના હક્ક લેખકને
સ્વાધીન છે.

આવૃત્તિ ૧ લી
પ્રત ૧૦૦૦

ઈ. સ. ૧...
હિ. સ. ૧...

## પીરઝાદા સૈયદ સદરૂદ્દીન એચ. દરગાહવાલા
## પુસ્તકો

(૧) હ. અલી (અ. સ.) ના બોધવચનો.
(૨) તવારીખે પીર ભાગ ૧ લો.
(૩) મોહર્રમ અથવા કરબલાના ધર્માર્થ પ્રાણ ત્યાગ.
(૪) હમારા નબીનું પવિત્ર જીવન.

**સ્ટોકમાં બિલકુલ નથી.**

مذہب و باطنی علم

شاہ الاولیا
مخبر الاولیا
شاہ پیر محمد

ers
જીવ

પ્રકાશક :—પીરઝાદા સૈયદ સદરૂદ્દીન એચ. દરગા[illegible] જીવ[illegible]
દરગાહ શરીફ, નવસ[illegible]
[illegible]દ્રક :—અબ્દુલ્લાહ ફખરૂદ્દીન સૈયિદ
મુદ્રણસ્થાન :—મુસ્લિમ-ગુજરાત પ્રેસ,
ભાગાતાલાબ રોડ, સુ[illegible]

Kazi. S.N. Husain.
PURCHASED
Date 1 SEP 1959
Initial V.H.V.
7B 7/10
D2
G. 9301.
Rs. 5/-

## પરિચય.

[ લેખક:—શો. મ. દેશાઈ ]

"The practise of the religious man brings [illegible] the miracle of the harmony of the Divine [illegible] human, and lifts the secular to the level of [illegible] sacred."—Sir Henry Jones.

પીરોની તવારીખનું આ અમુલ્ય પુસ્તક હોવાથી પ્રથમ **પીરો** અને **સૈયદો**નો દરજ્જો કેવડો મોટો [illegible] વિષે અવ્વલથી જાણવાની જરૂર છે. પીર અને સૈયદ [illegible]ચ્ચ ધાર્મિક પુરૂષ પરબ્રહ્મ પરમાત્મા અને મનુષ્ય [illegible]નેના મેળાપના ચમત્કારની પ્રાપ્તિ કરાવે છે, અને [illegible]કક કિંવા સાંસારિક હોય છે તેને દિવ્ય તથા દૈવી ઉપર ચઢાવી પણ શકે છે. પીર અને સૈયદને કેમ ચઢી શકાય છે, અને કેટલે કેટલે જન્મે તથા [illegible]છોં કષ્ટોની કસોટીમાંથી પસાર થવું પડે છે, તે [illegible]ડિફ્રુ[illegible]ર પગથિયાનું જ્ઞાન થયા પછી આ પુસ્તકની [illegible]એ[illegible] સમજી શકાશે.

અપ[illegible] **અલ્લાહતાલા.** જે પરમેશ્વર, અહુરમઝદ, The છતાં [illegible] God, તે તો એક મહાન આત્મિક સમુદ્ર છે, [illegible], સર્વ વ્યાપક, સર્વ શકિતમાન, અનદીઠ, [illegible]માન સાથનો બેકિનાર, છેડા વગરનો, સર્વત્ર [illegible]નુ[illegible]નો એકજ છે, જેનો બીજો કોઈ પણ ભાગ નથી, જે **બીજા** વગરનો અદ્વૈત છે, અને જે

સર્વદા જેનો તે રહે છે છતાં, તે અચેત (Unc... નહીં
કે ચેતન હાલતમાં રહે છે. જેમ આપણે સુષુ...
ભર ઉંઘમાં પડયે છિયે તેમ તે નિર્ગુણ, નિરંજન ...
રહેલ છે. એ સકળ વિશ્વનો પરમ આત્મા (The Supre...
Being) છે.

**૨—ખુદા.** ઉપર કહેલી ગાઢ નિદ્રાવાળી સ્થિતિમાં...
અલ્લાહતાલા જાગૃતાવસ્થામાં સચેતન થયા તેને આ...
**ખુદા, માહબુદ, ખાલિક,** God, **ઈશ્વર,** અર્થાત ...
પોતાનીજ ઇચ્છાથીજ, પોતાની મેળે ઉત્પન્ન (સ્વ...
થઈને જગતની રચના કરવાથી જગ્ત કર્તા, સૃષ્ટિ ...
બ્રહ્મા, વિષ્ણુ, શિવ, મઝદા, સૃષ્ટા આદિ અનેક નામો...
ઓળખાયા. જો કે તે પરમાત્માજ છે, તો પણ એક...
તે સચેત, ભાનવાળી (Conscions) હાલતમાં આવ્યા...
આપણે તેને **ખુદા** નામથી કહ્યા.

**૩—આદમ.** એ જીવક આત્મા (The Ps...
soul), જેને **મખલુક, બંદો, પુરૂષ, મનુષ્ય** ઈ...
શબ્દો વડે આપણે ઓળખ્યે છિયે તે **આદમ.** તે જીવા...
કહેતાં The sentient soul, જીવ વત્તા આત્મા ...
હોવાથી, ઈશ્વરે પોતાનામાંથીજ ઉત્પન્ન કરેલ છે. જીવ...
પશુ, પંખી ઈત્યાદિમાં પણ જો કે જીવ+આત્મા હો...
તેઓ જીવાત્મા કહેવાય છે, પરન્તુ જે આત્મા એ ...
જીવ, બુદ્ધિ, મન્નસ, અહંકાર અને જ્ઞાને ...રે
આપેલું જે પુતળું, તે મનુષ્યાત્મા કહેવાય...



**૪—સતગોર.** હિંદુઓ જેને સદ્દગુરૂ કહે છે તે ...ત્માના નામથી ઓળખાય છે. સૈયદની પાયરીથી જે આગળ વધીને અંતિમ ધ્યેયને પહોંચી શકે છે, તેજ સતગોર અથવા સદ્દગુરૂનો દરજ્જો હાંસલ કરે છે. એને મનુષ્ય-દેવ (Man-God) એટલા માટે કહે છે કે, તે જીવાત્મા પોતાની અદ્દભુત ઉચ્ચ પવિત્રાઈએ કરીને, પોતાના યોગબળે, બ્રહ્મજ્ઞાન સંપૂર્ણ રીતે પ્રાપ્ત કરીને, તે જ્ઞાન અમલમાં મુકીને, સાતમા ભુવન અને છેલ્લી સાતમી ભૂમિકાને જ્યારે કુદાવી જાય છે ત્યારે તે જીવ મટીને શિવ, જીવાત્મા મટીને શિવાત્મા થઈ શકે છે. એ શિવાત્માના પણ વળી નીચે પ્રમાણે પ્રકારો છે:—

(ક) **વિદેહ મુક્તાત્મા.** જે મનુષ્યાત્મા દેવાત્માને દરજ્જે પહોંચતાંજ, ઈશ્વરી આનંદ મેળવતાં બરાબરજ, એવો તો પરમ આનંદમાં લવલીન થઈ જાય છે કે, પોતાના દેહનો તેમજ **મન**નો પણ તૂર્તજ ત્યાગ કરીને, ઘણો ઘણો તો ૨૧ દિવસ આ કર્મભૂમિ પર રહ્યા પછી દેહને છોડી દે છે. એ પ્રકારના શિવાત્માને વિદેહમુક્ત એમ હિંદુઓ કહે છે, જેને મુસલમાનો "ફના ફિલ્લાહ" કહે છે. એઓને પુનર્જન્મ ન થતાં કેવળ ખુદાના મળી જાય છે. અપવાદ માત્ર **જનક** રાજાનોજ છે કે, તે સંસારમાં રહ્યો છતાં વિદેહ મુક્તાત્મા હતો.

(ખ) **મજઝુબ.** હિન્દુઓ જેને **પરમહંસ** કહે ... તેને ઇસ્લામી સુફીઓએ મજઝુબ કહ્યો છે. આ પ્રકારનો ...નુષ્ય... સાતમી ભૂમિકા પસાર કર્યા છતાં અને ખુદામાં

મળી ગયા છતાં, પોતાના દેહ અને મનનો ત્યાગ નહીં કરતાં આજ જગત્‌માં રહીને માત્ર સત્-ચિત્ત-આનંદનો ઉપભોગ ભોગવતો ત્યાંજ પડી રહે છે. તે કોઈ પણ જીવને નાતો ઉપયોગી થતો, કિંવા કોઈને પણ ના તો તે સહાય થતો; બસ ધુનમાં ને ધુનમાં મસ્ત હાલતમાંજ પડયો રહે છે, તો જો કે એ પણ ઈશ્વરમય તો થઈજ ગએલો હોવાથી એને પણ પુનર્જન્મ હોતો નથી. એ સદા અર્ધ ભાનવાળી અને અર્ધ બેભાનવાળી હાલતમાં રહેતો જણાય છે.

(ગ) સાલેક. જેઓ ઈશ્વરનો સાક્ષાત્કાર કર્યા પછી, ગુરૂ કૃપાથી જો કે પાછા દેહ અને મન સહિત પૂર્ણ ભાનવાળી હાલત પ્રાપ્ત કરે છે ખરા, તો પણ તેઓ જગત્‌ના કલ્યાણ અર્થે ખેપરવા રહે છે. હિંદુઓ સાલેકને **જીવન મુક્ત, ઋષિ** અથવા **મૂનિ** કહે છે. એઓ પણ ઈશ્વરમાં તો મળીજ ગયા હોય છે; એમને પણ પુનર્જન્મ હોતો નથી.

૫—**કુતૂબ.** જેઓ ઈશ્વરનો સાક્ષાત્કાર (God-realisation) કર્યા પછી પણ જગત્‌ના લોકોના કલ્યાણ માટે ઉચ્ચ પ્રકારની ગુપ્ત કામગીરિ કરવા, જગત્‌ના ઉદ્ધાર કરવા, અને આખાયે જગત્‌ને ગુપ્ત રીતે આત્મિક જોશ આપવાના કામે લાગી જાય છે. એઓ સહુ કરતાં ઉચ્ચ દરજ્જાના શિવાત્મા હોય છે. એમને મુસલમીનો **પયગમ્બર, કબીર,** હાઝર **ઈમામ, ફકીર,** અથવા **કુત્બ** કે **કુતૂબ** કહે છે, અને હિંદુઓ તેને સત્ગુરૂ, સત્પુરૂષ, આચાર્ય અથવા **સદ્‌ગુરૂ** કહે છે. એઓ ઈશ્વરમય થઈ ચુકેલા



હોવાથી તેમને પુનર્જન્મ હોતોજ નથી. તેઓ તો સંપૂર્ણતાએ પહોંચેલા (The perfact Spiritual Master) મનુષ્ય દેવ હોય છે, જેઓ પ્રભુ સ્વરૂપે આ દુન્યામાં આવે છે. તેઓ શા કારણે દેવસ્વરૂપે આવે છે તે વિષે ગીતા. અ. ૪. શ્લો. ૭-૮ માં કહ્યું છે કેઃ

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदाऽऽत्मानं सृजाम्यहम् ॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥

હે ભારત! જ્યારે જ્યારે ધર્મની હાનિ થાય છે અને અધર્મનું જોર વધી પડે છે ત્યારે ત્યારે, સાધુજનોનું રક્ષણ અને તેમનો ઉધ્ધાર કરવા માટે, અને દુર્જન દુષ્ટોનો સંહાર કરવા માટે હું કાળે કાળે મહા આત્માને સૃજીને હુંજ તે રૂપે પ્રકટ થઉં છું.

આ ઉપરથી સમજી શકાશે કે, સૃષ્ટિ કર્તા અને સૃષ્ટિ એ બન્નેની ગુંચવાયલી જાળમાંથી બહાર નિકળીને જ્યારે જીવાત્મા પોતે પોતાના અસલ સાચા સ્વરૂપને ઓળખે છે કે, "મનમ યઝદી=હું ખુદાજ છું; "અન અલ હક" = હું હકતાલાજ છું; "अहं ब्रह्मास्मि"=હું બ્રહ્મજ છું; "तत्वंअसि"=હું તે તેજ છું; "I and my Father are one."=હું (ઈસુ) અને મ્હારો મહાન પિતા બન્ને એકજ છિયે; "નીસ્ત હસ્તી બજુઝ યઝદાન"=ખુદા સિવાય બીજું કાંઈજ નથી; ત્યારે તે **તૌહીદને** પહોંચ્યો એટલે કે

ખુદામાં મળી ગયો કહેવાય છે. ત્યારે જેણે કુત્બ, ઈમામ, કબીર ફકીરને દીઠો તેણે ખુદા પાકનેજ દીઠો = " મન રાઆની ફકદરા અલ હકક. " ઈસાઈઓ પણ કહે છે કે, He Knew himself as the Almighty.

૧—ખુદાને મળવાની ઈચ્છા કરનારો **જિજ્ઞાસુ** જ્યારે આ દુનિયા સંસાર તરફ પીઠ ફેરવીને ગુરૂ કૃપાથી પહેલાં ભુવન ઉપર, એટલે ૧ લી ભૂમિકાએ ચઢે છે ત્યારે તેને બહુજ થોડી પ્રેરણા, કેટલીક ખુદાઈ બશારત ( Divine Inspiration ) થાય છે, અને કેટલીક દૈવી શકિત પણ મળે છે. એને " બંદે ખુદા " કહેવામાં આવે છે. તે પોતાની છેક નજીકના માણસોના મનના વિચારો પણ વાંચી શકે છે. આ ૧ લી હાલતમાં તેને કેટલીક સુખાવસ્થા પ્રાપ્ત થાય છે. આ ભૂમિકા ( Plane ) ને મુસલમાનો " નાસૂતનું મુકામ " અથવા "અવ્વલ જીન્નત " કહે છે. વેદાન્તમાં એને " શુભેચ્છા ભૂમિકા, " થિયોસોફીમાં " છાયા શરીર અવસ્થા " અને જરથોસ્તીઓમાં " સતરપાયા બહેસ્ત " કહે છે.

૨—**મુરશીદના** આકર્ષણ અને મુરીદના પ્રેમે કરીને તે હવે ૨ જાં ભુવન તરફ ખેંચાવા માંડે છે. અહિંયાં તે જિજ્ઞાસુ મટીને **મુમુક્ષુ** દશા પ્રાપ્ત કરે છે. આ બીજાં ભુવને પહોંચેલો મુરીદ ઈશ્વર–પ્રેરિત–જ્ઞાન ( Intution ) માં આગળ વધતો જતો હોવાથી, નૂરે ઈમાન અથવા પ્રભુ પ્રકાશની વિશેષ પ્રમાણમાં ઝાંખી કરી શકે છે; અને વધુ દૂરી ઉપર રહેનારાં માણસોના વિચારો વાંચી શકે છે. આ



બીજી ભૂમિકાને યોગીઓ " વિચારણા ભૂમિકા " કહે છે. કેટલાકો એને " કામ લોક " (Astral Plane) કહે છે અને સુફીઓ એને " મુકામે મલકુત " કહે છે, પારસીઓમાં એને " મહાપાયા બહેસ્ત " કહે છે.

૩—**મંઝીલે સીમ.** લાયકાત પ્રમાણે આગળ વધેલા (Advanced) મુરીદને તેનો મુરશીદ આ ૩ જાં ભુવનમાં જ્યારે પ્રવેશાવે છે ત્યારે તે જીવાત્મા આ પૃથ્વી (Gross World) ના જ નહીં પણ ૩ જી ભૂમિકા સૂધી પહોંચેલા જીવોના વિચારો પણ જાણી શકે છે. આ રીતે મુરશીદ પોતાના મુરીદને દૈવી આંચકો (Spiritual Push) મારીને તેની આત્મિક વૃદ્ધિમાં આગળ ને આગળ વધારતો રહે છે. આ તબક્કે તે સાધક સૂક્ષ્મ જગત્ (Subtle World) નું પણ કેટલુંક જોઈ શકે છે, અને તે મુરીદ અંતરજ્ઞાની થવા માંડે છે. જરથોસ્તી સાલેકો આ ભુવનને " ગયાપા " અથવા "ખુરશીદ પાયા" બહેસ્તના નામે ઓળખે છે, જ્યારે યોગીઓ એને **માનસિક ભુવન** અથવા " અસંગ ભાવના " કહે છે. કેટલાક સુફીઓ ૩ જાં અને ૪ થાં ભુવનને એકમાંજ ગણી લઈ તેને " મુકામે જબરૂત " કહે છે. હિંદુઓ એને **સાધુ** કહે છે.

૪—**મુકામે જબરૂત.** આ ૪ થાં ભુવનમાં મુરીદને આશ્ચર્યકારક અધિકારો (Powers) પ્રાપ્ત થાય છે. આ ભૂમિકા ઉપર ચઢેલા સાધકને અષ્ટ સિદ્ધિઓ પણ પ્રાપ્ત થાય છે. અશકય જેવા અસાધારણ ચમત્કારો ત્યાં તે કરી

શકે. આ હાલત જો કે **એજાઝ** એટલે મોજેજા કરી શકવાની હાલત હોય છે ખરી, પરંતુ મુરશીદ તરફથી મોજેજા કહેતાં ચમત્કારો કરવાની ત્હેને મનાઇ ફરમાવવામાં આવે છે; કાંકે સાતમી મંજલ સુધી પહોંચવા સિવાય મોજેજા કરવાનો ત્હેને અધિકાર મળેલો હોતો નથી. તો પણ આ મંઝીલમાં આવી પહોંચેલો મુરીદ મોજેજા કરી બતાવવાની લાલચને થોભાવી શકતો ન હોવાથી, હજારે ૯૯૯ સાધકો ગોથું ખવાડી હેઠળ ગબડાવી પાડનારાં આ Stumbling-Block જેવાં સ્થાને, ચમત્કારો કરવા જતાં પાછા પછડાઈ પડે છે; જેથી યોગીઓ આ મંજલને "વિલાપિની" કહે છે. થિયોસોફીમાં એને "બુદ્ધિક ભુવન", મુસ્લિમોમાં "જબરૂતનું મુકામ" અને પારસીઓમાં "ગરોદેમાન"ના નામથી ઓળખવામાં આવે છે. મહા મહા કસોટીઓમાંથી પસાર થઈ, મહા મહા કષ્ટો ભોગવ્યા પછી મુરીદ પોતાની મંઝીલે-મીમ સમાપ્ત કરે છે. આ ભુવન ઉપર ચઢયાથી સાધકને સતનું (ઇશ્વરનું) જ્ઞાન થાય છે ખરૂં, તથાપિ તે અલ્લાહતાલાને દેખી શકતો નથી. કુદરતના ઇશ્વરી કાયદાઓનો કે ગુરૂ-આજ્ઞાનો તેણે ભંગ કરવાનો હોતો નથી.

**વલીઅલ્લાહ.**

૫—**વલી.** આ પાંચમા ભુવને ચઢેલા સાધકને **વલી** અથવા **વલી અલ્લાહ** કહેવામાં આવે છે. **વલીનું** બહુ વચન "ઓલ્યા" છે. હજી પણ **વલીને** અલ્લાહ પાક દેખવામાં આવતા નથી, તો પણ મુરશીદ એને આલેમે-ઈઝરાર (આત્મજ્ઞાની)ને દરજ્જે પહોંચાડી દે છે. જો કે



મોજેજાઓ કરવાની એનામાં તાકાત તો આવેલી હોયજ છે, પણ તે એજાઝ (ચમત્કાર) કરતોજ નથી. આ હાલતે આવેલો સાધક પૂર્ણ આત્માનંદ (Substantial Bliss) ભોગવે છે. હિંદુઓ એને **સંત** કહે છે. એ આકાશ ઉપરના દૈવી નાદો પણ સાંભળી શકે છે. આ હાલતને બુદ્ધિસ્ટો અને થિયોસોફિસ્ટો "નિર્વાણ" કહે છે. પારસીઓ એને "પશુમ બહેસ્ત" કહે છે. આ **વલીની** હાલત તે મસ્ત-ફકીરની હાલત એટલા માટે કહેવાય છે કે, **વલી અલ્લાહ** સુંદરમાં સુંદર ખુદાઈ તમાશાઓ જોઈ, બધી ગુપ્ત બાબતોનું જ્ઞાન થવાથી બહુજ મગ્નાવસ્થામાં પરમાનંદ મેળવે છે.

**પીર અને સૈયદ.**

૬—**પીર અને સૈયદ.** પાંચમાં ભુવન ઉપરથી મુરીદને ૬ ઠાં ભુવનમાં લાવતાં મુરશીદને ઝાઝી તક તકલીફ ઉઠાવવી પડતી નથી. ગુરૂ વગર પણ કેટલાક સાધકો પાંચમાથી ઉપરના **પીરના** દરજ્જા સૂધી આગળ વધી શકે છે, પણ આ ૬ ઠાં ભુવનમાં તો મુરશદની જરૂર પડેજ પડે. આ ભૂમિકા સુધી આવતામાં તો મુરીદની આત્મિક વૃદ્ધિ ઘણી ઉંચી ટોંચે ચઢી જાય છે. ઈશ્વરના મુકામનો ઉંબર (Threshold of the God-realisation) તે આ ભૂમિકા છે. મુસ્લિમો આવા સાધકને **પીર** અથવા **સૈયદ** કહે છે. "તવારીખે પીર" આપણને હોંસથી વાંચવા ગમે છે તેનું કારણ વિશેષ કરીને એ હોય છે કે, આ મુકામે પહોંચવા સારૂ ખાંધ પર **હિમાલય** પર્વતને મુકીને ઉંચે ચઢવું પડે

**એટલી બધી** કડક **કસોટીઓમાંથી** અને ભયાનક **કષ્ટોમાંથી** પસાર થવું પડે છે. મોઢાં બદલે કાંઈ **પીર** કે **સૈયદ** થવાતું નથી. કેટલાકોએ **પીર** કરતાં **સૈયદનો** દરજ્જો મોટો ગણ્યો છે. આ હાલતે પહોંચેલો યોગી દરેક સ્થળે, દરેક વસ્તુમાં, અને દરેક પ્રસંગે સઘળે માત્ર એક **અલ્લાહનેજ** જો કે જૂએ છે તો પણ **અલ્લાહ** જોડે તે જોડાઈ જઇને **એક** થયો નથી; કાંકે હજીયે ત્હેને દુઈ (દ્વૈત) તો વળગેલીજ રહે છે. **પીર** તો વિદેહ અવસ્થામાંજ આગળ વધે છે. તેનું આત્મિક પરિવર્તન તો **સૈયદની** અવસ્થામાં સંપૂર્ણ થઈ જાય છે. જગતનો કારોબાર **ચલાવવાની** અનુપમ શકિત પણ ત્હેને આજ મુકામે મળે છે. આમ છતાં તે પોતાના કુત્બના તાબામાં (સદ્‌ગુરૂની સલાહથી), મુરશીદનો હુકમ ઉઠાવીનેજ સઘળી ગુપ્ત કામગીરિઓ કરતો રહે છે. કેમકે **વલી** અથવા **વલી અલ્લાહ**, એટલે કે સંતના અંકુશ હેઠળ **અલ્લાહ તાલાએ** સ્થુળ–જગત (Gross-World) ના ઘણાક મોટા અધિકારો સોંપેલા હોય છે, અને **પીર** અગર **સૈયદના** હવાલામાં તો સૂક્ષ્મ જગત (Subtle-World) ના પણ કેટલાક પાવર્સ આપવામાં આવેલા હોય છે. **ફકીર, પયગમ્બર**, કુત્બ કહેતાં **સદ્‌ગુરૂના** અધિકારો તો વિશેષ ચઢિયાતા હોઈ, તેમના અંકુશ હેઠળ તો મનોગત જગત્ (Mental World) રાખેલું હોય છે. આ **પીર** તથા **સૈયદની** ૬ ઠ્ઠી અવસ્થાને હિંદુ શાસ્ત્રમાં **તુર્યાવસ્થા** કહી છે; અને આ ભૂમિકાને “અસંવેદન” કહેવામાં આવે છે. પારસીઓમાં



પારસીઓએ આ ભુવનને “અખાન બહેસ્ત” કહ્યું છે. કેટલાક મુસ્લિમ સાલેકો એને “લાહુતનું મુકામ” કહે છે, અને કેટલાક સાહેબ-દેલાંનો એને “હાહુતનું મુકામ” કહે છે. ટુંકમાં, **પીરનો** આવડો મોટો દરજ્જો જાણ્યા પછીજ જો “તવારીખે પીર” વાંચવામાં આવશે તો રા. રા. સદરૂદ્દીન સાહેબે ઉઠાવેલા ભારે શ્રમને સાચો ધન્યવાદ દેવાને વાચકો અવશ્ય પ્રેરાશે.

૭—**પયગમ્બર.** પયગમ્બર, ખુદા-રસીદા, કુત્બ, સાલેક, ક્રાઇસ્ટ, જરથુસ્ત્રો તેયો, કબીર, ફકીર, ઈમામ, અથવા સદ્‌ગુરૂનો દરજ્જો, ખુદા સાથની વસ્લ (Union with God) આ મુકામે થતી હોવાના કારણે, અત્યંત ઉંચો છે. “મંઝીલે મકસુદ” આ અંતિમ દરજ્જે પાર પડે છે. આ સાતમી ભૂમિકાને યોગીઓ “તુર્યાતીત” અવસ્થા કહે છે. મન તથા વાણી વડે નહીં સમજી કે નહીં સમજાવી શકાય એવી આ અગ્રાહ્ય સ્થિતિ (હાલત) હોય છે. કારણ કે, આ અવસ્થા પ્રાપ્ત કરેલ આત્મા સ્વયંપ્રકાશ અને પરમ પદ રૂપજ હોય છે. આ મુકામને કેટલાક જરથોસ્તીઓ “અનગર બહેસ્ત” અથવા “અગર રોશની” ના નામે ઓળખે છે. બુદ્ધિસ્ટો અને થિયોસોફિસ્ટો આ હાલતને “મહા પરનિર્વાણ” કહે છે. આ મુકામે પહોંચેલો સહુથી શ્રેષ્ટ સાલેક “અન-અલ હકક” અથવા “મનમ યઝદી” અગર “अहं ब्रह्मास्मि” અનાયાસેજ ઉચ્ચારી શકવાને અધિકારી બને છે. અર્થાંત, આ મંઝીલે જીવાત્માનો અંતિમ ધ્યેય જે **શિવાત્મા** કહેતાં ઈશ્વરાત્મા

બનવાનો હોય છે તે આ મંઝીલે સફસુદથી પાર પડે છે. આ સાતમી હાલત અતિ આનંદદાયી, પરમસુખવાળી, અને પરમ પદ અથવા Total Bliss ભોગવાવનારી, એવી તો શાન્તિવાળી થઈ પડે છે કે, આત્માને આ હાલતમાંથી પાછાં જાગૃત થઇ આ જગતમાં પાછાં આવવા બીલકુલ પસંદ તો હોતુંજ નથી, અને તો પણ પેગમ્બર રૂપે, સદ્‌ગુરૂરૂપે, જરથોસ્તો તેયો તરીકે, જગત્‌ની સેવા બજાવવા, લોકોનું કલ્યાણ કરવા અને ઈશ્વરી માર્ગ બતાવવા તેઓ આ ભુવન પરથી પાછા ૬ ઠ્ઠાં ભુવન ઉપર ઉતરી આવી આલોકની ગુપ્ત કામગીરિ કરવાની ભારેમાં ભારે તકલીફ ઉઠાવે છે; એ તેમનો જેવો તેવો આભાર હોતો નથી.

## કબીરની દાઅવત.

કોઈક વાંચકોને એવી શંકા પડે કે, આ મુસ્લિમ પીરોની તવારીખમાં ( પૃષ્ટ ૨૨૫ ) **કબીર** સાહેબની દાઅવત શા માટે દાખલ કરી હશે ! એનો ખુલાસો એ છે કે, જે જે ઈશ્વરી અવતારો (Men-God) વખ્તો વખ્ત આ કર્મભૂમિ ઉપર ઉતરી આવ્યા હતા તે તે એક ને એક **ગુપ્ત-સંડળના** સાહેબો હતા, અને અવતારી પુરૂષો એકજ જથ્થાના–Of one and the same School–હતા. હવે પછી પણ જે અવતાર આવશે તે એક ને એક ઈશ્વરાત્મા, પેગમ્બર તરીકે, પોતે પોતાનોજ મૌલિક પયગામ લાવશે. **જરથુસ્ત્ર, મુસા, ઇસા, મોહમ્મદ**



(સલ.) એ સહુ એક ને એકજ ઈશ્વરાત્મા સમજવાના છે. શ્રી કબીર કૃત "ઉગ્રગીતા"માં કહ્યું છે તેમ,

(ક) **કબીર** સાહેબે **સત્યયુગમાં** જન્મ ધારણ કર્યો ત્યારે તે કબીરજીનું નામ "**સત્ય સુકૃતિ**" હતું.
(ખ) એજ **કબીરજીએ ત્રેતાયુગમાં** જન્મ ધારણ કર્યો ત્યારે તેમનું નામ "**મુનિન્દ્ર**" હતું.
(ગ) પછી એજ **કબીરે દ્વાપરયુગમાં** અવતાર ધારણ કર્યો ત્યારે તેમણે "**કરૂણામય સ્વામી**" નામ રાખ્યું હતું.
(ઘ) **કળિયુગમાં** તેને તેજ છેલ્લા **કબીર** નામ ધરાવનારા અવતારી પુરૂષે **કબીરજી** નામથી ખ્યાતિ મેળવી હતી.

અર્થાત, દરેક સમયે અને પ્રત્યેક સ્થાને **કબીરજીનું** આવવું થયું તો પણ કાળે કાળે માત્ર નામ બદલાતું રહ્યું, પરંતુ સોળે કળાએ સંપૂર્ણ **આત્મા** તો જે ને તેજ હતો. મુસલમાનોએ તેમનું નામ "**સૈયદ અહમદ કબીર**" અથવા "**શેખ કબીર**" રાખ્યું હતું; કાંકે હિંદુ મુસલમાન બન્નેને તે પુજન્ય હતા. તે એવી રીતે કે, જે સમયે તેઓ મુસલમીન સલતનત વેળાએ પધાર્યા તે પ્રસંગે મુસ્લીમોએ તેમને પોતાના ગણ્યા હતા, અને જ્યારે **કાશી** ક્ષેત્રમાં તેમણે જન્મ ધારણ કર્યો હતો ત્યારે હિન્દુઓએ તેમને પોતાના તરીકે સ્વીકાર્યા હતા.

## અભિપ્રાય.

૧૦—મીર **સદરૂદ્દીન** એચ. દરગાહવાળા એમણે ભારે સંશોધન કરી " તવારીખે પીર "ના બે ભાગો પ્રગટ કરવામાં

ભારે પરિશ્રમ ઉઠાવ્યો છે તે માટે તેમને હું ધન્યવાદ
આપું છું. આનો જો ૩ જો ભાગ એઓ પ્રસિધ્ધ કરવાને
ભાગ્યશાળી થાય તો તે પ્રસંગે એમને હું નીચલાં પુસ્તકનો
અભ્યાસ કરી, સતૃગોર શ્રી સૈયદ સાદાત વિષે કોઇક
પાશ્ચિમાત્ય ઈતિહાસકારોએ કરેલા આક્ષેપોનો રદિયો
આપવા કોશીશ કરવી; તેમજ તેમાં જે સુંદર વિશેષતાના
વર્ણનો છે તે પણ ભાવિકો માટે ઉતારી લેવાં:—

(૧) પોલ બ્રન્ટને બનાવેલ "A search in secret India."
આ પુસ્તક નીચલે ઠેકાણેથી મળી શકશે:— Rider & Co.
Paternoster House, E. C. London

# પ્રસ્તાવના

ખુદાયા બ હકકે, બની ફાતેમા,
કે બર કોલે ઈમાં કુની ખાતેમા.

**ભાવાર્થ:** હે પરમાત્મા! બીબી ફાતેમાની અવલાદના વસિલાથી તેમની ફરમાબરદારી ઉપર ઇમાનનો ખાતેમો કર. (શેખ સાદી.)

ખુદાવંદે કરીમ અને તેના સાચા નબીની મહેરબાની ભરી બરકતથી હમોએ સને ૧૯૧૪માં **"તવારીખે પીર"** નામે એક નાનકડું પુસ્તક લખ્યું હતું. આ પુસ્તકે સતપંથી આલમ અને જાહેર જનતામાં ઘણી લોક પ્રિયતા મેળવી અને તેથી દેશપરદેશથી તેની માંગ ચાલુ આવતી રહી, પરંતુ તેની સઘળી પ્રતોનો તરતજ ઉપાડ થઇ જવાથી ઘણાં ઉત્સુકજનોને અમો પાછળથી મજકુર પુસ્તકનું વાંચન પુરૂં પાડી શકયા ન હતા. હાલમાં પણ અમારા સંપ્રદાયના લોકો મજકુર પુસ્તક ફરી છપાવવા વારંવાર આગ્રહ કરતા રહ્યાથી અમારી ભારે રોકાણ અને વારંવાર નાદુરસ્ત તબીયત છતાં "તવારિખે પીર"નો બીજો ભાગ ઘણા સુધારા વધારા સાથે તૈયાર કરી, એ ઉત્સુકતા પૂર્ણ કરવાને અમો ભાગ્યશાળી થયા છીએ.

માનવંતા પીરોનું વર્ણન ઘણા અરબી, ફારસી, ઉર્દુ, અંગ્રેજી, હિંદી, ગુજરાતી પુસ્તકોમાં જુદી જુદી કોમના લેખકોએ લખ્યું છે. ઉકત લેખકોનાં લખાણને દૃષ્ટિ મર્યાદામાં રાખી, એક બીજાથી મુકાબલો કરતાં તેની સઘળી બિનાને એક બીજાથી ઉલટી સૂલટી અલગ રૂઢીથી લખાયલી માલમ પડે છે. કોઇએ સાંભળેલી હકીકતને ખરી માની લખી છે, કોઇએ બજારૂં વાતને સત્ય માની તેના ઉપર પોતાની કલમ ચલાવી છે, કોઇએ વિરૂધ્ધ પક્ષની કલ્પનાઓ અને અતિશ્યોકિતભર્યાં કિસ્સાઓને ખરા ઠરાવી તે ઉપરજ પોતાના વિચારોની આપલે કરી છે. આવી રીતે એકજ બાબતની સમાલોચના જુદા જુદા રંગ તરંગોમાં થયલી જોઇ, અમને ભારે આશ્ચર્ય ઉત્પન્ન

થયું છે. એવા લખાણોની એકંદર વસ્તુ સ્થિતિનું અવલોકન કરતાં અમને એમ લાગ્યું કે માનવંતા પીરોના ઉપદેશનો ખરો હેતુ શું હતો તે કોઇ લેખક સમજી શકયો નથી. સર્વેએ ઢાલની એકજ બાજુ જોઇ છે. અને બીજી બાજું તપાસવાની જાણે અજાણે કોતાહી બતાવી છે. તેટલા કારણસરજ અમોએ બની સકતી ચોખવટ કરવાના ખ્યાલને મદેહ નજર રાખી આ પુસ્તક તૈયાર કરવા તજવીજ કરી છે.

પીરોની અધ્યાત્મિક (રૂહાની) તાલિમ શું હતી? લોકોને માટે તેઓ શું ચાહતા હતા? લોક હિતના અને સુધારા વધારાનાં તેમણે શું કામો કર્યા છે? અને એ મહાત્માઓના કલ્યાણકારી મિશને હિંદની રંગભુમિ ઉપર પચરંગી પ્રજાની શું સેવા બજાવી છે? તે સર્વ સત્ય બિનાઓ જાહેર જનતાએ જાણવાની ઘણીજ જરૂર છે.

તે સમયમાં લોકો, સદીઓથી અનેક દેવ દેવીઓની માન્યતા જડ ઘાલી ગયેલી હોવાથી, ખરા ખુદાની ઓળખાણથી ઘણા દુર રહી ગયા હતા, સ્થુલ-વસ્તુઓની પુંજા અને તેની જોડે બીજા અનેક દુર્ગુણો અને અનીતિભર્યાં વ્યસનોમાં તેઓ રચ્યા પચ્યા રહેતા હતા. જડવાદ તરફ હમેશ તે ખેંચાતા. તેવાં લોકોની નીતિ રીતિ સુધારવી અને તેઓ વચ્ચે ચાલતી અનેક વસ્તુઓની પુંજાને બંધ કરી નિરંતર એકજ ખુદાની પરસ્તીશ કરવાના શિક્ષણનો પ્રચાર કરવો, એ કાંઇ નાની સુની કે સાધારણ વાત ન હતી. દરેક વર્ગના લોકોનું એકીકરણ કરી તેમના ન્યાતિ બંધન તોડવા પ્રયત્ન કરવો, એ ઘણું મુસ્કેલ કાર્ય હતું, છતાં પીરોના ઉપદેશની સારામાં સારી કળા એ હતી કેઃ કોઇ પણ માણસના ઉપર દાબ દબાણ કે જુલમ ગુજાર્યાં સિવાય જ્ઞાન ને હિમ્મતથી અને નમ્રતાથી બોધ કરી સામા પક્ષના લોકોને પોતાના તરફ ખેંચતા અને તેથી લોકો રાજીખુશીથી સત્‌પંથ સંપ્રદાયમાં દાખલ થતા.

વિરૂધ્ધ પક્ષના સઘળા લેખકોએ એ વાતનો એકી અવાજે સ્વિકાર કર્યો છે કેઃ સત્‌પંથ સંપ્રદાયમાં જે જે ન્યાતિના લોકો જઇ ભળ્યાં છે, તે સઘળા પોતાની રાજીખુશી અને સ્વઇચ્છાથી ગયેલાં



છે. તેમના ઉપર કોઇ પણ માણસનો બળાત્કાર કે ભયના હથિઆરનો ઉપયોગ થયો નથી. જાહેર પ્રજાની જાણ માટે અત્રે એટલી ચોખવટ કરવી જરૂરી છે કે સતપંથ મિશનમાં શરૂઆતથી બે પ્રકારના લોકોનો સમાવેસ થયેલો છે. પહેલા પ્રકારના લોકો એવા છે કે જેઓ પોતાની ન્યાત જાત અને મુળ સનાતન હીન્દુ ધર્મમાં રહી સતપંથના અનુયાયીઓ થઇ રૂહાની ફેઝ મેળવે છે, તેઓ ગુપ્તી કરીકે ઓળખાય છે. કૂફ્ર, શીર્ક અને બીદઅતના ગુનાહોથી તેઓ હંમેશા પાક રહે છે, ખુદાની વહેદાનીયત અને પૈગમ્બર સાહેબની રીસાલતના પણ તેઓ સ્વીકાર કરનારા છે.

બીજા પ્રકારના લોકોમાં, ખોજા, મોમના, શેખ વિગેરે મુસ્લીમ અનુયાયીઓનો સમાવેશ થઇ શકે છે, જેઓ મુસ્લીમ રહી સતપંથ મિશનના અનુયાયી બની ઇસલામમાં શરીયત, તરીકત, મારેફ્રત અને હકીકતનું ઉંચુ જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે.

ગેર સમજુતી અને કેટલીક અસત્ય બિનાની ચોખવટ માટે આ અદના લેખકે ખાનદાની લીટ્રેચર અને ધાર્મિક ગ્રંથો ઉપરથી શોધખોળ કરી નામવર પીરોના વૃત્તાંતનો સંગ્રહ કર્યો છે, અને તેમના આત્મશુધ્ધિને લગતા મહાન પ્રવચનો ઉપરથી આ પુસ્તક તૈયાર કરવા કોશિષ કરી છે. જેથી નિર્મળ અને સત્ય ઘટનાં સવે લોકોની જાણમાં આવે અને ખોટી બિના લખી તેની તારવણી અને સમાલોચનાની ચર્ચા કરવા આ પુસ્તક દરમિયાન હમારી ઇચ્છા ન હોવાથી તે સઘળી બિના માટે એક અલગ સ્વતંત્ર ગ્રંથની અમોએ આવશ્યકતા વિચારી છે.

પીરોના દાવતના કામને હિંદની રંગીન પ્રજા તરફથી જે અસાધારણ આવકાર મળ્યો હતો તેથી દરરોજ સેંકડો લોકે પ્રેમ પુર્વક આ માર્ગે ચઢી રહયા હતા, અને મિશનનું પ્રચાર કામ દીન પ્રતિદીન ઘણીજ મજબુતી સાથે આગળ ધપતું જતું હતું, તે જોઇ બીજા પંથના ધર્મ પ્રચારકો પણ ખળભળી ઉઠયા હતા, મોટા મોટાં સંત સાધુઓ અને વિદ્વાન પંડિતો મોટી તૈયારી સાથે શાસ્ત્રાર્થ

કરવા મેદાને આવતા પરંતુ પીરોની વાણીમાં રહેલી ચમત્કારિક અસર જોઇ છેવટે હરીફોના મસ્તકો નમતાં અને એકજ ખુદાને માનવાની પ્રતિજ્ઞા લઇ તેઓ અનુયાયી થતાં અને સતપંથના એક સાચા સેવક તરિકે તે મેદાને પડી રચનાત્મક કાર્યો ઉપાડી લઇ તેની આગેવાની લેતાં. આવા નિષ્ણુતોને માનવંતા પીરો કાકા, મુખી, મુનિવર, મોમિન, ખાજા, શેખ, મલકાના, મોલેસલામ વગેરેના ખિતાબોની નવાજીસ કરતા અને તેઓ પોતાની કોમના લોકોમાં જઇ સતપંથની પ્રભાવશાળી વાણી સંભળાવતાં. આવી રીતે દરેક પંથનાં પ્રચારકોએ ઉપદેશના બી વાવવા માંડયા હતાં, આ પ્રચાર સામે જે તે કોમના આગેવાનોએ સખ્ત પગલાં ભરવા માંડયા હતાં. પરંતુ પ્રચાર કાર્યને કોઇ પણ હાનિ પહોંચ્યા સિવાય રચનાત્મક કાર્ય ધીમું પરંતુ મજબુત વેગે આગળ વધતું જતું હતું.

નવાઇ જેવી બાબત એ છે કે, અમીરૂલ મોમિનીન સૈયદના હઝરત અલીથી લઇ મહમદશાહ દુલ્હા બુરહાનપુરી સુધી એટલે અનુક્રમ શાખામાં લગભગ ત્રીસ પેઢી સુધી વલી અલ્લાહો અને કામિલ દુરવેશો પેદા થઇતેમણે લાખ્ખો મનુષ્યોને દાવત પહોંચાડી હતી. બીજા પણ સૈયદોના ઘણા ખાનદાનો હિંદુસ્તાનમાં આવ્યા છે. અને તેઓએ પણ દાવતનું કાર્ય ઘણીજ ફતેહમંદી સાથ હાર પાડયું હતું, પણ ઇસ્માઈલી ખાનદાનનાં એ પીરોની માફક એક પછી એક કામિલ પીરો સદીઓ સુધી ઉત્પન્ન કરવાનું માન બીજા ખાનદાનમાં સાંપડેલું માલમ પડતું નથી.

**"તવારીખે પીર"**ના પહેલાં ભાગમાં અને બીજા ભાગમાં પણ અમો સઘળા પીરોનું વૃત્તાંત લખી શકયા નથી. કેમકે તે માટે એવા બેચાર ભાગ જો બહાર પાડવામાં આવે તોજ સંપુર્ણ વૃત્તાંત લખી શકાય એમ છે, છતાં અમોએ મજકુર પુસ્તકમાં કયા પીર કયાં છે. અને તેમનું વર્ણન કયી કયી કિતાબોમાં છે. તેનું ટાંચણ લખ્યું છે. જેથી વાંચનારાઓને તેમની ઝીયારત અને રોજાઓની માહિતી સ્હેલાઈએ મળી શકે.



પીરોનું તબ્લીગી ધોરણ શિયા, સુન્નીના ઝઘડાઓથી રહિત હતું. ઇસ્લામના સામાન્ય નિયમો જે **કુરાને પાકમાં** અને **રસુલિલ્લાહની હદીસમાં** માનવા આજ્ઞા થઇ છે, તેજ નિયમો ગ્રહણ કરવા પીરોએ મુરિદોને તલકીન આપી હતી. દરેક મુરિદ ખુદાવંદે કરીમ અને તેના સાચા નબીઅને એહલેબૈયતનો આશિક હતો અને રોઝા, નિમાઝ, ઝકાત અને હજ જેવાં ફરમાનો સાચા દિલે પાળનાર હતો.

સતપંથના સ્થાપક પીર સતગુરૂ નુરની અવલાદમાં સેંકડો આલિમ, ફાઝિલ, અને ઇલ્મે તસવ્વુફ (તત્વજ્ઞાન)નાં જાણનાર સુફી મહાત્માઓ ઉત્પન્ન થયાં હતાં ને તેમની આત્મિક કરામતો અને રુહાની ફેઝના સબબે લાખ્ખો માણસોએ તેમના હાથ ઉપર બૈત કરી ખુદાવંદે કરીમની વેહદાનીયતને માનવા લાગ્યા હતાં. એ કામિલ બુઝુર્ગો [illegible]ક અરબ, ઇરાન, મિસર, તુર્કસ્તાન, બુખારા, કાબુલ, કંદહાર[illegible] લઈને હિંદના દરેક ઇલાકા અને મોટા મોટાં શહેરોમાં પથરાયેલા છે. સઘળા પીરો ઘણાં પવિત્ર અને હંમેશાં ખુદાવંદે કરીમની યાદ બુંદની ધુનમાં મશગુલ રહેનારાઓ હતા. આજે તેમને વાસિલે હકક થવાને સદીઓનો લાંબો ઝમાનો ગુજર્યો છે, છતાં તેમના સત્ય અને પરહેઝગારી ભર્યાં કાર્યોનાં સ્મારકો હિંદમાં જગે જગ મોજુદ છે. અને નિરંતર તેમના દરબારોથી ફેઝના દરીયા રેલાઈ રહયા છે અને તેનાથી ચૈતન્ય મેળવી સેંકડો દુઃખી મનુષ્યો શાન્તિનો શ્વાસ ખેંચી રહયા છે.

સઘળા આરિફ વલી અલ્લાહો ઈમામ ઇસ્માઈલની અવલાદમાં અને પીર સતગુરૂ નુરના સીલસીલામાં થયલા અને તે બનિ-ફાતમી સાદાતો હતાં, પોતે એહલેબૈત હોવાને કારણે આલે રસુલની જે સિફતો (ખુબીઓ) કુરાને પાક અને હઝરત રસુલે કરીમે પ્રસંગોપાત હદીસોમાં વર્ણવી છે. તે સઘળી નેક સિફતો (આદતો) એ સાદાતોનાં તબલીગી ગીરોહ (સંઘ)માં ભરપુર હતી અને એજ મહાન શકિત

અને ઇમામ જાફરે સાદિકની દુઆ (આશિર્વાદ)થી સતપંથ સંપ્રદાયને હિંદમાં ભારે કામયાબી (સફળતા) મળી હતી, દાવતના કામમાં જે ફતેહમંદી ઇસ્માઈલી સાદાતોને મળી હતી, તેવી સફળતા બીજા કોઈ પણ ખાનદાનના તબલીગી ગીરોહના સાદાતોને મળી હોય એમ હજી સુધી કોઈ બતાવી શક્યું નથી.

સિંધ, કાશ્મિર, પંજાબ, કાઠિઆવાડ, ગુજરાત, બંગાળા, મદ્રાસ જેવા મોટા ઇલાકાઓમાં આજે પણ માનનારાઓની બહુ મોટી સંખ્યા ઉભરાઈ રહી છે. અને નવા નવા સેવકો તેમાં ભેળાઈ રહયાં છે. હાલમાં તો આફ્રિકા, ચીન, યુરોપ, જાપાન, અમેરિકા, રૂસ, જર્મની, મિસર, ઝાંઝીબાર, બ્રહ્મદેશ, ફીજી, જાવા જેવા દરિઆપારના મુલ્કોમાં પીરોને માનનારાઓની અવલાદ જઈ વસી છે. ને ત્યાં વેપારી સંબંધ જોડી મોટી મોટી પેઢીઓ ખોલી છે અને સાથે તબલીગનું કામ પણ સારા પ્રમાણુમાં કરી રહયા છે.

આ પુસ્તક માટે બે બોલ લખવા નવસારીના જાણીતા દેશાઈ ખાનદાનના નબિરા સો. મં. દેશાઈને વિનંતિ કરી છે. કેમકે તેઓ જાણીતા લેખક હોવા ઉપરાંત આ સંપ્રદાયના ઈતિહાસિક જ્ઞાનના ઉંડા અભ્યાસી છે અને તેમણે "નવસારીની તવારિખ"માં પીરોના પવિત્ર જીવન ચરિત્રોને પહેલું સ્થાન આપ્યું છે. તેમજ સતપંથ પ્રકાશક મહામંડળની કોન્ફરન્સના તેઓ એક વેળાએ પ્રમુખ હતા. તેમનામાં જ્ઞાન, પવિત્રતા, અને સાહિત્ય-વિદ્વતાની રેલી અજોડ છે, જેથી તેમના બે બોલમાં એ વિષયમાં તેમણે કાંઈ નવોજ પ્રકાશ પાડેલો વાચકો જોઈ શકે તો આશ્ચર્ય નથી.

**અગર દઅવતમ રદ કુની વર કબુલ**
**મનો દસ્તો દામાને આલે રસુલ**

**ભાવાર્થ**:—અગર અમારી દુઆ રદ કરો છતાં પણ હમારો હાથ આલે રસુલની ઓલાદના (દામન)નો પાલવ છે.—**શેખ સા'દી**

**લી॰ સૈયદ સદરૂદ્દીન એચ. દરગાહવાલા.**

૭૮૬

# તવારીખે-પીર

## ભાગ બીજો

### સતપંથના પ્રાથમિક નિયમો

સતપંથ સ્થાપવાનો મૂળ ઉદ્દેશ, સમસ્ત માનવ-સમાજની બહેતરી, ખીલવણી, પ્રગતિ અને ઉન્નતિ કરવાનો હોવા ઉપરાંત આખી દુનિયાની કોમો વચ્ચે ભાઇચારો અને ભાતૃ-ભાવ ઉત્પન્ન કરી તે[illegible] એકજ પ્લેટફોર્મ ઉપર એકત્ર કરવાનો છે. આ સઘળા માટે સ[illegible] જેક ઉન્નતિ અને સંસારિક ખીલવણી થવી આવશ્યક છે, અને તેવી ખીલવણીથી દેશની અને દેશની ખીલવણીથી સોસાઇટીની, સોસાઇટીની ખીલવણીથી દેશની અને દેશની ખીલવણીથી ધાર્મિક અને આત્મિક ખીલવણી થવા પામશે. દરેક ધર્મ જુદો જુદો છે; પરંતુ તેના પાળનારાઓના દિલની અને આત્માની તપાસ લેતાં તે ચોક્કસ બંધારણુથી એક સરખીજ રીતે બનેલા માલમ પડે છે, જે સઘળાનો સંબંધ માત્ર ઇશ્વર અને ઇશ્વર સાથેજ છે. આ રીતે આખો માનવ-સમાજ અને તમામ મનુષ્યોને પેદા કરનાર તે એકજ પવિત્ર પિતા અર્થાત મહાન અલ્લાહ છે અને દરેક આત્મા પવિત્ર છે. આ રીતે આત્મિક દ્રષ્ટિએ જોતાં આપણે સઘળા એકજ પ્રભુના

પુત્રો છીએ, માટે સાચા ભાતૃ-ભાવે આપણે સમસ્ત સૃષ્ટિની ઉન્નતિના કાર્યમાં એકત્ર થવું જોઇએ. એક સાચા સતપંથીનું કર્તવ્ય કોઇનું પણ દિલ દુભવ્યા વગર પોતાની કોમનું, દેશનું અને સર્વ આત્માના તારણ કરવાનુંજ હોઇ સકે.

ઐશ્વર્ય અને જયનો આધાર ભૂમિ પર નથી પણ સત્ય અને ધમ ઉપરજ છે. તત્વજ્ઞાનનો ધોરણસર અભ્યાસ કરવાથી મહાત્માઓને સત્ય પ્રાપ્ત થયું હતું. ઇશ્વર સિવાય બીજી કોઇ વસ્તુ સત્ય નથી. જગત અસત્ય અને ઇશ્વર સત્ય માનવાથી જ્ઞાનની પ્રાપ્તી થાય છે. માણસનું સત્ય સ્વરૂપ આત્મા છે. હૃદયને ચોખ્ખું કરવાથી જગતનું સત્ય તમારામાં પ્રકટશે. સત્ય સમજવાથી માણસને પુનઃજન્મ લેવો પડતો નથી. સત્ય કલ્પવાથી પ્રભુનું રાજ્ય હૃદયમાં સ્થાપિત થશે.

વધારે માન્ય અને પ્રમાણભૂત થયેલ તત્વ સત્ય છે. સૃષ્ટિ ઉત્પન્ન થયા પહેલાં "ઋત" અને સત્ય ઉત્પન્ન થયેલા છે, અને સત્યજ આકાશ, પૃથ્વી, વાયુ વિગેરે પંચમહાભુતોને ઘેરી લઇને તેણેજ સર્વને ધારણ કર્યું છે. સત્ય શબ્દ ધાત્વર્થ હોવાથી કોઇ દિવસ પણ નષ્ટ ન થનાર અથવા ત્રિકાળમાં અબાધિત રહેનાર એવો છે. **સત્યની પાર નાંહી ધર્મ :** સત્ય તેજ પરબ્રહ્મ એવું સત્યનું યથાર્થ મહત્વ વર્ણવેલું છે.

એક હજાર અશ્વમેધ યજ્ઞ અને સત્ય એ બેને ત્રાજવામાં નાંખીએ તો હજાર અશ્વમેધ કરતાં સત્યવાળું ત્રાજવું નમે. સત્યની પવિત્ર એવી વાણી બોલવી એમ સકળ ધર્મોના સારભુત સત્ય પાળવાની છેલ્લી આજ્ઞા ધર્મે કરેલી છે.

સતપંથની અતિ માનીતી જે સો ક્રિયાઓના ઉપર માનવંતા પીરોએ પોતાના ઉદ્દેશનો પાયો નાખી મઠ ચણેલો હોવાથી દરેક ધર્મના માણસો તે જાણવા અને તે ઉપર મનન કરવા સ્વાભાવિક જીજ્ઞાસા રાખે એ સંભવિત છે. મજકુર ક્રિયાઓ ઘણી સરસ રીતે



પ્રાચીન ભાષાની ગુજરાતી શૈલીમાં સમજાવવામાં આવી છે. જેથી પર ધર્મના માણસો જે ન્યાય અને ધર્મને ચાહતા હોય તેમને સતપંથની જાહેર કે ગુપ્ત કોઈ પણ બાબત એ સો ક્રિયાના પઠન પાઠન પછી જાણવાને બાકી રહેશે નહિ.

સતપંથના એ નિયમો દ્વારા દરેક માણસ પછી તે ગમે તે ધર્મનો અનુયાયી કેમ ન હોય છતાં તેને પરહેઝગારી અને સદાચારનું અમુલ્ય શિક્ષણ મળે છે. તેથી તે ઉચ્ચ કોટિનું જ્ઞાન પોતાના જાહેર જીવનમાં ઉતારી અધ્યાત્મિક શિક્ષણ માટે આગળ ને આગળ વધી છેવટે પોતાના આત્માને ખુદાની વહેદાનિયતના સાક્ષાત અમૃત તત્વને મેળવી જીવન મૂકત થઈ શકે છે.

દીયે ફેર દિલ ઉન્કે મકરો-રિયાસે
ભરા ઉનકે સીનેંકો સિદકો-સફાસે
બચાયા ઉન્હેં કિઝબ સે ઇફ્તિરાસે
કીયા સુર્ખરૂ ખલ્કસે ઔર ખુદાસે
રહા કૌલે હકમેં ન કુછ બાક ઉનકો
બસ એક શોબમેં, કરદિયા પાક ઉનકો

સતપથનું સાહિત્ય જે અત્યાર સુધી જાહેર જનતાના માટે ખુલ્લું મુકાએલું ન હોવાથી ઘણા ઇતિહાસકારો અને લેખકોએ સતપંથના મહાન નર રત્નો સંબંધી કેટલુંક કૃતિમ વર્ણન લખી જે ગેરઇન્સાફ કરેલો છે તે આ સત્ય હકીકતના જાહેર થવાથી તેમના સંબંધી થએલી અનેક ગેરસમજુતીઓ સત્વરે દુર થશે એમ આ સેવકનું માનવું છે.

**સો ક્રિયાઓ :**

હૃદય ધોઇને નિર્મળ કરીએ ૧
બીજી ક્રિયા નિત નાહીને જમીએ ૨
સતે ચાલો તમે દિવસ ને રાત ૩

કુડ કપટની મેલો ધાત ૪
દયા પાલો તમે દીલ શું જાણી ૫
સુપાત્રે દાન દીજે પરમાણી ૬
પરતક જાણીને પાસે રહીએ ૭
સતગુરૂ વચન હૃદય માંહે ગ્રહીએ ૮
વડાઇપણાનો ગર્વ ન કરીએ ૯
દસમી ક્રિયા કાંઇ ક્રોધ ન કરીએ ૧૦
સરજ્યા હોય તો સતગુરૂને મલીએ ૧૧
ધર્મ તણું આલસ ન કરીએ ૧૨
નિત નિત ગત [1] માંહે મલીએ જઇ ૧૩
ગુર મુર્ખ ગત માંહે નમો ધીઆઇ ૧૪
નિત નિત અમી [2] પીએ તે નર ધર્મિ ૧૫
અહંકાર મુકે તે સદા સુકર્મી ૧૬
લોભ ન કરવો એક લગાર ૧૭
પાક દાનતે રહેવું નિરધાર ૧૮
જુઠું રખેસરે બોલવું નાંહીં ૧૯
સેવા અભ્યાગતની કરવી સહી ૨૦
ભુખ્યાને ભોજન આપવું જાણી ૨૧
તરસ્યાને પણ પાવું પાણી ૨૨
નાગાને વસ્ત્ર આપીને અર્થજ લેવું ૨૩
સગા સાગવાને ગાસજ સેહવું ૨૪
સો ગાળ સાંખીને ક્રોધ ન કરવો ૨૫
અવગુણ કરે તાસુ ગુણજ કરવો ૨૬
ઓછું કેને વીરા આલવું નહિ ૨૭
અધીકું કેનું વીરા લેવું નહિ ૨૮

૧ ધાર્મિક-સમાજ (મંડળ) ૨ અમૃતત્વ



કુડી નજર કોઈ પર ન ધરીએ ૨૯
પર સ્ત્રી સાથે ગમન [3] ન કરીએ ૩૦
જુઠી અજાણી ન દીજીએ ગવાઈ ૩૧
કુડ કપટ ન રજીએ ભાઈ ૩૨
મુખ થકી માર ન કહીએ લગાર ૩૩
ધન, વ્યાજનો [4] ન કરીએ આહાર ૩૪
હાડ વકરો [5] કરવો નાહીં ૩૫
પશુ પાલી ન વેચવું ભાઈ ૩૬
ધરતી તણું મુલ ન કરીએ એછે માતા ૩૭
કન્યા તણું રખે દ્રવ્યજ ખાતા ૩૮
દયા આણીને કીજીએ ઉપકાર ૩૯
ચાલીસમી ક્રીયા પાલવી નિરધાર ૪૦
લાંચ ન ખાઈએ વીરા એકજ રતી ૪૧
જુઠો ખત ન રાખીએ સતી ૪૨
મેદાને જઈ પાંચ આચમન કરીએ ૪૩
પાણી લઈને લઘુ નીતજ કરીએ ૪૪
આચમન ત્રણ કરવા સહી ૪૫
અશુધ્ધ દેહ રાખવી નહિ ૪૬
માટી લઈને ધોવા હાથ ૪૭
નહીં કરે તો નહિ થાએ પાક ૪૮
વણ ગળ્યુ ન પીવું પાણી ૪૯
જીવ જંતુ ન મારીએ જાણી ૫૦
હીંગ તંબાકુ ન ખાઈએ પ્રાણી ૫૧
પરમ ઉપવાસી રહીએ જાણી ૫૨

૩ જારકર્મ ૪ વ્યાજના પૈસા ખાનારને ત્યાં જમવું નહી ૫ માણસ તથા પશુ વેચવા નહી.

ખોટયું ચાટયું કેનું ખાવું નહિં. ૫૩
ગલીઅત[૬] વસ્ત્ર ન પહેરવું ભાઇ ૫૪
અપવાસ વૃતનું આળસ ન કરીએ ૫૫
પાણી પાખણની[૭] પુજા ન આચરીએ ૫૬
મેલી થાપણ ન રાખવી જાણી ૫૭
વખત વેલા ન ચુકીએ પ્રાણી ૫૮
અમલ થઇને જપીએ જાપ ૫૯
વર્ણ પીરસે ખાધે મહા છે પાપ ૬૦
લાલચ પ્યારી ન કરીએ ભાઇ ૬૧
માતા જાણો તમે વડીરી ભોજાઇ ૬૨
નીચની સંગતે વીરા ચાલવું નહિ ૬૩
પાઘડી વાંકી ન બાંધીએ ભાઇ ૬૪
અરી પરી[૮] કેની ન કરીએ દુઃખી ૬૫
પાડોસીને રખે કરતા દુઃખી ૬૬
વિશ્વાસઘાત કેને કરવો નાંહીં ૬૭
પડી જડી વસ્તુ કેની લેવી નાંહીં ૬૮
કેને ઝાલ ન પાડીએ જાણી ૬૯
ઉધાર ઉછીનું ન રાખીએ પ્રાણી ૭૦
પારકું ધન લઇ ભાગવું નાંહી. ૭૧
પુત્ર થઇને દેવું સહી ૭૨
કેને ગાળ ન દીજીએ જાણી ૭૩
મુર્ખાઇપણું ન રાખીએ પ્રાણી ૭૪
ગુર નર દર્શન સહુને સરખું ૭૫
સરખું કરે તે નર નરખું ૭૬
સાચો જુઠો ન કરીએ વાદ ૭૭

૬ ગુલ્લીના રંગેલા કપડા ૭ પ્રતિમા પુજન ૮ નિંદા સાચી જુઠી



જુવા જુગટો ન રમીએ સાધ ૭૮
નાદ છંદ ન જોઈએ ભવાઈ ૭૯
છળ છળવાથી સત ખોઈએ ભાઈ ૮૦
ખારો મોળો અન્નને કેવો નાહીં ૮૧
વખાણવું પણ કુવખાણવું નાહીં ૮૨
પ્રભાતે નાહીને બહાર નીસરીએ ૮૩
સંસાર કરે તે તવ ન કરીએ ૮૪
ખટ દર્શન પુજે નહિ પામે મોક્ષ ૮૫
વેદ શાસ્ત્ર કહે ન કરવો દ્વેષ ૮૬
હીંડતા ચાલતાં ખાવું નાહિં ૮૭
ચતુરાઈ ચોકખાઈએ રહેવું ભાઈ ૮૮
ઝેર ખાઈ ઝંપલાઈ જે જીવ મરશે ૮૯
તે ;આવાગમન ફરી અવતરશે ૯૦
જર જમીનની ઈચ્છા ન કરવી ૯૧
સ્ત્રી આગળ ગુંજની વાત ન કરવી ૯૨
અગ્નિને પાણી ન છાટવું જાણી ૯૩
નીલો ઝાડ ન વાઢીએ ,પ્રાણી ૯૪
પ્રભાતે ફુલ ચુંટે મહા છે પાપ ૯૫
કેની એબ ન ઉઘાડવી આપ ૯૬
અવાચક પ્રાણીની આલ ન કરીએ ૯૭
ભોજન છાંડી ઉઠી ન પરહરીએ ૯૮
સતપંથી તે સત ધરમ અનુસરીઆ ૯૯
રખેસર પાલો તમે સોએ ક્રિયા ૧૦૦

ઉપરની ક્રિયાઓ જે માણસ પોતાના આચરણમાં મુકી શકે અને અંતર દ્વારા ગ્રહણ કરી શકે તે શિષ્યને માનવંતા પીરો પોતાના સતપંથ મિશનમાં દાખલ કરી બેઅત કરતા. શિષ્ય પછી ભલે ગમે

તે ધર્મ કે ન્યાતનો હોય, છતાં તેને સતપંથનો અંગિકાર કરતાં પોતાનો અસલ ધર્મ કે ન્યાત છોડવી પડતી નથી. એ સર્વોત્તમ નિયમના સબબે, દરેક ધર્મના માણુસો પોતાની રાજીખુશીથી, સતપંથ તરફ આકર્ષાઈ અનુયાયી થવાની પ્રથા આજે નવસદી જેટલો લાંબો કાળ ગુજર્યા છતાં જેમની તેમ ચાલી આવે છે.

પતા અસ્લ મકસુદકા પા ગયા જબ
નીશાં, ગંજે દવલતકા, હાથ આ ગયા જબ.
મહોબતસે દીલ ઉનકા ગરમા ગયા જબ,
સમાં ઉનપે તવહિદકા, છા ગયા જબ.

સીખાએ મઅરિફતકે આદાબ ઉન્કો,
પળહાએ તમદ્દુનકે સબ બાબ ઉન્કો.

માનવંતા પીરોએ પોતાના હિંદુ-મુસ્લિમ સેવકોના આત્મિક કલ્યાણુ અર્થે પોતાના મિશનનું નામ સતપંથ યોજી તેનું શિક્ષણુ દરેક કાળમાં આપ્યું છે, જેને લગતી એક ટુંકી નોંધ આગળ આપવામાં આવેલી છે.

ઘણા ખરા ધર્મના અનુયાયીઓ પોતાના મહાન સ્થાપકના નામથી જગતમાં ઓળખાયા છે, જેમકે યહુદીઓ, ખ્રીસ્તીઓ, બૌધ્ધો વિગેરે. પરંતુ સતપંથમાં તેમ નથી. તેના મહાન સ્થાપકોએ પોતાના મિશનની જોડે પોતાનું નામ લાગુ કર્યું નથી. તેમણે કેવળ અબાધિત અને દિવ્ય સત્ય પર પોતાના પંથનો પાયો રચ્યો છે, એમ સતપંથ ધર્મનો અભ્યાસ કરતાં સ્પષ્ટ દેખાઈ આવે છે.

સતપંથના મહાન નેતાઓ સમજતા હતા કે હિંદુ, મુસ્લીમ, ક્રિશ્ચીયન એ સઘળાં ધર્મ-ભેદો તો એકજ વસ્તુના જુદા જુદા પાત્રો સરખા છે. પવિત્ર વિશ્વ પ્રેમના અમૃતમય જામો ભરીને લોકોને



પાવાનો પ્રયત્ન યુગે યુગે આદરવામાં આવ્યો હતો. નિર્વિકાર ખુદા આ સઘળા ધાર્મિક શરીરોનો જીવન દાતા હતો.

વોહ જામ જીસ્કે મસ્ત, પીર સતગુર નૂરથે,
વોહજામ જીસ્કી બાદાકશીસે ખુદા મિલે.
વોહજામ જીસ્સે ખાતમા બિલખૈર હો નસીબ,
વોહજામ જીસ્સે રાહે ફનાઓ બકા મિલે.

ઉપરોકત જામને એહલે કરામતવાલા પીરોએ સતપંથ નામ આપ્યું હતું. અને એ પ્રાચીન અમૃતને લોકોનાં કલ્યાણુ માટે સતપંથના નવા જામમાં રેડી કંઈ પણુ ભેદભાવ વગર હિંદુ-મુસ્લીમ સંસ્કૃતિનું એકીકરણુ કરી આત્મિક બંધુતા સ્થાપી હતી.

સૌથી પ્રથમ હિંદુસ્તાનમાં ખુદાની માઅરેફત પીરોના શિક્ષણે બ્યાન કરી હતી. તેના પછી ખુદાની એ માઅરેફત ગુરૂ નાનક, મહાત્મા કબીર, મહાત્મા દાદુ વગેરેએ સંભળાવી હતી.

કરમ તુને હમપર હે યેબી કિયા,
હિદાયતકા તુને દિયે રહનુમા.
દિખાતે રહે વો રાહે મુસ્તકીમ,
કે ચલનેમેં જીસપર ઝરા નહો બીમ.

## પીર સદરદીન ( કદ )

જીરે વીરા સતપંથ સતે જી લીએ,
જ્યાં સરજનહારનું ઠામ.
જીરે વીરા થીયાસુ પ્રીતજ બાંધીએ
જેમ માણેક માંહે વેહ (૧૫)
એવો સતપંથ સાધીએ
ભાઈ પંથી પુરા તેહ (૧૬)

### પીર શમશ ( કદ )

જે આવે સતપંથ ધર્મ માંહે
તે પામે મુક્ત દિદાર (૧૫)
જે કોઈ આવશે સતપંથ ધરમાં
તે હોસે હરીના દાસ
ગુર શમશ કહે છે રે મા (૧૮)
તમે સતપંથ અરાધો પ્રેમે મા
ખેલ કીધા ગુર શમશે રે મા (૧૯)
સત શબ્દ હય ગુર હમારા
તાકો લેખે ન સંસારા (૧)

### પીર હસન કબીરદીન (કદ)

સતપંથ સતનું મુખ છે જીભ્યા હેત પ્રિત,
નાસિકા ગુરનરનું નામ છે ક્ષમા દયા દોસ્ટ

### પીર ઈમામશાહ (કદ)

એજી સત બોલોને સતે ચાલજો
અને સત સમો નહીં કોઈ સાર
સકલ વેદ ∘ સતે રચ્યા
ભાઈ સતે ઉતરશો પાર (૬)
એજી સતમા છોડો મારા મુનીવરો
અને સત છોડે પત જાય
ઈમાન સરીખો દિવડો
તેને અજવાળે શાહ પાય (૭)

∘ જ્યાં સત્ય છે ત્યાં વેદ છે. સર્વે સત્યનો સમાવેશ વેદમાં થાય છે એમ નથી પણ જે જે ધર્મમાં કે વાણીમાં સત્ય છે તે સર્વે વેદના નામને પાત્ર થાય છે, વેદો એક પુસ્તક નથી.
( સ્વામી વિવેકાનંદ. )



**ચોખવટ**

ઈધર હિંદમેં હર તરફ થા અંધેરા,
કે થા ગ્યાન ગુનકા લદા પ્હાંસે ડેરા.
ઉધર થા અજમકો જહાલતને ઘેરા,
કે દિલ સબને કેશો કનશસે થા ફેરા.
ન ભગવાનકા ધ્યાન થા ગયાનીયોંમેં,
ન યઝદાં પરસ્તીથા યઝદાનીયોંમેં.

મધ્યકાળમાં ધર્મ સુધારણાની આવશ્યકતા ઉત્પન્ન થઈ હતી; તેથી સર્વ લોકોનું લક્ષ તે તરફ ખેંચાયું હતું. તે વેળાએ સમાજના હાનિકારક કેટલાક રીતરિવાજો અને બંધનો તોડીને હિંદુ–મુસ્લિમ સંમેલન કરવા સામ્રાજ્યે પણ પ્રયત્ન ચાલુ કર્યા હતા. એ સંબંધી એક આશ્ચર્યકારક રીતિ અખત્યાર કરી સતપંથના સ્થાપકોએ વેદાંત અને ઈસ્લામનું શિક્ષણ સુફી ખ્યાલો ઉપર રચી તે તરફ હિંદુ અને મુસલમાનોનું ખેંચાણ કર્યું હતું. આ પદ્ધતિ જેટલી રામબાણ અને સુરક્ષિત હતી તેટલીજ તે કોઈ પણ પ્રકારના કોલાહલ અને ઉહાપોહ વિના ફતેહના કાર્યને આગળ ધપાવનાર હતી.

માનવંતા પીરોએ રચેલા પુસ્તકોમાં ઘણા અંશે કર્મકાંડની ઉપાધિ નથી; પરંતુ જ્ઞાનકાંડ ઉપર તે આધારભૂત છે. એ પુસ્તકો દ્વારા વેદાંત અને ઈસ્લામનું ઉંચામાં ઉંચું તત્વજ્ઞાન સમજાવવામાં આવ્યું છે, જે સમજવાને અને ધારણ કરવાને સાધારણ માણસોની બુદ્ધિ કામ કરી શકે તેમ નથી, છતાં ઈશ્વરચિંતનની અંદર પડેલા સુફીઓ અને તત્વજ્ઞાનીઓ એ ભૂમી ઉપર આગળ વધી શકે એમાં જરાએ સંદેહ નથી.

ઈસ્લામી બાબતો કયી છે? અને હિંદુ ધર્મની બાબતો કયી છે? એ મુદ્દા બરાબર સમજ્યા પછી અમોને પીરોના લખેલા પુસ્તકોમાં હિન્દુ તથા મુસ્લિમ બંને મતોથી સ્વતંત્ર અને નીરાળો

કોઈ ત્રીજો મત મળ્યો નથી; પરંતુ એ બન્ને ધર્મોનો ઉપદેશ જે તે કોમને કરવામાં આવ્યો છે એમ ખાત્રીપૂર્વક અમો તારવી શકયા છીએ.

સતપંથ સંબંધી એટલી ફીલસુફી જાણ્યા પછી કેટલાએક જાણીતા હિંદુ મુસલમાન વિગેરે ફીલસુફોના એ સંબંધીના સ્વતંત્ર મતો હેઠળ આપવામાં આવે છેઃ-

**સામાન્ય અભિપ્રાય**

સતપંથના યશસ્વી પીર નુરૂદ્દીન મોહંમદ (કદ) વગેરે પીરોએ પયગમ્બરો તથા આકાશી પુસ્તકોના અભ્યાસ પછી પ્રયત્નો શરૂ કીધા અને કોઈ પણ સંપ્રદાય અને વ્યકિતને આડે ન આવવાનું ધોરણ ગ્રહણ કરી સતપંથના સિદ્ધાંતને સત્યનું દિગદર્શન અને અસત્યનો વિનાશ કરવામાં સંકોચી નાખ્યું અને હિંદુ, ખ્રીસ્તી, યાહુદી, બૌદ્ધ વગેરે ધર્મના પુસ્તકોમાંથી ઇશ્વિરી સત્ય જે બાકી રહ્યું હતું, તે તારવી કાઢી તે-માટેના કાવ્યમાં પુસ્તકો રચ્યા, જેને જ્ઞાન શાસ્ત્રો કહેવામાં આવે છે. એ પુસ્તકોમાં લોકોના કલ્યાણઅર્થે સત્ય જલદીથી પ્રચલિત થાય તેવા ધોરણો તથા પ્રયોગો આપ્યા, અને પોતે તેના આબાદ નમુના થયા અને હિંદુ કે મુસલમાન વચ્ચે કાંઈ પણ ભિન્નતા નહિ રાખતાં તેવા જ્ઞાનોનો તેમાં પ્રચાર કીધો.

(એદલજી ધનજી કાબા.)

આ ભૂમિમાં સતપંથનો પ્રકાશ પાડનાર પીર સતગુરૂ નૂર સાહેબ જેઓ સૈયદ સાદાત અને સૈયદ નુરૂદ્દીનનાં નામે પ્રખ્યાત છે તેઓ હતા.

સતપંથ પ્રકાશક મહામંડળ દરેક ધર્મના સત્ય સિદ્ધાંતો ગ્રહણ કરી તેનો સ્વિકાર કરે છે. એ ઘણી ખુશી થવા જેવી બીના છે, વળી સતપંથના પુસ્તકોનો ઘણોખરો ભાગ સુફી ૦ ધર્મનું પ્રતિપાદન

૦સુફી પંથના સુશિક્ષિત મુસલમાનો અને હિન્દુઓની રહેણી કરણીમાં ભાગ્યેજ કોઈ ભેદ જણાય છે. (સ્વામી વિવેકાનંદ.)



કરે છે, અને તેની સાથે લોકોમાં સદાચાર, પરહેઝગારી અને સુનીતિનું ઉત્તમ રીતે શિક્ષણ આપે છે, અને સતપંથના ધાર્મિક પુસ્તકો હિંદની પ્રાચીન ભાષામાં લખાયલા મેં જોયા છે અને તે ઘણા જુના સાહિત્યનો ચિતાર આપે છે.

**(સબજડજ મી. મધુવચ્ચરામ બળવચ્ચરામ હોરા.)**

સતપંથ સ્થાપન થવાને લગભગ એક હજાર વર્ષ ગુજર્યા છે. એ પંથની સાથે મૂખ્ય શબ્દ જે જોડાયલો છે તે સત્ય છે. એ સત્ય ઉપર આખી સૃષ્ટિના ધર્મ રચાયલા છે. એ સત્ય દુનિયાનું મૂળ છે. એ ઉપરજ સતપંથનો પાયો રચાયલો છે, એમ એ પંથના બારીક અભ્યાસ ઉપરથી માલમ પડે છે. એમાં બીજી ખુબી એ છે, કે જુદી જુદી ન્યાત અને ધર્મનાં લોકો પોતાનો ધર્મ સાચવી દાખલ થએલા છે. એ પંથમાં કોઈ પ્રકારનો વટાળ કે દુર્ગુણ જણાતો નથી. માનવંતા પીરોએ અનીતિ અને તમામ દુર્ગુણોનો નાશ કરેલો છે.

દુનિઆમાંના કોઈ પણ પંથને તમે તપાસો તેમાં ઓછાવત્તા પ્રમાણમાં સુનીતિ અને સચ્ચાઈ માલમ પડશે. સતપંથ સ્થાપન્ન કરનાર મહાત્માઓ ઘણા દૂરથી લોકોની નીતિ રીતી સુધારવા હિંદમાં આવ્યા હતા, એમ ઇતિહાસથી સાબીત થાય છે. તેઓનો ઉપદેશ અને આચાર વિચારો પૂજ્ય અને માન્ય છે. હંમેશા પરમાત્માની સેવા અને આત્માનું કલ્યાણ જે ચાહે છે તેવા દરેક ગુણો સતપંથમાં મને જણાયલા છે. આત્મબોધ જેને બીજા શબ્દોમાં ધર્મ કહીએ તો ખોટું ન કહેવાય એમ હું માનનાર છું. સૃષ્ટિની ઉત્પત્તથી સત્ય ધર્મ પળાતો અને મનાતો આવ્યો છે. જ્યાં સુધી આપણે સત્યને વળગી રહયા હતા ત્યાં સુધી હિંદ દેશ આબાદ અને સુખી હતો.

(સુરતના જાણીતા વકીલ **ગુલાબદાસ ભાઇદાસ.**)

સતપંથ હું જ્યાં સુધી સમજી શકું છું ત્યાં સુધી તો એક હક બ્યાજબીપણાનો પંથ છે એમ તેના અનુયાયીઓની માન્યતા છે અને એ માન્યતા સારા સદ્‌ભાવ ઉપર રચાયલી છે. એ હક બ્યાજબીપણાનું સત્ય તેમણે જુના વખતથી ઈસ્લામી પીર ઓલીઆઓ જે પોતાના જમાનાના મોટા સુફી હતા, તેમના આત્મિક શિક્ષણથી મેળવેલું છે, અને તેથી તે સુફી પંથનો એક ભાગ છે એમ મનાય છે. સુફી પંથ એક બ્રહ્મજ્ઞાન-વેદાંતનો એક મહાન માર્ગ છે. જેને અનુસરવાથી હજારો લોકો મૂક્તિ મેળવી ગયા છે.

એકંદર હકીકત ઉપરથી માલમ પડે છે કે સતપંથ એ હિંદુભાઈઓને તેમની માન્યતા અને સમજ પ્રમાણેની ઢબથી વેદાંતના સિદ્ધાંતોનું સુફીઝમ-સુલુકના સિદ્ધાંતો સાથેનું મળતાપણું બતાવી એ મારફતે ખરા ખુદાના મહાન રસ્તાની મોટી સીડીના એક પછી એક ક્રમવાર પગથીઆની સમજ આપી તેની દરેક મંજીલ પંક્તિના જ્ઞાનથી વાકેફ કરી ખુદાની વહેદાનિયત-ઐક્યતા ઉપર લાવવા માટેનો એક ખાસ "ધર્માદા પૂલ" છે તેના ઉપર ચઢીને હજારો લોકોએ ખુદાની વહેદાનિયત અને પેગમ્બર (સ. અ. વ.)ની નબૂવતના પ્રભાવનું અવલોકન કરેલું છે.

જે દેશમાં તેત્રીસ કરોડ દેવતાઓને ખુદા માનવામાં આવતા હોય ત્યાં એકજ માત્ર ખરા ખુદાને માનવાનું કામ કેટલું બધું મૂશ્કીલ છે તે એ પૂલના દરેક વિભાગનો ઉંડાઈથી અભ્યાસ કરનારને જણાઈ શકે એમ છે. આ જ્ઞાનના પૂલે હજારો જડવાદીઓને સહેલાઈથી માલિકના ખરા ચૈતન્યવાદવાળો રસ્તો બતાવવાનું કામ ઘણીજ ખુબીથી કરેલું છે.

આ દેશને માટે હિંદુ-મુસ્લિમ ઐક્યતાની ઘણી જરૂર છે, અને એ ઐક્યતા બીનસ્વાર્થી ઈશ્વરી જ્ઞાનવાળી હોવી જોઈએ એટલે આવા પ્રકારની ઐક્યતા કરવામાં સતપંથીભાઈઓએ ઘણો



સારો ભાગ ભજવેલો છે, જેને માટે તેઓ ધન્યવાદનેપાત્ર છે. તેમની આ સંસ્થાની ખુબીઓ હજુ લોકોને આગળ ઉપર જણાશે.

ચારસો વર્ષ ઉપર કાયમ કરેલી એક ચીજ હાલ પણ જેવીને તેવી કાયમ રહે એ તે વસ્તુના સારા ગુણની ખાસિયત છે. એનામાં જો પરમાર્થ બુદ્ધિ રહેલી ન હોત તો આજે તેનું નામનિશાન પણ ન હોત, માટે આવી ઉપયોગી સતપંથની સંસ્થાને જેટલી આગળ વધારવામાં આવશે તેટલોજ સમાજને તથા દેશને ફાયદો થશે; કારણ કે તેથી ખરી ઐક્યતાની જડ મજબૂત થશે.

(**પીર મોટામીયાં સાહેબ**, માંગરોલની ગાદીવાળા.)

**પ્રકાશ**

<u>અવલોમા ખલકલ્લાહો નુરી.</u>

ઉસ નૂરકે કતરોંસે પયગમ્બર હુએ પયદા,
દરીઆએ નબુવતસે યે ગોહર હુએ પયદા.

આત્મિક શક્તિનો જે ભેદ પરમાત્માએ સર્વથી પહેલાં હઝરત આદમ (અ. સ.)ને અર્પણ કર્યો હતો. તે તેમના પછી બીજા અનેક પયગમ્બરોની હારમાળા દ્વારા જગતમાં પ્રકાશી લોકોને ફેઝ પહોંચાડતો છેવટે હઝરત મોહંમદ (સ. અ. વ.)માં પ્રકાશી (કે જે હઝરત આદમે (અલે.) ના નુર કરતાંએ આગળ અલ્લાહ તઆલાએ ઉત્પન્ન કર્યું હતું તે,) તે પછી હજારો ઓલીઆ અને સુફી મહાત્માઓને રંગી રોઝે કયામત (પરલોક દીન) સુધી પોતાની શક્તિનો ઝરો જેમનોતેમ કાયમ રાખશે. ખુદાવંદે કરીમે ફરમાવ્યું છે કે:—

હે લોકો! મારા તરફથી તમારી પાસે નુરે મોહંમદ મુસ્તુફા (સ. અ. વ.) આવી ચુકયું છે.

માનવંતા પીરોએ પણ એ નુરાની સરિતાનું રસિક વર્ણન નીચે પ્રમાણે કર્યું છે:—

(૧) નુરે યેહી હે નીરવાણ
નુરે રચ્યો આસ્માન
નુરે નિપના નુર
નુરે નબી પાકપરવર
નુરે અર્શ કુર્સી જાગુ
નુરે મોમિન હે પરમાણ
નુરે તજલ્લા નુર માહે બેઠા
નુર નિર્મળ મંદિરે પેઠા
નુરે પ્રગટ નુરમાં દીઠા
× × ×

(૨) નુર નબી થકી રચના કરયા
તારે પહેલા તે હોતા આપ રે
અર્શ કુર્સી સબ ઉપાયા
અને ચંદા સૂરજકા તાપ રે
× × ×

(૩) જ્યારે સરજ્યા કુતુબ તારા નુર
તે પંજેતને પાકના રે લોલ
તેતો સિતેર હજાર વર્ષ ઉગમતા સાર
ફરી એમ આથમતા રે લોલ
તે તારા નબી મહંમદ નામ
અલી સીરતાજ રે લોલ
તેના હંસ ગલા માંહે ફાતમા નુર
ઝબકે જેમ વિજળી રે લોલ
તેને બે કાન માંહે દૂર÷ ઈમામ હસન હુસેન
સમાવે તેમાં રે લોલ
× × ×

÷ કીમતી મોતી.



(૪) એક નુર મહંમદ મુસ્તુફા ( સ. અ. વ. )
દુજા નુરઅલી મુર્તુઝા (કરમુલ્લાહો વજહુ)
માઈ ફાતેમાબીબી ઉનકો ભેલે
હસન હુસેન ઉસ નુર માંહે ખેલે
× × ×

(૫) એજી અલી નબીજીનીકુલ માંહેથી ઉપના
ઇમામ હસન હુસેન પરિવાર
* * *

**વંશાવળી**

માનવંતા પીરોની વંશાવળી હઝરત આદમથી શરૂ થાય છે; પરંતુ લખાણ વધુ લંબાણ થઈ જાય, તે કારણે હઝરત અલી (ક. વ.)થી વંશાવળી હેઠળ આપી છેઃ—

૧ સૈયદના હઝરત અલી અ. સ.
૨ ઇમામ હુસેન અ. સ.
૩ ઇમામ ઝૈનુલ આબેદીન અ. સ.
૪ ઇમામ મહંમદ બાકર (અલે.)
૫ ઈમામ જાફરો સાદિક (અલે.)
૬ ઈમામ ઇસ્માઇલિ અલ આરેજ
૭ સૈયદ નુરૂદ્દીન મહંમદ ઉર્ફે સતગુરૂ નૂર (નવસારી)
૮ સૈયદ ઈસ્માઇલ રઝા (રહે.)
૯ સૈયદ મનસુર મહંમદ
૧૦ ,, ગાલિબ
૧૧ ,, અબ્દુલ મજીદ
૧૨ ,, મુસ્તુફા
૧૩ ,, અહમદ હાદી
૧૪ ,, હાશમ
૧૫ ,, મહંમદ
૧૬ ,, મેહમુદ

૧૭ „ ખાલિદ
૧૮ „ મોમિન
૧૯ „ ઇસ્લામુદ્દીન
૨૦ „ સલાહુદ્દીન
૨૧ „ શમશુદ્દીન (પીરશમ્શ મુલતાન)
૨૨ „ નસીરૂદ્દીન
૨૩ „ શહાબુદ્દીન
૨૪ „ સદરૂદ્દીન (ઉચ્છ શરીફ જી. મુલતાન)
૨૫ „ કબીરૂદ્દીન (ભાવલપુર)
૨૬ „ ઇમામુદ્દીન (પીરાણા જી. અમદાવાદ)
૨૭ „ નુરમહંમદ શાહ (પીરાણા જી. અમદાવાદ)
૨૮ „ ખાન ( „ „ )
૨૯ „ સાલેહ
૩૦ „ હાશમ
૩૧ „ મહંમદશાહ દુલ્હા (બડાદપુર જી. નિમાડ સી. પી.)
૩૨ „ બાકરશાહ
૩૩ „ હાશમશાહ
૩૪ „ અલી કબીર (નવસારી)
૩૫ „ અલી સગીર „
૩૬ „ હાશમશાહ „
૩૬ „ પ્યારે સાહેબ „
૩૮ „ જાફરશાહ ઉર્ફે બાપુમીયાં
૩૯ „ હાશમશાહ

તેમના બે પુત્ર

| ૧ | ૨ |
|---|---|
| સૈયદ પ્યારે સાહેબ (હાલ હયાત) | સૈયદ સદરૂદ્દીન (હાલ હયાત) |



# પીર સૈયદ નુરૂદ્દીન મોહમ્મદ (કદ્દ)

ઉર્ફે

## સતગુરૂ નૂર.

તકદીરસે જો ગુરૂ પાવે ઉસકા સબ ધોકા મિટ જાવે,
મેં તું કહે ન તુ મેં કહે સબકો દેખે ચુપ હો રહે.

સૈયદ નુરૂદ્દીન મહંમદ (ક.) જેમનું બીજું નામ 'સતગુર 'નુર' ઉર્ફે સૈયદ સાદાત છે.

નવસારીની પ્રખ્યાત તવારીખ "તવારીખે નવસારી" માં ઘણા પીર અને ધર્મ પ્રચારકોના ચારિત્ર આપવામાં આવ્યા છે. તેમાં સૌથી લાંબુ વર્ણન પીર સતગુરૂ નુરનું છે. તેમના પરાક્રમો અને તેમણે બતાવેલા ચમત્કારોની ઘણી અદ્‌ભૂત વાતો લખેલી છે. તેમની પવિત્ર જીંદગી અને તેમના ધાર્મિક વ્યાખ્યાનોથી એવી સચોટ અસર થતી કે સેંકડો લોકો તેમના સતપંથ મિશનમાં ભળી અનુયાયી થઇ જતા હતા.

હિંદમાં આવી તેમણે ઘણા હેરતભર્યા પ્રયાસો કરી રાજા અને પ્રજા બંન્નેના દીલ જીતી લીધા હતાં. જે માટે જુદા જુદા ઇતિહાસકારો અને લેખકોના લખાણો ઉપરથી ખપપૂરતી નોંધ હેઠળ ટપકાવી લેવામાં આવે છે.

ગુજરાતની આપની પધરામણીને લગતા બે ઇતિહાસિક સુંદર કાવ્યો હાલમાં ખોજા કોમના સાહિત્યમાંથી મળી આવ્યા છે. તે ઉપરથી પીર સાહેબના રચનાત્મક કામને લગતી સારી માહિતી મળે છે. જે આગળ આપવામાં આવશે.

### ઇતિહાસકારોની નોંધ

(૧) હિંદુસ્તાન તરફ નુર સતગોર આવ્યા અને તેમણે પંજાબી, કાબૂલી અને ચિત્રાલવી લોકોને મુરીદ બનાવ્યા.
(કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી એમ. એ, એલ એલ. બી.)

(૨) પીર નુરૂદ્દીન સાહેબ હિંદુસ્તાનમાં ઇસ્લામનો પ્રચાર કરવાને તથા હિંદુઓની નીતિ રીતી દુરસ્ત કરવાને પધાર્યા હતા. તેઓએ હજારો તથા લાખો હિંદુઓને દીને ઇસ્લામથી મુશર્રફ કર્યા હતા કે જેની ઔલાદ આજે પણ ઇસ્લામી મઝહબ ભોગવતી આવી છે તે સઘળાનો પ્રતાપ તે મહાત્માજ છે. તે મહાત્માએ પહેલા હિંદુઓને ઇસ્લામથી મુશર્રફ કરવાનું મિશન ચાલુ કર્યું ને ખોજાઓને ઇસ્લામથી મુશર્રફ કર્યા હતા. અને આજે ખોજા કોમ પોતાના ઇસ્લામ માટે મગરૂર છે તેની બેલદાગ તે મહાત્માના પવિત્ર હાથે નંખાઈ હતી. અને તે રૂએ ખોજા કોમ ઉપર તેઓનો અખંડ ઉપકાર છે. અને તે ઉપકારનો ખોજા કોમ જેટલો આભાર માને તેટલો થોડોને થોડો છે.

અમો ખોજા કોમના વડીલોને કુફ્રના અંધકારમય માર્ગથી ખસેડીને ઇસ્લામના પવિત્ર માર્ગમાં લાવનાર મહાત્મા પીર નૂરૂદ્દીન સાહેબની દરગાહ નવસારીમાં આવેલી છે. તેથી તે મહાત્માની દરગાહની જ્યારત કરવા જવું એ ખોજા કોમ માટે અતિ જરૂરનું હતું. ખોજા ધર્મ શાસ્ત્રમાં પણ આ પીરની જ્યારત કરવાને બીજા પીરોએ ફરમાવેલું છે. તેથી અમારો દરગાહ સાથેનો સંબંધ અખંડ રહે છે.

(એદલજી ધનજી કાબા)

(૩) આ ભૂમીમાં સતપંથનો પ્રકાશ પાડનાર પીર સૈયદ નુરૂદીન સાહેબ, જેઓ સૈયદ સાદાત અને નુર સતગોરના નામથી પ્રખ્યાત છે, તેઓ હતા.

(મધુવચરામ બળવચરામ હોરા)

(૪) અમો તે મહાત્માઓના નામ પબ્લીકની જાણ માટે રજુ કરીએ છીએ કે જેમણે સખ્તાઈ વાપર્યા સિવાય સદ્ભાવ અને શાન્તિથી ઇસ્લામની દાવત કરી છે. તેઓ ઘણા પરહેજગાર, સત્ય



બોલનાર, હમેશાં ફુકરોફાકો કરનાર અને અખંડ ભક્તિ કરનારા સાધુ પુરૂષ હતા. તેમની કરામત જોઇ હજારો માણસો તેમના પગ તળે ઝુકયા હતા. તેમનું નામ સૈયદ નુરૂદ્દીન હતું, જેમણે પીર સદરૂદ્દીનની પૂર્વે ગુજરાતમાં ઇસ્લામ ફેલાવ્યો.

પીર સદરૂદ્દીને ખોજા કોમમાંથી સેંકડોને મુસલમાન કર્યા અને તે ખોજાઓએ પશ્ચિમ હિંદમાં ઇસ્લામને ફેલાવ્યો. ગુજરાત અને કચ્છમાં ઇસ્લામની સેવા પીર ઇમામુદ્દીને કરી છે. તેમની વફાત સને ૧૫૧૨ ઇસ્વીમાં થઇ છે. હાલમાં પણ પીરાણામાં હિંદુઓ અને મુસલમાનો તેમને માને છે.

(શુદ્ધિતોડ પૃ. ૧૦૩)

(૫) અજ્ઞાનતાના લીધે આજ સુધી હિંદુ મુસ્લિમ એવા ભેદ ટકી રહ્યા છે પણ બેઉ પક્ષના સિદ્ધાંતો તપાસ કરનારને હિંદુ મુસ્લિમ એમાં પક્ષપાત દેખાશે નહિ, આવો અપક્ષપાત બોધ હિંદમાં આસરે એક હજાર વર્ષ ઉપર આપવાનું શરૂ કરેલ છે. જેના મૂળ પુરૂષ પીર સતગુરૂ નૂર મૂખ્ય છે.

(વૈદિક ઇસ્લામ)

(૬) નવસારીની દરગાહની મેં જાતે મુલાકાત લીધી છે. ત્યાં શાનદાર ઇમારતો હસ્તી ધરાવે છે. દરગાહમાં અખંડ ઘીનો દીવો બળ્યા કરે છે. હિંદુસ્તાનમાં સર્વથી પહેલાં દાઈ નુરૂદ્દીન (સતગોર) આવ્યા જેમની દરગાહ નવસારીમાં છે. દાઈ પીર સદરૂદ્દીન જેમની દરગાહ ઉચ્છમાં છે. પીર હસન કબીર જેમની દરગાહ ભાવલપુરમાં છે. પીર શમ્શ જેમની દરગાહ મુલતાનમાં છે. પીર તાજદીન જેમની દરગાહ સિંધમાં છે. (ખ્વાજા હસન નિઝામ કૃત ફાતમી દાવતે ઇસ્લામ)

(૭) પીરશ્રીને સૈયદ નુરૂદ્દીન (રહે.), પીર સતગુર નુર, પીર નુર સતાગર, સૈયદ સાદાત અને સૈયદ નુરમહંમદ વગેરે નામથી હિંદુસ્તાનની પ્રજા ઓળખે છે. તેમના લખેલા શાસ્ત્રોમાં પીર સતગુરૂ નુરના પુતલા, પરી બ્રહ્મ વરને પૂજો અને બીજા સેંકડો જ્ઞાનો રચેલા છે, આપની મહાન ચમત્કારિક કૃતિઓ એમના ઉપદેશની સાક્ષી પુરી રહી છે.

(ઇસ્માઇલી વીરલાઓ)

(૮) રાજા સિદ્ધરાજની રાજ્ય સત્તાને ચાલીસ વર્ષ ગુજર્યાં હતા ત્યારે સૈયદુસ્સાદાત સૈયદ મહંમદ બ્રહ્મન આવ્યા હતા. રાજા સિદ્ધરાજ સૈયદ મહંમદ ÷ બ્રહ્મનના હાથ ઉપર મુસલમાન થયો હતો.

બીજી રીવાયત એવી છે કે બાબા હાજી રજબના હાથ ઉપર તે મુસલમાન થયો હતો. (તઝકેરતુલ ઔલીયા)

(૯) હઝરત મોહંમદ સાહેબને। ઇસ્લામ મઝહબ અરબસ્થાન, ઇરાન, તુર્કસ્થાન, મીસર અને પશ્ચિમ તરફના દેશોમાં જે વેળાએ પૂરજોશમાં પ્રસરી રહ્યો હતો, તેજ કાળમાં હિંદુસ્તાનમાં તેનું પ્રબળ થયું હોય એમ કહેનારા અભ્યાસીઓ સાથે હું મળતો થતો નથી. ઇસ્લામની સ્વચ્છ તાલિમ મિસર દેશની પાઠશાળાઓમાં અપાયા બાદ લાયક ઇસ્લામી મિશનરીઓને જુદે જુદે દેશ, જુદી જુદી દિશાએ મોકલવામાં આવતા હતા. તે મિશનરીઓ પૈકી સૈયદ નુરૂદ્દીન મહંમદ નામે એક જાણુકાર સુફી જ્ઞાનમાં પ્રવીણ વલીને હિન્દુસ્થાનમાં સુફી મતનો પ્રચાર કરવા સારૂ પહેલ વહેલાં મિશનરી લેખે મોકલવામાં આવ્યા હોય એમ જણાય છે. કાઠિયાવાડ અને ગુજરાત એ જીલ્લાઓ જાણે કે, અરબસ્તાન અને હિંદુસ્તાનના દરિઆની પટ્ટી ઉપર સામ સામે જેમ ઘરોના દ્વાર આવી રહેલા હોય એવા સળંગ સંબંધને લઇને આપણા આરબ મિશનરીએ પોતાને। સુફી ધર્મ બીલાવલ-પટ્ટણ, જરાપટ્ટણ અને બીજી આસપાસની જગાઓમાં ફેલાવવાનું બીડું ઝડપ્યું હોય એમ જણાય છે.

---

÷ વાસ્તવિક રીતે બારીકીથી તપાસતાં, મહંમદ બ્રહ્મન, સૈયદ મહંમદ જુન્નેર, અને બાબા હાજી રજબ એ ત્રણ નામો સતગુરૂ નુર માટે ઇતિહાસકારોએ વાપરેલા છે. ખરી રીતે રાજા સિદ્ધરાજ સતગુરૂ નુરના હાથ ઉપર મુશર્રફ થયો હતો. અને ખુદાની વહેદાનિયત અને પૈગમ્બર સાહેબની નબુવતનો ખરા જીગરથી કાયલ હતો.



ખ્રિસ્તી મિશનરીઓ જે લત્તામાં પોતાના મિશનનું કામ લઇ આવે છે. તે લત્તાની ભાષા પ્રથમ શીખી લઇને પોતાનું કામ સરળ રીતે કર્યાં જાય છે. તેમ આ સૈયદ સાહેબે ગુજરાતમાં પોતાના વખતમાં વપરાતી ભાષા જે હિંદીના નામે ઓળખાતી હતી તેનો સંપૂર્ણ અભ્યાસ કરેલો જણાઇ આવે છે. વળી તેમણે વેદો, રામાયણ, અને મહાભારતનો પણ ઘણી બારીકાઇથી અભ્યાસ કર્યો હોય અથવા નિદાન આર્યવ્રતનો પૂર્વનો ઇતિહાસ અને કથાઓનું સંપૂર્ણ જ્ઞાન મેળવેલું જણાય છે.

તેમને પોતાના ભજનો મિશ્રિત ભાષામાં ગુંથ્યા, પોતાના મતને હિંદુ મતોની સાથે એવી ગુંથણીથી ગુંથ્યા કે તેમની યોજના શકિત વિષે કોઇને પણ આજે માન ઉત્પન્ન થયા વિના ન રહે. બાયબલમાં જે રીતે લાઇટ એટલે પ્રકાશને સર્વથી પ્રથમ સ્થાન આપેલું હોવાથી ઘણા ખરા ઇસ્લામી મિશનરીઓનાં નામોમાં મૂળ શબ્દ "નૂર" જોડાયલો જોવામાં આવે છે. નુર મહંમદ એ ખરેખરૂં નુરે-મહંમદ એક નામ છે જેનો અર્થ મહંમદ કહેતાં પ્રતાપી-પ્રખ્યાત એવો અર્થ થાય છે. અને અરબ લોકો, એ શબ્દનો ઉચ્ચાર મોઆમેદ, અથવા મોહામેદ કરે છે. જે હામેદ ક્રિયાપદ ઉપરથી ઉપજાવેલો શબ્દ છે ત્યારે નુર મહંમદનો અર્થ પ્રતાપી પુરૂષનો પ્રકાશ. એ જન્મ નામ આપણા સૈયદ મિશનરી સાહેબનું હતું.

નુર-અલ-દીન ઉપરથી નુરૂદ્દીન એટલે દીન કહેતાં ધર્મનો પ્રકાશ એટલુંજ હતું. નૂર એ ફારસી શબ્દ હોઇ તેનો અર્થ પ્રકાશ થયો પરંતુ સતગોર એ સંસ્કૃત ઉપરથી ઉત્પન્ન થએલો ચોખ્ખો હિંદી શબ્દ છે. સતગુરૂ એટલે સાચા ગુરૂ અથવા સત્ય ફેલાવનાર ગુરૂ, સત એટલે સચ્ચાઇવાળો પંથ, પંથ એટલે માર્ગ.

હિંદ ભૂમી ઉપર ઇમામતનું કાર્ય એ પીરે પાર પાડયું હતું. પોતે વેદાંતમાં પ્રવિણ અને સંસ્કૃત ભાષાના જાણકાર હતા. મને

ચોક્કસ લાગે છે કે હિંદમાં સૂફી મતનો ફેલાવો કરનારાઓમાં સૈયદ નુર સતગોર અગ્રપદ ઉપર આવે છે. એઓ ઈસ્લામના સાચા સેવક કહી શકાશે. એમની ઉચ્ચ બુદ્ધિ અને ચમત્કારિક વૃત્તિથીજ સાડી આઠસો વર્ષ સુધી તેમના નામ અને કામનું નૂર ટકી રહેવા પામ્યું છે. ચમત્કાર વગર નમસ્કાર હોય નહિ. એ કહેવત પ્રમાણે તેમની પ્રભાના છાપને લઇને આજ સુધી તમારો સતપંથ ટકી રહેલો હોવો જોઇએ. જે પંથ સત ઉપર ચાલતો હોય તેને અનુમોદન સૌ કોઇ આપશે. અસતપંથ હોત તો તે ક્યારનોએ વેર વિખેર થઇ પડયો હોત.

મારી માન્યતા એવી છે કે જે કોઇ પવિત્ર આત્મા હોય છે તેના વચનો મિથ્યા થતા નથી. જે અસોઇમાં સંપૂર્ણ હોય છે. તેમના શબ્દો શાસ્ત્રો જેવા મહત્વના થઇ પડે છે. અને જેમને હજારો લાખો કે કરોડો જીવો પૈગમ્બરો, પીરો, કે સૈયદો તરીકે સ્વીકારતા હોય, એમનામાં કાંઇ પણ ચમત્કારિક અલૌકિક કુદરતી શકિત હોવી જોઇએ. દુનીયામાં બધાજ લોકો કાંઇ મૂર્ખ હોતા નથી કે ઢોંગ અથવા પોકળ શ્રધ્ધા તરફ ખેંચાઇ ચાલ્યા કરે. જે પંથ સત્યનો પ્રકાશ કરતો હોય, સત્યનો જેણે ઉપદેશ રાખ્યો હોય, તેવા પંથના સ્થાપક તરફ નિદાન માન્યતા નહિ તો માનથી જોવાની આપણી ફરજ છે. જે નુકસાનકારક વહેમી માન્યતા હોય તે તરફ આપણી દીલસોઝી હોતી નથી. પરંતુ સચ્ચીદાનંદ જેવું જે ત્રણ મહાન ઉપદેશોવાળું નામ પરમ તત્વને પરમ આત્માને આપવામાં આવ્યું છે. તે ત્રણે નામોથી બનેલા નામમાં સર્વથી પહેલું "સત" નામ છે અને વેદાંતના એ ઉત્તમ તત્વને પોતાના પંથ જોડે જોડવામાં સૈયદ નુરૂદીન સાહેબે કમાલ કરી છે.

હિંદુસ્તાનમાં તમામ પીરોમાં મૂખ્ય પીર સૈયદ સાદાત છે. અને તેમના વંશજોએ દેશ પ્રદેશમાં આવા ચમત્કારોથી નામના મેળવી એ નવસારી માટે મોટી મગરૂર થવા જેવી બીના છે.



ઇન્સાફની ખાતર તેને અમે આવકાર આપ્યો છે. અને નવસારીની મોટાઇમાં એ મોટી વાત હોવાથી લંબાવવી પડી છે.

હિંદુસ્તાનમાં જુદા જુદા ભાગ ઉપર જે પીરોની દરગાહ છે તે ઘણે ભાગે નવસારીના પીરની શાખાઓ છે. એ દરગાહ આઠસો વરસની જુની નવસારીમાં છે. મુસલમાનોજ નહીં પણ હિંદુઓ વગેરે પણ દરગાહને માને છે. અને તેને અનેક વસ્તુઓ માનતા લેખે ચઢાવે છે.

**(સો. મ. દેસાઈ.)**

(૧૦) હઝરત લાલ શાહબાઝ, શેખ બહાઉદ્દીન ઝીકરીયા મુલતાની (રહે.)ના મુરીદ અને ખલીફા હતા. જાહેર અને બાતિનમાં ઘણા કમાલાત ધરાવતા હતા. આપનું ખાનદાન હઝરત ઈમામ હુસેન (અલે.)થી નિસ્બત ધરાવે છે. હમેશા પ્રિયતમની શોધમાં મસ્ત અને બેખુદ રહેતા હતા. આપના ઘણા મુરીદો હતા. જે કલંદરી (ગિરોહ)ના નામે ઓળખાય છે.

આપની તુરબતથી કરામતો અદ્યાપિપર્યંત જાહેર થતી રહે છે. હમેશા લાલ કપડાં પહેરતા હતા. આપના વડીલ ઈમામ જાફરે સાદક (રહે.)થી પણ આપને ન્યામત મળી હતી. આપની વફાત સને ૭૨૪ હીજરીમાં થઇ છે. સીંધમાં આપની દરગાહ આવેલી છે.

**(તઝકરેતુલ ઔલીયા)**

(૧૧) સૈયદ ઈમામુદ્દીન ઇરાકથી હિંદુસ્તાનમાં તશરીફ લાવ્યા. આપના વાલિદનું નામ કબીરૂદ્દીન હતું. આપની કશફો કરામત જગજાહેર હતી. સેંકડો હિંદુઓ આપના હાથ ઉપર પાવન થયા હતા.

જ્યારે પીતાશ્રીથી છુટા પડી ઇમામુદ્દીન સાહેબ ગુજરાતમાં પધાર્યા તે વખતે હિંદુ કોમના એક મોટા સંઘને આપે મુરીદ બનાવ્યો, અને તેઓ અત્રે મોમના કહેવાય છે.

**(તઝકરેતુલ ઔલીયા)**

(૧૨) ઈમામ ઈસ્માઈલના કુટુંબીઓમાંથી સૈયદ નુરૂદ્દીન મહંમદ હતા. અને આપના હુકમથી હિંદુસ્તાનમાં ધર્મ ઉપદેશક તરીકે આવ્યા હતા. **(ફાટમાહટ ખિલાફત)**

(૧૩) તવારીખ ફિરેસ્તામાં સૈયદ મહંમદ નૂર બક્ષ વિષે હકીકત નિકળે છે તે (પીર સતગુરૂ નુરની) હકીકત સાથે મળતી આવે છે. પીર શમશના વૃતાંતનું તારણ પણ તેમાંથી લીધેલું છે.

**(ખોજા વૃતાંત પૃ. ૧૩૩)**

(૧૪) નુરસતગોર ગુજરાતના રાજા સિદ્ધરાજના રાજકાળમાં આવ્યા હતા. અને તેમણે કણબી, ખારવા અને કોળી લોકોને ઉપદેશ કરી પોતાના પંથમાં ભેળ્યા હતા.

ગુજરાતમાં હી. સ. ૫૦૦થી ઇસ્લામનો ફેલાવો થઈ રહયો હતો.

**(આઇને હકીકતનુમા પૃ. ૨૬૯)**

(૧૫) નુરૂદીન સતાગર (સતગુરૂ એટલે સાત ઈમામોને માનનારા) પાટણમાં આવીને ઉપદેશ આપવા લાગ્યા. સને ૪૮૭ હીજરીમાં વફાત પામ્યા. તેમના માનનારા ગુજરાતમાં ઘણા છે પરંતુ તેમને ન તો તુર્ક કહેવામાં આવે છે ન તો વોહરા કેમકે તેઓ ન તો વિજેતા હતા અને ન તો વેપારી હતા.

**(સૈયદ અબુઅફર નુદવી)**

(૧૬) પીર ઇમામ શાહે ઇ. સ. ૧૪૪૯ માં પીરાણામાં આવી હિન્દુ મુસલમાનની વચ્ચે એકતાની ગાંઠ સાંધવા ઘણો ઉપદેશ કરી નીતિ શાસ્ત્રની અને આત્મિક જ્ઞાનની અમૂલ્ય શિખામણો આપી હતી, જેથી લોકોએ તે શિખામણો જલ્દીથી આચરણોમાં મુકી અને પીર ઈમામશાહના શિષ્ય થયા. આ પંથ મારવાડમાં રણુજા ગામના ઠાકોર **રામદેવે** ० પણ સ્વીકાર્યો. પીર ઇમામશાહનો શિષ્ય રામદેવ હોવાથી આજે તેને પણ પીર તરીકે માને છે.

० રામદેવ સંવત ૧૫૦૮માં પીરાણે આવ્યા હતા.



આ પંથમાં ઘણાં અત્યંજો છે ત્યારે હવે જો મુસલમાનોના ધર્મ પ્રચારકોએ અત્યંજોને ભડકાવ્યા હોત તો જે પીર ઈમામશાહ અને મહાત્મા કબીરજી તો મુસલમાનજ હતા અને આ બેઉના ધર્મ તત્વમાં હિન્દુ અને મુસલમાની બન્ને ધર્મ તત્વ સમાયેલા છે તે ધર્મનો અત્યંજોએ કેમ સ્વીકાર કર્યો? **(મેઘજી પીઠાભાઇ)**

(૧૭) **"ગુપ્ત પંથકા શીજરા"** નામના પુસ્તકમાં પીરોને લગતી કેટલીક હકિકતો આપવામાં આવેલી છે, તેમાંથી જરૂરી નોંધ હેઠળ ટપકાવી લેવામાં આવે છેઃ–

૧–શાહ ઈસ્માઇલ જેઓ યમનની તરફ હતા. તેમને ત્રણ ફરઝંદો હતા. એકનું નામ સૈયદ નુરમહંમદ શાહ હતું. પીર સૈયદ નુરમહંમદશાહ (તેજ આપણા સતગુરૂ નુર) એમણે પોતાના વડિલ ભાઈ સૈયદ મહંમદ બીન શાહ ઈસ્માઈલ (રહે.)થી ખિલાફત અને રૂહાની ફયઝોમાં કમાલીયત મેળવી નુરૂદ્દીન નામ ધારણ કરી દેહલમ દેશ, ઇરાક, તબ્રેઝ, ખુરાશાન, બલ્ખ, બુખારા, બદખ્શાન વિગેરે સ્થળોએ સેંકડો લોકોને ઇસ્લામનો બોધ કરી હિન્દુસ્તાનમાં આવ્યા. હિંદમાં જુદા જુદા સ્થળોએ ફરી છેવટે તેઓ પીરાન પટ્ટનમાં રાજા સિદ્ધરાજ જયસિંગના રાજકાળમાં પધાર્યા અને ઘણા લોકોને બોધ આપ્યો. રાજગુરૂ કાનિપાજોગી આપના હાથ ઉપર મુરિદ થઈ ગયો અને તેના સેંકડો ચેલા બ્રાહ્મણ, વાણીયા, કણબીઓ, વ્હોરા બની ગયા. લગભગ પાંચ મણ જનોઇઓ ત્યાં ઉતારી. વ્હોરા લોકો આપને મવલાના હુસેન મસનું કહે છે.

આપની જોડે બીજા ચાર માણસો હતા, અને તે સઘળા મહંમદ બીન ઇસ્માઇલના એલચીઓ હતા. તેમણે પણ દાવતનું કામ કર્યું છે.

પીરાન પટ્ટનથી આપ નવસારી પધાર્યા અને સૈયદ સાદાત અને સતગુરૂ નુરના નામે મશહુર થયા. રાજા સુરચંદ અને તેની બેટીને ધર્મ આપ્યો.

૨–સંવત ૧૫૨૫ માં પીર સદરૂદ્દીન હક થયા અને પીર કબીરૂદ્દીને સર્વ જમાતની આગેવાની લીધી. પીર કબીરૂદ્દીનના અંતકાળના વખતે જમાતની દેખરેખ પીર તાજદ્દીનને મળી, અને પોતાના અઢાર ફરઝંદોમાં ખિલાફતનું કામ પીર રહેમતુલ્લાહને કરવાની આજ્ઞા આપી અને પીર ઈમામશાહને કરામતના ધણી ઠેરવ્યા અને સંવંત ૧૫૩૫ માં પોતે હક થયા.

૩–પીર ઈમામશાહ અમદાવાદમાં સંવત ૧૫૩૬ માં આવ્યા.

૪–સંવત ૧૫૪૪ માં પીર તાજદ્દીન હક થયા.

૫–પીર રહમતુલ્લાહ શાહ સિંધ મૂકીને કચ્છમાં આવ્યા અને ત્યાંથી ગુજરાતમાં આવી કડી ગામે રહયા. પીર ઈમામશાહની બેગમ સાહિબાએ ખેતા મુખીને મોકલી પીર રહેમતુલ્લાહ શાહને બોલાવ્યા અને પોતાની બેટીના લગ્ન તેમના શાહઝાદા જોડે કરી આપ્યા. તે વખતે પીર ઈમામશાહ હક થઈ ચુકયા હતા.

૬–પીર ઈમામશાહના ફરઝંદ પીર નુરમહંમદ શાહ જોડે અમદાવાદના બાદશાહે પોતાની બેટી પરણાવી હતી.

(૧૮) બારમી સદીમાં આપણને નુરૂદ્દીનનું નામ મળે છે. એઓ ગુજરાતમાં રાજા સિધ્ધરાજના સમયમાં (ઈ. સ. ૧૦૯૪–૧૧૪૩) આવ્યા હતા, ખોજાઓ નુર સતગોરને પોતાના ધર્મના હિન્દુસ્તાનના સહુથી પહેલા પ્રચારક માને છે.

(મરે ટી. ટાઈટસ પી. એચ. ડી. કૃત. "ઇન્ડીયન ઇસ્લામ" પૃષ્ટ ૪૩.)

પીર સદરૂદ્દીન ધર્મના પ્રચાર માટે સિન્ધ ઈલાકામાં આશરે ૧૪૩૦ ઇસ્વી સનમાં આવ્યા હતા. તેઓને ઉત્તર સિન્ધના ઘણા ગામડાઓ અને શહેરોમાં દાઅવતના કામમાં ફત્તેહ મળી હતી.

("ઇન્ડીયન ઇસ્લામ" પૃષ્ટ. ૪૬)

ગુજરાતમાં અને પશ્ચિમ હિન્દના બીજા ભાગોમાં ઇસ્લામી ધર્મના પ્રચારકો ઘણી મહેનતથી પોતાનું કામ કરી રહયા હતા.



પંદરમી સદી ઈસ્વીના પાછળના ભાગમાં ઘણા જાણીતા થયેલા પ્રચારકો કામ કરી રહ્યા હતા. તે પીરાણાવાળા ઈમામશાહ અને બીજા એક ઈસ્લામી પ્રચારક દાવલશાહ પીર હતા."

"ઇન્ડીયન ઇસ્લામ" પૃષ્ટ. ૪૭)

ખોજાઓમાં સદીઓથી ચાલતી આવેલી મજબૂત માન્યતા એવી છે કે તેઓના જે પહેલા ગુરૂ હતા અને હિંદમાં ઈસ્લામનો ફેલાવો કરવા આવ્યા હતા, તે એકજ નુર સતગોર યાને નુરૂદ્દીન નામે હતા, જેમણે ગૂજરાતમાં ભારે ફતેહ મેળવી હતી. પોતાની મોટી કરામતોથી લાખો હિંદુઓના જીગર જીતી લીધા હતા, અને એ કરામતોના લીધે એઓનું નામ ઘણુંજ આગળ પડતું અને લોકપ્રિય થઈ પડયું હતું. ("ઇન્ડીયન ઈસ્લામ" પૃ. ૧૦૧)

બીજા ધર્મ પ્રચારક કહેવામાં આવે છે કે શમ્શુદ્દીન હતા, જેઓ ઈરાકથી આવ્યા હતા, અને મુલતાન શહેરથી દક્ષિણમાં આશરે એંસી માઈલ આવેલ ઉચ્છ ગામમાં રહયા હતા. ત્રીજા ધર્મપ્રચારક પીર સદરૂદ્દીન હતા, જેઓ ખુરાસાનથી સિન્ધમાં પંદરમી સદીમાં આવ્યા હતા, અને છેવટે ઉચ્છ ગામમાંજ વફાત પામ્યા હતા, ભાવલપુર સ્ટેટમાં "ત્રીન્દાગોરગેજ" ખાતે આપની દરગાહ આવેલી છે.

("ઈન્ડીયન ઈસ્લામ" પૃષ્ટ. ૧૦૨)

"નવમી સદીથી લઈને પંદરમી સદી સુધી અને ગુજરાતમાં બારમી સદીથી લઇને પંદરમી સદી સુધી જે ધર્મગુરૂઓ અને પ્રચારકો કામ કરી ગયા છે) તેઓમાં વધારે પ્રખ્યાત થયેલા નામો નીચે મુજબ છે:—

| | | |
|---|---|---|
| (૧) અબ્દુલ્લાહ (વ્હોરા કોમના દાઇ) | ગૂજરાતમાં | ઇ. સ. ૧૦૬૭ |
| (૨) નુરસતગોર | " | " ૧૧૪૦ |
| (૩) સદરૂદ્દીન | સિન્ધમાં | પંદરમી સદી |

("ઈન્ડીયન ઈસ્લામ" પૃષ્ટ. ૨૩૭)

પીર હસન કબીરૂદ્દીને દાઅવતે-ઇસ્લામના કામમાં સખ્ત મહેનત કરી હતી. પોતે તેરમી સદીમાં દાઅવતનું કામ શરૂ કર્યું હતું. એમના સંબંધમાં ખાસ ધ્યાન ખેંચનારી બીના જાહેર કરવામાં આવે છે તે એ છે કે આપની અધ્યાત્મિક શકિત જેના ઉપર પડતી તે તુરતજ મુસલમાન થઇ જતો.

**("ઇન્ડીયન ઇસ્લામ" પૃષ્ટ. ૪૩)**

(૧૯) "ઇસ્લામના મહાન પયગમ્બર હઝરત મુહમ્મદ સાહેબના વંશના છઠ્ઠા ઇમામ અને સુપ્રસિદ્ધ મહાત્મા સંત શિરોમણી હઝરત ઇમામ જાફરો સાદિકના વંશથી આ કુટુંબ ઉતરી આવેલ છે."

"આ કુટુંબના ધર્મના પ્રચાર અર્થે હિન્દુસ્તાનમાં આવનાર પહેલા પુરૂષ મહર્ષિ સૈયદ નુરૂદ્દીન મુહમ્મદ નુરસતગુરૂ આજથી લગભગ આઠસો વર્ષ ઉપર આવેલા હતા."

**("સાદી શિખામણ" પુસ્તક ૧ લું આવૃતિ બીજી.)**

**સૈયદ મહંમદ અને ઇમામત**

ઇમામ જાફર સાદિક (રહે.)ની હયાતીમાં શાહ ઇસમાઇલની વફાત થઈ હતી તેથી શરીઅતે ઇસ્લામ મુજબ શાહ ઇસમાઇલની ઔલાદને કાંઈ હક દસ્તુર દાદાની જાયદાદમાંથી ન મલ્યું. ઇમામતની પદવી પણ શાહ ઇસમાઇલના ફરજંદ સૈયદ મહંમદને ન મળતાં, તેમના કાકા મુસે કાઝીમ (રહે.)ને મળી, આ કુદરતી ઘટનાથી આપનું હૃદય હમેશા મુઝાતું હતું.

અરબ રાજવીઓ ઇમામની સત્તા કમી થાય, એવા દાવ પેચ રમી રહ્યા હતા અને તે કારણે તે વખતના ખલીફાએ કેટલાએક ઇમામોને કતલ કરાવ્યા હતા તથા ઝેર આપી મારી નંખાવ્યા હતા. આવા કટોકટીના બારીક સમયે ઇમામ જાફરે સાદિકની વફાત થઈ ગઈ. તે પછી ઇમામના ઘરમાં પણ ગાદીના સવાલે કુટુંબ કલેશની અગ્નિ ભભૂકી ઉઠી, જેથી સૈયદ મહંમદે માદર વતન તજી હિંદુસ્તાનને પોતાના રહેવા અનુકૂળ જગા સમજી, પ્રવાસ કર્યો.



એજ અરસામાં હઝરત મહંમદ (સ. અ. વ.)ના રોજાથી બશારત થઈ કે, તમે હિંદમાં જઈ ખુદાની વહેદાનિયત, અને પેગમ્બર સાહેબની રિસાલતની દાવત પહોંચાડો, એ હુકમ મળતાં તુરતજ આપે અરબસ્તાનથી અચાનક હિજરત કરી, હિંદુસ્થાન પધાર્યા.

એક રિવાયત એવી છે કે, પિતાની વફાત પછી આપને કાકા મુસે કાઝીમ તરફથી કેટલીએક નામુનાસિબ હરકતો પહોંચી, તેના સબબે સૈયદ મહંમદને બગદાદ, મિસર તથા હીંદ તરફ સફર કરવી પડી.

**વફાતની ચોખવટ**

કેટલાએક તવારીખ નવેશોએ લખ્યું છે કે સૈયદ મહંમદની વફાત બગદાદમાં થઈ અને કેટલાકોએ મિસર જણાવ્યું છે, પરંતુ એ બન્ને રિવાયતોમાં સત્ય નથી. સૈયદ મહંમદ તેજ આપણા સતગુરૂ નૂર છે. આપની વફાત અરબસ્તાનમાં થઈ એ નિર્વિવાદ બાબત છે. પરંતુ આપને વસિયત મુજબ નવસારી (હિન્દ) માં દફનાવવામાં આવ્યા, જેને લગતી બીના આગળ ખુલાસાથી લખવામાં આવશે.

અરબ ઇતિહાસકારોએ સૈયદ મહંમદને બગદાદમાં દફનાવવા અને કેટલાકોએ મિસરમાં દફનાવવા માટે લખ્યું છે; પરંતુ તે સત્તા આધાર માની શકાય તેમ નથી.

આપના માટે ઈતિહાસમાં એમ પણ લખવામાં આવ્યું છે કે સૈયદ મહંમદ ઔલાદ વગર ગુજરી ગયા; પરંતુ અરબના ઈતિહાસકારોનું એ કથન પણ સત્ય નથી. સૈયદ મહંમદ હિંદમાં આવ્યા પછી નવસારી નજીક આવેલી ધારાનગરીના રાજા સુરચંદની કુંવરી પાલણદેવી સાથે પરણ્યા હતા, અને તેમનાથી ઔલાદ થઈ હતી.० એ ઘટનાથી અરબસ્તાનના ઈતિહાસકારો તદ્દન અપરિચિત હતા, માટે તેમણે ઉપર મુજબ લખ્યું છે.

० આ સમયે ધારાનગરી એક આબાદ નગર હોવાની શાહદતો ઈતિહાસથી મળે છે.

સતપંથના જ્ઞાનોમાં જ્યાં જ્યાં સતગુરૂ નુરનું વર્ણન ઈતિહાસિક દ્રષ્ટિએ કરવામાં આવ્યું છે, ત્યાં સૈયદ મહંમદની વફાત અને શાદીને લગતી બીનાઓ સંબંધી સંપૂર્ણ અજવાળું પાડવામાં આવ્યું છે; પરંતુ અરબના ઈતિહાસકારો હિંદુસ્તાનમાંની સૈયદ મહંમદની ઓલાદ અને હિલચાલથી વાકેફ ન હોવાના કારણે તેઓ ઉપર મુજબ લખે એ સ્વભાવિક હતું.

**સૈયદ મહંમદ તે સતગુરૂ નુર પોતે**

શાહ ઇસમાઇલના સાહેબઝાદા સૈયદ મહંમદ તે સૈયદ નુરદ્દીન મહંમદ અને સતગુરૂ નુરજ હતા.

**તાલિમની અસર**

આપની કેળવણી સંબંધી લખવામાં આવ્યું છે કે કુરાન શરીફ, ફિકાહ અને હદીસની ઉચ્ચ કેળવણી મેળવી હતી. તે ઉપરાંત સંસ્કૃત ભાષા ઉપર આપનો સંપૂર્ણ કાબૂ હતો. તે વખતે ઇસ્લામની દાવત માટે મિશનરીઓ તૈયાર કરવામાં આવતા હતા, જે દુનિયાના જુદા જુદા ભાગ ઉપર જઇ ધર્મ અને તત્વ જ્ઞાનનો પ્રચાર કરતા હતા. તેઓમાં એક પીર સતગુરૂ નુર પણ હતા.

આજથી એક હજાર વર્ષ પૂર્વે સૈયદ નુરદ્દીન સાહેબની આમદ હિંદુસ્તાનમાં થઇ હતી, જેને લગતું વર્ણન ઉપર લખવામાં આવ્યું છે. તેમની વિદ્યાના પ્રભાવથી હજારો લોકો તેમના હાથ ઉપર બેત લઇ (ધર્મ)થી મુશર્રફ થયા હતા એમ ઘણા ઇતિહાસકારોએ લખ્યું છે. અને તે પૈકી ખોજા અને મોમીન કોમના લોકો મૂખ્ય છે.

વેદાંતના તત્વ જ્ઞાનને ઇસ્લામના હકીકતી જ્ઞાનની માળામાં પરોવી ખુદાવંદે કરીમની વહેદાનિયતનો તેજોમય પ્રભાવ લોકો ઉપર પાડી હજારો આત્માઓને ખુદાના સત્ય માર્ગ તરફ આપ દોરી લાવ્યા હતા.

ખોજા કોમમાં અત્યારે પણ જે બાળક જન્મે છે, તેના માથાના વાળ ઉતારવાની ક્રિયા પીર સતગુરૂ નુરની દરગાહ ઉપર લાવી કરવામાં



આવે છે, જેથી સંખ્યાબંધ ખોજા ભાઇઓ દરગાહની મુલાકાતે આવતા રહે છે.

નવસારી ખાતે પહેલા મુંબઇના ખોજાઓ આવી સંદલની ક્રિયા ઘણી ધામધુમથી ઉજવતા હતા. આજે પણ સેંકડો લોકો માનતાઓ લઇ જ્યારત માટે આવે છે. એમાં મોટો ભાગ તો જુદી જુદી અસાધ્ય બિમારીઓથી પીડાતા લોકોની બાધાનો હોય છે. જેઓ બાધા લીધા પછી સંપૂર્ણ તનદુરસ્ત હાલતમાં બાધા ચઢાવવા આવે છે. ખાસ કરીને રકતપિત, કોઢ, લકવો વગેરે બિમારી વાળા આપની બાધા રાખવાથી તન્દુરસ્ત થએલા જણાય છે, એ સિવાય સેંકડો બાળકો લઇ તેમની માતાઓ દરગાહમાં હાજર થાય છે. અને બાળકની પેદાયશ અને તન્દુરસ્તી બદલ બાધાઓ મૂકે છે.

આપની કબરથી અત્યારે પણ ફેઝ જારી છે ને તે દરગાહની મુલાકાતે આવનાર દરેક માણુસ જોઇ શકે છે.

શ્રીમંત કૈલાસવાસી મહારાજા ખંડેરાવ ગાયકવાડ સરકારને સતગુરૂ નુરની દરગાહ ઉપર મોટી આસ્થા હતી. તેઓ જ્યારે બી નવસારી પ્રાંતની મુલાકાતે વડોદરાથી પધારતા ત્યારે પીર સાહેબની દરગાહની મુલાકાત લેતા. તેમના તરફથી જરીનો કિંમતી ગિલાફ દરગાહ ઉપર ચઢાવવામાં આવ્યો છે જે લઇ ઉરસના દિવસે ગિલાફ ઓઢાવવાની ક્રિયા રા. રા. નવસારી પ્રાંત સુબા સાહેબ હસ્તે થાય છે. અને તે વખત સરકાર સ્વારી પધારે છે.

શ્રીમંત મલ્હારાવ મહારાજા સાહેબે દરગાહની ચિરાગબત્તી માટે એક વાર્ષિક રકમ ચાલુ કરી હતી. એવીજ બીજી રકમો ચિરાગ બત્તી માટે સચીન તથા સુરતના નવાબ અને ધરમપૂર વાંસદાના રાજ્ય કર્તાઓ તરફથી પણ મળતી હતી. અને તે સઘળા રાજવિયોને આપની જોડે હંમેશા આત્મિક સંબંધ હતો.

સૈયદ નુરૂદ્દીન મહંમદ (ક.)નું મૂખ્ય કામ હિંદુમુસ્લીમ એક સંપીના સવાલને મજબુત બનાવવાનું હતું અને એ મહાન સિદ્ધાંત ઉપર તેમના મિશનનું મંડાણ હોવાથી એક હજાર વર્ષનો જમાનો ગુજર્યો છતાં પણ એક દીલી ટકી રહી છે, તેનું મૂખ્ય કારણ એ છે કે આપે જે અબાધિત સત્ય બતાવ્યું હતું, આજે પણ પોતાનો પ્રકાશ ચોગરદમ ફેંકી રહયો છે.

આપના સતપંથ મિશને હિંદુસ્તાનમાં એક દીલીનો ઝૂંડો ફરકાવ્યો હતો. ત્યાર પછી ચાલુ સૈકામાં સ્વામીરામતિર્થે હિંદુમુસ્લીમ ઐકયતાની જરૂર પીછાણી પોતાના રસિક વ્યાખ્યાનોમાં મૌલાના રૂમની મસ્નવી અને મૌલાના શમ્સ તબ્રેજના બોધને વેદાંતના તત્વ જ્ઞાન સાથે જોડી સમજાવ્યું તેજ અર્સામાં સ્વામી વિવેકાનંદે વેદાંત અને બાયબલ ઉપર પોતાના વ્યાખ્યાનો રચ્યા. આવી રીતે એ મહાન સ્વામીઓએ જુદી જુદી કોમને ઐકયતાના માર્ગે લાવવા કોશિશ કરી હતી છતાં તેમના ઉપદેશોની અસર પીર સતગુરૂ નૂરના ઉપદેશ જેવી કાર્ય સાધક જણાઈ નથી.

હિંદુ મુસ્લીમ પ્રજા હિંદ દેવીની બે આંખો મિસાલ છે તેમાંથી એકને અડચણ પહોંચતા તેની બીજા ઉપર પણ અસર થાય, એ સ્વભાવિક છે. માટે એ કોમોમાં કાયમની સુલેહ શાન્તી જળવાઈ રહે એવા પવિત્ર હેતુથી સતગુરૂ નૂરના મિશને જે અલૌકિક અને આશ્ચર્ય કારક ધોરણ ગ્રાહ્ય કરી મિશનનું કામ આગળ વધાર્યું હતું એ ધોરણ બન્ને કોમની યુનિટિ માટે રામબાણ હતું. સદરહુ ધોરણનાજ અભ્યાસ પછી મહાત્માઓએ પણ પોતાના મિશનો એજ ધોરણે ગોઠવ્યા તથા લોકોના કલ્યાણ માટે ભજનો રચી પોતાના મિશનની શરૂઆત કરી. એથી દેશની બન્ને કોમોમાં સારો પ્રેમ ભાવ ઉત્પન્ન થયો. મજકુર મહાત્માઓના ઉપદેશની ઐકયતા પણ સારા સદ્દભાવ



ઉપર રચાયલી હોવાથી તેનો પ્રભાત સદીઓ સુધી ટકી રહેલો જણાય છે.

શ્રીમંત ગાયકવાડ સરકારનું કુટુંબ સતગુરૂ નુરની દરગાહ તરફ હમેશાં મોટી જાનફિશાની સાથે ભકિતભાવ બતાવતું આવ્યું છે. એ ગાદીના આગલા રાજ્યકર્તાઓ તરફથી દરગાહના માન અર્થે પરવાના લખી આપવામાં આવેલા છે, જે પૈકી બે પરવાનાની અસલ બર નકલ આ પ્રમાણે છે:—

## શાહી મોહોર

શ્રીમંત સરકાર રાવશ્રી માનાજીરાવ સેના ખાસ ખેલ શમશેર બહાદુર કસ્બે નવસારીના પીરજાદા હાશમશાહ જત કસ્બે મજકુર મધે પીર પેઢીની તમારી વર્તી હમેશા હોય તે પ્રમાણે રાખજો. તમને કોઈની ગેરવાજબી હરકત થશે નહિ. સંવત ૧૮૪૬ના માગસર વદ ૩ ના દીને.

## શાહી મોહોર

શ્રીમંત રાવશ્રી શીઆજીરાવ ગાયકવાડ સેના ખાસ ખેલ શમશેર બહાદુર વિદ્યમાન રાજેશ્રી જીવાભાઈ દેશાઈભાઈ સરસુબા પ્રાંત સુરત અઠ્ઠાવીસી. વા. કસ્બે નવસારીના સૈયદ બાપુ સા. વલદે પ્યારામીયાં જત તમોએ સરકારમાં આવી જાહેર કર્યું જે અમારા પિતા **પ્યારામીયાં**થી દરગાહનું કામ ચાલતું નથી ને હમારા ધર્મવાલા સર્વે લોકો અમારા પિતા ઉપર રાજી નથી; તેથી અમારા આયપતમાં ખલલ થાય છે, તેથી સરકાર મહેરબાન થઈને તમને દરગાહની ગાદી ઉપર બેસાડયા છે, વાસ્તે તમે પોતાની ખાતર જમા રાખીને તમે તમારો વહીવટ ચાલતો આવ્યો હોય તે પ્રમાણે વંશપરંપરા ચલાવજો. એમાં કોઈ ગેરવ્યાજબી હિકત કરશે નહિં. સંવત ૧૮૮૭ના મહા સુદ ૨.

(मार्तंडमुद्र.)

નકલ

શ્રીમંત કૈલાસવાસી મહારાજા મલ્હારાવ ગાયકવાડની નવસારી પધરામણી થઈ તો તેઓ પણ પોતાના વડીલોની માફક દરગાહ શરીફની ઝયારતે પધાર્યા હતા, અને એવી ઈચ્છા પ્રદર્શિત કરી હતી કે તેઓ સાહેબ દરગાહના અંગે એક મોટી જાગીર ભેટ કરવા ધારે છે; પરંતુ તે વખતના સજ્જાદાનશીને હઝૂરશ્રીની તે ઈચ્છાના જવાબમાં વિનંતિ કરી કે સતગુરૂ નુરના વડાઓ અરબ અને અજમના તેમજ દીન અને દુન્યાના બાદશાહ હતા. તેમની પાસે માલ દોલતની કશી કમી ન હતી; છતાં ધર્મ પ્રચારની પવિત્ર ફરજ બજાવવા પીર સાહેબે બધા વૈભવો તજી દરવેશી અખત્યાર કરી, અને હિંદુસ્તાનમાં આવી પોતાના મિશનનું કામ કેવળ ખુદાના ઉપર આધાર રાખી ધપાવ્યું. તેમને જે કાંઇ જોઇતું તે આપોઆપ હરહમેશ ખુદાવંદે કરીમ તરફથી મળતું અને તે ઉપરજ સંતોષી રહેતા.

પીર સાહેબને મદીનાની સરકાર તરફથી જે રૂહાની (આત્મિક) દોલત મળી હતી તેના ઉપરજ તેમણે ખુદાનો પાડ માન્યો હતો. દુનિયાની દોલતની કદી ઈચ્છા બતાવી નથી. હજારો લોકો આપના જ્ઞાનની દોલતથી પોતાના અંતઃકરણો ભરી જતા હતા; પરંતુ આપની એ આત્મિક દોલત કદી કમી થવા પામી ન હતી, માટે આપ નામદાર જો એ ગાદીને જાગીર બક્ષો તો તેનું પરિણામ એ આવશે કે ગાદીએ આવનાર તેમના વંશજો મોજમજાહમાં પડી પોતાની પવિત્ર ફરજ બજાવવામાં ચુકી જશે. આગળ પણ મોગલ શહેનશાહતો તરફથી દરગાહના અંગે જાગીર અર્પણ કરવાની દરખાસ્ત મારા વડીલો તરફ આવેલી; છતાં ઉપરના કારણોસર તેમણે તેનો અસ્વિકાર કરેલો. સૈયદ બાપુમીયાં સાહેબનો આ ખુલાસો સાંભળી શ્રીમંત સરકારે સ્મિત-હાસ્ય કર્યું, અને બોલ્યા કે ગાયકવાડ સરકારના રાજ્યમાં તમારા જેવા ત્યાગવૃત્તિવાળા પવિત્ર દરવેશો હાલમાં



પણ વસે છે એ જોઈ હું ઘણો ખુશ થયો છું, અને ત્યાર પછી એક કિંમતી ઝરીનો ગલેફ દરગાહ ઉપર ભેટ કર્યો હતો, જે હજી પણ દર વર્ષે ઉર્સ શરીફ ઉપર બહાર કાઢી ઓઢાડવામાં આવે છે.

## રૂહાની ફૈઝ

આસમાની સુલતાનીના સબબે ખેતી બગડતી હોય અને જરા-અતમાં નુકસાન લાગવા સંભવ હોય ત્યારે ખેડુત વર્ગના લોકો દરગાહની માનત કરે છે, તેથી ખેતીને લગતું નુકશાન તરત બંધ થઈ જાય છે. આ સબબે સેંકડો ખેડુતો દર સાલ પાક લણી તેમાંથી અમુક ભાગ દરગાહમાં ચઢાવે છે, પછી પોતાના ઉપયોગમાં લે છે.

લોકોના જાનવરોમાં જો ખરાબ બિમારી ફેલાય, અગર ગાય ભેંસના દૂધ દહીંમાં નુકસાન પહોંચતું હોય ત્યારે પણ દરગાહની બાધા રાખે છે, તેથી તેમના ઢોરોમાં સુખાકારી ફેલાય છે.

દરીઆ માર્ગે વહાણ ફેરવનારાઓ પણ આપની બાધા રાખે છે. જો વહાણ ડુબી જવાની સ્થિતિમાં હોય અથવા બીજી કાંઇ નુકશાનીમાં હોય તો આપની યાદ કરતાં તરતજ તેને સહાય કરે છે. એવા સેંકડો બનાવો, દરરોજ શ્રદ્ધાળુઓ બાધા ચઢાવવા આવે છે તે ઉપરથી જાણવાના મળે છે.

## પાટણમાં પરાક્રમ

પીર સતગુરૂ નુરે ગુજરાતમાં આવી પોતાના ધાર્મિક મિશનનું પહેલવહેલું કામ પાટણમાં હાર પાડ્યું હતું. તે વખતે ગુજરાતનું પાટનગર પાટણ ગણાતું હતું. રાજા સિધ્ધરાજ જયસિંગ ગાદીએ બિરાજતો હતો. આપની આશ્ચર્યકારક શકિતનો પરચો જોઇ રાજાએ હરખભેર આવકાર આપ્યો. પીર સાહેબે મંદિરમાં પગ મૂકી જે ધ્રુજારો અને સનસનાટી ફેલાવી હતી, તેના પ્રભાવથી રાજા અને પ્રજાના મન પિગળી ગયા હતા. આવી રીતે લોક લાગણી સંપાદન કરી પીર સાહેબે પોતાના મિશનનો દિગવિજય કર્યો અને એ વાતો

આખા ગુજરાતમાં ફેલાઈ. પાટણમાં આપની પધરામણીના સબબે મુસ્લિમ ઈતિહાસકારોએ પોતાના ગ્રંથોમાં પાટણને પીરાનપાટણ તરીકે સંબોધીને લખ્યું છે. પાટણને લગતો આખો બનાવ સતપંથના પ્રાચીન જ્ઞાનશાસ્ત્રોમાંથી સાહિત્ય શોખીનો માટે હેઠળ આપીએ છીએ.

## મંદિરમાં ચૈતન્ય

આદ ગુર ભીરમાં નુર સતગુરૂ નામ
જંબુ દીપ માંહે ગુરે કીધો મુકામ ૧
સેહેતર દીપ દેલમ દેશ હો જાણુ
ત્યાં નુર સતગુરૂ આવ્યા હો આણુ ૨
દેલમ દેશથી પીરે કીયા હો આણુ
તે આવ્યા નગરી ભીલડી હો જાણુ ૩
ભીલડી નગરીથી તરત આવ્યા હો દેવ
તારે હિન્દુસ્તાન માંહે આવ્યા તતખેવ ૪
ખંડ ગુજરાત જાણે આણુ
માંહે પાટણુ નગરી ઉત્તમ જાણુ ૫
ત્યાં રાજ કરે જેસંગ હો રાય
ત્યાં પુન્ય પવિત્ર ધરમજ થાય ૬
સત ધર્મ તણી પ્રીત કરે અપાર
મહા ગુણવંતા આવ્યા દયાળ ૭
તારે રાજાએ દેરા ખોલાવ્યા દવાર
ઉભો રહે પુજારો તેણે ઠાર ૮
ત્યાં દેવકી પુજા પુજારોરે કરે
ત્યાં નુર સતગુરૂ આવી સંચરે ૯
તારે દેરા માંહે પીર બેઠા હો જાયે
ઈશ્વરની પીઠી ઉપર મેલ્યા હો પાયે ૧૦



તારે પુજારો આવ્યો તેણે રે ઠામ
જુએ તો દેરા માંહે પીરે કીધો મુકામ ૧૧
તારે મુસલમાની તીયાં દીઠો રૂપ
એવો ગુરે કીધો સરૂપ ૧૨
તારે ઉભો પુજારો ગુરકે પાસ
સુણો હો સાહેબ હમારી અરદાસ ૧૩
પુજારો કહે દેવની મુરત પર કેમ રાખ્યો પાયે
એ મુરત પૂજે છે જેસંગ રાય ૧૪
તારે નુર સતગુરૂ બોલ્યા વીખીયાત
સુણો પુજારા હમારી વાત ૧૫
જો એ દેવ તમારા હોવે સહી
તો તમ સાથે કાયકું બોલે નહીં ૧૬
તારે પુજારે પીર શું વાતજ કહી
એ પથરકી મુરત પીર બોલે નહીં ૧૭
પરબતના જે આણ્યા પખાણ
ઘડી પુતલાને માંડયા મંડાણ ૧૮
માણસે ઘડયા પૂતળા ને માંડયાં મંકાણ
તે કેમ પીર બોલે હો જાણ ૧૯
નુર સતગોરે પુજારે સું વાતજ કહી
કે હમારે હુકમસે એ બોલે સહી ૨૦
તારે નુર સતગુર વાચા ઓચરે
તે વારે નાચે પુતલાને નૃતજ કરે ૨૧
વાજીત્ર વાજે બહુ ચીત્રામણ તણા
વજાવા લાગ્યા પીરકે ફરમાન ઘણા ૨૨
વાજા વાગે પથર તણા તાલ
મડદંગ અતિ ઘણા ૨૩

વેણુ વાંસલી વાજે બહુ બુલંદ
તીયાં દેવલ માંહે બહુ હુઓ આનંદ ૨૪
તબ પુજારો લાગો પીર કે પાયે
પછી રાજા પાસે દોડીયો જાએ ૨૫
જઇ પુજારે રાજા શું ભેદજ કહયો
આજ દેવલ માંહે અચરત ભયો ૨૬
જુઓ મરદ એક આવ્યો તેણે ઠાંયે
તે દેવલ માંહે બેઠો હો રાયે ૨૭
મુસલમાની રૂપ કહયો નવજાય
તેને સર્વ દેવ લાગે છે પાય ૨૮
પથરકી મુરત નચાવે તતખણા
પથરના વાજા વાજે અતીરે ઘણા ૨૯
જે જે કાર દેવલ માંહે થાય
પથર કી મુરતી નાચે હો રાય ૩૦
એ વચન સુણી રાજાને હરખજ ભયો
જાનીયા જોગી કું બોલાવી લીયો ૩૧
જાનીઆ જોગી માંહે બહુ કરામત
તેથી રાજાએ તેને લીધોરે સાથ ૩૨
તારે રાજાએ પોતાના ગુરસું કહયો
આજ દેવલ માંહે અચરત ભયો ૩૩
એક અચરત વાત પુજારે કહી
તારે રાજા મન માંહે સમજ્યા સહી ૩૪
તારે સઘળી સભા સું રાજા ગયા
તે દેવલ માંહે જઇને ઉભા રહ્યા ૩૫
જ્યારે દેવળ માંહે આવ્યો રાયે
આવી પીરને લાગોરે પાયે ૩૬



રાજાએ મનમાંહે કર્યો વિચાર
એ છે ત્રીભોવનકો સમજણ હાર ૩૭
તારે રાજા ચાલી ગયો દેવલ માંહે
જઇ પીરને લાગોરે પાયે ૩૮
તારે રાજા કે મુસ્તક પીરે દીધોરે હાથ
તારે નુર સતગુર કહે છે વાત ૩૯
હારે સુણો રાજા તમારારે દેવ
પણ તમ સું કાંયે ન બોલેરે ભેવ ૪૦
તારે રાજાએ પીરસું વાતજ કહી
પથરકી મુરત પીર બોલેરે નહિં ૪૧
તારે પીરે વાત રાજા શું કહી
પણ હમારે હુકમસે એ બોલરે સહી ૪૨
એ ગણેસ મુરત પથરકી આયે
નુર સતગુરે બોલાવ્યો સતજ ભાયે ૪૩
જાવરે ગણેસ પાણી ભર લાયે
હાથ મુખ ધોવે સારી સભાય ૪૪
તારે ગણેસ ઉઠી ઉભોરે થાય
પીરને જઇને લાગોરે પાય ૪૫
ગણેસે લીધી છાગર લાગો પીરકે પાય
પછે તો પાણી ભરનેકુ જાય ૪૬
જે મોટો તલાવ હતો પાટણ માંહે
ભરપુર પાણી ભરાયોરે તાંહે ૪૭
તે તલાવ તણું પાણીરે જાણુ
તે સરવે છાગર માંહે ભર્યા પ્રમાણુ ૪૮
તારે ખાલી તલાવ હુવારે નીરાસ
તારે ગણેસ પાણી લાવ્યા પીરકે પાસ ૪૯

તારે હાથ મુખ પીર ધુએ રે જાણ
તારે ગણેસ પાણી નામે રે જાણ ૫૦
તારે નગર માંહે પડી રે પુકાર
તારે મગર મચ્છ તડફડે અપાર ૫૧
સરવે લોક ફરીયાદ લઇ રાજા પાસે ગયા
રાજા તલાવ સરવે ખાલીરે ભયા ૫૨
મગર મચ્છ તરફડે અપાર
પાણી કી નગર માંહે પડી રે પોકાર ૫૩
તારે નુર સતગુરે વાત મુરત સું કહી
થોડા પાણી તલાવ માહે નાખી આવો જઇ ૫૪
તારે ગણેસ કી મુરત પીરને લાગે પાયે
તે છાગર લઇને તલાવે જાય ૫૫
તારે લઇ છાગર નામી આય
તારે તલાવ પાણી ભરાણો જાય ૫૬
તબ ત્યાં જાનીયા જોગી શું કરે
દંડ આણીને સભા માહે ધરે ૫૭
તારે ઉડાવીઓ દંડ ગયો આકાશ
તબ જોગીએ વચન કહયો પ્રકાશ ૫૮
એ દંડ તમો મંગાવો આણ
તો તમે પીર મોટારે જાણ ૫૯
તારે નુરે સતગોરે રાખીરે ધીર
પગની મોજડી કું ફરમાવીઓ પીર ૬૦
તબ ચાલી મોજડી આકાશ ખંડ
મારતાં મારતાં ઉતાર્યો જોગી કો દંડ ૬૧
તારે સરવ લોક પીરને પાયે પડયા
મારતાં ઉતાર્યો દંડ સભાએ દેખ્યા ૬૨



ત્યાં ચેલા મલ્યા સમસુત
તેમાં એક જોગણી માહા અબધુત ૬૩
તે સાંપ લઇને મુખ માંહે ધરે
તે પેટ માંહે થઇને પૂછડે નીસરે ૬૪
તે સાંપ પૂછડેથી પેસેરે જાણ
તે મૂખની વાટે નીસરે નીરવાણ ૬૫
એસી કરામત જોગણી કરે
તબ નુર સતગુર વાચા ઓચરે ૬૬
તું વાત સુણરે સાંપ હમતણી
હમતો હય સૃષ્ટીકો ધણી ૬૭
તું ઇસ બાઇકે પેટ માંહે રહે
એવા વચન નુરે સતગોર ઓચરે ૬૮
સુણરે સાંપ તું ન કરે કાણ
અબ નીસરે બહાર તો અમારી છે આણ ૬૯
જો તું વાચા ઉથાપે મોએ
તો લઇ ફીરસ્તાને ફરમાવું તોએ ૭૦
જો તું વચન ન માને મોએ
તો દોજખ માંહે નંખાવું તોએ ૭૧
તારે તે સરપ જોગણી કે પેટ માંહે રહયો
તારે જોગણી કો પ્રાણ આકુળ વ્યાકુળ થયો ૭૨
તારે ધરતી ઉપર જોગણી તરફડે
પણ પેટમાંથી સરપ બાર ન નીસરે ૭૩
તારે રાજા પીર સું બોલ્યા ધીર
દયાવંત થાઓ તમે હો પીર ૭૪
ખલક તમારી સરવે વરો
પીર હવે તમે કીરપા કરો ૭૫

તારે નુર સતગુર વાચા ઓચરે
તારે પેટથાંથી સરપ બહાર નીસરે ૭૬
ત્યાં જોગી જતી બહુ મલીઆ
અને કાંનની મુદ્રા આપે ધરીઆ ૭૭
તે. સરવે મુંદ્રા એકઠી કરી
પાંચ મણ પાકા તોલે ચઢી ૭૮
તારે જાનીયા જોગી પીરને પાયે પડે
બેઉ હાથ જોડીને વિનંતી કરે ૭૯
હવે પીર તમે. કરો કરમ
ને હમકો તમે દીઓ ધરમ ૮૦
તારે નુર સતગુર વાચા વોચરે
માંગે ભીખ તે કેમ ઓધરે ૮૧
જે દાણા પાણી પારકા ખાય
તેને ધરમ ન સુજે હો રાય ૮૨
ત્યાં રાજા રાણીએ લીધા ધરમ
અને છુટા પાપ જુગા જુગના કરમ ૮૩
ત્યાં સીધરાય જેસંગ ધરાયો નામ
તે પ્રગટ ભયો તેણે ઠામ ૮૪
જો રાજા કરો ઉત્તમ સેવા
તો તરૂડે ત્રણ ભવનકો દેવ ૮૫
તારે કુલ લોક તમારા જાણુ
તીનકુ ધરમ દીયો નીરમાણુ ૮૬
લોક રઇયત જોગી કરે ધીર
તીનકુ તમ ધરમ દીયો હો પીર ૮૭

(શ્રી નકલંક શાસ્ત્ર ભાગ ૧ લો)



પીર સતગુરૂ નુર પાટણમાં પરાક્રમો કરી છેવટે ધારા નગરીના જંગલમાં આવી બીરાજ્યા. જેને લગતું રસિક વર્ણન, પીર હસન કબીરૂદીન સાહેબે એક જ્ઞાનમાં આપ્યું છે, તે જાણવા જોગ હોવાથી હેઠળ ઉતારી લેવામાં આવે છે.

મજકુર વર્ણન આજથી પાંચ સૈકા પૂર્વે પીર કબીરૂદીન સાહેબે લખ્યું છે. એટલું જુનું લખાણ પીર સાહેબના તવારીખી સીલસીલાના પતા માટે બીજેથી મળે એમ નથી.

**જંગલમાં મંગળ**

**જ્ઞાન**
(રાગ ધોળ)

એજી રમતા રમતા પરભુ પાટણે આવીઆ
પરાક્રમ કીધાં પીરે રે, પરીબ્રહ્મ વરને પુજોજી ૧
એજી ધર્મ આલીને પરભુ પોતે પધાર્યા
ધારા નગરીમાં ધ્યાન ધરીઆરે પરી ૨
એજી રાણી પાલણ દેનું વ્રત છે મોટું
હરણ હાથે રાંધી ચાખેરે, પરી ૩
એજી પછમ દેશથી પરભુ પોતે પધાર્યા
આવીઆ છે વન મીજારરે[1] પરી ૪
એજી વનમાં જઈ પરભુએ રમતજ માંડી
વાઘ હરણ વેગે આવેઆરે, પરી ૫
એજી શિકારી શોધે હરણ હાથ ન આવે
કારણ સરખુ દીસેરે પરી ૬
એજી . માનોરે મનમાં વાત વિચારી
એ પુરા તે કેમ પડશું રે, પરી ૭
એજી નુર સતગુર પારાથી બોલાવીઓ
કામે તે શું કાજે આવીઆરે પરી ૮

૧ મોજાર–વન–માં.

એજી રાણી પાલણ દેનું વ્રત છે મોટું
શેર શિકાર મને જોઈએ પરી ૯
એજી નૂર સતગુરે સહુને સમજાવીઆ
શેર શિકાર એને આલોરે પરી ૧૦
એજી સાહેબની સાંજાતો સહુને આવી છે
માંસલીઓને મોરારી રે પરી ૧૧
એજી જાંગ કાપીને માંસ આલીયો ઉમેદે
સાહેબજીના રસમાં ભીનારે પરી ૧૨
એજી માંસ લઇને મોનો સધાવીઓ
આવીઓ તે કાનગઢની પરોળરે પરી ૧૩
એજી પરોળે આવીને પુકાર કીધા
માંસ લીઓ મારી બાઇ રે પરી ૧૪
એજી રાણી પાલણ દે દાસીને તેડાવીઆ
માંસ લઈ આવો દાસીરે પરી ૧૫
એજી રાણીએ રાંધીને હાથે સું ચાખીઆ
ચાખતાં નવ નીંદ પાયારે પરી ૧૬
એજી પુત્રી પીતાજીને કહે પુકારી
એ પુરૂષ આવીઓ પરણાવો રે પરી ૧૭
એજી નવશા આવીઆ છે હુ નારી છુંઉ તેની
પીતાજી અમને પરણાવો રે પરી ૧૮
એજી સુરચંદ રાયજીએ વરતીઆ પુછીઆ
એ ભૂપત કોન દેશનો બાળરે પરી ૧૯
એજી નાત જાત દાદા શાને પૂછો છો?
એ મલેચ્છ રૂપે મોરારી રે પરી ૨૦
એજી સુરચંદ રાયજીએ વરતરીઆ પૂછીઆ
ખત્રી કૂળ મને જોઇએ રે પરી ૨૧



એજી રામ કૃષ્ણ આગે કેવું કીધું છે?
તેવી પેરે મને જોઇએ રે પરી ૨૨
એજી સુરચંદ શાહે મનડો મનાવીઓ
કુદરતી જાન પેદા કીધારે પરી ૨૩
એજી કુદરતી દેરાને કુદરતી શેરા
કુદરતી જુલે નીશાન રે પરી ૨૪
એજી પાંચેસું ૧ પેલાજ સાતે ૨ હરીચંદ્ર
નવેસું ૩ પાંડવ પહેલવાનરે પરી ૨૫
એજી અનંત કરોડી શાહના સૈન્યજ મળીઆં
બારે ખુદાવંદ પાયારે પરી ૨૬
એજી અનેક જોવાજ મલીઆ
વરતીઆ જે જે કાર રે પરી ૨૭
એજી કંકોતરી કાગળ કુદરતી લખ્યા
જાન તે આવે જાને રે પરી ૨૮
એજી થાળ ભરીને ચાલો ઉમેદે
વેગે તે થારમ લાવોરે પરી ૨૯
એજી ગામોત્રી ગાજે ગણેશ વધાવે,
પાંચસો પાટણ આવી મળીઆરે પરી ૩૦
એજી મામેરું મામો મોરબી લઇ આવીઓ
નવસારી નગરી માહે આવીઆરે પરી ૩૧
એજી ઘડી ભરી લાવે ગુણવંતી નારી
ચોરી ચીત્રાવો તે પાસે રે પરી ૩૨
એજી ગુજરાત ખંડના ગુજર મલીઆ
ચોરી બંધાવો તે પાસરે પરી ૩૩
એજી એવારે વિવાહમાં વરત છે ભારી
શ્રીફળ બાંધ્યાં તોરણે રે પરી ૩૪

એજી ઢોલ ધંધામાં અતિ ઘણા વાજે
    માંહે તે સુરતનીઉં સરણાઈયું રે પરી ૩૫
એજી અનસીયા કુંતાજી માતા દ્રોપદી આવીઆ
    ચોથી રહી ચંદ ધર નાર રે પરી ૩૬
એજી તુર સતગુરૂ નવશા થીઆ છે
    ગણુદેવી ઉલટીને આવી રે પરી ૩૭
એજી ગણુદેવી આવીને દીવાજ બારીઆ
    નવસારી નામ ભણાવીઆ રે પરી ૩૮
એજી અત્રીભોવર શામી તોરણે આવીઆ
    સરસ્વતી સામેયું લઇ આવીઆરે પરી ૩૯
એજી . અંતર જામી અનવર થઇ ઉભા
    સાસુજી પોંખવાને આવેરે પરી ૪૦
એજી માએરે આવી વસાવ વનમાલી
    અંતરપટ આડા કીધાંરે પરી ૪૧
એજી ચાંદો સુરજ શાહજીને શોભતાં
    તેજ તણો નહિ પારરે પરી ૪૨
એજી પરણી કરી પરભુ પાટેજ બેઠા
    વરતીયાં મંગળ ચાર રે પરી ૪૩
એજી ઢોલ ધંધામાં તીઆં અતી ઘણા વાજે
    સતીઉ ત્યાં મંગળ ગાય રે પરી ૪૪
એજી વર કન્યાને પુરા પરણાવીઆ
    કુદરતી જમીઆ કંસાર રે પરી ૪૫
એજી મંડળ વાજે ત્રણ ભવન ગાજે
    ભીરમાજી + ભણે વેદ ચાર રે પરી ૪૬

+ બ્રહ્માજી.



એજી પેલી પોરી પરણીયાની વેળા
    પાન સોપારી પેલાં દેશેરે પરી ૪૭
સુરચંદનો હરખીઓ બહુ મન
    હરખીઓ તે હૈડાં માંહે રે પરી ૪૮
એજી નીમદ ખેતરમાં નીપની નારી
    તે કુટુંબ તારણ હારી રે પરી ૪૯
એજી સુરચંદની કન્યા શાલાની સખતી નારી
    ધન ધન તેનો અવતાર રે પરી ૫૦
એજી નવસારી નગરી માંહે તુરે સતગુરૂ
    ભકતોના તારણહાર રે પરી ૫૧
એજી અવદ પુરે ને અંતરજામી આવીઆ
    સખ્તીના સારીઆ કાજ રે પરી ૫૨
એજી મોટારે મોટા મુનીજન મલીઆ
    કલપો કલપના દેવ રે પરી ૫૩
એજી સીતેર સો સો હુસેની મેલે આ
    આલ અલીનો પરવાર રે પરી ૫૪
એજી એની આલે જે કોઇ ઈમાન નહીં લાવે
    તે પડશે અભીયા દોઝખ માંહે રે પરી ૫૫
એજી એણે આલે જે સીદક ઇમાન લાવે
    તે શુદ્ધ બુધ્ધિનો દાતાર રે પરી ૫૬
એજી તન મન લાવીને સુરજીને આપો
    ગીનાને ચાલો ગંભીર રે પરી ૫૭
એજી એ ધોળ બોલીઆ પીર હસન કબીરદીન
    સેસ્ટના × સીરજણ હાર રે પરી ૫૮

(ખોજા સર્વ સંગ્રહ ભાગ ૧)

× શ્રેષ્ટ.

## આતશની બુલંદી

પીર સતગુરૂ નુરે બનતા સુધી દરેક ધર્મમાંથી સારા તત્વ લીધેલા છે, અને લોકોના હિત માટે તેને જાહેરમાં મૂકયા છે. ઘીનો અખંડ દિવો બાળવો એ તત્વ તેમણે પસંદ કરી વેદોમાંથી લીધો છે; કારણ કે ઘી બાળવાથી હવાની શુદ્ધિ થાય છે, તેથી દરગાહ શરીફમાં હમેશાં ઘીનો દિવો બળે છે.

આતશ પ્રદિપ્ત કરી અખંડ લોબાન સુખડ વગેરે સુગંધીકારક પદાર્થો બાળવા જરથોસ્તી ધર્મમાંથી તેની માહિતી લીધેલી જણાય છે; કેમકે અગ્નિની પવિત્રતા માટે પીર સતગુરૂ નુરે સો ક્રિયાઓ પૈકી તાણું (૯૩) મી ક્રિયામાં નીચે મુજબ ફરમાન કરેલું છે.

"અગ્નિને પાણી ન છાટવું જાણું." (૯૩)

## વલી લોકો હયાત હોય છે

ઓલીયા, અંબીયા અને વલી લોકો કુદરતના કાયદા મુજબ વખત પૂરો થતાં દુનિયાથી પરદે થાય છે; પરંતુ તેમનો આત્મા હમેશાં લોકોને પોતાની હયાતી માફક ફાયદો પહોંચાડતો રહે છે, એમ ઈસ્લામના બારીક તત્વ તપાસતાં જણાય છે; કેમકે ખુદાના વહાલા બંદાઓ પોતાની હયાતીમાં જે લોક કલ્યાણનું કામ કરતા હતા, અને તે માટે કુદરત તેમને હમેશાં સહાય આપતી હતી, તે તેમના પરદે થયા પછી પણ હયાતી કરતાં ચોગણી સહાયતા આપે છે; કેમકે તેમનો અંતરઆત્મા કુદરતના સમાગમમાં હમેશાં વધુને વધુ આવતો જાય છે; તેથી વલી લોકોની તુરબતથી હમેશાં કરામતો જાહેર થતી રહે છે, અને ફૈઝનો ઝરો વહી લોકોના નિરંતર દુઃખ, દરદો દફે કરે છે, એમ આપણે ઘણીવાર જોઈએ છીએ.

કુરાનેપાકમાં એવા લોકોના માટે ફરમાવ્યું છે કેઃ—

**"અલા ઇન્ના ઔલીયા અલ્લાહે લા ખૌફુન અલયહિમ વલાહુમ યહ ઝનુન."**



ભાવાર્થઃ—ઔલીયા અલ્લાહ તે લોકો છે કે જેમને જેવાથી ખુદાનું સ્મરણ થાય છે. કયામતના દિવસે જ્યારે બીજા લોકોને ડર પેદા થશે ત્યારે આ લોકો તદ્દન ડર વગરના અને ઘણા ખુશખુશાલ હશે, અને ખુદાવંદે કરીમ તેમની ઈઝ્ઝત કરશે.

**(તફસીરે કુરઆન)**

## સાધુનો મઠ

નવસારીમાં લુણસીકુઇની હવા પ્રથમથી સારી હોવાનું જણાય છે; કેમકે પીર સતગુરૂ નુર સાહેબ જોડે જે સાધુને મતભેદ પડયો હતો, તે ચોગી પણ એ જગા પસંદ કરી રહેતો હતો, અને કથા પ્રમાણે તેનું આસન × ભૂમિથી અદ્ધર રહેતું હતું. વળી નવસારીના બીજા જાણીતા પીરો પણ પાછળથી એજ જગાને પસંદ કરીને રહ્યા હતા; જેથી એ જગાનું મહાત્મય અને પવિત્રતા ઘણી વધી હતી.

તવારીખ નવેસો લખે છે, કે હાલ જે જગાએ દરગાહ શરીફ છે તે જગાએ પ્રથમ એક સાધુનો મઠ હતો. આ મહંત ચોગાભ્યાસી હતો, અને તેની સાથે ઘણા ચેલાઓ રહી હમેશાં પરમાત્માનું ચિંતન કરતા. વળી તે ચોગાભ્યાસમાં નિષ્ણાત હોવાથી તેના ઉપર શ્રદ્ધા રાખનારા ઘણા ભકતજન તેના ઉપદેશ અને દર્શનનો લાભ લેવાને નિત્ય આવતા જતા હતા. આ તળાવ ઉપર ઉંચી ટેકરીને રમણિક જગા તેને બહુ ગમતી હતી, પણ તે તેને આખર સુધી ધારી નહીં. તેના જીવનકાળ દરમ્યાન હિજરી સનના ચોથા સૈકામાં પીર સતગુરૂ નુર ત્યાં આવીને કહેવા લાગ્યા, કે આ જગા મને ઘણી પસંદ છે અને તે મારે જોઈએ છે. હું આ જગાએ મારી આરામગાહ કરવા ધારૂં છું અને એજ પ્રમાણે કરવાને મને મારા માલિક તરફથી હુકમ થયો છે.

× એટકની જગ્યા.

સાધુ—તમારૂં કહેવું હું શી રીતે માની શકું. તમારી શકિત મને બતાવો એટલે હું તમારા શબ્દો ઉપર જરા પણ યકીન રાખું.

સૈયદ સાહેબ—ભાઇ હું જે કહું છું તે તદ્દન ખરૂં છે. તમે રોજ આ તળાવનું પાણી પીતા હશો, પણ આજે હમણા પી જુઓ. ખુદાએ તે શરબત જેવું ગળ્યું બનાવી દીધું છે. તે મહંતના એક ચેલાએ તેનો બદલાઈ ગએલો રંગ જોઇને પાણી પી જોયું તો તે ખરેજ ગળ્યું લાગ્યું.

સાધુ—આ ઉપરથી તમો પણ અલ્લાહના એક વહાલા છો. એમ નિશ્ચય થાય છે, પણ એમાં કાંઇ આશ્ચર્ય જેવું નથી.

સૈયદ સાહેબ—જો આશ્ચર્ય જેવું નથી તો તમો પેલા દુધીયા તળાવ ઉપર કાંઇ ચમત્કાર કરી બતાવો.

સાધુ—ચમત્કાર બતાવવો એમાં કાંઇ અર્થ નથી. એમ કરવાથી અમારી સત્ય કમાઈ કમી થઈ જાય છે.

સૈયદ સાહેબ—એથી એમ જણાય છે કે તમારામાં કાંઈ આત્મબળ નથી, માટે તમારે આ જગા તરત અમને સ્વાધીન કરી દેવી જોઈએ.

સાધુ—એ જગા જે કામ માટે વાપરૂં છું તેજ કામ માટે તમો વાપરવા માગો છો તો હું ખુશીથી આપીશ; પરંતુ તેની મને વિશેષ ખાત્રી થવી જોઇએ, માટે આ તળાવના પાણીમાં મારે અને તમારે ડુબકી મારવી. ત્રણ દિવસ પછી જે સજીવન બહાર આવે તેની માલિકીની એ જગા ગણાશે.

પીર સતગુરૂ નુરે સાધુનું એ ચેલેંજ ખુશીથી ઝીલી લીધું, અને મઠના અધિકારીએ પણ પોતાની તકરારનો ફેસલો કુદરતના હાથમાં સોંપ્યો, અને બન્ને સાહેબોએ તળાવમાં ડુબકી મારી. ત્રણ દિવસ પછી શુક્રવારની પ્રભાતે પીર સતગુરૂ નુર સાહેબ ઇશ્વરેચ્છાએ સજીવન બહાર આવ્યા અને નમાઝ માટે અઝાન પોકારી રાત્રિની



મીઠી નિદ્રામાં પોઢેલાઓને જાગૃત કર્યા, અને સાધુનું શબ પણ તળાવમાં તળી નીકળેલું માલુમ પડયું, એટલે મહંતના ચેલાઓ અને તેને માનનારા સર્વે લોકો પીર સાહેબના હાથ ઉપર બોધ લઈ તેમના સતપંથ મિશનમાં દાખલ થયા, અને સાધુના મઠને લગતી સર્વે જગ્યા આપના તાબામાં આવી. પીર સતગુરૂ નુર સાહેબના સદાચાર, પરહેઝગારી અને ભકિતને લગતી ઘણી વાતો લોકોમાં પ્રચલિત થએલી છે. તેમણે પોતાની આયુષ્યનો મોટો ભાગ હંમેશાં ઉપવાસમાં ગુજાર્યો છે. કલામેપાકની તિલાવત એવી કરતા કે સાંભ-ળવાને પશુ પક્ષી પણ આવીને થોભી જતા. પક્ષીઓ પોતાની પાંખો વડે માથા ઉપર છાંયડો કરતા, અને પશુઓ આપને ચોગરદમથી ઘેરી લેતા. જો નદી કે દરીઆ કિનારે બેસી ભણતા તો પાણીની ગતિ પણ સ્થિર થઈ જતી. ઇશ્વરભકિતના સબબે હમેશાં જવનો રોટલો અને તાંદલીયાની ભાજીનો આહાર કરતા. ઇશ્વરચિંતન અને ઝીકરમાં આખી આખી રાત પસાર કરતા. વરસમાં છ માસ ધર્મ પ્રચારનું કામ કરતા, અને છ માસ ખુદાની યાદબુદમાં મશગુલ રહેતા. મુરાકિબાના ટાઇમમાં આપનું શરીર મુડદાની માફક પથારી ઉપર પડી રહેતું, અનેરૂ બહાર જતી.

અથડામણ

રાજા સુરચંદે પાલણદેવીને આપની સાથે પરણાવી, તે વખતે ગંગા નામની દાસી અને ચંચ નામનો ચાકર સાથે આપ્યા હતા. એક દિવસે ચંચે પાલણદેને સમજાવ્યા કે પીર સાહેબ સમાધીમાંથી જાગૃત ન થાય તો આપણી શી ગતી થાય, માટે આપે એ વિષે પીર સાહેબને પૂછવું જોઈએ. પાલણદેવીએ તેમ કર્યું. પીર સતગુરૂ નુરે જણાવ્યું કે મારા શરીર ઉપર હમેશાં માખ બેસતી નથી. જે દિવસ હું દુનિયાથી વિસાલ × ફરમાવીશ, તે દિવસે મારા શબ

× અવસાન.

ઉપર માખ બેસશે એટલે સમજવું કે મારા શરીરમાં ચૈતન્ય નથી. આ વાત પાલણદેવીએ ચંચને કહી. ચંચે એ એંધાણી ધ્યાનમાં રાખી મૂકી અને કેટલાએક વર્ષ પસાર થયા પછી એક દિવસ ગોળનું પાણી બનાવી આપના સમાધિષ્ટ શરીર ઉપર છાંટયું. મીઠાસ પડવાના સબબે ઉપર માંખો ઉડવા લાગી, એટલે આપના દેહાંતની વાત જાહેર કરી અને લોકોને કફન દફનની તૈયારી કરવા સમજાવ્યા. એ બીના જોઈ આપના પાળેલા પોપટ અને મેનાએ પાંજરામાંથી પોકાર કર્યો, કે કુડ છે, કુડ છે; પરંતુ એ ભાગ્યહિન પક્ષીઓની કાકલુદીભરી ફરીયાદ ઉપર કોઇએ લક્ષ આપ્યું નહીં, છેવટે એ બંને પક્ષીઓ પોકાર કરતાં મરણ પામ્યાં. જેમની કબરો આપની દરગાહમાં હજી મોજુદ છે.

પીર સતગુરૂ નુર સાહેબે વિચાર્યું કે આ અજ્ઞાન સમૂહ મારા શબને દફનાવી દેશે તો ચૈતન્ય થવા મુશ્કેલી ઉભી થશે, એટલે પોતે મુરાકિબામાંથી જાગ્રત થઈ ઉઠયા. ચંચનું ત્યાં બધું પોકળ ખુલ્લું થઇ ગયું, તેથી તે નાસી અત્યંજોના અંદર ભળ્યો અને મેઘવાડાના ગુરૂ તરીકે મનાવા લાગ્યો,

પાલણદેવીને પણ આ બનાવથી કેટલુંક ખમવું પડયું. આપે પાલણદેવીને પોતાની પાસે નહીં રહેવાનો હુકમ કર્યો. આથી તેણીએ ઘણો આગ્રહ કરીને માફી સ્વિકારવાની અને દરીઆના કાંઠે જઈ રહેવાની માંગણી કરી. આ ઉપરથી તેણીને એમણે બાકીની જીંદગી ખુદાપરસ્તીમાં ગાળવાની શરતે રજા આપી અને દુઆ ગુજારી રવાના કરી. અહીં તે ઈશ્વરભકિતમાં લાંબી મુદ્દત વ્યતિત કરી મરણ પામ્યા. એ જગ્યા હાલમાં **દાંડી**, 'માઈ સા'બ' અથવા અંજાણીબીબીના નામે ઓળખાય છે, અને એ સ્થળ દાઉદી વોહરાભાઈઓનું જાત્રાનું ધામ થઈ પડયું છે. એ બીબીને ત્યાંજ દફનાવવામાં આવ્યા છે, અને કબર ઉપર દરગાહ બાંધવામાં આવી છે. એ જગ્યાએ દાઉદી વોહરા કોમ તરફથી ઝયારતની ખાસ જગ્યા ગણાયલી હોવાથી, ત્યાં હજારો



રૂપીઆ ખરચી મુસાફરખાનું અને મસ્જિદ બાંધવામાં આવી છે. દરેક જાત્રાળુને લંગરખાનાથી ખાવાનું મળે છે, અને નામદાર વડા મુલ્લાંજીના તાબાની સંસ્થા ગણાય છે. દરગાહ દરિયાના કાંઠે એક ઉંચા બેટ ઉપર આવેલી છે.

**હજ અને વફાત**

આપે મક્કા શરીફ હજ કરવા જવા દ્રઢ નિશ્ચય કર્યો, સતપંથ મિશનના તમામ લોકોને એકઠા કરી આપે છેલ્લી વસીયત કરી. એમાં ફરમાવ્યું કે, મારૂં કામ હિંદમાં સંપૂર્ણ થયું છે. જે હેતુથી પયગમ્બર સાહેબે મોકલ્યો હતો, તેમાં ફતેહ મળી છે. મારે વતન તરફ સફર કરવા ઇરાદો છે. હજની ક્રિયા ખતમ થતાં હું ત્યાં વફાત પામીશ પરંતુ મારૂ શરીર તમો મારા રૂહાની ફરજંદ હોવાથી અહીં આવશે. જલાલપુરની પૂર્ણા નદીમાં જ્યારે મારી લાશ આવશે, ત્યારે હું તમને આગાહી કરીશ. તમો મને ત્યાંથી લાવી દફનાવજો. ત્યાર પછી આપે હિંદથી સફર કરી. આપના જણાવ્યા મુજબ જલાલપુરની નદીમાં એક શબની પેટી તરતી જણાઇને તે બદલનું સ્વપ્નું આપની ઔલાદને થવાથી તે પેટી લેવાને ગયા. બીજી તરફથી આજુ બાજુના લોકો પેટીમાં મતા છે એમ સમજી પેટી લેવા પ્રયાસ કરવા લાગ્યા, ત્યારે લોકો પેટી પાસે જઈ પકડતાં ત્યારે તે પાણીની સપાટી હેઠળ ગેબ થઇ જતી. આવી રીતે પેટી લોકોના હાથ નહીં આવવાથી પૂર્ણા નદીના કાંઠે હજારો લોકોની મેદની આ બનાવ નિહાળવા એકઠી મળી. છેવટે આપની ઔલાદના લોકો અને મુરીદો પૂર્ણાને કાંઠે પેટી લેવાને જઇ ઉભા એટલે તરતજ પેટી પાણીની સપાટી ઉપર આવી તરતી તરતી કાંઠે લાગી. પેટી ખોલી જોતાં પીર સતગુરૂ નુર મીઠી નિદ્રામાં પોઢેલા જણાયા. આપને લાવી વસીયત મુજબ દરગાહની જગાએ દફનાવવામાં આવ્યા.

આપના મરણ દિવસ માટે અરબી શબ્દ **લાયમુત** વપરાયો છે. જેમાં આવેલા અક્ષરોની સંખ્યા અબજદના કાયદા પ્રમાણે

એકઠી કરતાં હિજરી સને ૪૮૭ નિકળે છે.હિજરી સન ૪૭૦ માં પાટણ આવ્યા. અને ૪૮૭ માં વિસાલ પામ્યા એટલે આપે દાવતનું કામ લગભગ સતર (૧૭) વરસ કર્યું.

**વફાતની તારીખ**

| અક્ષરો | સંખ્યા | |
|---|---|---|
| લામ | ૩૦ | |
| અલેફ | ૧ | |
| યે | ૧૦ | |
| મીમ | ૪૦ | |
| વાવ | ૬ | |
| તે | ૪૦૦ | |
| લાયમુત | ૪૮૭ | ( હિજરી સન ) |

ઘણાજ થોડા એવા બુઝુર્ગો હશે કે તેમની ફરતે ચાર મખ-દૂમોની ચોકી હોય. પીર સતગુરૂ નુરની દરગાહને ફરતે ચાર જાણીતા મખદુમ દુર્વેશો લેટેલા છે. દક્ષિણે મખદુમ સૈયદ મુનકતહ શાહ (કદ), પશ્ચિમે મખદુમ ઝહીરૂદ્દીન શાહ (કદ.), પૂર્વે મખદુમ નસીરૂદ્દીન શાહ (કદ), અને ઉત્તરે મખદુમ ખિદરશાહની (કદ)ની પવિત્ર ઝયારતગાહો આવેલી છે.

દરગાહની ઉત્તરે લંગરપુરા નામનો મોહોલ્લો છે. સદરહુ જગ્યાએ આપનું લંગરખાનું (સદાવ્રત) ચાલતું હતું અને દરરોજ સંખ્યાબંધ ફકીર ફુકરાઓ તેનો લાભ ઉઠાવતા રહ્યા હતા.

ગુજરાત અને દક્ષિણની હદના સ્મારક (યાદગારી) રૂપે પીર સતગુરૂ નુરની દરગાહ છે. પ્રાચીન વખતમાં દક્ષિણ અને ગુજરાતની હદોનું અહીં જોડાણ થએલું હોવાથી અત્યારે પણ તેનું ગૌરવ પ્રદર્શિત થાય છે.



સતપંથ મિશનમાં ફ્રિમેશન પંથની માફક કેટલાએક ગુપ્ત શબ્દો પણ હસ્તી ધરાવે છે. કોઇ માણસ સતપંથીને એમ કહે કે, હું સતપંથી છું. મને તમારા મંડળમાં શામિલ કરો. તેની ખાત્રી કરવા સારૂ તેને પેલો માણસ "હેજિન્દા" કરીને કહે છે, તેના જવાબમાં જો સામે વાળો "કાયમ પાયા" કહે તો તેને તરતજ મંડળમાં દાખલ કરે છે. હાથ મેળવવામાં પણ એક એવો ગુપ્ત ઇશારો મુકેલો છે, તે એવો છે કે પહેલા કલમાની આંગળીને પકડી પછી રીતસર હાથ આપવો એટલે એક પરમાત્મા સિવાય બીજો પરસ્તીશ લાયક નથી એવું તે સુચન કરે છે.

**સામાન્ય હકીકત**

સતપંથની તાલિમ જાણ્યા પછી મેરાજપંથ અને પ્રણામી પંથના પ્રચારકોએ પોતાનું ધાર્મિક સાહિત્ય યોજ્યું જણાય છે. આ બન્ને પંથનું સાહિત્ય સતપંથના સાહિત્યને ઘણે ભાગે મળતું જુળતું માલમ પડે છે, માટે સતપંથ મિશનમાંથીજ એ પ્રચારકો નીકળેલા હોવા જોઈએ મહાત્મા કબીર પણ એક મુસલમાનના પુત્ર હતા. બાબા નાનકના ઉપદેશની કળા પણ સતપંથ પ્રચાર માફકજ હતી. જેમને લગતી હકીકત આગળ લખવામાં આવી છે. પીર સતગુરૂ નુર સાહેબના સાથે એક મેના અને એક પોપટ એવા બે પક્ષીઓ હતા. તેમની કબરો દરગાહમાં પૂર્વ અને પશ્ચિમ ખુણામાં આવેલી છે. ચંચના દગા પછી તેની આગાહી કરતાં ઉક્ત પક્ષીઓ તરતજ સ્વધામે પહોંચ્યા હતા.

આપની વફાતનો દિવસ રમઝાન માસની તા. ૨૬ મી છે. એ પ્રભાવશાળી રાતે સંદલ ચઢાવવામાં આવે છે, દેશ પ્રદેશથી હજારો સતપંથીઓ એ ક્રિયામાં ભાગ લેવા માટે આવે છે.

પીર સતગુરૂ નુરનો ઉરસ સવ્વાલ માસની તા. ૬ઠ્ઠી એ ભરાય છે. તે પ્રસંગે હઝરતના મુરીદો સિવાય બીજા હજારો લોકો આવે

છે. સાંજના પાંચ કલાકે સરકાર સ્વારી પધારે છે. શ્રીમંત કૈલાસવાસી ખંડેરાવ મહારાજા સાહેબે અર્પણ કરેલો ગિલાફ ચઢાવવાની ક્રિયા મે. રા. રા. નવસારી પ્રાંત સુબા સાહેબના હાથે થાય છે. ત્યાર પછી ફુલ પાનની મજલીસ ભરાય છે. રાત્રે કવ્વાલી થાય છે.

મરહુમ સજ્જાદાનશીન સૈયદઅલીકબીરના વખતમાં આઠીયા જમાતની ગાદીવાળા શાહજી સવાઈ સુરત પરગણાની જમાતમાં ફરવાને આવ્યા હતા. તે ઉપરથી સૈયદ અલીકબીરે વાંધો ઉઠાવ્યો. તેનો ફેંસલો શ્રીમંત ગાયકવાડ તરફથી એવો થયો કે શાહજી સવાઇ પીર સતગુરૂ નુરની ઔલાદમાં નથી પણ દત્તક લીધેલા છે, તેથી તેઓ આ તરફ ફરવા આવે તો રૂપીયા પચીસ હજાર લેવા, એવો મુચલકો તેમની પાસે હિજરી સન ૧૧૯૯માં લખાવી લેવામાં આવ્યો.

ઈ. સ. ૧૮૨૨માં આગા હસનઅલીશાહ, પીર સતગુરૂ નુરની દરગાહનો કબજો લેવા મુંબઈથી ખોજાઓની મોટી જમાત સાથે આવ્યા હતા; પરંતુ દરગાહના સજ્જાદાનશીન સૈયદ બાપુમીયાં સાહેબે વડોદરે જઈ શ્રીમંત ખંડેરાવ મહારાજા સાહેબ પાસે તે સામે વાંધો નોંધાવ્યો હતો. તેનો ફેસલો મજકુર સજ્જાદાનશીન સાહેબના લાભમાં થવાથી આગા હસનઅલીશાહને એકદમ અહીંથી દરગાહ અને મકાનનો કબજો મૂકી ચાલી જવું પડયું હતું.

દરગાહ શરીફ તરફથી મોહોર્રમમાં તાબૂત નીકળે છે. એ મલેસરમાં આવેલી પારસીભાઈઓની આદરીયાન આગળથી પસાર થાય છે. તે સામે પારસી કોમે વાંધો લીધેલો હોવાથી સંવત ૧૯૧૭ માં શ્રીમંત કૈલાસવાસી ખંડેરાવ મહારાજા સાહેબે બન્ને કોમના આગેવાનોને બોલાવી ઘટતી તપાસ કરી મજકુર રસ્તા ઉપરથીજ તાબૂત લઇ જવાનો હક કાયમ રાખ્યો. ત્યાર પછી બીજી વખતે એ જુંબેશ પાછી ઉપડી, ત્યારે દિવાન બહાદુર સર ટી. માધવરાવ સાહેબે પણ પ્રથમનો ફેંસલો કાયમ રાખી ઠરાવ કર્યો. જેથી શેઠ શેરાબજી જમશેદજી તરફથી સંવત



૧૯૨૧–૨૨ માં સૈયદ બાપુમીયાં સાહેબ પાસે એવી દરખાસ્ત મૂકી કે જો એ આદરીયાનવાળો રસ્તો બદલવામાં આવે તો બાટલીવાળાનું નામ જયાં સુધી કાયમ રહે ત્યાં સુધી સાલાબાદ રૂપીયા બે હજાર દરગાહ શરીફની ચિરાગ બત્તી માટે આપવામાં આવશે પરંતુ ગાદીનશીન બાપુમીયાં સાહેબે તેમ કરવા ના પાડી હતી.

દરગાહમાં ચાંદીના કમાડ ચઢાવવામાં આવ્યા છે તથા કબર ઉપર ચાંદીનું કવર બનાવવામાં આવ્યું છે. બારણા માટે પટેલ ડાયા રામાએ રકમ આપી હતી તથા કવર માટે કોન્ટ્રાકટર ભીખા મકને રકમ આપી હતી. કવર ઉપર જે સોનાનું કામ કરવામાં આવ્યું છે તે સોનું કોન્ટ્રાકટર પરસોત લાલાએ અપાવેલું છે.

દરગાહની ઉત્તર તરફ લોકોને રહેવા એક મકાન કોન્ટ્રાકટર ધનજી કેશાએ બંધાવી આપ્યું છે. દક્ષિણ તરફનું બીજું મકાન મજકુર કોન્ટ્રાકટરના ભાઇ નરસીંહ લાલાએ બંધાવેલું છે. એ સઘળા ભાઇઓ સતપંથના અનુયાયી અને પીર સાહેબના મુરીદો છે.

દરગાહની પશ્ચિમ તરફ એક મસ્જીદ છે, તે મુંબઇના જાણીતા સખી વજુદ બાઇ રતનબાઈ તે દાતુ મનજી પદમસી સુરમાવાલાની વિધવાએ બંધાવી છે.

હિજરી સને ૧૨૩૫ માં સૈયદ કાસમઅલીએ ઔલાદ ન હોવાથી ભાણેજને બક્ષિસ નામું કરી આપ્યું હતું, તેમાં દરગાહ અને જમાત વગેરેનો ભાગ પણ આપવામાં આવ્યો હતો, જે સામે દરગાહના સજ્જાદાનશીને વાંધો લેવાથી એજંટ ટુધી ગવર્નર સુરત ડિસ્ટ્રીકટ જી. એન. ઈલિયેટ સાહેબે રદ કર્યો બીજું બક્ષિશ. નામું સૈયદ હસનઅલી બાપુમીયાંએ પોતાની ઔલાદ ન હોવાના સબબે પોતાની છોકરીઓને લખી આપ્યું હતું. જે નામદાર વડોદરા વરિષ્ટ કોર્ટના જડજ સાહેબે રદ કરી ઠરાવ્યું કે, છોકરાઓની સીધી લીટીમાં એટલે પુરૂષ વંશમાં દરગાહનો હક દસ્તુરે મળતો હોવાથી પુત્રિઓને હક પહોંચતો નથી.

સૈયદ કાસમઅલી મહંમદશાહના ગુજર્યા પછી તેમની વિધવા બેગમે દરગાહની ઉત્પન્નમાં ભાગ માંગવા નવસારી પ્રાંત જડજ કોર્ટમાં દાવો કર્યો હતો, તેનો ફેંસલો પણ એવો આવ્યો કે, દરગાહમાં પુરૂષ વંશને હક્ક મળતો હોવાથી ખાધ ખોરાકી પુરતા વાર્ષિક રૂપીયા એકસો પંચોતેર આપવા, એવો ઠરાવ તા. ૧૩ ફેબ્રુઆરી સને ૧૯૦૫ માં થયો છે.

**ઉપદેશ**

પીર સતગુરૂ નુરે ઘણા જ્ઞાન અને ભજનો બનાવેલા છે. એ પૈકી સતગુરૂના શ્લોકમાંથી કેટલાએક ફકરાઓ હેઠળ આપી, એક આખું જ્ઞાન વાંચકોના પરિચય માટે લખ્યું છેઃ–

સતગુરૂ કહેરે પીયુ પીયુ તો સબ જુગ કરે
પણ પીયુ પીયુ ન પાવે કોઇ
મુખ જપનતાં જો પીયુ મીલે
તો શીર સાટા ન હોય રે

× × ×

સતગુરૂ કહેરે બગ હંશ એ પટંતરો
અને દીસે એકજ વર્ણ
બગચરે મન માનીયું
અને હંશ મોતી રતન રે

× × ×

સતગુરૂ કહે રે પ્રેમ ભકિત તો હૃદય વસે
અને અંતરની લેહ લાગે
શ્વાસોશ્વાસે એમ જવીએ
જેમ કાને સુરત ન જાય રે



સતગુરૂ કહેરે નુરે મંદીર સમાર્યા
અને નુરે રચ્યો આસમાન
તે નુરમાંથી નુર પ્રગટયા
તેનો સતગુરૂ છે નામ રે

× × ×

સતગુરૂ કહેરે જૂઠા મરના તો સબ જુગમરે
અને સાચા ન મરે કોઇ
આ ગુર જ્ઞાને જે મરે
તીસે ફરી મરણુ ન હોય

× × ×

સતગુરૂ કહેરે નાવ કાજીએ હરકે નામકી
અને તે માંહે સાચા ભરીએ ભાર
પવન જો ચલે પ્રેમ કા
તો સતગુરૂ ઉતારે પાર

× × ×

સતગુરૂ કહેરે ઘટમાં તીર્થ સનમુખ હએ
અને ઘટમાંહે ધર્મ દ્વાર
ઘટ માંહે દેવળ પુંજીએ
અને ઘટ માંહે મુક્ત દિદાર

× × ×

સતગુરૂ કહેરે ઘર ઉપર જેમ દીવડો
અને માંહે કાળી રાત
એ ફોકટ ઘોણાં બહારકા
તારા દીલનું કાસલ કાઢ

સતગુરૂ કહેરે તીર્થ ત્રવેણીમાં નાહીએ
અને જપીએ અજંપા જાપરે
પાંચ પવિત્ર કિજીએ
તો કુળના જાવે પાપરે

× × ×

સતગુરૂ કહેરે દુનીયા દોડે બહોત કરે
અને દોડે ન પાવે કોઇ
ઉજાજડ મંદીર જઇ ઉતરે
તીસે કોણ પીલાવે તોયરે

× × ×

## જ્ઞાન

( પીર સતગુરૂ નુર )

એજી સતગુરૂ પધારેઆ તમે જાગજો
રૂડા મુનીવર ભાઈજી
અડસઠ તીર્થ ધરને આંગણે
ગંગા જમનાસું ભરેઆજી
નાયા તે નિરમળ થયા
કુડાનર હરીથી વેગળા રહ્યા (૧)

એજી ગતરે સરોવર માંહે ઝીલતાં
મોતી અમુલક લાધાજી
જતન કરીને મોતી રાખજો
તો મુલ અદકેરા આવે
સત સમજીને રહીએ
અવર દુજાને ના કહીએ (૨)



એજી ઉંચા ઉંચા નર ઉજલા
દીસે ક્રિયાના હીણાજી
ધારકે મંદીરે પાખંડ કરે
જાશે ગાડે અંધાર
એકથી દુજાને ના ગમે
ભકિતથી વેગળા ભમે (૩)

એજી મનને મારો ÷ તો ગુર કહે મને મલો
રાખું મારા તનડા માંહે ટાંકીજી
હીરલો આવ્યો તારા હાથમાં
જોજો વીરા ગિનાન વીચારી
વણજ કરે તે વેહેવારીઓ
લઇને ન આપે તે દીવારીઓ (૪)

એજી નુર સતગુર બોલ્યા વિનંતી
સાંભળો ગત જમાતજી
દસોંદ દેજો આપણા ગુર મુખે
તો ઉતરસો પેલે પાર
સાચી સુકરીત લઇને ચાલજો
નહિ તો પડશો લખ ચોરાસીમાંએજી (૫)

---

÷ હદીસમાં આવ્યું છે, કે "મન અરફા નફસહુ ફકદ અરફા રબ્બહુ."

ભાવાર્થ:—જેણે પોતાના મનને ઓળખ્યો તેણે ખુદાને ઓળખ્યો.

# પીર સૈયદ મુશતનસિરબિલ્લાહ (કદ)

આપ ફાતમી સાદાત હતા અને ઈમામ ઈસ્માઈલની ઓલાદથી ઉતરેલા હતા. સાત વર્ષની ઉમ્મરે ગાદી ઉપર બેઠા હતા. અગિયાર વર્ષની ઉમરે સઘળા લશ્કરની સરદારી લીધી હતી. માથા ઉપર જડાવદાર તાજ હમેશાં રહેતો હતો, જેની કિંમત કોઈ ઝવેરી આંકી શકતો ન હતો. મિસરના લોકોની આંખો તેના ચળકાટ સામે સ્થિર રહી શકતી ન હતી. હલબના ઉપર લશ્કર મોકલી પોતાના સાસન કાળમાં ફ-તેહભરી જીત મેળવી હતી. આવીજ રીતે આરબ, મગરેબ અને બીજા મોટા ઈલાકાઓ જીતી લઈ ફાતમી રાજ્ય વધાર્યું હતું. હીજરી સન ૪૩૫ માં આફ્રિકાની વાદીઓમાં મુશતન સિર બિલ્લાહનું નામ ખુતબામાં દાખલ થયું હતું.

હીજરી સન ૪૪૬ માં એક ધુમકેતુ આકાશ ઉપર દેખાયો. તેની રોશની પૃથ્વિ ઉપર પ્રકાશ આપતી હતી. ત્યાર પછી મોટો દુકાળ પડ્યો, અને સાથે ધરતીકંપના આચકાઓ લાગવા લાગ્યા. તે એવા સખ્ત હતા કે સમુદ્રોમાંથી માછલીઓ બહાર નીકળી પડી હતી. લોકોના ઉપર આ આવી પડેલી અણધારેલી આફત વખતે મુશતન સિરબિલ્લાહે શાહી ખઝાનામાંથી લાખો રૂપીઆ ખર્ચી પ્રજાને રાહત અને મદદ આપી હતી.

મુશતનસિરબિલ્લાહની રાજ્ય સત્તા અરબસ્તાન સુધી લંબાઇ હતી. ખુદ મદીનાની મસ્જિદમાં એમનું નામ ખુતબામાં પઢવામાં આવતું હતું.

મિસરની વિશ્વવિખ્યાત યુનીવર્સીટી (વિશ્વ વિદ્યાલય) તે સમયે આખીયે દુનિયાનું ધ્યાન ખેંચી રહી હતી. દરેક પ્રકારનું ઉચ્ચ જ્ઞાન ત્યાંથી મળતું હતું. દુનિયાભરના વિદ્યાર્થીઓ ઇલ્મ ત્યાં સંપાદન કરવા આવતા જતા રહેતા હતા.



હસ્તલિખિત અરબી, ફારસી પુસ્તકોનો મોટો સંગ્રહ મુશતન સિર બિલ્લાહે એના રાજ્યકાળમાં કર્યો હતો. એ લાયબ્રેરી ( પુસ્તકાલય ) મુશતનસિર- બિલ્લાહના નામથી મિસરમાં જગપ્રખ્યાત હતી. યુરોપના સુધારાઓ અને વિદ્યા-જ્ઞાન તથા વિજ્ઞાન આદિની વૃદ્ધિ એ ફાતમી ખલિફાઓનેજ આભારી હતી.

મુશતન સિર બિલ્લાહ સાઠ વર્ષ હુકુમત ભોગવી કાહેરા (કેરો)માં વફાત પામ્યા. એટલી લાંબી મુદત સુધી કોઈએ તેમની માફક સત્તા અને હુકુમત ભોગવી નથી.

યુરોપ, આફ્રિકા વગેરે દુરદરાઝના મુલકોમાં આપે વિદ્વાન અને જ્ઞાની ઉપદેશકો મોકલી દાવતનું પ્રચારકાર્ય પણ કર્યું હતું.

# પીર સૈયદ મેહમુદ સબ્ઝવારી (કદ)

આપ હઝરત ઈમામ જાફરે સાદિક (રહે.)ની ઓલાદમાં હોઈ, ઇસ્માઈલી સાદાત હતા. તા. ૧૨ માહે સફર હિ. સને ૪૪૩ માં જન્મ સબ્ઝવારમાં થયો હતો, એમની માતાનું નામ અનવરબીબી હતું. આપને ન્યામત અને કરામત પિતાશ્રી તરફથી મળેલી હોઈ, ઇલ્મે ઝાહિરી અને બાતિનીમાં આપ અજોડ વિદ્વાન હતા. આપને ૭ ફરઝંદ હતા, જેમના નામ નીચે પ્રમાણે છેઃ—

(૧) સૈયદ ઇબ્રાહીમ. (૨) સૈયદ જાફર.

(૩) ,, હયદર. (૪) ,, અબુલહસન.

(૫) ,, સફીયુદ્દીન. (૬) ,, મુહમ્મદ મોહિયુદ્દીન.

" તઝકેરતુલ સાદાત ", " તોહફુલ નસ્સાબ " અને " મલફુઝે કમાલીયા "માં લખ્યું છે, કે એમનો જન્મ થયો તે વેળા સબ્ઝવાર

ઉપર સુલતાન સંજર સલજુકીની રાજસત્તા હતી અને તેના તાબામાં ખોરાસાન, નિશાપુર અને સબ્ઝવાર હતા. આપને દાઅવતનો ઘણો શોખ હતો. એમના ઉપદેશથી આકર્ષાઈ હજારો લોકો એઓના હાથ ઉપર બૈ'અત લેતા હતા. ફાતીમી ખલીફાઓ તરફથી આપને મોટો દરમાયો મળતો હતો. દરેક યુધ્ધમાં એઓ બાદશાહ તરફથી સહુથી મોખરે રહેતા હતા, અને એમની હાઝરીની બરકતના કારણે પ્રત્યેક લડાઈમાં બાદશાહને વિજય પ્રાપ્ત થતો હતો.

બાદશાહ મસુદ બીન ઈબ્રાહીમ ગિઝનવીએ હિન્દ પર ચઢાઈ કરી ત્યારે પણ આપ તેની સાથે હિન્દ આવ્યા હતા, અને લાહોરમાં હંમેશના માટે રહયા હતા. પાછળથી મજકુર બાદશાહના મૃત્યુ પછી તેના પુત્રો વચ્ચે રાજસત્તા બદલ ઝગડો ફાટી નીકળતાં આપે તેઓ પૈકીના એક પુત્રની હિમાયતે ચઢી ૬૬ વર્ષની વયે હિ. સને ૫૦૯માં શહીદ થયા હતા. લાહોરમાં અનારકળી મહોલ્લામાં આપની કબર આવેલી છે, અને તે ઉપર સુંદર રોઝો ચણાવેલો છે. એમની જોડે એમના પાંચ પુત્રો પણ હિન્દ આવ્યા હતા. તેઓ પોતાના પિતાશ્રીના શહીદ થવાથી ભારે ગુસ્સામાં આવી ગયા હતા, અને હરિફ લશ્કર જોડે બહાદૂરીથી મુકાબલો કરતાં પાંચે શહીદ થવા પામ્યા હતા. એ પાંચેની કબર લાહોરના કિલ્લામાં આવેલી હોઈ, એઓ "પાંચ પીર"ના નામે જનતામાં પ્રખ્યાત છે. એ બનાવ લાહોર ખાતે હિ. સને ૫૦૯ માં બનવા પામ્યો હતો. સૈયદ હુસેન બીન ઈબ્રાહીમ અલવી, જેઓ સૈયદ મેહમુદ સબ્ઝવારીના પૌત્ર થતા હતા, તેમણે મજકુર કબરો ઉપર પાછળથી રોઝા ચણાવ્યા હતા.

એ દરગાહોથી હજી ઘણ ફયઝ જારી છે, અને હજારો લોકો દર્શનાર્થે આવી કૃતાર્થ થાય છે.



# પીર સૈયદ મોહિબુદ્દીન (કદ)

પીર સૈયદ મોહિબુદ્દીન (કદ.)નો જન્મ તા. ૨૧ માહે રમઝાન હિ. સને ૪૬૨માં સબ્ઝવાર નગરમાં થયો હતો. આપ ઈસ્માઈલી ખાનદાનના સાદાત હોઈ, હ. ઇમામ જાફરો સાદિક (રહે.)ની ઓલાદમાં હતા. એમને ન્યામત અને કરામત એમના પિતા બુઝુર્ગવારથી મળી હતી. ઝાહિરી અને બાતિની ઈલ્મમાં આપ પ્રવિણ હતા, અને દાઅવતનું કામ ઘણા મોટા પ્રમાણમાં કર્યું હતું. એમની વફાત રબિઉલઅવ્વલ હિ. સને ૫૨૨માં ૬૦ વર્ષની ઉમરે થઈ હતી. એમની દરગાહ સબ્ઝવારમાં છે અને કબરથી ફયઝ જારી છે. આપના મુરિદો બદ્દખ્શાન, બલ્ખ, બુખારા, નિશાપુર, ખોરાસાન વિગેરે સ્થળે ફેલાયલા છે.

# પીર સૈયદ અબ્દુલમોમિન (કદ)

પીર સૈયદ અબ્દુલમોમિનની પેદાઈશ તા. ૧૫ મી રબિઉસ્સાની હિજરી સન ૫૦૦ માં થઈ હતી.

દશ વર્ષની નાની વયમાં તમામ વિદ્યા સંપાદન કરી આલિમ અને ફાઝિલનો દરજ્જો જાહેર જનતામાં મેળવ્યો હતો. જાહેર અને બાતિનની વિદ્યા હૃદયમાં રોશન હતી.

પિતા બુઝુર્ગવારની સાથે શાહેનઝફ અને મદીના મુનવ્વરાની ઝિયારતે પધાર્યા હતા, અને ત્યાંથી રૂહાની ફૈઝ મેળવ્યો હતો તથા કેટલીક વખત હજની ક્રિયા માટે ગયા હતા. આપને ન્યામત અને કરામત પિતાશ્રીથી મળી હતી.

એક વેળા આપ કુફામાં હતા, ત્યાં આપને મોહમ્મદ બિન તોમરત જોડે મુલાકાત થઈ. એ માણસ રાજદ્વારી પુરૂષ હતો, અને

ઇલ્મેઝફરનો નિષ્ણાંત હતો. તેણે આપની રેખાઓ તપાસી જણાવ્યું હતું, કે મોરક્કો (આફ્રિકા)નું શાહીતખ્ત તમારા નસીબમાં લખાયલું છે. એટલું જણાવી આ ફાતમી યુવકને જોડે લીધા. પોતે આલે રસુલ હોવાથી હમેશાં આપનો અદબ કરતો અને ઉંચા પ્રકારની પરોણાગત કરતો.

આ રાજદ્વારી પુરૂષના મરણ પછી તેણે જે ભવિષ્ય ભાખ્યું હતું તે ખરૂં પડયું. રાજ્યના સઘળા સરદારો અને લશ્કરે હિજરી સન ૫૨૪માં આપના હાથ ઉપર બેત કરી અને મોરક્કોના શાહીતખ્ત ઉપર આરૂઢ કર્યા.

આપે દાવતનું કામ ઘણી લાગણીપૂર્વક કર્યું હતું. આ કામ પાછળ મોટા મોટા વિદ્વાનોને રોકી શાહી ખઝાનામાંથી તેમના તનખા જારી કર્યા હતા. તેમણે આફ્રિકામાં ઘણાં દુરનાં પ્રદેશોમાં જઇને સેંકડો કુટુંબોને ઇસ્લામથી મુશર્રફ કર્યા હતાં.

આપની વફાત મોરોક્કો (આફ્રિકા)માં હિજરી સને ૫૫૦ માં થઈ અને પાછળ ચાર સાહેબઝાદા મૂકયા, જેમના નામો નીચે પ્રમાણે છે.

(૧) સૈયદ મોહમદ યુસુફ
(૨) „ અબુહિફ્ઝ મુરતુઝા
(૩) „ જાફર રઝીયુદ્દીન
(૪) „ સલામુદ્દિન ઉર્ફે સૈયદઅલી

## પીર સૈયદ સલાહુદ્દીન (કદ)

એઓ હ. ઇમામ જાફરે સાદિક (રહે.) ની ઓલાદમાં હોઇ, ઇસ્માઇલી સાદાત હતા. સૈયદ મુહંમ્મદ નુર બખ્શના આપ સાહેબઝાદા હતા. આપનો જન્મ તા. ૧૫ શાબાન હિ. સને ૫૩૪ માં સબ્ઝવાર ખાતે થયો હતો. એમના માતુશ્રીનું નામ બીબી મરીયમ હતું.



એઓ જબ્બર આલિમ હોઇ, ઇલ્મે ઝાહિરી અને બાતિનીમાં પારંગત હતા, તે કારણે સઘળા ઉલમાઓ આપને ઇમામ ગણતા. ઇલ્મે ફિકહ ઉપર એમણે એક ઘણો માહિતિપૂર્ણ ગ્રંથ લખ્યો હતો. આપના હાથે ઇસ્લામનો પ્રચાર ઘણાજ બહોળા પ્રમાણમાં થયેલો છે. હિ. સને ૬૬૪ ના મોહર્રમ માસમાં આપની વફાત દુર્રેમાદાબ (જે દરિયાએ રેગનીના કાંઠા ઉપર આવેલ છે) નામના સ્થળે થઈ હતી. ત્યાંજ આપનો રોઝો છે અને મઝાર શરીફથી ફયઝ જારી છે. *

* " મલફુઝે કમાલીયા " માં લખ્યું છે કે, હિ. સને ૫૬૦ ના અરસામાં (અજમેરવાળા) પીર સૈયદ મુઇનુદ્દીન હસન સબ્ઝવાર ખાતે ગયા હતા અને ત્યાં આપે પીર સૈયદ સલાહુદ્દીનની મુલાકાત કરી રૂહાનીફયઝ મેળવ્યો હતો.

## પીર સૈયદ શમ્શુદ્દીન (કદ)
### ઉર્ફે
## પીર શમ્શ

તેરી લહદકી ઝિયારત હય ઝિંદગી દિલકી,
મસીહ વ ખિઝરસે ઉંચા મુકામ હય તેરા.

પીર શમ્શુદ્દીન સાહેબ ઉર્ફે પીર શમ્શનો જન્મ તા. ૧૫ મી શાબાન હિ. સને ૫૬૦માં કાબુલના ગિઝની ઇલાકામાં આવેલા સબ્ઝવાર શહેરમાં થયો હતો. તે વેળા સબ્ઝવારનો બાદશાહ મિરઝા મુહમ્મદ યાદગાર હતો. એઓશ્રીએ દીની તથા દુન્યવી કેળવણી મેળવી સને ૫૭૪ હિજરીમાં સબ્ઝવારથી મુલ્તાન પધાર્યા હતા, અને આખા પંજાબ ઇલાકામાં પોતાની વિદ્વતા અને ચમત્કારોના બળે

ઘણી વિખ્યાતી મેળવી હતી. પોતે તે જમાનાના સુફીઝમના એક મહાન નિષ્ણાત અને તત્વજ્ઞાની હોવાથી સેંકડો ફકીરો અને સુફી ખ્યાલના લોકો એઓશ્રીની સેવામાં આવતા જતા રહેતા હતા, અને આવી રીતે આપના બહોળા જ્ઞાનનો લાભ લોકોને મળતો હતો. ઉત્તર હિંદમાં એઓએ પચ્ચોતેર હજાર માણસોને સતપંથની દિક્ષા આપી હતી, અને તે સઘળા સેવકો હાલ પણ શમ્શી સેવકોના નામે મશહુર છે.

પીર શમ્શ એક વખત ફરતા ફરતા દરિયાના કાંઠે આવ્યા અને કાગળની હોડી બનાવી પાણીના વહેતા પ્રવાહમાં મૂકી અને આપ તેમાં સ્વાર થઇ દરિયાની સહેલ કરવા લાગ્યા.

મજકુર દરિયાના કાંઠે શેખ બહાઉદ્દીનનું મકાન આવેલું હતું. તેમણે મકાનના ઝરૂખા ઉપરથી જોયું કે કાગળની હોડી બનાવી તેમાં કોઈ સાહેબે કરામત પુરૂષ બેસી દરિયાની સહેલ કરે છે. આ દૃશ્ય જોઇ શેખ બહાઉદ્દીનને આશ્ચર્ય લાગ્યું અને વિસ્મય પામી વિચારમાં પડી ગયા કે એ એવો કોણ સમર્થ પુરૂષ છે કે જે કાગળની હોડી પાણીમાં નાંખી તે પર બેસી ફરી રહયો છે.

શેખ બહાઉદ્દીન પણ તે સમયના એક પ્રખ્યાત ઔલિયા હતા. તેમના આત્મ બળથી પીર શમ્શની કાગળની હોડી ડુબવા લાગી. ત્યારે પીર શમ્શે શેખ બહાઉદ્દીનની સામે દ્રષ્ટિ ફેંકી. આમ સામ સામે નજર મળતાં શેખ બહાઉદ્દીનના માથામાં શીંગડા ફુટી નીકળ્યા. તેથી તેમનુ શિર ઝરૂખાની બહારજ રહ્યું. પોતે જ્ઞાની અને હીકમતથી ભરપુર હોવાથી ઘણી યુક્તિઓ કરી, પરંતુ માથું ઝરૂખાની અંદર આવ્યું નહિં. આ સ્થિતિ જોઈ શેખ સાહેબે બનાવની માફી માટે ક્ષમા મેળવવા પોતાના ફરજંદોને પીર શમ્શની સેવામાં મોકલ્યા. પીર શમ્સે તેમને કેટલાક પ્રશ્નો પૃછયા. તેના જવાબમાં પુત્રોએ કહ્યું કે અમે આ શહેરના રહીશ છીએ. મારૂં નામ શેખદીન અને મારા



ભાઇનું નામ ફખરૂદીન છે. શેખ બહાઉદ્દીન અમારા પિતા થાય છે. તેમનું માથું હાલ ઝરૂખાની બહાર છે, માટે આપ કૃપા કરી દુઆ કરો કે તેમનું માથું ઝરૂખાની અંદર આવે. પીર શમ્શ બોલ્યા કે એમાં મારો અપરાધ નથી. જ્યારે અમો દરિયાની સહેલ કરતા હતા; ત્યારે મારી હોડી ડુબાવવા તમારા પિતાશ્રીએ પ્રયત્ન કર્યો હતો તેથી માથા ઉપર શીંગડા ફુટી નીકળ્યા છે. તમો મારી શરણાંગતે આવ્યા છો તો સુખેથી ઘેર સિધાવો. ખુદાના હુકમથી શીંગડા સમાઈ જશે. પરંતુ તેની નિશાની તમારા વંશમાં મારી એંધાણી તરીકે રહેશે. એ પછી બંન્ને સાહેબઝાદાઓએ સલામ કરી પીર શમ્શની સેવામાંથી રજા લીધી અને ઘેર જઈ જોયું તો શેખ બહાઉદ્દીનના શીંગડાઓ સમાઈ ગયા હતા. ત્યાર પછી શેખ બહાઉદ્દીને એક દુધથી ભરેલો કટોરો મોકલ્યો. પીર શમ્શે તેના ઉપર ફુલ છાટયા. આ ક્રિયાની મતલબ એવી હતી કે શેખ બહાઉદ્દીને ભેદમાં જણાવ્યું હતું કે આ કટોરો જેમ દુધથી ભરેલો છે તેમ આ ઇલાકામાં પીરો ભરેલા છે, માટે અહિં તમને રહેવાની જગ્યા નથી. તેના જવાબમાં પીર શમ્શે પણ જણાવ્યું કે આ ફુલ જેમ વગર બોજે રહેલા છે તેમ હું આ ઈલાકામાં રહીશ.

હિ. સને ૬૬૫ નો આ બનાવ છે કે, પીર શમ્શ પાસે એક અમીરનો દિકરો આવજા કરતો હતો. તેના ઉપર આપને ઘણી પ્રીતિ હતી. દૈવયોગે તે છોકરાનું મૃત્યું થયું તેથી તેના સગા સંબંધીઓ ઘણો કલ્પાંત કરવા લાગ્યા. તેના પિતાએ ઉચ્છ શહેરમાંથી ઘણા અધ્યાત્મિક શકિતવાળા પીરોને એકઠા કર્યા અને છોકરાને સજીવન કરવા વિનંતી કરી. પણ તેઓથી કાંઇ બન્યું નહિં. અંતે એ છોકરાની લાશ પીર શમ્શની સેવામાં લઇ ગયા. જેથી આપને દયા આવી. આપે લાશને સંબોધી કહ્યું "ઉઠ ખુદાકે હુકમસે" પણ છોકરો ઉઠયો નહિં. અંતે આપે કહ્યું કે "મારા હુકમથી ઉઠ"

એટલે તુરતજ પેલો છોકરો આળસ મરડીને બેઠો થયો. આ ચમત્કાર જોઇ લોકો દિગ્મુઢ થઈ ગયા અને ઉચ્છના હજારો લોકો કલમો પઢી દીનની સચ્ચાઈ ઉપર મોહીત થયા. પરંતુ શરીઅતના વિદ્વાનોએ આપના ઉપર એવું તહોમત મુકયું કે એમણે ખુદાપાકનું અપમાન કર્યું છે અને પોતાના હુકમથી છોકરાને સજીવન કર્યો છે, તે માટે પીર શમ્શને એવી સજા કરી કે આપના આખા શરીર ઉપરથી ચામડુ ઉખેડી કાઢવું. આ ઠરાવ સાંભળતાં પીર શમ્શે પોતાની ચોટલી પકડી શરીરની આખી ખાલ ખેંચી કાઢી અને એઓ શહેરમાં ફરવા લાગ્યા. આપનો આ કરૂણ દેખાવ જોઈ લોકો કંપી ઉઠ્યા. એઓ જે મહોલ્લામાં જતા તે મહોલ્લામાંના લોકો બારણાં બંધ કરી દેતા. આવી સ્થિતિમાં ઘણાં દિવસો સુધી એઓશ્રીને ફરવું પડયું. ખોરાક નહી મળવાને કારણે એઓશ્રીની તબીયત આકુળ વ્યાકુળ થવા લાગી. તેઓ છેવટે ઝુઝબામાં આવી ગયા અને અંતે દરિયાને કિનારે ગયા અને દરિયાને જણાવ્યું કે ખાવા માટે કંઈ આપ એટલે દરીયામાંથી એક મચ્છ આવી એઓશ્રીના સામે પડયું. તેને લઈ રાંધવા માટે આપ ઘેરેઘેર ફર્યા; પરંતુ કોઈએ અગ્નિ આપી નહિં. ફરી આપ વજદમાં આવ્યા અને આખરે સૂર્યને કહ્યું કે "આવ-તું પણ શમ્શ (સૂર્ય) છે, અને હું પણ શમ્શ છું." સૂર્ય આપના આ હુકમથી નીચે ઉતરવા લાગ્યો. આપે માછલીને હાથમાં પકડી સૂર્યના તાપથી સેકવા માંડી. લોકોથી આ તાપ બીલકુલ ખમાયો નહિ, અને સખ્ત વ્યાકુળ થઈ આપના શરણે દોડી આવ્યા અને આપને શરીઅતના ઓઠા તળે નાહક સતાવ્યા તે બદલ ક્ષમા માગવા લાગ્યા; જેથી આપે સૂર્યને પોતાના અસલ સ્થળે જવા ફરમાવ્યું; એટલે સૂર્ય પાછો આકાશ તરફ ગમન કરી ગયો. આ આ બનાવ જોઇ હજારો પરધર્મીઓ આપના સેવકો થયા. આપ હંમેશાં જંગલમાં જઈ એકાંતવાસમાં માલિકની બંદગી કરતા હતા.



આપના નજદીકના ભકતોમાં મુખ્ય સુરભાણુ, ચંદ્રભાણુ અને હરજી હતા. હરજી દલીત વર્ગમાંથી હતો. જેઓ સતપંથનુ રચનાત્મક કામ કરતા અને નવા ધર્મિઓને ધર્મના નિયમો શીખવતા હતા. સતપંથી આલમમાં "પીર શમ્શની ભવિષ્યવાણી" નામનું પુસ્તક ઘણું પ્રચલિત થયેલું છે. આપના ઘણા ભજનો પ્રેમ ભકિત અને સુફી ખ્યાલોથી તરબોળ છે.

આ મહાન પ્રભાવશાળી પુરૂષ પીર શમ્શનો રોઝો પંજાબમાં આવેલા ઉચ્છ શહેરમાં છે અને એમને માનનારા લોકો છેક કાશ્મીર સુધી ફેલાયલા હોઈ, સેવકો ગુપ્તી અને પ્રકટ મુસલમાનો લાખોની સંખ્યામાં છે. પીર શમ્શને ત્રિકાળજ્ઞાન હતું તે હેઠળ આપેલા એક ભજન પરથી જણાશે:—

એજી અજબ જમાના સુણો મોમન ભાઇજી<br>
કળજુગ આવીયા ખોટાજીરે (૧)<br>
એજી પીર શું મુરીદ લડેંગે<br>
બાપકુ મારેગા બેટાજી રે (૨)<br>
એજી હુશીયારી હુશીયારી તમે ચેતો મોમનભાઈ<br>
નજીક આવીયા છેડાજી રે (૩)<br>
એજી કળજુગ જમાના કઠણ મેરે ભાઇ<br>
જુઠ બોલે તીસે બડાઈ જીરે (૪)<br>
એજી સતીયાબી તીઆં સત છોડેંગે<br>
સુધા ફલ સુક સુક જાવે જીરે (૫)<br>
એજી આકાશ કેરા મેહ ન વરસેગા<br>
જમીન માંહે ધાન ન પાકે જીરે (૬)<br>
એજી માઇ બેટી દોનું લડેગી<br>
એક એકકુ કહેંગી સોકાજીરે (૭)<br>
એજી ખાએ પીએ ને સોવે એકઠા<br>
દોસ્ત હોવે દુશ્મના જીરે (૮)

એજી સાસુ ઉઠકર પાણી ભરેગી
વવર બેઠી ખાણા ખાવેજીરે (૯)
એજી સાહેબકુ તો નફર ÷ દબાવેગા
બાવા એસા જમાના આયાજી રે (૧૦)
એજી માંહો માંહે દોનું બંધવ લડેંગે
તે એક એકકું છેદેંગે જીરે (૧૧)
એજી મરદકું તો ઓરત મારેગી
બાવા નજર તમાશા દેખો જીરે (૧૨)
એજી હિંદુ મુસલમાન દોઇ મીલેંગે
એકઠા બેસી ખાણા ખાવેજીરે (૧૩)
એજી મુલ્લાં બ્રાહ્મણ દોનું ગાયા કાટેંગે
સો વાટે સાટે જીરે લડેંગે (૧૪)
એજી મીસકીનકે શીર બલા પડેગી
પકડેગા ગુમાન જીરે (૧૫)
એજી આજ કલજુગકી એસી વેળા જાણો
બાવા એસા જમાના આયાજીરે (૧૬)
એજી સતી જતી કોઈ વીરલા હોવેગા
બાજત હોવે ઘરબારી જીરે (૧૭)
એજી શીલવંતીકું તો જાગા નાહીં
કુમ અસીલ હોવે રાજદુવારે આ જીરે (૧૮)
એજી આતશ કેરા જબ મેહ વરસેગા
જમી તે જળ જળ હોવેગી જીરે (૧૯)
એજી એક દીન એસા વાએ છુટેગા
પાહડ પરબત ઉડ ઉડ જાવે જીરે (૨૦)

÷ નોકર.



એજી આલમકે શીર ગુના હોવેગા
બાવા એસા અમલ હોવેગા જીરે (૨૧)
એજી બાજત લોક બુજત નાહી
કેસા અમલ હોવેગા જીરે (૨૨)
એજી સાત દરીયાકા નીર ઘટેગા
મરેલા જલ ચારા જીરે (૨૩)
એજી ચાંદા સુરજ દોએ છીપેગા
હોવેગા ધંધુ ધંધુ કાર જીરે (૨૪)
એજી કોટ ખસેગા માડીઉ પડેગીઉ
જમીન તે જળ જળ હોવે જીરે (૨૫)
એજી બાર કોસકે દરમીયાને
એક દીવા જલેગા જીરે (૨૬)
એજી દુનીયા સઘળી ફના હોવેગી
ન રહેગા તીઆં કોઈ જીરે (૨૭)
એજી એક અલ્લાહ કેરી જાત રહેગી
તબ તીયાં એક એલાહી જીરે (૨૮)
એજી હાથ બીલ સત નજીક ઉપર
આપણે સાહેબજી કી બાદશાહી જીરે (૨૯)
એજી પીર શમ્શ કલંદર યુંજ કહેઆ
અપને સાહેબજીકા અજબ ઇલાહી જીરે (૩૦)

પીર શમ્શ સતપંથના અજોડ પ્રચારક પુરવાર થયા છે. તેમણે પોતાના ધાર્મિક પ્રવચનો માટે હિંદુ ભાઇઓના નવરાત્રીના તહેવારો અનુકુળ જોઇ તેમાં ભાગ લેવા માંડયો, અને ભવાની માતાના મંદિર આગળ ગરબાના ઉત્સવોમાં ભેળાવવા માંડયું અને લોકોની–દેશકાળની

માન્યતાને બંધબેસ્તા થઈ પડે એવી, દરરોજ ઉત્સવની સમાપ્તી પહેલાં, પોતાના તરફથી એક નવીન ગરબી બનાવી સંભળાવતા. એવો કર્મ એક માસ સુધી ચાલુ રાખ્યો. એ વખત દરમ્યાન અચેત અને જડ વસ્તુઓની પૂજા કરવાથી લોકોના મન ફેરવી દીધા અને ખરા ખુદાની વહેદાનિયતનો બોધ અને સત્યનો મહીમા સમજાવ્યો; જેથી હજારો લોકો આપના સત્યના ઝુંડા હેઠળ આવ્યા. આ ગરબીઓનો સંગ્રહ સતપંથ સાહિત્ય ભંડારમાં હાલમાં પણ પીર શમ્શની ગરબી-ઓના નામે સ્વરક્ષાએલો મોજુદ છે.

"**ગુલઝારે શમ્શ તબ્રેઝ**"ના કર્તા લખે છે, કે "પીર શમ્શુદ્દીન હિ. સને ૫૭૯ માં દાઅવતના કામ માટે ટિબેટ પણ ગયા હતા, અને ત્યાં લાખો માનવોને ઇસ્લામમાં દાખલ કર્યા હતા. એમના ચમત્કારો સેંકડો હોઈ તે જો લખવામાં આવે તો એક બીજું પુસ્તક તૈયાર થાય. ટિબેટ થઈ એઓ કાશ્મીર પધાર્યા. ત્યાં ચંગળ નામની એક તદ્દન જંગલી અને અજ્ઞાન કોમને પોતાના ચમત્કારોથી આકર્ષિત કરી ઇસ્લામમાં આણી. અત્યારે પણ એ જાતિના લગભગ બે લાખ માણુસો પંજાબ અને તેની આજુબાજુના પ્રદેશમાં આબાદ છે અને તેઓ શમ્શી સેવકોના નામે ઓળખાય છે."

"**ગુલઝારે શમ્શ તબ્રેઝ**"ના કર્તા આગળ ચાલતાં લખે છે, કે "હઝરત મીર શાહ શમ્શુદ્દીન સબ્ઝવારી જ્યારે કાશ્મીર અને ટિબેટ ગયા ત્યારે ત્યાં મીર સૈયદ શમ્શુદીન ઇરાકીના નામે ઓળખાયા અને જ્યારે તબ્રેઝમાં લાંબી મુદ્દત સુધી રહયા ત્યારે શમ્શુદ્દીન તબ્રેઝી એ નામે જાણીતા થયા, અને જ્યારે કોનિયા નગરમાં ગયા ત્યારે એઓને લોકો શમ્શ પરીન્દાહ કહેતા હતા, અને સિરિયા અને ઇજીપ્તના લોકો એઓને શમ્શ મગરિબી કહેતા. શાહ કાશિમ અન્વાર પણ એઓનો ખિતાબ છે. એ બધા શાહ શમ્શુદ્દીનના જુદા જુદા નામો



છે; જેથી જનતાને શંકા ઉદ્દભવે છે, કે એ અલગ અલગ પીરો હશે; પરંતુ વાસ્તવમાં શાહ શમ્શુદ્દીનનાજ એ નામો છે."

એજ પુસ્તકમાં લખ્યું છે, કે "આપે જે સ્થળે સૂર્યને ઉતાર્યો હતો, તે જગ્યા હાલ મુલતાન સ્ટેશનથી નજીક આવેલી હોઈ "સૂર્ય કુંડ"ના નામે લોકોમાં ઓળખાય છે, અને તે સ્થળે દર વર્ષે મેળો ભરાય છે."

આપની વફાત તા. ૨૧ મી રમઝાન સને ૬૭૫ હિજરીમાં થઇ હતી. મહેરઅલી નામના તેઓશ્રીના એક સેવકે લાખો રૂપિયા ખરચી એમની દરગાહ બનાવી છે. એમના મઝાર શરીફથી અત્યારે પણ ફયઝનો દરિયો વહી રહયો છે. હજારો લોકો દર સાલ આપથી રૂહાની ફયઝ મેળવી કૃતાર્થ થાય છે.

# પીર સૈયદ સદરૂદ્દીન ( ૬૬ )

ફરીશ્તે પળતે હંય જીસકો વોહ નામ હય તેરા,
બળી જનાબ તેરી, ફયઝે આમ હય તેરા.

**માનવંતા** પીર સદરૂદ્દીન હ. ઇમામ જાફરે સાદિક (રહે.)ની સીધી લીટીએ ઉતરી આવેલા ફાતમી સાદાત હતા. એમનાજ વંશમાં એમના પૂર્વે જે પીરો થયા છે, તે સઘળા પણ એજ શાખાથી ઉતરેલા મહાન તપસ્વીઓ અને સિદ્ધ પુરૂષો હતા. પીર સદરૂદ્દીન સાહેબનો જન્મ તા. ૨ રબીઉલ અવ્વલ હિ. સને ૬૫૦માં સબ્ઝવાર ખાતે થયો હતો.

સતપંથી સાહિત્યમાં પીર અને શાહની જુદી જુદી વંશાવળીનું ટીપણુ નજરે પડે છે પરંતુ ખરી રીતે જોતાં તે એકજ મૂળમાંથી ઉત્પન્ન થયેલી વસ્તુની બે શાખા જેવા છે. હઝરત ઇમામ જાફરે

સાદિક (રહે.)ના સાહેબઝાદાઓ પૈકી એક ભાઈના વંશમાં શાહની ગાદીનો કારભાર હતો અને બીજા ભાઈની પાસે પીરની ગાદીનો અધિકાર હતો અને બન્નેનો મૂખ્ય ઉદ્દેશ પરમાત્માની વહેદાનિયત અને પેગમ્બર સાહેબની રિસાલતની દાઅવત કરવાનો હતો. આવી રીતે શાહની ગાદી ઉપર નામદાર આગાખાનના વડવાઓ બિરાજ્યા અને પીરની ગાદી ઉપર પીર સતગુરૂ નૂરની ઓલાદ અધિકાર ચલાવવા લાગી. પીરની શાખામાં થયેલા કેટલાક મહાન શકિતશાળી પીરોનો વૃત્તાંત "અનંત" નામના જ્ઞાનમાંથી હેઠળ આપવામાં આવે છે:—

**જ્ઞાનપાટ**

અલી થકી બહુ ચેતન ચાલે આ,
સો સતગુરૂ નૂર. (૧)

સાલેદીન પુરા કહીએ,
હુવા સુ દીન રહેમાન. (૨)

શાહ શમ્શ કેરો દીન પીછાનો,
ચોદીશ તેણે પાયા. (૩)

સૂરજ મંગાવી જ્યોત દેખાડી,
નૂર સોહી બતાયા. (૪)

કરણી કારણ ખાલ ઉતારી,
પ્રત્યેક્ષ પ્રમાણીઆ. (૫)

મુવા જીવતા તે નરે કરયા.
કરણી વીના ન હોય. (૬)

નશીરદીન એવા બુજુરગ કહીએ,
તેણેં કૈંક હિંદુ તારેઆ. (૭)

ઈસકી આલમે પીર સાહેબદીન હુવા,
હુવા સુ દીન રહેમાન. (૮)



પીર સદરૂદ્દીન બુજુરગ કહીએ,
બાર કરોડીના સરદાર. (૯)

હસન કબીર દીન ગરીબ બંદા,
હુતા સાહેબજીને ચરણે. (૧૦)

પીર ઈમામ શાહ બાવાએ "જન્નતનામા"માં પોતાના પૂર્વજોની ઓળખાણ આપતાં નીચે પ્રમાણે ફરમાવ્યું છે:—

અલી હમારા દાદા કહીએ,
અને દાદી તે બીબી ફાતેમા સાથ. (૯૬)

હસન, હુસેન શાહ અલીના કહીએ,
આલ ઈમામ તેનું પરીવાર. (૯૭)

રસુલ હમારા નાના કહીએ,
તે અબ્દુલ્લાનો પરીવાર. (૯૮)

બીબી ખદીજા કુબરા નાની કહીએ,
અને જુવોને ઈલમ વિચાર. (૯૯)

માનવંતા પીરો કયી શાખાથી ઉતરી આવેલા છે તે જાણવાને અમોએ પીર સદરૂદ્દીનની હકીકત લખતાં અગાઉ સતપંથના સાહિત્યના આધારે ઉપરના જરૂરી ઉતારાઓ વાંચકોની જાણ માટે આપેલા છે. આલે રસુલ (સ.) નો શું દરજ્જો છે અને તેમના માટે કુરઆને પાક અને હદીસમાં શું આજ્ઞાઓ ઉતરેલી છે તેનો પરિચય હેઠળ આપવામાં આવે છે:—

**"યા અય્યુ હલ્લઝીના આમનુ અતી ઉલ્લાહ, વ અતી ઉર રસુલ વ ઉલીલ અમ્રી મીનકુમ"** અર્થાત હે મોમિનો ! તમે તાબેદારી કરો અલ્લાહની અને તાબેદારી કરો તેના રસુલની ને તમારામાંના હુકુમતવાળાઓની. (કુરઆને શરીફ.)

હઝરત મુહમ્મદ મુસ્તુફા (સ. અ. વ.) એ ફરમાવ્યું કે "તમારા વચ્ચે મારી એહલેબયત હ. નૂહ પેગમ્બરની કિસ્તી મિસાલ છે. જેણે તે કિસ્તીમાં પનાહ લીધી તે બચવા પામ્યો અને જેણે પનાહ ન લીધી તે હલાક થયો."

( શાહ અબ્દુલ અઝીઝ કૃત " તફસિરે અઝીઝી " )

પીર સદરૂદ્દીને, ન્હાનપણુથીજ હાફીઝે કુરઆન થઇ પાછળથી હદીસ અને ફિકાહનું ઉચ્ચ જ્ઞાન સંપાદન કર્યું હતું. ખુદાવંદ કરીમની વહેદાનિયતનો મહિમા સમજાવવામાં આપ અજોડ હતા. આપના ઉપદેશથી લોકોપર એવી સચોટ અસર થતી કે, દરરોજ સેંકડો માણસો ફયઝરસા થતા, એટલુંજ નહીં પરંતુ આપની મહાન વિદ્વતાની કીર્તિ ચોદિશ વખતના વહેવા સાથે વધુને વધુ પ્રસરવા લાગી હતી, જેથી સેંકડો લોકો આપની તરફ ખેંચાઈ આવતા હતા. ઇસ્લામી આલમમાં પણુ આપની વિદ્વતા અને પરહેઝગારી સુવિદિત હતી, જેનાં ચમત્કારિક વર્ણનો ઇસ્લામી તવારિખો પૂરા પાડે છે. આપના મુબારક ચહેરા પર ખુદાઈનુર એ પ્રમાણે જલ્વાગર હતું કે, તેના દિદાર માટે દેશ દેશાવરથી ટોળે બંધ હિંદુ લોકો આવતા અને આપના પ્રવચનો સાંભળી મુરીદ થઈને પાછા ફરતા હતા. તે સમયે ભારતની દશા એવી હતી કે, જે કોઇ અટક નદી ઓળંગી પેલેપાર જાય તે પોતાની જાત અને ધર્મથી ભ્રષ્ટ થઈ જતો એવી હિંદના લોકોમાં અંધ શ્રદ્ધા ચાલતી હોવાથી લોકો અટક નદીની પેલેપાર જતા ન્હોતા. આ કારણુસર લોકોની સ્થિતિ, વેપાર રોજગાર અને વિદ્યા કળામાં ઘણીજ પછાત રહી ગઈ હતી અને તેથી તેમને દેખતી રીતે ઘણું સહન કરવું પડતું હતું. તેઓ પરદેશની જોડે વેપાર રોજગારનો સંબંધ સ્થાપિત કરી કશી પણુ ઉન્નતિ કરી શકતા ન્હોતા, તેથી એ વહેમી માન્યતા દૂર કરવા આપે હિંદુ સેવકોને



છત્રીસ હજાર જેટલી સંખ્યામાં એકઠા કરી તેમને સંઘનાં આકારમાં અટક નદી ઓળંગાવી આપના વડિલો (બુઝુર્ગો) ની દરગાહોની યાત્રાએ લઈ ગયા. શ્રી ઇસ્લામશાહ તે વખતે ગાદીએ હતા. પીર સદરૂદ્દીન સાહેબના એ પ્રયાસથી તેઓ ઘણાં ખુશ થયા અને પોતાના શિર ઉપરનો મુબારક અમામો (પાઘડી) પીર સદરૂદ્દીનના શિર ઉપર પહેરાવ્યો. તે વખતના ચાલતા રીવાજ મુજબ આ અત્યંત માન અને નવાઝીશની વસ્તુ ગણાતી, જે શ્રી ઇસ્લામશાહે પીર સદરૂદ્દીનને સ્વહસ્તે અર્પ્યો અને સાથેજ આપના પૂત્ર પીર હસન કબીરૂદ્દીન કે જેઓ આ સંઘમાં સામેલ હતા અને તેમણે મુસાફરી દરમિયાન આંકડાનું રૂ કાંતી શ્રી ઇસ્લામશાહના માટે એક સુંદર પાઘડી બનાવી હતી તે શાહને બંધાવી, જેથી શ્રી ઇસ્લામશાહે ખુશ થઈ પીર હસન કબીરૂદ્દીનને વરદાન આપ્યું કે, ભવિષ્યમાં તમારી અને અમારી એકજ ગાદી થશે અને તે ગાદી ઉપર તમારા પૌત્ર પીર નુરમહંમદશાહ બીન ઇમામ શાહ બિરાજશે.

પીર સદરૂદ્દીન સાહેબે પહેલ વહેલું જમાતખાનું ( બંદગી કરવાનું સ્થાન ) સિંધના કોટડા ગામે સ્થાપ્યું. તેની પૂર્વે મુરિદોને બંદગી કરવા માટે કોઈ જમાતખાનું કે આશ્રમ ન્હોતું. ખોજા કોમના પૂર્વજો પીર સતગુરૂનુર અને પીર શમ્સના વખતથીજ અનુયાયીઓ થએલા હતા પરંતુ પીર સદરૂદ્દીનના ધાર્મિક શાસન કાળમાં પૂર્ણપણે તેમણે ઇસ્લામની ખોજ કરી અને ખોજા કોમે ઇસ્લામનો જાહેર રીતે સ્વીકાર કર્યો એટલે માનવંતા પીરે તેમને ખ્વાજા (સરદાર)નો ખિતાબ આપ્યો ત્યારથી ખોજા કોમ તરીકે એ લોકો પ્રકાશમાં આવ્યા. અસલ એ લોકો ક્ષત્રિય હોઈ શ્રી રામચંદ્રજીના વંશથી ઉતરી આવેલી લોહાણા જ્ઞાતિના છે. એ બાબદ લોહાણા કોમના ઇતિહાસથી સિદ્ધ થઇ ચૂકેલી હોવાથી તેમની ઓળખાણ માટે લંબાણુ હકીકત લખવા કંઈ જરૂર જોઇ નથી.

પીર સદરૂદ્દીન સતપંથી સાહિત્યમાં ત્રણ નામે જાણીતા થયેલા છે. (૧) સદરદીન (૨) શેહ દેવ અને (૩) હરિચંદ્ર.× આ ત્રણ નામો સતપંથી ભજનોમાં ઘણી વેળા આવે છે, તેનો એક નમુનો હેઠળ રજુ કરીએ છીએઃ—

કહે ગુરૂ હરચંદ હર કેરી વાડી, ગુરૂ સહદેવ સિંચણ હાર,
ભણાય પીર સદરદીન, સચે શા નુરજી વાડી;
ગુરૂ સહદેવ સિંચણહાર

પીર સદરૂદ્દીન સાહેબે કાશ્મીર, પંજાબ અને સિંધનો પ્રવાસ કરી લોકોના મન ઉપર પોતાના પૂર્વે થયેલા ઉપદેશક પીરોથી ધર્મ સંબંધી સારી અસર પહોંચાડી હતી. તેમના પ્રયત્નો અને પ્રભાવશાળી ઉપદેશોની અસરથી સંકડો માનવો શુદ્ધ ઈસ્લામના મત ઉપર આવી ગયા હતા અને બાકી જે લોકો કાચા રહયા હતા તેમને પાકા કરવા અને નવા લોકોને મૂળથી પાઠ ભણાવવા સારૂ પીર સદરૂદ્દીને જે અથાગ કોશિશ કરી છે તે ઈસ્લામી આલમ માટે ભારે સ્તુતિને પાત્ર છે.

પીર સદરૂદ્દીન સુફી મતના હતા અને તેઓએ પોતાના હિંદુ સેવકો આગળ સુફી મતનું પ્રતિપાદન કરતાં જે રસભરી વાણી સમજાવી છે, તે પૈકી એક ભજન હેઠળ આપવામાં આવે છે, તેથી પીર સદરૂદ્દીનની કામેલીયત અને ઉચ્ચ જ્ઞાનનો ખ્યાલ વાંચકોને આવી શકશેઃ—

સખી મહાપદ કેરી વાત કોઈક જાણે રે,
જેને સતગુરૂ મીલીઆ સાર, સોહી પીછાણે રે. (૧)

× પીર સદરૂદ્દીન સાહેબે સાત વેળા હજની યાત્રા કરી હતી, એ કારણે એમને હાજી સદરૂદ્દીન પણ કહેવામાં આવે છે.



સખી નાભ કમલ માંહે, કે સોહંગ ઉઠે રે,
તીઆં જાપ જપે છે હંસ, તાર ન તરૂટે રે. (૨)
સખી ઇંગલાં પીંગલા સાર, સુખમના નાડી રે,
તીઆં ચંદ્ર સુરજ મલી એ, કે મનછા મારી રે. (૩)
સખી ત્રિવેણી ગટ માંહે, કે અખંડ જોતી રે,
તીઆં જગમગ જગમગ થાએ, કે વરસે છે મોતી રે. (૪)
સખી વંક નાડ મુકામ, સાચો કહીએ રે,
તીઆ નીરત સુરત મલી એ, કે પરચો લહીએ રે. (૫)
સખી એટલા સરવે નીશાન, મેલેઆ નીચારે,
ભાઈ તેથી ઉંચોરે દેશ, કે ચડાવા ઉંચા રે. (૬)
સખી પાંચ કોસપર ગામ, કે નીશાન ધારી રે,
તીઆં ધરી સુરતનું ધીઆન, સવાસો મારી રે. (૭)
સખી સગલા રોમે રોમ, લગા જપવા રે,
તારે સગલા ઘટના ચોર, લાગા છીપવા રે. (૮)
સખી પીંડ તણી ખબર, સગલી વીસરી રે,
જારે સુરતી ચઢી ભર મંઢ, ફુટી નીસરી રે, (૯)
સખી અરસ પરસના કોટ, જોયા નીરખી રે,
એવા સપત દીપ નવ ખંડ જોયા પરખી રે. (૧૦)
સખી વેદ કિતાબ માંહે, કે એ ગમ નાહી રે,
તીઆં નહીં દિવસ નહીં રાત, કે ધુપ ન છાઈ રે. (૧૧)
સખી કેવા સરીખો નથી, કે મારો સામીરે,
એ તો જોયા સરીખો છે, અલખ અનામી રે. (૧૨)
સખી અલખ અનામી સાહેબ, લાગા મીઠા રે,
ભણે પીર સદરદીન શામ, મેં નજરે દીઠા રે. (૧૩)
(રચનારઃ—પીર સદરૂદ્દીન)

પીર સદરૂદ્દીનની વફાત તા. ૧૨ રજ્જબ હિ. સને ૭૭૦ માં ૧૨૦ વર્ષની વયે ઉચ્છ ખાતે થઈ હતી, પણ ભાવલપૂર સ્ટેટમાં આવેલા, તીરીન્દા ગોરગેજ (Trinda Gorgej) ખાતે એઓને દફનાવવામાં આવ્યા છે. આપની દરગાહ જોવા લાયક છે. સિંધના ખોજાઓએ તે બંધાવી છે. આપના મઝારથી ફયઝ જારી છે. સેંકડો હિંદુ–મુસ્લિમ ભાવિકો હંમેશા દરગાહના દર્શનાર્થે આવતા જતા રહે છે અને નઝરો–નિયાઝ ચઢાવે છે.

ખોજા કોમના લોકો હાલ પણ પીર સદરૂદ્દીનના જ્ઞાનો ઘણાં પ્રેમે બોલે છે પરંતુ તેમની દરગાહની ઝીયારતે ઘણાં થોડા લોકો જતા માલમ પડે છે. મજકુર ધર્માત્માની દરગાહ કયાં છે એ પણ ઘણાં થોડા લોકો જાણે છે.

પીર સદરૂદ્દીનની દીની ખિદમત ખોજાઓ ભૂલી ગયા છે અને તેથીજ તેમની ઓલાદના સાદાતો તરફ તેઓ ઝાઝુ લક્ષ આપતા નથી. હાલ ખોજા કોમમાં સેંકડો શ્રીમંતો છે, છતાં પીર સદરૂદ્દીનના હદ ઉપરાંતના ઉપકારો એ કોમ ઉપર હોવા છતાં પોતાના પીરો મુર્શદની ઓલાદની તાલિમ તરબીયત માટે એ કોમે મુદ્દલ હાથ લંબાવ્યો નથી. લાખો માણસોને અંધકારની ભૂમિમાંથી પ્રકાશમાં મૂકનાર મજકુર મહાત્માની ઓલાદ અત્યારે અજ્ઞાન દશા ભોગવી રહી છે અને તેમના શિક્ષણ માટે કોઈ સ્કૂલ કે બોર્ડિંગ જેવી સંસ્થા અસ્તિત્વમાં નથી એ ખરેખર શોચનીય છે. ખોજા કોમ પારસી કોમની માફક એક નાની કોમ છે છતાં તે વેપાર રોજગાર અને વિદ્યા કળામાં બીજી મોટી કોમોની હરોળમાં આગળ આવી છે. તેમના તરફથી પોતાની કોમના માટે ઘણી સ્કૂલો, હાઈસ્કૂલો, બોર્ડિંગો, લાયબ્રેરીઓ અને સદાવ્રતો ચાલે છે. વળી સુવાવડખાનાઓ, હોસ્પીટાલો, સેનેટોરિયમો, મુસાફરખાનાઓ અને આવીજ રીતે બીજા સખાવતી અને લોકોપયોગી ખાતાઓ સારી જેવી સંખ્યામાં



સ્થાપિત છે. તેઓ પાસે એવા ફંડો પણ છે કે, જેમાંથી ઉલ્માએ દીન અને બીજા સાદાતોને બખ્શીશો મળે છે અને નઝરો નિયાઝ થાય છે પણ પોતાના મૂકત–દાતા પીર સદરૂદ્દીનના વંશજો માટે એ કોમે અત્યાર સુધી કશુંજ કર્યું નથી.

ખોજા કોમના સેંકડો જ્ઞાનોમાં પોતાના પીરની ઓલાદને માનવા પીર સદરૂદ્દીન વિગેરે ઉપદેશકોએ તાલિમ આપેલી છે, છતાં તેને સદીઓ પસાર થઈ જઈ લાંબો કાળ ગુજરી ગયો છે, છતાં પીર સદરૂદ્દીનના ઋણમાંથી આ કોમે મૂકત થવા હમણાં સુધી કોઈ પ્રોગ્રામ રજુ કર્યો નથી. ખોજા કોમે પીર સદરૂદ્દીન સાહેબની દુઆની બરકતથી ઘણી ઉન્નતિ કરી છે. વેપાર અર્થે તેઓ ચીન, જાપાન, યુરોપ, અમેરિકા, આફ્રિકા, આદિ પૃથ્વિના જુદા જુદા ભાગોમાં ફેલાયલા છે અને લાખો કરોડો રૂપિઆનો પ્રતિવર્ષે વેપાર–ધંધો કરે છે. તેઓમાં વકીલો, બેરિસ્ટરો, એડવોકેટો પણ છે, સર નાઇટો, બેરોનેટો, ખાન બહાદૂરો અને જે. પી. ઓ પણ છે અને વળી વડીધારાસભા અને પ્રાંતિક ધારાસભાઓમાં પણ ખોજા કોમના સભ્યો ચુંટાયેલા નજરે પડે છે અને એવી રીતે એકંદરે એ કોમે ઘણી પ્રગતિ કરેલી છે.

## પીરોના શિક્ષણ ઉપર એક નજર

સતપંથ મિશનના પીરોએ ઈસ્લામને લગતી કેવી સેવા બજાવી છે એ માટે ઘણાં અજાણ અને નાવાકેફ ઈસ્લામીઓ તરફથી વખતો વખત પૂછપરછ થતી રહે છે, તે સંબંધી આ તકે જણાવવાનું કે, એ ધર્માત્માઓ પેગમ્બર સાહેબની આલના લોકો અને બની ફાતેમી સાદાતો હતા. તેમને દાઅવત પહોંચાડવાનો હક્ક રસૂલે પાક (સ.અ.વ.) થી વારસામાં ચાલ્યો આવે છે. તેમની તાલિમ કોઈ પણ સંજોગોમાં શરીઅતે–ઈસ્લામ વિરૂદ્ધ હોઇજ ન શકે. આ બાબદની ચોખવટ માટે માનવંતા પીરોએ જ્યાં જ્યાં ઈસ્લામી–આલમ સામે પ્રવચનો કર્યાં

છે ત્યાં તેમણે ઇસ્લામના મૂળ સિદ્ધાંતોનું પ્રતિપાદન કરી તેને સુફી તરીકાથી તરબોળ કરી સમજાવ્યા છે. તેમના આ શિક્ષણને લાંબો જમાનો ગુજર્યો છે, છતાં તેનું રહસ્ય આજે પણ વાંચનારાઓને અજાયબીમાં ગરકાવ કર્યા વગર રહે તેમ નથી. પીરોએ પોતાની હિદાયતના જ્ઞાનોમાં મુસ્લિમો માટે ઘણું કિંમતી અને તેઓના જાહેર જીવનમાં વિકાસ કરી શરીઅત, હકીકત, મઆરિફત અને તરીકતની ઉચ્ચ જ્ઞાન પાયરીઓ વટાવે એવો બોધ કરેલો છે; જેને લગતા થોડાક ફકરાઓ અમે જાહેર જનતાની જાણ અર્થે અને ઇસ્લામી કોમની શંકાના સમાધાન માટે હેઠળ આપીએ છીએ:—

### કલમાનું જ્ઞાન

કલમા કીલી મુરશીદ હાથ,
મીલો મુરશીદકો દિલ શંગાથ.
મીટ જાવે દુનિયા આફાત,
મહંમદ યા રસુલીલ્લાહ.
લાઇલાહા ઇલ્લિલ્લાહ, લાઇલાહા ઇલ્લલ્લાહ,
લાઇલાહા ઇલ્લલ્લાહ, મહંમદ યા રસુલીલ્લાહ. (૧)

અલ્લા અગમ અપાર હય,
નામ રૂપસે ન્યારા હય.
સબમેં મૌજ પસારા હય,
મોહંમદ યા રસુલીલ્લાહ.
લાઇલાહા (૨)

કલમેં કે તો પાંચ હરફ,
દિલસે રહેના એક તરફ.
સમજોરે શાહ પીર નજફ,
મોહંમદ યા રસુલીલ્લાહ.
લાઇલાહા (૩)



પાંચ વખત નીમાજાં પઢ,
હીર્સ હવા દુનિયા બીસર.
જીતે જીતે મર ડર,
મોહંમદ યા રસુલુલ્લાહ.
લાઇલાહા (૪)

સમજ અલીકી લેવે પના,
નબી મુરશીદ પર હોવે ફના.
ઉમ્મત કે સબ જાયે ગુનાહ,
મોહંમદ યા રસુલીલ્લાહ.
લાઇલાહા (૫)

એક નામ અલ્લાકા ઠીક,
હરદમ રખના ઉસકી બીક.
અય દિલ રૌશન ઐસા શીખ,
મોહંમદ યા રસુલીલ્લાહ.
લાઇલાહા (૬)

### પીર સદરૂદ્દીનનું જ્ઞાન

એજી અનંત કરોડના સામી લેખા લેશે,
અને લેશે તે મહાદન માંહે.
કીધા કરતવ પૂછશે,
જારે કાગલ લેશે સાહે. (૯)

એજી એક લાખને ચોવીસ હજાર,
માંહે પયગમ્બર સરદાર.
નબી મહંમદ અરજ કરશે,
સાહેબ સુણો ફરીયાદ. (૧૦)

સદરહુ બન્ને પદોમાં પીર સદરૂદીને કાયાને કસવાનું, સખાવત કરવાનું અને રોઝે કયામત માટે લખ્યું છે.

એજી આલ ઇમામ કી ખબર ન જાણે,
સો મુરખ હાથ ધસતાં. (૯)
એજી આલ ઇમામ અરાધો મોરા ભાઈ,
તો મન વાચા ફળ પામો. (૧૦)

(પીર સદરૂદ્દીન)

એજી સાથી તુજકો મીલે, જબ છોડે હું હું,
સબ બાતાં સાહીકુ સોંપીએ, હરદમ કહેવે તુંહી તુંહી. (૨)
એજી સાચા દીન રસુલ કા તમે સહી કરી જાણો,
જે કોઈ ચહાવે દીનકું, તાકું દીનમેં આણો. (૩)

( સઇયદ મહંમદ શાહ )

એજી જાગીને જીકરજ લીજીએ,
તેની રહેણી રઈરે સમતોલ.
તીમીર હોય તો ટલી પડે,
શણગાર જડશે સોલ (૩)
જો મુરશદ દીવો જગમાં મલે,
તો પરગટ છે પરી બરહમ × (૯)
એજી એવે હેતે સતપંથ સરેવીએ,
પણ જીકરે જડશે દામ.
સતગુરૂ ઇમામશાહ એમ ભણે,
તમે તજો તે ક્રોધને કામ (૧૦)

( પીર ઇમામશાહ )

× પરબ્રહ્મ.



એજી મુરશદ કામીલ કો સંગ કરીએ,
ઓર અવિદ્યા સબ જાએ વીસરીએ. (૪)

( પીર શમ્શ )

એજી નબી મહોંમદ બુજો ભાઈ,
તો તમે પામો ઇમામ.
મુશરક મન તો કાફર કહીએ,
મોમન દિલ કુરાન. (૨)
અજાઝીલ ફરમાન ન માનેઆ,
સો લેખા રદજ કીયા. (૪)
એજી અઢાર લાખ બરસકી ઉમરો,
ઉસકું ખાલક દીઆ.
અનંત એલમ ને અનંત દોલત,
સો લેખા રદજ કીયા. (૫)
એજી અજાઝીલ ફીરસ્તા બુજરક* કહીએ
અને બુધવત ÷ કહીએ તેસા,
છત્રીસ કરોડ કીતાબા પઢીયા,
પણ ભીતર ભેદ ન પાયા. (૬)

(પીર સદરૂદ્દીન)

વણુ કલમે જો નીમાઝ ગુજારે,
શીર બીના ધડ કેસા. (૧૨)
એજી કલમા કુંચી મંદિર તેરા,
પેઠ ન સકે અનેરા.
કલમે બીના મૂક્ષ × ન હોવે,
સો કલમા કુંચી તેરા (૧૩)

(પીર સદરૂદ્દીન)

* બુઝુર્ગ. ÷ વિદ્વાન-બુદ્ધિશાળી. × મોક્ષ.

એજી મુરશદ કામીલકુ નહીં જાણે મોમીનો,
તમે જુગમાં ફીરો જેસા અંધા. (૧૧)
એજી પીછાનો રે મોમીન અપને અંતર સું,
તો દિલ નીરમલ જેસા ચંદા. (૧૨)
એજી મુરશદ માનો રે અપને મન ચીતસું,
સાંઇયા દીલ માંએ હરદમ હજુર. (૧૩)
એજી પીર કહેત ઇમામદીન વચન સુણો મુનીવર,
ભમર ગુફા ઉપર નૂર. (૧૪)

(પીર ઇમામશાહ)

જીરે ભાઇરે તુરે તુરે સરવે આલજ ચાલો,
ગુરજીનું રૂપ પીછાણોજી. (૩)

(પીર ઇમામશાહ)

જીરે ભાઇરે આલ ઇમામ આરાધે મોરા ભાઈ,
તો હોવે બહોત કમાઇજી.
ઇસિરે આલકુ તમે સાચી કરી જાણો,
તો હોવ અનંત ભલાઇજી. (૭)

(પીર સદરૂદ્દીન)

પીર પેગમ્બર તમે પરતક+ પૂંજો, ÷
જેથી ટળે જીવને જંજાળ.

( પીર ઇમામશાહ )

ગુર નાચે ગરબી માંહે,
કે ગાયે કુરાનનેરે લોલ.

( પીર શમ્શ )

+ પ્રત્યક્ષ. ÷ માનો.



એ છેલા તે વેદ × કુરાન,
ગુર કહે છે વાણ અનેક.
રમવા નીસર્યા રે મા.

( પીર શમ્શ )

કલમા કહો રે મોમીનો, તમે મત જાઓરે ભૂલ,
રાહ અલી નબીજી કી સાચ હય, એ હોવેંગે સદા કબુલ. (૧)
એજી આલ નબીકી તમકો ભેજીયા, ઇસ દુનિયા કે બીચ,
નીમાઝ, બંદગી, કલમા હય, એ હય નીયામત ચીઝ. (૨)
એજી નબી તો જીવુંકા દાતાર હય, જેણે કલમા સુણાએયા,
જે મોમીન માનશે તે બહેસ્તી હોવેંગે, બાકી ગાફલ ભૂલા ગમાર. (૩)
એજી હેતે પ્રીતે મન ભાવસું, તમે જપો અલ્લાહ રસુલ,
કલમા કહે દિલ પાકસું, તો કુલ વીઘન હોવે દુર. (૪)

( પીર સતગુરૂ નુર )

એજી શરીઅત હક કરી જાણીએ, તો તુરત તરીકત પાએ,
હકીકત દીલમાંહે નકશીએ, તો મારફતે મીલી જાય. (૩)

( સૈયદ મહંમદ શાહ )

એસો ગુર જો તબહીક પાવે,
ઓર તોફીક લીલ્લાહી પાવે,
જો ચીંત અપનેકુ અંત ન ડુલાવે,
તબજા માર્ગ પ્રેમકા પાવે,

× જ્યાં વેદ શબ્દનો ઉલ્લેખ થાય છે તે તે ભાગ છે કે જેમાં ખુદાની વહેદાનિયત અને પયગમ્બર સાહેબની પધરામણીની ખબર જોડે સંબંધિત છે.

પેહલે તો તોકું શરીઅત બતાવે,
પીછે રાહે તરીકત લાવે,
તબ તુજે હાલ હકીકત આવે,
મારેફત કેરી શુધ બતાવે,

(પીર સદરૂદીન)

એજી તે એલમ આલથી પરગટેઆ
તેની શાખ છે કુરાન માંહે
કુરાન કુદરત માંહેથી ઉતરીયા
તેની શાખ છે એ ધર માંહે (૧૬)

( પીર ઈમામશાહ )

નીરાલા નીરીંજન કહીએ
નીરાલી કહીએ કુછ બાતરે
મુંગે સપના પાયા
સમજ સમજ પછતાયા રે (૧)
જો નફસાનિયતકુ નાંખે
સબ રોજે રમજાન કે રાખે
મનથી હોઈ શહાદત ભાખે
તબ લીજ્જત ઈસ્લામકી ચાખે (૨)
ચાર મઝહબ બરહકક કરી જાને
ચાર કીતાબકુ સહી પીછાને
અપને નબીકુ હક કરી માને
પીર તુજે હોવે દુરસ્ત ઈમાને (૩)
વાજબ ફરજ જો સત કરી માને
સબ હય યેહ કામ અરકાન પીછાને
રોઝ કીયામત સહી કરી જાને
રબ કા હુકમ મનમાં ઠાને (૪)



પડે કુરાન કીતાબાં બુજે
તો તુજે રાહ નબીકી સુજે
જો મુખ એહમદ કેરા બુજે
રાહ નીરીંજન આપે સુજે

( પીર સદરૂદીન )

# પીર સૈયદ હસન કબીરૂદીન (કદ)

પીર ઉઠી આખિર સદા તૌહિદ કી પંજાબસે
હિંદ કો એક મર્દે કામિલને જગાયા ખ્વાબસે

પીર કબીરૂદીનનો જન્મ ઈરાનમાં થયો હતો. બચપણુની કેળવણી પણ આપે ત્યાંજ સંપાદન કરી હતી. મરવાન શહેરની હુકુમત આપની પાસે હતી અને ઘણી દોલત પણ હતી છતાં તેનો ત્યાગ કરી આપે દુરવેશી અખત્યાર કરી હતી ને હંમેશા પ્રભુ ભકિતમાં મશગુલ રહેતા હતા. આપને ફારસી, અરબી, ઉર્દૂ તેમજ હિંદી ભાષા અને સિંધી ભાષાનું સારૂ જ્ઞાન હતું. આપના સ્વરચિત ભજનો ઉપરથી આપના બહોળા જ્ઞાન અને અનુભવનો પરિચય મળે છે. મુરિદોને શુક્રવારી બીજ કરવાનું આપે ફરમાવેલું છે. વળી "હેજંદા" શબ્દ વિષે લખ્યું છે કે, તે કહેવાથી હાથીને દાનમાં આપવા બરાબર પૂણ્ય થાય છે અને "કાયમ પાયા" કહેતાં ઘોડાના દાન જેટલું પૂણ્ય મળે છે. પીર સતગુરૂનુર જ્યારે મૂર્છા ચયના દગાથી સાવધ થઈને બેઠા થયા ત્યારે ચોટે કહ્યું કે હેજંદા એટલે પીર સજીવન થયા છે ત્યારે પીર સતગુરનુરે કહ્યું કે, કાયમ પાયા એટલે હું તો અમર છું.

સતપંથ મિશનની એ બહુ અગત્યની સંજ્ઞા છે. કોઇ માણસ સતપંથના ધાર્મિક મંડળમાં સામીલ થવા માંગતો હોય તો તે મૂખીને સલામ આપતી વખતે કહે કે, હેજંદા ત્યારે મૂખી વળતો જવાબ આપે છે કે, કાયમ પાયા એટલે તે સતપંથી છે એ બીનાની લોકોને ખાત્રી થાય છે.

પીર કબીરૂદ્દીન સાહેબે જમાત ખાનામાં દાન પૂણ્ય માટે જમીનમાં ખાડો ખોદી તીજોરી રાખવા આજ્ઞા આપી હતી અને સહુ લોકો ભેટની રકમ તેમાં નાંખી જતા. આપની ઓલાદ માટે જ્ઞાનમાં લખ્યું છે કે,

અઢાર ફરજંદ તેના કહીએ,
સાત હુરમત જાણ.
એક તેની બેટી કહીએ,
બાઇ બુઢાઈ તેનું નામ.

આપના અઢાર ફરજંદો અને પુત્રી મળી ઓગણીસ બાળકો હતા ને તે સહુ કસ્ફો–કરામતથી ભરેલા, અને તે જમાનાના ઓલિયાએ કિરામના દરજજે પહોંચેલા સુફી દુરવેશો હતા. તે સહુએ હિંદમાં જુદા જુદા સ્થળોએ જઈ દાઅવતનું કામ કર્યું છે. તેમના નામો અને વફાત કયાં થઇ તે સ્થળોનો કોઠો હેઠળ આપવામાં આવે છે:–

૧–પીર શાહ કલંદર ( દિલ્હી ) ૨–પીર ઔલીયા અલી ( લાહોર )
૩–પીર તૈયબ ( સિંધ ) ૪–પીર અલાઉદ્દીન ( મુલતાન )
૫–પીર ફરમાન ( મુલતાન ) ૬–પીર ઈસ્લામુદ્દીન ( લાહોર )
૭–પીર રહેમતુલ્લાહ ( લાહોર ) ૮–પીર જઝબોદ્દીન ( મુલતાન )
૯–પીર જાફર ( લાહોર ) ૧૦–પીર આદમ મ્હેંદી ( લાહોર )
૧૧–પીર નૂર મ્હેંદી (ઉચ્છ) ૧૨–પીર બલકલંદર શાહ (મુલતાન)
૧૩–પીર બધે (અકબરાબાદ) ૧૪–પીર શહાબુદ્દીન (મુલતાન)
૧૫–પીર લાલ શેહબાઝ કલંદર (સેવાન) ૧૬–પીર અવ્વલશાહ (મુલતાન)
૧૭–પીર ગયબીશાહ (મુલતાન) ૧૮–પીર ઈમામુદ્દીન સાહેબ (પીરાણા જીલ્લા અમદાવાદ )



પીર કબીરૂદ્દીનની વફાત ઉચ્છ શહેરમાં સંવત ૧૫૫૦ના કાર્તક માસમાં, મુસલમાની તા. ૧૭ મીએ થઇ હતી; એમ "જીન્નત નામા" નામના જ્ઞાનમાં લખ્યું છે, તે પાઠ હેઠળ આપવામાં આવે છે:–

એજી સંવત ૧૫૦૫
અને કાર્તકનો માસ
(મુસલમાની) તારીખ ૧૭મી એ જામો છૂપાવ્યો
પીર હસન કબીરદ્દીન બાપ
એજી પ્રભાત વેળાએ જામો છૂપાવ્યો
અને તે છુપાવ્યા ઉચ્છ નગર મોજાર
( જીન્નત નામા )

આપની કબરથી હંમેશા ફયઝ જારી છે અને કબર ઉપર સુંદર દરગાહ બનાવવામાં આવી છે. સેંકડો લોકો આપની દરગાહની ઝીયારત માટે જાય છે અને આપના વસિલાથી લોકોની માંગેલી મુરાદ પૂરી થાય છે.

## સાધ્વી બાનુ બુઢાઈ

સાધ્વી બાનુ બુઢાઇ, પીર ઈમામુદ્દીન સાહેબના સગા બ્હેન થતા હતા. આપના લગ્ન મોટે ઘેર થયેલા હોવાથી ખુદાવંદે કરીમની યાદ બુદના રસ્તાથી આપ અનિચિત હતા, જયારે આપને એ માર્ગ અખત્યાર કરવા સમજ આવી ત્યારે આપે પોતાના ભાઈ ઈમામુદ્દીન સાહેબ જોડે કેટલોક સંવાદ કરેલો છે, જે બાઇ બુઢાઇના જ્ઞાનો નામે સતપંથી સાહિત્યમાં મોજુદ છે. બાઈ બુઢાઈને હકીકતની મંઝિલનું જ્ઞાન હાજર બેગથી મળેલું છે. આપની વફાત કયાં થઈ અને કબર કયાં છે ? તેને લગતી હકીકત હજુ સુધી અંધારામાં છૂપાયલી છે.

# પીર સૈયદ તાજદ્દીન (કદ્દ)

પીર તાજદ્દીન, પીર હસન કબીરૂદ્દીન સાહેબના પ્રતાપિભાઇ થતા હતા, એવું બાઈ બુઢાઈના કહેલા જ્ઞાનો જોવાથી માલમ પડે છે. આપે પંજાબ અને સિંધમાં દાઅવતનું કામ ઘણાં વેગપૂર્વક કર્યું હતું. પોતે વિદ્વાન આલિમ હોઈ એક સારા વકતા અને ભજનિક હતા. ખુદાવંદ કરીમના ગુણગાન કરતા ભજનો રચી લોકોને હંમેશા સંભળાવતા રહેતા હતા, જેથી સેંકડો લોકો આપની તરફ રજુ થતા હતા.

પીર હસન કબીરૂદ્દીને આપને સિંધની જમાતની હિદાયત માટે ખલીફા તરીકે નિમ્યા હતા. આપે એ કામ ઘણાં ખંત પૂર્વક સરંજામ પહોંચાડયું હતું. આપની વફાત ઉચ્છ શહેરમાં થઇ હતી. જ્યારે આપના શરીરને ગુસલ ( સ્નાન ) આપી જનાઝામાં મૂકયું તે વખતે આપો આપ જનાઝો ઉડી સિંધના **જીણુ નામના ગામમાં** આવ્યો. જ્યારે જનાઝો એકાએક ઉડવા લાગ્યો, ત્યારે આપની ચાર દાસીઓએ તેના પાયા પકડી લીધા એટલે તે પણ જનાઝા સાથે ઉડીઓ. ત્રણના ઇમાન રસ્તામાં કાયમ ન રહેવાથી તેઓ પડી ગઈઓ અને એક ઠેઠ સિંધ સુધી પહોંચી. આપે તેને કરામાત આપી. તેની કબર પણ આપની કબરથી આથમણી બાજુએ છે. ખોજા લોકો તેને દાંઇ દાદલી કહે છે. તેના વંશના લોકો આપની દરગાહ ઉપર મુજાવર તરીકેની ફરજ બજાવે છે. દરગાહ જોવા લાયક છે અને કબરથી હાલ પણ ફયઝ જારી છે. પીર તાજદ્દીનના બનાવેલા સેંકડો જ્ઞાનો પંજાબી અને સિંધી ભાષામાં હાલ પણ ખોજા કોમના ધર્મ પુસ્તકોમાં જળવાયલા મોજુદ છે.



# પીર સૈયદ ઈમામુદ્દીન (કદ્દ)

ઉર્ફે

# ઈમામશાહ બાવા

એફેઝ યહાંસે કોઇ અસલા નહીં ફિરતા,  
દરિયાપે પોહોંચકર કોઈ પ્યાસા નહીં મરતા.

**તા.** ૨૭ માહે રબીઉસ્સાની સને ૮૫૬ હિજરીમાં પંજાબમાં આવેલા ઉચ્છ મૂકામે આપનો જન્મ મહાન બુઝુર્ગી સાથે થયો હતો

આપના માતુશ્રીએ જન્મ થયા પછી એક સફેદ કપડામાં વીટાળી પીર કબીરૂદ્દીન સાહેબના હાથમાં આપ્યા. આપે ખોળામાં લઈ ફરમાવ્યું કેઃ—

આ પુત્ર પોતાના જમાનાનો કુતુબ અને ગૌસ થશે, અને તેની કરામતો બાતિન અને જાહેરમાં પ્રકાશશે.

પિતાની હયાતીમાં જાહેર તથા બાતિની દરેક પ્રકારની વિદ્યા આપે સંપાદન કરી હતી. લકબ સૈયદ અબ્દુર્રહીમ હતું, પણ ઘણા લોકો આપને ઇમામ કહેતા, તેનું અપભ્રંશ અત્રે ઇમામશાહ થઇ ગયું છે.

બાળવયથી આપના હાથે જુદા જુદા વખતે કરામતો અને ચમત્કારો થતા રહ્યા છે.

મુનકીર જો મિલા દીનકી દૌલત ઉસે બક્ષી,  
નાદાર જો પોહોંચા તો ફરાગત ઉસે બક્ષી.  
કમઝોર ગયા દિલકા તો હિમ્મત ઉસે બક્ષી,  
કી જુસ્તે તલબ ફુલકી જન્નત ઉસે બક્ષી.

આપના પિતાશ્રીથી જેટલી ઔલાદ પેદા થઈ છે, તે સર્વે ઓલિયાએ કિરામના દરજ્જાને પહોંચી છે.

ઈમામશાહ બાવાની પંદર વર્ષની વય થતાં પિતા બુઝુર્ગવાર તરફથી ઈલ્મ બાતિનીનો અખુટ ખજાનો બક્ષવામાં આવ્યો હતો અને આજ્ઞા કરી હતી કે ગુજરાત તરફ જઈ લોકોને ખુદાવંદે કરીમની વહેદાનિયત અને પેગમ્બર સાહેબની રીસાલતનો સંદેશો પહોંચાડો. એ સાંભળી આપ ત્યાંથી નીકળ્યા અને થોડેક દૂર પહોંચ્યા, એટલામાં પિતા બુઝુર્ગવારની વફાતની કુદરતી આગાહી થતા આપ ત્યાંથીજ પાછા ફર્યા.

પીર કબીરૂદ્દીન સાહેબનો જનાઝો લોકો ઉપાડીને ચાલતા માર્ગમાં મળ્યા. ઈમામશાહ બાવાએ તરતજ જનાઝો અટકાવી પિતાથી ન્યામતની માંગણી કરી. આ જોઈ લોકો આશ્ચર્ય પામ્યા અને ભાઈઓ તથા મુરીદોએ સમજાવ્યા કે આ વખત ન્યામત લેવાનો નથી. આપે જવાબ આપ્યો કે ઔલીયાએકિરામ વાસિલેહક થયા પછી પણ ઝીન્દા હોય છે માટે હું એમનાથી જે કાંઈ મેળવવા ઈચ્છું છું તે મેળવીશ. લોકોએ ઉત્તરમાં જણાવ્યું કે આ વખત ન્યામત મેળવવાનો નથી પણ દફન ક્રિયાનો છે. આપે તેના જવાબમાં કહ્યું કે પિતાશ્રીએ મને એ બદલ વસિયત કરેલી છે એટલે તરતજ જનાઝામાંથી પીર કબીરૂદ્દીનનો હાથ બહાર આવ્યો અને સર્વેના જોતાં એક તસ્બીહ અને બીજી કેટલીએક ન્યામતો બક્ષી અને જણાવ્યું કે એથી પણ કાંઈ વધુ જોઈતું હોય તો ઈમામ જાફરે સાદિક (રહે.)ની દરગાહથી મળશે. પિતાના આ કલામો સાંભળી આપ ઘણા ખુશ થયા અને લાશને અવલમંઝીલ પહોંચાડી ચાલીસાની ઉત્તર ક્રિયા ખલાસ થતાં આપ અરબસ્તાન તરફ રવાના થયા.

શહેર કેરમાનમાં પહોંચતાં ત્યાં મોટી જલાલત ભરેલા શેખ ગુલામમહંમદને ભેટયા. તેઓ પીર કબીરૂદ્દીનના શ્રેષ્ટ મિત્ર થતા હતા. ત્યાં આપે કેટલાએક દિવસ રહી છીલ્લાકશી કર્યા બાદ સૈયદ નૂરશાહની મુલાકાતનું માન મેળવ્યું. તેઓ તે જમાનાના



વલીએકામિલ હતા. તેઓએ પૂછ્યું ,કે મારી આંખોના નુર, આપ શી મતલબે આવ્યા છો ? ઈમામશાહ બાવાએ જણાવ્યું કે આપ સર્વે વાતે ખુદાની કરામતોથી ભરપુર છો તેથી છુપી બાબતો જાણી શકો છો. મારી સૌ કેફીયત આપને રોશન છે માટે હું શું અરજ કરૂં ? ઉમ્મીદ છે કે આપ મારી દિલી મુરાદ પરીપૂર્ણ કરશો.

આ હકીકત સાંભળી તેઓ સાહેબે જાહેર તથા બાતિની કરામત બક્ષી, આપને રૂખસત કીધા અને ફરમાવ્યું કે તમને પિતા બુઝુર્ગવારે સર્વે કરામતો સોંપી છે અને ખુદાવંદે કરીમના જાહેર તેમ બાતિની રસ્તાથી જાણીતા કરેલા છે, જે તમારા ખાનદાનમાં પરંપરાથી સિલસિલાવાર (અનુક્રમે) ચાલ્યા આવે છે, માટે તમને મારી પાસેથી વિશેષ કાંઈ મેળવવાની જરૂર ન હતી. ત્યાંથી આપ હ. ઇમામ જાફરે સાદિક (અ.)ના રોઝા ઉપર ગયા અને ઝિયારતથી મુશર્રફ થઇ ફેઝ રસીદા થયા અને હિંદ ખાતે પાછા ફર્યા.

ગુજરાતની મુસાફરી દરમ્યાન આપની સાથે હાજરબેગ હતા. સિંધના જુણ ગામમાં આપે મુકામ કર્યો હતો. ગામના ખોજાઓએ આપની કાંઈ પરોણા ચાકરી કરી નહીં. ખોજા જમાત ખાનામાંથી આપને ચાલી જવા જણાવ્યું. ત્યાં એક પ્રેમજી નામનો ખોજો રહેતો હતો. તેણે આપનો જાહેર આદરસત્કાર કરી માન આપ્યું.

સંવત ૧૫૦૮ના ભાદરવા સુદ ૧૧ ના રોજે પીર ઈમામુદીન ગુજરાતમાં અઠુણા નામના ગામમાં આવ્યા. એક મસ્જીદમાં ઉતારો કર્યો. ત્યાં જે મુસલમાનો નમાઝ પઢવા આવતા તેમણે એ પીરને કહ્યું "તમે મુસલમાન છતાં નમાઝ કેમ નથી પઢતા." ઇમામશાહ બાવાએ જવાબ આપ્યો કે, મારા વતી મસ્જીદનો મિનારો નમાઝ પઢશે. એમ કહી તેમણે ખુદાવંદે કરીમની પ્રાર્થના કરી એટલે તરતજ મિનારો સિજદા માટે નમ્યો. તે જોઇ લોકો નાશી છુટયા.

આ વાતની ખબર અમદાવાદના પાદશાહ મહંમદ બેગડાને

પડી. તેણે પીરને પોતાની હજુરમાં બોલાવ્યા અને મેહમાનદારી કરી. ખાવાની અંદર એક રકાબીમાં બિલાડીને ઝુબેહ કરી તરકારી મૂકાવી હતી. આપે રકાબીને લાકડી થોકી કહ્યું કે ઉઠ ચાલીજા, અહીં તારૂં શું કામ છે? તરતજ બિલાડી સજીવન થઇ રકાબીમાંથી કુદકો મારી ચાલી ગઇ. બાદશાહ અને તેની પાસેના આપની આ કરામત જોઈ દિગમૂઢ થઇ ગયા. પાદશાહે આપને ઇનામ આપવા માંડયું પરંતુ આપે એક વહેલ ( ગાડી ) સિવાય બીજું કાંઈ લીધું નહીં.

આ પછી પીર ઇમામશાહ બાવા ગીરમતા ગામમાં આવ્યા. રસ્તામાં નાયો મળ્યો, જે લુટારાનો સરદાર હતો. તેણે આપની વહેલ પકડી તેથી આપે ફરમાવ્યું કે, તારા અપકૃતની કમાઈ તારા કુટુંબ સાથે તું ખાય છે પણ તેના પાપમાં ભાગ લેવા સારૂં તારૂં કુટુંબ કબૂલ છે કે નહીં? તે તારે તેઓને પૂછવું જોઇએ. નાયાએ તેમ કીધું. તેની સ્ત્રી કેશર, દિકરી ધીરજ, બાપ પસુર પગી અને બેન ગંધુર એ બધાઓએ પાપમાં ભાગ લેવા નાપાડી, તેથી નાયાને જ્ઞાન આવ્યું. ધાડપાડુનો ધંધો તે દિવસથી તેણે બંધ કીધો અને ઇમામશાહ બાવાનો શિષ્ય થયો.

ગીરમતા ગામની ભાગોળે ટેકરા ઉપર મુકામ કર્યા પછી દૈવયોગે એક બે વર્ષ વરસાદ પડયો નહીં, અને દુષ્કાળની સનસનાટી આખા ગુજરાતમાં જણાઈ તેથી ગામના પાટીદારો પીર ઇમામશાહ બાવાને સંતપુરૂષ સમજી તેમની પાસે આવી મેઘ વૃષ્ટી માટે વિનંતિ કરી. પીર ઇમામશાહે જવાબ આપ્યો “ અભી બરસાત આયગા ” પછી તરતજ વરસાદ થયો. આપની આ કરામત જોઈ હજારો પાટીદારો આપના અનુયાયીઓ થયા.

ઇમામશાહ બાવાએ ગામથી દૂર સતપંથ આશ્રમ બાંધવા ઇચ્છા પ્રદર્શીત કરી અને પોતાના મુકામથી પશ્ચિમ દિશાએ તીર ફેંકયો. તે જ્યાં જઈ પડે તે ઠેકાણે આશ્રમ બાંધ્યું. એવામાં



અમદાવાદનો પાદશાહ મહંમદ બેગડો શિકાર કરવા માટે ત્યાં આવી ઉતર્યો. તેણે પીર ઇમામશાહ બાવાની પરીક્ષા લેવા સારૂ દુધમાં ઝેર નાંખીને પાયું તો પણ આપને કાંઈ ઇજા થઈ નહીં. પછી પાદશાહ આપને પોતાના દરબારમાં અમદાવાદ લઈ ગયો. તે પછી આપ કેટલોક વખત અમદાવાદમાં અને કેટલોક વખત પોતાની જગ્યામાં આવી રહેતા હતા.

સંવત ૧૫૧૦માં કાર્તક વદ ૧ના રોજે પીર ઇમામશાહ નાયા કાકાને બીજી વખત મળ્યા. નાયાએ ગુરૂ સેવા બહુ કરેલી જોઈ આપે તેને જાહેર તથા બાતિનની કરામતો આપી અને તેના હકમાં દુઆ કરી.

સંવત ૧૫૧૨ની સાલમાં ઇમામશાહ બાવા, શાહે આલમ સાહેબના ખાનદાનના સૈયદ મહંમદ બુખારીની પુત્રિ બીબી ખતીજા સાથે પરણ્યા.

સંવત ૧૫૨૪ માં પીરાણાની દરગાહનો પાયો નાંખ્યો અને તે અરસામાં સૈયદ ખાલિક શાહનો જન્મ થયો. તે સિવાય સૈયદ બાકર શાહ, બાલાશાહ અને મહંમદ શાહ તેમના ફરઝંદો થયા. તેમાં છેલ્લા શાહઝાદા મહંમદશાહ વધારે કીર્તિવાળા થયા. તેમના લગ્ન પાદશાહ મહંમદ બેગડાની દિકરી વેરે થયા હતા. પીર ઇમામશાહ બાવાએ પોતાની કબરના વાસ્તે પીરાણામાં રોઝો બાંધ્યો. તે ઉપર આશરે દોઢ લાખ રૂપિઆ ખર્ચ્યા છે. રોઝાની દક્ષિણે ચાલીસ કદમ છેટે નગીના ગુમટી નામે પોતાની બેઠક હતી. ત્યાં ગાદી ઉપર બેસીને રોજ સાંજે ગાદી નીચેથી નાણું કાઢીને મજુરોને રોજ ચુકવી આપતા હતા. તેથી મજુરોએ જાણ્યું કે આ ગાદી હેઠળ ખઝાનો છે એટલે તેમણે રાત્રે આવી તેજ ઠેકાણે ચોરી કરવા સારૂ ખોદયું પણ કાંઈ મળ્યું નહીં. બીજે દહાડે સાંજે મજુરી ચુકવી આપતાં પીર ઇમામશાહ બાવાએ બેગારીને કહ્યું કે તમે રાત્રે જે આ ગાદી

હેઠળ ખોદવાની મહેનત કરી છે, તેના પણ આ પૈસા લો, એમ કહી પૈસા આપ્યા.

દરગાહનું બાંધકામ જ્યારે તૈયાર થયું ત્યારે તેમની સેવામાં મૂખ્ય સેવકો પાંચ હતા. તેમના નામ ૧–હાજરબેગ, ૨–ભાભારામ. ૩–નાયાકાકા, ૪–શાણાકાકા, ૫–ચીચીબાઈ. આ પાંચ જણાએ કહ્યું કે આપ હવે સ્વર્ગે જવાની તૈયારીમાં છો અને આપની સેવા અમોએ આજસુધી કરી તેના બદલામાં શું ફરમાવો છો. પીર ઈમામશાહે હાજરબેગને કહ્યું કે જ્યારે મારો દેહ પડશે ત્યારે તારો દેહ પણ પડશે. અને તારી લાશને મારા રોઝાથી વીસ કદમ દૂર દફનાવવામાં આવશે અને ઉનાળામાં ગમે તેવો તડકો પડે તો પણ તારી કબર ખુલ્લી હોવા છતાં તેને તાપ લાગશે નહીં. તે હમેશા થંડી રહેશે અને મારા સેવકો તારી કબરને ફુલ ચઢાવ્યા પછી મારી કબર ઉપર ચઢાવશે. એ ક્રમ આજ સુધી ચાલ્યો આવે છે.

ભાભારામને કહ્યું કે, ચરોતરમાં પેટલાદ પરગણામાં દેવા ગામ છે ત્યાં જઈ તમે મુકામ કરો અને ચીચીબાઈને કહ્યું કે તમે પણ દેવા ગામથી એક ગાઉ છેટે ગામ વસાવીને રહો. તમારી બન્નેની માનતા મારા જેવીજ ત્યાં ચાલશે અને આપે એ સર્વે સેવકોના હકમાં દુઆ કરી એટલે તે સર્વેને જાહેર તથા બાતિન કરામતોથી ભરી દીધા.

નાયા કાકાને પીર ઈમામશાહ બાવાએ કહ્યું કે તમે રેવા કાંઠે કાનમ પરગણામાં કુકસ ગામ છે ત્યાં જઈને રહો ત્યાં તમારી માનતા ચાલશે.

શાણા કાકાને પીરાણામાંજ રહેવા કહ્યું. તેથી તેઓ ત્યાંજ રહ્યા.

ઈમામશાહ બાવાની વફાત હિજરી સને ૯૧૯ માં રમઝાન માસની તારીખ ૨૬ મીએ થઈ છે. આપનો સંદલ દરવર્ષે ધામ



ધુમથી ઉજવવામાં આવે છે. કબરથી અત્યારે પણ ફૈઝ જારી છે. દરગાહની અંદર હમેશાં ઘીનો દીવો બળે છે. દરરોજ ગરીબોને કાચા અનાજનું સદાવ્રત અપાય છે.

દરગાહની પશ્ચિમ બાજુએ એક શાનદાર મસ્જીદ છે, તેની નજદીક બીજું ઇમામખાનું છે. દરગાહના કંપાઉંડમાં હજારો માણસો રહી શકે એવી ઈમારતો બાંધેલી છે. પાણીના માટે નળ મૂકેલા છે. સવાર સાંજ લોબાન થાય છે.

દરગાહની પૂર્વ દિશાએ એક કુવો છે. આ કુવામાંથી ગંગાજળ કાઢી આપે હિંદુઓના એક મોટા સંઘને કાશી બતાવી હતી તેથી આપની આ કરામત જોઇ હજારો માણસો આપના અનુયાયી થઈ ગયા હતા. અનુયાયી થયા પછી તે લોકોની જનોઈઓ ઉતારી નાખવા આપે હુકમ કર્યો, તેથી ત્યાં સવા પાંચમણ જનોઇનો ઢગલો થયો જે હજી પણ તે જગ્યાએ જોવામાં આવે છે.

સતપંથના શિક્ષણદ્વારા મહાન પીરોએ લોકોને દુર્વ્યશનોનો ત્યાગ કરવા ભારપૂર્વક સમજાવેલું છે અને મધુપાન, તાડી, તંબાકુ, લસણ, કાંદા, હિંગ આદિ વસ્તુઓને અશુદ્ધ ગણી તેનો નિષેધ કરેલો છે અને તે વાપરનારાઓને અશુદ્ધ અને ક્રિયાહીન જણાવ્યા છે. વળી અહિંસા પરમોધર્મનો અંગિકાર કરવા સતપંથના નિયમોમાં તાકીદ આપેલી છે.

અમદાવાદથી સાત ગાઉના અંતરે ઈમામશાહ બાવાની જાણીતી દરગાહ આવેલી હોવાથી અને રસ્તો પાકો હોવાથી મોટર સર્વિસના કારણે હજારો યાત્રાળુઓ નિયમિત આવજાવ કરે છે. તેમના રહેવા ખાવાની સોઈ દરગાહના વ્યવસ્થાપક તરફથી કરવામાં આવે છે. દરગાહ પ્રાચીનકાળની સુંદર કારિગીરીનું ગર્વ પ્રદર્શિત કરતી હોવાથી હમેશા મુસાફરો અને યુરોપીયન શિલ્પશાસ્ત્રીઓ દરગાહ જોવાને આવતા રહે છે.

ઈમામશાહ બાવાની ગાદી ઉપર હંમેશા સૈયદો અને જમાત તરફથી, જે દરબારમાં ત્યાગી સેવકો રહેતા હોય તે પૈકી જે વધુ લાયક હોય તેને કાકા (વ્યવસ્થાપક)ની પદવી આપવામાં આવે છે અને તે કાકા દરગાહ અને જમાતની દેખરેખ રાખી સુવ્યવસ્થા જાળવી ધર્મોપદેશ કરતો રહે છે તેમજ તેના તરફથી ઉત્પન્ન ખર્ચનો હીસાબ રાખવામાં આવે છે. દરગાહ અને સદાવ્રતનું ખર્ચ તે ચલાવે છે અને પ્રાચીન પ્રણાલિકા માફક પીર ઈમામુદ્દીન સાહેબની ઓલાદના સાદાતોને વર્ષાશન અને હક્ક દસ્તુર સાલાબાદ વહેંચતો રહે છે. જમાતની સઘળી વ્યવસ્થાને લગતું કાર્ય કાકાના જીમ્મે હોય છે. કાકા હંમેશા ત્યાગવૃતિનો હોવો જોઇએ. વળી તે સદાચારી અને પરહેઝગાર પણ હોવો જોઈએ. બ્રહ્મચર્યનું તેણે હમેશા પાલન કરવું જોઈએ અને હમેશા ભગવા વસ્ત્રો પહેરવા જોઈએ. મુજાવર બદલના ચિન્હ બદલ હંમેશા શિરપર અમામો (પાઘડી) બાંધી દાઢી રાખવી જોઈએ અને દુનિયાની સઘળી વિષયવાસનાઓનો તે ત્યાગી હોવો જોઇએ અને હંમેશા પરમાત્માની બંદગી કરવી એ તેનું મૂખ્ય લક્ષણ હોવું જોઇએ. એ સિવાય પણ કાકાને બીજા ઘણાં ઉપનિયમો પાળવાના હોય છે ત્યારે તે કાકાની પદવીના લાયક બને છે.

પીર ઇમામશાહ બાવાની ગાદી ઉપર કાકાને આવ્યા પછી ના. બ્રિટિશ સરકાર તરફથી હથિયારબંધીના કાયદામાંથી મૂક્તિ આપવામાં આવે છે. કાકાઓને હંમેશા બંન્ને ઇદોની નમાઝ વેળા સૈયદોની સાથે શામીલ રહેવું પડે છે તેમજ મહોર્રમમાં ઈમામખાનામાં હાજર રહી હંમેશા ધાર્મિક ક્રિયાઓમાં હાજર રહેવું પડે છે. સાદાતોના ત્યાં સારા-માઠા પ્રસંગોએ હાજર રહી, કાકા તેમના સુખ દુઃખમાં ભાગ લે છે.

દરગાહની પૂર્વ દિશાએ ગંગલો કુવો નામે એક ઐતિહાસિક કુવો આવેલો છે, જેમાંથી પીર ઈમામશાહ બાવાએ ભક્તિનું આવા-



હન કરી ગંગાજળ કાઢી યાત્રાએ જતા સંઘને સ્નાન કરાવ્યું હતું અને પછી કાશી-વિશ્વેશ્વરના દર્શન કરાવ્યા હતા.

પાદશાહ ઔરંગઝેબના શાસનકાળમાં પીર ઈમામુદ્દીન સાહેબના વંશના સૈયદ અશરફશાહને દિલ્હી ખાતે બાદશાહે બોલાવી મંગાવ્યા હતા. પાછળથી તેમની કરામત અને વિદ્વતાના કારણે પાદશાહે ખુશ થઇ ઘણું ઈનામ અકરામ આપી દરગાહના કમ્પાઉન્ડની ૪૫ વીંઘા જમીનની માફી લખી આપી હતી અને પેઢીનામું તપાસી તેના ખરાપણા બદલ તેના પર શાહીમહોર લગાવી આપી હતી. સદરહુ બંને શાહી દસ્તાવેજો હાલ પણ પીરાણાના સાહિત્ય ભંડારમાં મોજુદ છે અને તે બંને મરહુમ લક્ષ્મણ કાકાએ આ પુસ્તકના કર્તાને બતાવ્યા હતા.

ના. બ્રિટીશ સરકાર તરફથી પણ દરગાહની ચીરાગ બત્તિ માટે રોકડ રકમનું વર્ષાશન મળે છે તેમજ ઘણી કિંમતી જમીનો મળેલી છે. ના. ગાયકવાડ સરકાર તરફથી પણ કાનમ જીલ્લામાં ઘણી કિંમતી જમીનો ભેટ મળેલી છે. આવી રીતે વડી સરકાર અને આપણી સરકારે દરગાહના માનમોભામાં વધારો કરી આપેલો છે.

સેવકો સિવાય જાહેર જનતામાં પણ પીર ઈમામુદ્દીન સાહેબ પ્રત્યે ભારે શ્રદ્ધા છે. જો કોઇના માથે કંઈ તોહમત આવ્યું હોય તો તે માણસ લોખંડની બેડી પહેરીને આપના મઝાર શરીફ પાસે જાય તો તે જો સાચો હોય તો લોખંડની બેડી એકદમ તુટી જાય છે. એથી લોકોને તેની નિર્દોષતા બદલ ખાત્રી થાય છે.

કાકાને ગાદીએ બેસાડવાના સમારંભ પ્રસંગે કાકાની ગાદી મેળવવા માટે જો બે ઉમેદવારો હોય તો તે વખતે પણ બેડીનો ઉપયોગ કરવામાં આવે છે. જેની બેડી તુટી જાય તે ગાદી ભોગવવા લાયક ઠરે છે.×

× ઉપલી બંને કરામતો હજી પણ જારીજ છે.

ઈ. સ. ૧૯૨૬ ની સાલમાં પીર ઇમામશાહના કચ્છના મુરીદોની શુદ્ધિ કરવાની ચળવળ પટેલ નારણ રામજીએ ઉપાડી અને સતપંથ અને સતપંથના પીરો વિરૂદ્ધ પ્રચાર–કાર્ય કર્યું. એની અસરના કારણે કચ્છના સતપંથી સેવકોમાં બેદિલી પ્રસરી અને તેમણે નિશ્ચય કર્યો કે, દશોંદના નાંણાં જે દરસાલ ચૈત્ર શુદ ૨ ના દીને જમાતનો સંઘ પીરાણા ખાતે લઇને આવે છે, તે ઇમામશાહ બાવા કંઈ ચમત્કાર બતાવે નહીં, ત્યાં સુધી દરગાહમાં મૂકવા નહીં. એ સંઘ ધારેલા ટાઈમે પીરાણા ખાતે આવી પહોંચ્યો. ઈમામશાહ બાવાએ જે કુવામાંથી ગંગાજળ કાઢી લોકોને કાશીના દર્શન કરાવ્યા હતા. એ કુવાની બાજુમાંથી એકાએક એક પાણીનો ધોધ કુદરતી ફુટી નીકળ્યો અને તે પાણી આઠ દિવસ સુધી લાગટ વહયું. કચ્છની જમાતમાં આવેલા લોકો આપનો આ ચમત્કાર જોઈ દંગ થઇ ગયા. પાણીના વહેતા ધોધ પાસે જમાતના લોકો આવ્યા. ફુલ અને નાંળીએર વધેર્યા અને પોતાની શંકાનું સમાધાન થયું છે એમ જાહેર કર્યું એટલે પાણી તુરતજ નિકળતું બંધ થઈ ગયું. જમાત દશોંદની હુંડી સાથે લાવી હતી, એ દરગાહમાં મૂકી. આપના આ ચમત્કાર વેળાએ પુસ્તક મજકુરના કર્તા ત્યાંજ હાજર હતા. કુવાનું પાણી હંમેશા ત્રીસ ફુટ ઉંડાઈએ સ્થિર રહે છે છતાં આ પાણીનો ધોધ કચ્છની જમાતે પીરાણાના દ્વારમાં પગ મૂકતાં ચાલુ થયો હતો અને જમાત આઠ દિવસ રહી ત્યાં સુધી નિરંતર વહેતો રહયો હતો. એ આ અદના લેખકે, નજરોનજર જોયું છે. કુવાની પાસે ઊભા રહેતાં અંદરથી એવો ઘુઘવાટ થતો હતો કે જાણે પાણીની સપાટી તળે કોઈ પાણી કાઢવાનું મશીન ચલાવી રહયું છે. આ ચમત્કારની વાત આજુબાજુના ગામડાઓમાં પ્રસરતાં દરરોજ હજારો લોકો એ જોવાને આવતા હતા. આ બનાવથી કચ્છની જમાતના લોકોના ઈમાનો પાછા સુદૃઢ થઈ ગયા અને શુદ્ધિ અને સંગઠ્ઠનની



હિલચાલ પીર ઈમામશાહના આ એક અદના પરચાથી ભસ્મીભૂત થઈ ગઇ.

પીર ઈમામશાહ મહાન તત્વજ્ઞાની અને પ્રખર ઉપદેશક હતા. તેમના સેંકડો જ્ઞાનો સતપંથ સંપ્રદાયમાં ઘણા લોકપ્રિય થઈ પડેલા છે, તે પૈકી અત્રે એક જ્ઞાન હેઠળ આપવામાં આવે છેઃ—

## જ્ઞાન ૧૭૬ મું

**(રચનારઃ—પીર ઇમામશાહ બાવા)**

એજી મનખા જનમ તેં દેહી ધરી
તેમાં ન સમજ્યેઓ સત ગીનાન
બે પીરૂ પાર ન પાઈએ
તેમાં ન જડે સતગુર શામ (૧)
એજી માયા મમતા છોડીએ
અને લીજીએ વિવેક વિચાર
તો ગુર મલે ફેરા ટલે
પછે આનંદનો નહીં પાર (૨)
એજી જાગીને જીકરજ લીજીએ
તેની રહેણી રઈ રે સમતોલ
તીમીર હોય તો ટલી પડે
શણગાર જડશે સોલ (૩)
એજી સોલ શણગાર સજીએ
તેનો વીસમો છે ઘાટ
પ્રેમ અર્પણ કીજીએ
તો મલે સતગુરની વાટ (૪)
એજી ધરમ ફદે રાચીયા
તેમાં દામ લીધાનો જવાબ

દાસી કેરો દિકરો
તે કેને કહેશે બાપ (૫)
એજી ગરથે તે અરથ ન સીધેઆ
અને ગરથમાં સંચો કોએ
સહી ગીરથ દિલ લીજીએ
જે ગુરની રહેણીએ હોએ (૬)
એજી રહેણીએ રહીએં મારા મુનીવરો
જેમાં દાગ ન લાગે કોએ
સંસાર સઘલો દુરમતિ
ભાઇ ફંદજ જાણો સોહિ (૭)
એજી કોઇકિજ વીરલા જાણીએ
જે સમજે સતની શાન
સરવમાં સાહેબ વસી રહેઆ
પણ કપટે ન ઉપજે ગીનાન (૮)
એજી કપટ અંગે પરવરીઆ
તમે લીઓ સતગુર મરમ
જો મુરશીદ દિવો જુગમાં મલે
તો પરગટ છે પરી બરહમ (૯)
એજી એવે હેતે સતપંથ સરેવીએ
પણ જીકરે જડશે ઠામ
સતગુર ઇમામશાહ એમ ભણે
તમે તજોને ક્રોધ કામ (૧૦)

ઇમામશાહ બાવા યોગની ક્રિયા જાણવામાં નિષ્ણાત હતા. તેમણે યોગીઓના એક મોટા સમૂહ વચ્ચે શાસ્ત્રાર્થ કરતાં એ વિષય ઉપર ઘણું પ્રવચન કરેલું અને યોગની ક્રિયાની મિમાંસા સમજાવેલી તે પૈકી એક પદ્ય હેઠળ આપવામાં આવે છે:—



આદ ઉણાદે અહંકાર ઉપના, તીયારે શબ્દમાં સરવે સમાયાજી,
આદેથી ઉપના તે અંતે સમાયા, તેજ મધે બાંધી કાયા;
જુગેસર જોગના મારગ ન જાણે કોઈજી (૧)
જોગી તે જે જુગત જાણે, શબ્દ તણા લાવે ગીનાનજી
ગીનાન સાધે ને મંઢલ પરકાશે, તો સુરતા મધે રાખે ધ્યાન
—જુગેસર (૨)
સીધને જાણી શબ્દને ઓલખે, ને જોગની કીરીયા સાધેજી
અગની પરકાશે ને વાણી પરજાલે, ને ગગન પાતાલ સુરતા બાંધે
—જુગેસર (૩)
તાલ તામસ બેહુ જોડે પરકાશે, સીધ તણી કીરીયા જાણેજી
ભરમા ઇંદ્ર ઇમામશાહે ઉપદેશ કીધા, તે જોગીએ જુગત પરમાણી
—જુગેસર (૪)

પીર ઇમામશાહ બાવા રચિત ભજનો સતપંથ સાહિત્ય ભંડારમાં બે વિભાગોમાં વહેંચાયલા માલમ પડે છે; તેનો એક ભાગ યોગવાણી નામે મશહૂર છે, જેમાં આત્મા-પરમાત્માની પ્રાપ્તીનો વિષય ચર્ચી યોગ દ્વારા તેને સમજાવી યોગી લોકોને ગ્રહસ્થાશ્રમ માંડી ભક્તિ કરવા સમજાવ્યા છે અને ત્યાગનો ઉચ્છેદ કર્યો છે અને બીજો ભાગ ગોરવાણી નામે છે, તેમાં નકળંકની સ્વારી એટલે ઇમામ મહેંદીના આવાગમનની ખબર આપવામાં આવી છે તથા જ્ઞાન રસ મેળવી ઉપાસના ભક્તિનો માહિમા સમજાવ્યો છે. દુનિયા ઝૂલ્મ અને અન્યાયથી ભરાઈ જશે, ધર્મને બદલે અધર્મના તરફ લોકો દોડશે ત્યારે ઇમામ મ્હેંદી જાહેર થશે, એ બદલ પીર ઇમામશાહ બાવા વિગેરે પીરોએ પોતાના જ્ઞાનોમાં નીચે મુજબ ખબર આપી છે:-

એજી આજકલ વારે સેવો શાહ મહેંદી
તુ સા ભુલી મ જાઓ મેડે ભાઇજી
(પીર શમ્શ)

એજી નૂર મહેંદી છત્ર ધરાવશે
ગાફલ ગગલા ખાએજી
(પીર હસન કબીરદીન)

એજી જેણે મહેંદીશાહના મરમ ન જાણેઆ
અને દાવે લાગા ગેમાર
તેણે કમાઈ ખોઇ જુગ ચારની
તેનો ભઠ પડીયો અવતાર
એજી તે જાહેરી સુલતાન આવશે
તે મુકરાને કતલ કરાએ
તારે જાહેર વેદ [1] ભણાવશે
તારે મુકર દૂર થાએ
( પીર ઈમામશાહ )

એજી જુગ માહેથી અંધારૂં ટાળશે
અને કરશે એકજ વરણ
અથર વેદ [2] માહે એમજ ભાખેયા
ભાઈ સર્વે હોશે તેને શરણ
એજી તારે સાહેબ અસ્વારી કરશે
અને મહેંદી ધરાવશે નામ
ત્યારે સર્વે કુફરાન ટાળશે
ભાઈ પલટે સર્વે જહાન
એજી અરબી ભાષા સામી બોલશે
ને સાંભળે સારી જહાન

૧–૨ ઉપરના ચરણોમાં વેદ શબ્દ જ્યાં છે તે ઇમામ મહેંદીની પેશનગોઇના ભાગ પૂરતો ઈશારો હોઇ જાહેર વેદ શબ્દથી પવિત્ર કુરઆન તરફ સ્પષ્ટ ઉલ્લેખ સમજવો.



તે ભણશે બ્રાહ્મણ વાણીયા
તારે થશે ધર્મ ધ્યાન
( પીર ઇમામશાહ )

એજી સર્વે પાખંડી ઇસિ જુગ તણા
તે માહે સાંચ જુઠના થશે નીસ્તાર
એવો અધર્મ જુગ પૂરો થશે
ત્યારે ઈમામ મહેંદી થશે અસ્વાર
( પીર ઇમામશાહ )

એજી આખર મહેંદી હોઇને આવીયાં
અને મહેંદી જીવ અનમુલ
ભાગ ઉનકે પૂરે હુવે જીન્ને તે કીયા કબુલ
એજી અવલ અલી અને આખર મહેંદી
એ આખર કેરા મરદ
ઉનસી ચીત જે ફેરાવીયાં તેની કમાઈ પડશે રદ
એજી આવેગા નકલંક [1] પાત્ર મહેંદી
શાહા કરે દુલદુલ અસ્વારીયાંજી
( 'પીર શમ્સ' )

એજી એવી વીખડી વેલા આવશે
તારે અલી મહેંદી થાશે અસ્વાર
કુફરાન જગના સરવે તોડશે
કુલ દૈતોના [2] શીર વાગશે ધાર
( પીર ઈમામશાહ )

૧ વેદાંતમાં ઇમામ મ્હેંદી માટે ન કલંકિ શબ્દ વપરાયલો માલમ પડે છે. જુઓ ( ખાજા હસનની ઝામી કૃત ) શેખ સનુસી પૃષ્ટ ૩૨ થી ૩૮

૨ દૈત્યો એટલે અધર્મિઓ અને અત્યાચારીઓ.

# પીર સૈયદ લાલ શહેબાઝ કલંદર (કદ)

હકસે રાઝો નિયાઝ હે તેરા,
કયા રૂતબા મુમતાઝ હે તેરા.

એઓ હઝરત પીર કબીરૂદીન ( કદ ) નાં પુત્ર તથા પીર ઈમામુદીન પીરાણાવાલાના ભાઈ થતા હતા. આપનો જન્મ હિ. સને ૫૩૦માં થયો હતો.

આપના માતુશ્રી પાદશાહની પૂત્રી હતાં. લાલ શહેબાઝ કલંદરનું જન્મ નામ સૈયદ ઉસમાન હતું. જ્યારે આપનો જન્મ થયો ત્યારે ખુદાઈ નૂરથી આપની પેશાની સૂર્યની માફક ચળકતી હતી. બદનમાં પણ એજ નૂર જલ્વાગીર હતું. પોતે જે પ્રમાણે બોલતાં તે પ્રમાણે થઇને રહેતું.

મૌલાના મહંમદ સીદ્દીક લખે છે કે હઝરતની કાન્તિ નૂરથી ભરેલી અને ચમકતી હતી, જેનું વર્ણન હું લખી શકતો નથી. સાત વર્ષની કોમળ વયમાં કુરાને શરીફ ખતમ કરી ચુકયા હતા અને ઈલ્મે મારેફતનો બુલંદ મરતબો પ્રાપ્ત કર્યો હતો.

આપનું નામ લાલ શહેબાઝ એટલા માટે પડયું કે હંમેશાં લાલ રંગનો પહેરવેશ પહેરતા હતા, જેથી લોકો આપને લાલ કહેતા હતા. શહેબાઝનો ખિતાબ આપના મુરશિદ તરફથી મળ્યો હતો. સર્વે મુરીદોમાં સૌથી ઉંચી પંકિતનું જ્ઞાન પ્રાપ્ત કરવાથી કલંદરના ખિતાબને પણ તેઓ યોગ્ય થઇ પડયા હતા. બીજા ત્રણ શિષ્યોને પણ મુરશિદ પાસેથી એવીજ ન્યામત મળી હતી. તેમના નામ નીચે પ્રમાણે છેઃ—



૧—હઝરત જહાંબાઝ કલંદર ૨—બુલબુલ કલંદર ૩—તુતી કલંદર. હઝરત લાલ શહેબાઝ કલંદરને મુરશિદની એક વર્ષની સેવા કર્યા બાદ એક પથ્થર મળ્યો હતો. એ પથ્થર “ ગળુબંધ ” નામથી ઓળખાય છે. એ પથ્થર હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન (અલે) નો ખાસ ગળુબંધ હતો એમ જણાય છે. અને તેથી હઝરત લાલ શહેબાઝ કલંદર એ પવિત્ર પથ્થરને ગળામાં લટકાવી હમેશા છાતી ઉપર રાખતા હતા અને તેની ઘણી ઈજ્જત કરતા. એ પથ્થર અદ્યાપિ પર્યંત આપની દરગાહ શરીફમાં મોજુદ છે.

હઝરત લાલ શહેબાઝ કલંદરના મનમાં એક દિવસ એવો વિચાર આવ્યો કે આપણે એક જગ્યા આબાદ કરવી. તેથી આપ એક મજુરને લઈ ગયા અને અમુક જગ્યા સાફ કરવા જણાવ્યુ. આ વાતની ખબર તે જમીનવાળાને થયાથી તે ત્યાં દોડી આવ્યો અને સદર જગ્યાનું ખોદકામ કરતા અટકાવ કરી આપને ખરાબ શબ્દ બોલવા લાગ્યો, તેથી આપે ગુસ્સે થઈ તેને લાકડી મારી. દૈવયોગે તે લાકડી લાગતાં તત્કાળ મરણ પામ્યો. પછી આપે તેના શબને ત્યાંજ દાટી દીધું પણ તેના સગાવહાલાઓને ખબર થતાં ત્યાં દોડી આવ્યા અને પૂછવા લાગ્યા કે, આ જમીનના માલિકને મારીને આપે કયાં દાટયો છે ? શું એ વાત ખરી છે ? તેના જવાબમાં આપે ફરમાવ્યું કે અમે તો અહીં કુતરાને દાટી દીધો છે. આ ઉપરથી નિર્ણય કરવા તેના સગા વહાલાઓએ સદર જગા ખોદી જોયું તો ખરેખર ત્યાં માણસને બદલે મરણ પામેલો એક કુતરો નિકળ્યો.

હઝરત લાલ શહેબાઝનો મકબરો (રોઝો) સિંધ નજીક સેવાન શહેરમાં ઈંડિલસ નદીથી પચીસ ત્રીસ માઈલના અંતરે આવેલો છે. કહેવામાં આવે છે કે પહેલાં એ રોઝો નદીના કાંઠે હતો પણ રિવાયત એવી છે કે સિકંદરે સન ૬૨૬માં અહીં દસ હજાર કારીગરો રોકી કિલ્લો બંધાવવા પ્રયત્ન કર્યો અને વહાણોના ઉદ્યોગ માટે

પણ કોશિશ કરી. હાલમાં વહાણોના ઉદ્યોગનો પત્તો મળતો નથી પણ કંઇક કિલ્લાનો દેખાવ નજરે પડે છે.

પૂર્વ કાળમાં એ શહેર મુસલમાનોથી આબાદ હતું એમ ત્યાં આવેલી ઘણી મસ્જીદો ઉપરથી જણાય છે. આ શહેર દિલ્હીના પાદશાહોએ ફતેહ કરી તે ઉપર વરસો સુધી કબજો ભોગવ્યો હતો.

મજકુર શહેરની પ્રખ્યાતીનું મુખ્ય કારણ લાલશેહબાઝની દરગાહ છે. જે સિંધમાં ઘણાં મોટા બુઝુર્ગ અને ખુદારસીદા વલી ગુજર્યાની યાદગીરી બતાવે છે.

એક મસ્જીદની બાજુમાં આપને દફન કરવામાં આવ્યા છે. મજકુર મસ્જીદ પહેલાં મીરઝા જાનીએગે બંધાવી હતી, પછી સેવાનના ગવર્નરે શાહ અકબર અને શાહજહાંનના વખતમાં તેમાં ઘણો સુધારો વધારો કરાવ્યો હતો.

લાલ શહેબાઝ ઇરાનના મરવાન શહેરમાં હિજરી સન ૫૩૦માં પેદા થયા. એમના પિતા મરવાનના સુબા હતા. આપ નવ જવાન વયમાં પહોંચતાં દરવેશી અખત્યાર કરી હતી અને તેમની જોડે બગદાદના ગવર્નર પણ રાજ્ય સત્તા છોડી સેવાન ચાલી આવ્યો હતો. તેનો રોઝો પણ આપની દરગાહની બાજુમાં છે.

લાલ શહેબાઝ સન ૬૨૪ હિજરીમાં સેવાન પધાર્યા અને હિ. સને ૬૫૦ ના શાબાન માસની ૨૧ તારીખે ૧૨૦ વર્ષની ઉમરે વફાત પામ્યા.

આપના માટે એક એવી રીવાયત છે કે કેટલાએક મિત્રોએ આપને નમાઝ પઢવા દબાણ કર્યું. જ્યારે પોતે નમાઝ ભણવા લાગ્યા તો આખા શરીરના દરેક ભાગમાંથી તાજું લોહી વહેવા માંડયું અને ગેબી અવાજ આવ્યો કે ઉસમાન લાલ છે.



બીજી રિવાયત એવી છે કે આપના મુરશદે ખુશીમાં આવી જઈ "લાલોના લાલ" કહયા એટલે આપ લાલ શહેબાઝના નામે લોકોમાં વિખ્યાતી પામ્યા.

ત્રીજી રિવાયત એવી છે કે બાબા શેખ ફરીદ શકરગંજ (કદ)ના એક ચેલાને વગર કારણે ફાંસીની સજા થઈ હતી. આ ખબર આપને પહોંચતાં તરતજ બાજ પક્ષીની શિકલ ધારણ કરી તે મુરીદને ઉંચકી લાવ્યા. તે દિવસથી શહેબાઝ એટલે બાજ પક્ષીના પાદશાહ તરીકે લોકોમાં ઓળખાવવા લાગ્યા.

## પીર સૈયદ નૂરમોહંમદશાહ (કદ)

**એઓના** માતુશ્રીનું નામ જીવન બીબી હતું, જે સુલતાન હસન અફઘાનની પુત્રી હતાં. એ બાનુ રાજવંશી કુટુંબના હતાં. તેમનાથી સૈયદ નૂર મોહંમદશાહનો જન્મ થયો હતો. આપ જયારે માતુશ્રીના ગર્ભવાસમાં હતાં ત્યારે તેમણે એક સ્વપ્નુ જોયું હતું કે "એક માણસ સામે ઉભો છે અને તે કહે છે કે હે નેકબીબી તમને એક પુત્રરત્ન સાહેબેકમાલ પેદા થશે અને તે ઘણોજ બુઝુર્ગીવાળો નિવડશે."

આપના જન્મ પછી તેમજ બન્યું. પેદા થતાં આખું ઘર આપના નૂરથી પ્રકાશી નીકળ્યું. માતુશ્રીના ગર્ભમાંથી જન્મ લેતાંજ પશ્ચિમ તરફ મ્હો ફેરવી ઘૂંટણીએ પડી ત્રણ છીંક ખાધી અને ખુદાવંદે કરીમની સ્તુતિ કરી.

પેદાઇશની સ્થિતિ એવી હતી કે કુદરતે કામિલાથી દુંટીનો નાલ કપાયેલો હતો તેમજ સુન્નત થયેલી હતી.

પીર ઇમામુદીન સાહેબ ફરમાવે છે કેઃ-નૂરમોહંમદશાહનો એવી રીતે જન્મ થયેલો જોઈ ઘેરની સ્ત્રીઓ વિસ્મય પામી અને આવીને પૂછવા લાગી કેઃ-આ સંતાન આવી પવિત્ર રીતે કેમ જન્મ્યું ? મેં ઉત્તરમાં જણાવ્યું કેઃ-ખુદાવંદે કરીમ પોતાના પાક બંદાઓને હરહમેશ પોતાની કૃપા વડે એમજ પેદા કરે છે.

સૈયદ નૂરમોહંમદશાહ છ દિવસ થયા ત્યારે સઘળા મુરિદો આપના દિદાર માટે આવ્યા. તેઓની સમક્ષ પોતે ખુદાતાલાની પાક સિફત માટે કેટલાંએક કલામો બોલ્યા. આ જોઈ સઘળા લોકો વિસ્મય પામ્યા અને આપના ઉપર તેમના ઇમાન મજબૂત થઇ ગયા.

હિજરી સને ૮૭૮ માં સૈયદ ઇમામુદીન સાહેબ ધર્મપ્રચારના કાર્ય માટે ભાવનગર ગયા હતા. ત્યાં રજપુત સરદાર પૂંજાસિંહને આપે સતપંથથી પાવન કર્યો અને પોયા કાકાનો ખિતાબ આપ્યો. ભાવનગર જીલ્લાની સર્વ જમાત તેમના હાથ હેઠળ સુપ્રત કરવામાં આવી અને સૈયદ નૂરમોહંમદશાહની શાદી તે સરદાર પૂંજાસિંહ ઠાકોરની પુત્રી સાથે કરી. તેમનાથી મોટી જલાલત અને કરામતવાળા પુત્ર સૈયદખાનનો જન્મ થયો. તેમના વંશના સૈયદો સૈયદખાની સાદાતોના નામથી આજે પણ પ્રખ્યાત છે. તેમના ત્રણ ઘરો આબાદ છેઃ (૧) બુરહાનપુરમાં (૨) નવસારીમાં અને (૩) અમદાવાદમાં. તેઓ સર્વે જમાતના અધિકારી અને દરગાહોના સજ્જાદાનશિન છે. પીરી મુરીદીનો સિલસિલો તેમનામાં કાયમ છે અને વંશપરંપરાથી વિલાયત અને કરામતો ઉતરતી ચાલી આવે છે.

પીર નૂરમોહંમદશાહના બીજા બીબી અમદાવાદના પાદશાહ મેહમુદ બેગડાના ખાનદાનમાંથી હતા. તેમનાથી બે પુત્રો સૈયદ મુસ્તુફા અને સૈયદ શહાબુદીન જન્મ્યા હતા. એ બન્ને પુત્રો વલીએ



કામિલ હતા. તેમનાથી જે ઓલાદ થઈ તે ઇમામશાહી સૈયદોના નામથી પ્રખ્યાત છે.

સૈયદખાન ઘણો ખરો સમય ધર્મપ્રચારના માટે પ્રદેશ ગમન કરતા હતા. જ્યારે સૈયદ નૂરમોહંમદશાહનો અંતકાળનો સમય નજીક આવ્યો ત્યારે આપે સર્વે જમાતને બોલાવી પ્રશ્ન કર્યો કેઃ— "હવે હું ટુંક સમયમાં આ ફાની દુન્યાનો ત્યાગ કરીશ અને તે પહેલાં સૈયદખાનને મળવું જરૂરી છે." જમાતના મુખીઓએ વિચાર કરી ઉત્તર આપ્યો કે શાહઝાદા સાહેબ હમણાં કયા દેશમાં છે તેની હમને ખબર નથી માટે ટુંક સમયમાં તેમનું આવી મળવું અમોને સંભવિત લાગતું નથી. આપે પ્રતિઉત્તરમાં જણાવ્યું કેઃ—"જો પૈગમ્બર પૂર્વ દિશાએ હોય અને તેનો વસી (જાનશીન) પશ્ચિમ દિશાએ હોય તો પણ તે કુદરતે કામિલાથી જામો છોડતાં પહેલાં આવી મળે છે. માટે હું તમો સર્વને બસારત આપું છું, કે સૈયદખાન આવતા શુક્રવારે ખેડાની નદી ઉપર મુકામ કરી પોતાના આવવાની ખબર મોકલશે." ઇશ્વરના હુકમથી તેમ બન્યું. રાજેશ્રી ઠાઠ અને સેંકડો મુરિદોના સૈન્ય સાથે સૈયદખાનસાહેબે આવી ખેડાની નદીએ તંબુ ખેંચ્યા અને ત્યાંથી પોતાના આવવાની ખબર પિતાશ્રીની હઝુરમાં સાદર કરી. પત્રમાં લખ્યું હતું કેઃ—"માત્ર આપની કશિશના કારણે આવ્યો છું. જો હુકમ હોય તો જમાતની સાથે આવી કદમબોસી કરૂં." આપે આ ખબર સાંભળી ફરમાવ્યું કેઃ-તમો જે સ્થિતિમાં આવ્યા છો તેજ પ્રમાણે પીરાણે પધારો. સૈયદ ખાન તે પછી પીરાણે આવ્યા. સાથે મોટો દબદબા ભરેલો રાજવંશી રસાલો હતો, જેમાં ઘણાં હાથી અને ઘોડાઓ સામેલ હતા. આપનો ડંકો હમેશા હાથી ઉપર વાગતો. જે નોબતો અત્યારે પીરાણામાં મોજુદ છે. પોતે પિતાશ્રીની હઝુરમાં સાદર થયા એટલે આપે પીઠ થોકી આર્શિવાદ

આપ્યો અને આપના હક્કમાં નેક દુવા ફરમાવી અને બસારત આપી કે તમારા વંશના દરવાજાથી ઘોડાની લાદ ખસશે નહી અને તમારી ગાદી ઉપર કોઇ દત્તક પુત્ર લેશે તો તેની ચાર પેઢી ચાલી વંશ બંધ થઈ જશે. તેજ પ્રમાણે અત્યાર સુધીમાં બુરહાનપુર પીરાણાંમાં બે ચાર બનાવો બની ચૂકયા છે. આપની વફાત તારીખ ૨૧ માહે રજબ સને ૯૪૦ હિજરીમાં થઇ. કબર સૈયદ ઇમામુદ્દીન સાહેબની કબરની બાજુમાં છે. કબરથી ફૈઝ જારી છે. નૂરશાહી મોમિન જમાત એમના હાથ ઉપર બેત કરી પાવન થયેલી છે.

સેવકોની કેળવણી અને જ્ઞાન માટે આપે ઘણાં ભજનો અને જ્ઞાનનાં પુસ્તકો રચ્યાં છે; તે પૈકી "સતવેણી" નામનો ગ્રંથ જાણીતો છે. તેમાંથી કેટલાક ફકરાઓ હેઠળ વાંચકોની જાણ માટે લખવામાં આવે છે:—

પહેલા　સરજન　હાર　વખાણો
હરી　નામ　જપતાં　સક　ન　આણો
જીસ્થી　રેહશે　દુજા　ફેરાં
જો　તમે　જાણો　બહોત　બહોંતેરા
દુજા　સત　નબીકા　સાચા
જેસી　કરણી　તેસી　વાચા
જીભીયા　આંખો　સુરીજન　ભાવા
સાચા　થા　સો　તો　કેડે　ધાવા
જગ સારા જેણે જુઠા કરી જાણા
સો આપણે સુરીજન સાથ સીધાણા

સાચા　થા　સો　સાચસું
ખેલ　ગયા　મેદાન　રે
કુડે　શાહા　ન　પાએયા
સો ફોકટ ફેરે નાદાન રે　　(૧)



સતકી　બાતાં　જીને　સાચી　જાણી
ગેરસો　આપણે　દીલ　ન　આણી
અવર　બી[1]દાયત　ધાવે　લાગા
ગફલત　લોકો　ચોક　ન　જાગા
નવસો　બરસ　જગ　ભયે　રસુલા
સાચે　મારગ　કોઈ　ન　ભુલા
મોઢે　દીન　ને　દીલમાંહે　ખોડી
રસુલ　ચલે　સો　બાટાં　છોડી
સત　સાંખે　કેમ　પારજ　પાઈએ
જીસથી　સત　તે　કેડે　જાઈએ

સાચી　બાટ　રસુલકી
અને　સાચા　એહી　શેરરે
જે કોઈ ચાલ્યા સત બીના
સો　પડ્યા　મોટે　ફેરરે　　(૨)

નબી　મોહંમદ　જુગમાં　આયા
તીસથી　ચાંદરણાં　મારગ　પાયા
બાટ　સુધી　સો　ઉન્હે　દીખલાઈ
રીત　રસમ　સબ　શાહકી　પાઈ
પંથી　કોઈ　ખોટા　ન　હોવે
ચાંદરણે　મારગ　સબ　કોઈ　જોવે
તીસ　અજવાળા　આગળ　કીના
જે　જીવ　જાએ　પ્રેમ　માંહે　ભીના
સત　વેણી　તીસ　ધરીઆ　નામ
જીસ　ઘર　પીયુકા　પાઈએ　ઠામ

૧ બીદઅત કરનારા

સીધક [1] મુરસદ આપણાં
કેતા કહેઆ સો બોલરે
બાટ જો સાચી સતકી
સો આન દિખલાઈ બોલરે. (૩)

# પીર સૈયદખાન (કદ)

આપશ્રીનો જન્મ પીરાણાની ઇતિહાસિક ભૂમિમાં થયો હતો. નામ સઇદુદ્દીન ઉર્ફે સૈયદખાન હતું. બાર વર્ષની ઉમ્મરે પહોંચતા ઉર્દુ, ફારસી, અરબી ભણી આલિમ અને ફાઝિલનો મોભ્ભો સંપાદન કર્યો હતો. ન્યામત અને કરામત પિતાશ્રીથી મળી હતી.

પીર નૂર મોહંમદશાહે આપને સંસ્કૃત ભાષા શિખવા કાશી ક્ષેત્ર (બનારસ)માં મોકલ્યા હતા. ત્યાં ૭ વર્ષ સુધી રહી વેદ, સ્મૃતિ, ઉપનિષદ, પુરાણો ઇત્યાદિ ગ્રંથોનું વિદ્વાન પંડિતોથી અધ્યયન કરી, તેમજ વ્યાકરણનો પણ અનુભવ મેળવી પીરાણા પધાર્યા હતાં.

સને ૯૭૪ હિજરીમાં સુરત જીલ્લામાં ધર્મ પ્રચારાર્થે આવ્યા હતા. સેંકડો માણસોને દાવત પહોંચાડી અનુયાયિઓ બનાવ્યા હતા. ત્યાંથી આપ ખાનદેશ પ્રદેશમાં પધારી ત્યાં પણ ઘણાં મોટા પ્રમાણમાં રચનાત્મક ધર્મપ્રચારનું કાર્ય આરંભ્યું હતું. ત્રણ માસ રહી ત્યાંથી કર્ણાટક અને ચીનાપટ્ટણ સુધી ગયા હતા અને ત્યાં સુધી પોતાનાં ધાર્મિક અનુયાયિઓનો સિલસિલો જારી કર્યો હતો. એકંદર પચાસ વર્ષ સુધી દેશાટન કરી ધાર્મિક ફરજ પોતે બજાવી છે. ત્યાર બાદ પાછા ગુજરાતમાં આવ્યા અને ત્યાંથી પીરાણે પધારી મુકામ કર્યો. પોતે વિદ્વાન હોવા ઉપરાંત કવિ પણ હતા. આપના

૧ સાદિક=સાચો મુર્શદ



બોધ વચનોમાં પિંગળનો સારો અભ્યાસ જણાઈ આવે છે. એક સારા વકતા અને ભજનિક હોવાથી હિંદુ જ્ઞાતિમાં પણ આપની સારી ખ્યાતિ અને પ્રભાવ પડયો હતો. ઘણાં પંડિતો અને સંતસાધુઓ આપની સાથે રહેતા; તેમને દરરોજ આપના વ્યાખ્યાનો અને ભજનોનો બોધ તેમજ આત્મિક શાન્તિ મળતી.

સન હિજરી ૯૯૬ માં આપે પીરાણામાં વફાત ફરમાવી. "પીર ઇમામુદીન સાહેબની દરગાહની સામે આપને દફન કરવામાં આવ્યા છે. મઝાર ઉપર રોઝો ચણાવ્યો છે. આપથી હજી ફેઝ જારી છે.

સદરહુ દરગાહ સૈયદખાની વંશના સાદાતોને તાબે છે. આપના ભજનો પૈકી એક જ્ઞાન અને સતવેણીનો એક પટોલો વાંચકોના પરિચય માટે હેઠળ લખવામાં આવે છેઃ—

## પટોલો

સુણો મુનીવરો, સત પરમાણી;
પીયુ મિલનેકી હય, એ સતવાણી;
માનો મુરશદ કે સાચે બેના,
અંતર ખોલો, જ્ઞાન કે નેના;
આપ પિછાનત, એ કહે સમજાઇ,
ઝીકર ફીકર સબ બોલ સુનાઈ;
સુધી સમજો, મુરશદકી શાના,
તો મીટ જાવે, ભવ આના જાના
આપે ખાલક, ખલકમેં આયા,
નર પરસાદે, સૈયદખાન પાયા;
સૈયદખાન, સત બોલીયા;
સો આપ કહે, રેહમાન રે,

ખલકમેં, ખાલક ભર રહ્યા,
સો સીદક સીદક કર માનરે.

## જ્ઞાન

એજી હું રે પીઆસી, પીઆ તેરે દરશનકી,
આસ પુરાવો પીયા મેરે મનકી;
હું રે પીયાસી, આસ તોરી,
તુમ ચીંતા, મેરી કીઉં ન કરો;
ખીજમત ખાસ, ખવાસ તેરી,
રૂઠા સાજન, કીઉં ફીરોજી. (૧)

એજી સુનો મેરે કંથ, કહ્યા મેરા કીજે,
મુજ નારીસું અબોલા, ઈઉં ન રહીજે;
કરો કરો કંઠ કહ્યા મેરા,
હમ દુઃખી રે, દોહેલા;
સુરીજન મનની, આશ પુરો,
તો હમ સુખી રે, સાહેલીઆંજી. (૨)

એજી જલ બીના મછલી, સો પીયા બીન કયું રેહવે,
પીયાજી કે કારણે સો જીવડા દેવે,
જલ બીન મછલી હુઈ એકેલી,
દેખો કયું, તરફડ મરે;
તરફડ કુદે, કછુ ન ચાલે,
મેહેર માછી, ના કરેજી. (૩)

એજી જુઠીરે પ્રીત, ભ્રમરકી કહીએ,
પીયાજીકા દરશન, ઈઉં નવ લહીએ;



જુઠીરે પ્રીત, ભ્રમરકી કહીએ,
જો કલીયાં કલીયાં, રસ લેત હય;
તમ ક્રિયાના હિણાં,[૧] ગાફિલ અંધા,
સો પીયા પર જીવ, ન દેત હયજી. (૪)

એજી રે સાચી રે પ્રીત પતંગકી કહીએ,
પીયુજીકા દરશન, યઉં કર લઈએ,
સાચી રે પ્રીત, પતંગકી કહીએ,
જો ઉલટ સુલટ, અંગ દેત હય;
એક દિપક કેરે કારણે,
સો કહીં પતંગ, જીવ દેત હયજી. (૫)

એજી હમરે પીયા પર, સબ હી વારીયાં,
પીયા મુજ દીજે, વસંત પીયારિયા.
એવા વારફેર ઉતાર ડાલો,
કઠ્ઠક બોલણાં, મન ધરો;
દયા કરીને સ્વામિ રાખો અમને,
એવા વેણ અમારાં, ચીત્ત ધરોજી. (૬)

એજી દીદારી હોવે સો, એસા ચાહવે,
સાહેબજી કું છોડકર, ઓર કું ન ધાવે;
દીદારી હોવે સો દીલ બાંધે,
દીન દીન અદકા નેહ ધરે;
એક મન હોકર નામ લેવે,
પીયુંકા દરશન સો કરેજી, (૭)

એજી યતીમ દાસીસુ, એસા ન કિજે.
મારા અવગુણ હોવે સો ગુણ કરી લીજે;

ટીપ—૧ શરીઅતથી વિમૂખ.

હું રે અપરાધણ દાસી તોરી,
તુંમ ચીંતા, મોરી કયું ન કરો;
મારા અવગુણ, હોય તો ગુણ કરો,
સ્વામિ એવા વેણ, મારા ચીંત ધરોજી (૮)

એજી નહિ કુછ હોવે, સો દાસી કહાવે,
અપને સાહેબજીકું, એસા ભાવે;
નહિ કુછ હોવે, સો દાસી કહાવે,
નિત ઉઠ, અદકા નેહ ધરે;
એક મન હોકર, નામ લેવે,
યું કરી, જાલો દેહરેજી. (૯)

એજી એક મન થઇ, સાહેબજી સું રહીએ,
હેતે સું રંગ એસા, લઈએ;
એક મન થઈ, રહીએ સાહેબજીસું,
ચાહ ધણેરો કીજીએ;
પ્રેમ ઉપર, શિશ દેવે તો,
પ્રીયાકા, દરશન સો કરેજી. (૧૦)

એજી પ્રેમ તત્વ, જેસા ન દેખું કોઇ,
સાહેબ રીઝે, કરીએભી એસી સોઈ;
પ્રેમે મોહ્યા, જે મુઆ,
તેનો ભલો, જીવેલો સંસારરે;
કરતવ એસા, કીજીએ,
તો સાહેબ, લગાવે પારરેજી, (૧૧)

એજી હમ ગુનેગાર, બંદા બી તેરા,
સાર કરો સાહેબ, મોરી સેવા;



સાર કીધી, સાહેબજીએ મોરી,
રંગ રલીઆ, કરો સહેલીયાં,
નરતે પ્રસાદે, મીરાં ભણે સૈયદખાન[1]
ભાગ્યા તે દુઃખ, દોહિલા જીરે. (૧૨)

# પીર સૈયદ સાલેહ (કદ)

**મજકુર** પીર સાહેબને જન્મ ચીનાબ પટ્ટણમાં થયો હતો કારણ કે આપના પિતા તે વખતે ધમ પ્રચારના કામ માટે ત્યાં હતાં અને આપની માતુશ્રી પણ તેમની જોડે હતાં.

ઉમર બાર વર્ષની થઇ ન્હોતી એટલામાં પિતા બુઝુર્ગવારની વફાત થઈ. આપની નાની ઉમર જોઈ સેવકોના મન ડગમગી ઉઠયાં અને તેમના હૃદયમાં એવી શંકા ઉદ્‌ભવી કે એટલી નાની ઉમરમાં ગાદી અને ધર્મ ઉપદેશ કરવાનું કામ સૈયદ સાલેહ કરી શકશે નહિ તે માટે કેટલાએક ગૂચવણભરેલાં ધાર્મિક સવાલો મૂરીદોએ આપની આગળ આવીને કર્યા. પોતે સંતોષકારક રીતે તેનાં પ્રતિયુત્તરો આપ્યાં તેથી સર્વ અનુયાયિઓના મન રંજન થયા અને તેઓ સંતોષ પામ્યા અને બરાબર તાબેદારી કરવા લાગ્યા.

દાવતનું કાર્ય સંતોષકારક રીતે આપે બજાવ્યું હતું. એક સારા વકતા અને ધર્મ પ્રચારક હતા. તારીખ ૧૫ મી રજ્જબ સને હીજરી ૧૦૨૧માં આપની વફાત થઇ છે. આપના સ્થાનકથી જાહેર ફેઝ જારી છે. પિતા બુઝુર્ગવાર સૈયદખાનની બાજુમાં પીરાણે દફનાવવામાં આવ્યા છે.

૧ ખુદાની વહદાનિયત ઇસ્કિહકીકીમા આપે નારી સ્વરૂપે સંબોધી છે.

## પીર સૈયદ હાશમશાહ (કદ)

આપ સૈયદખાનના પૌત્ર હતા, જન્મ પીરાણા મુકામે તારીખ ૧૫મી જમાદિઉલઅવ્વલ સને હિજરી ૧૦૧૦માં થયો હતો. પંદર વર્ષની નાની વયમાં અનેક ભાષાઓ શિખી પિતા બુઝુર્ગવાર સૈયદ સાલેહથી વિલાયત અને કરામાત મેળવી હતી.

એક સારા પ્રચારક અને ઉંચ કોટિના ભજનિક હતા. દાવતનું કાર્ય ઘણીજ સુંદર રીતે કરતા હતા.

સૈયદખાનની દરગાહ આપના વખતમાં બનાવવામાં આવી હતી.

હિજરી સને ૧૦૪૫ની તારીખ ૧૫ માહે સવ્વાલના રોજ વફાત થઈ છે. આપના સ્થાનકેથી પણ ફેઝ જારી છે. આપના ઘણાં ભજનો અનુયાયીઓમાં પ્રસંગોપાત ઉત્સવોમાં ઉમંગે ગવાય છે. તે પૈકી એક ભજન અત્રે લખવામાં આવ્યું છે :—

### જ્ઞાન

એજી નૂરે તે આક નીપાયા
વણ થંભે રચ્યો આસમાનજી (૧)
એજી કુદરત આપણી જાહેર કીધી;
પ્રગટયા દીનકા ઇમામજી (૨)
એજી પંજેતન પાક કેરે પંથે ચાલો;
સંત પંથ શું રાખો ઈમાનજી (૩)
એજી સતે હાલો મોમિન સતે ચાલો
સંત પંથ શું રાખો ચિત્ત ધ્યાનજી (૪)
એજી ગાફિલ દુનિઆ દેખ મત ભૂલો
જો રાહ સીધે માર્ગે ચાલોજી (૫)



એજી અનંત જીવ મૂરખ બાપડે
તેણે અંધે જન્મ ગુમાયાજી (૬)
એજી પીર હાસમશાહ જ્ઞાન સુણાયા;
યાર જેણે ઢુંઢીઆ તેને શાહ પાયાજી, (૭)

## પીર સૈયદ મહંમદ શાહ દુલ્હા (કદ)

આપનો જન્મ સને હિજરી ૧૦૩૩માં પીરાણા મુકામે થયો હતો. આપના પિતાશ્રીની વફાત પછી આપને ગાદીએ બેસાડવામાં આવ્યા તે વખતે વય માત્ર બાર વર્ષની નાની હતી. જાહેર તથા છૂપી સર્વે વિદ્યા આપને રોશન હતી. કિનાઅત અને રીયાઝ હમેશાં કરતા. આખો દિવસ રોઝો રાખતા. શરિયત, તરિકત, મારેફત અને હકિકતના અધ્યાત્મિક જ્ઞાનના આપ આલિમ અને ફાઝિલ હતા. નાનપણથી જે બોલે તે કુદરતી થઈને રહેતું. આવી ચમત્કારિક વૃત્તિ જોઈ સંખ્યા બંધ લોકો હમેશાં આપની પાછળ ફરતા.

પોતે અહર્નિશ લાલ ભરગચીનાં કપડાં પહેરતા. આગલા દિવસનો પોષાક બીજે દિવસે ઉતારી ભિક્ષુકોને અર્પણ કરતા. એ આપનો નિત્ય કર્મ હતો; તેથી આમ લોકોમાં આપનું નામ " દુલ્હા " એટલે (વરરાજા) પડી ગયું હતું.

પિતા બુઝુર્ગવાર સૈયદ હાશમશાહના ફરમાન અનુસાર આપે ખાનદેશ જીલ્લામાં પર્યટન કરી દાવતનું કાર્ય આરંભ્યું હતું.

કસ્મે સુલતાનપુરની પાસે લાછોરા નામના સ્થળે એક ટેકરી ઉપર મુકામ કરી માણસને પાણી લઈ આવવા આપે ફરમાવ્યું. પાણીની જગ્યાએ હિન્દુ લોકોનો મોટો સંઘ આવી પડયો હતો. તેથી માણસને પાણીની ખીણ ઉપર જવા સંઘવાળાઓએ રજા

આપી નહિ, તેથી માણસ પાણીનું વાસણ ખાલી લઈને પાછો ફર્યો અને અટકાવની સર્વ હકીકત આપને સાદર કરી. આપે પાણીનું પેલું ખાલી પાત્ર જમીન ઉપર ઉંધું વાળી દીધું. તે પાત્ર ઉંધુ પડતાંજ ખીણનું પાણી જે જગ્યાએ વહેતું હતું તે જગ્યા પાણી વગર સૂકાઈ ગઈ અને સંઘના લોકો પાણી વગર અકળાવા લાગ્યા અને આપના પેલા નોકરને શોધવા લાગ્યા. કેટલાએક સંભવિત ગૃહસ્થો સંઘમાંથી બહાર નીકળી શોધતા આપની પાસે આવ્યા. પોતે ખુદાની બંદગીમાં મશગુલ હોવાથી ઘણો પશ્ચાતાપ કરી પોતાના માણસોએ પાણી ન આપવા કરેલી ભૂલ માટે ક્ષમા માગી અને પછી વિનંતિ કરી કે "દુવા કરો કે ખીણમાં પાછું પાણી વહેતું થાય અને હમારી તૃષા દુર થાય." જેથી આપે દુવા કરી અને દુઆની બરકતથી પાણી રાબેતા મુજબ ખીણમાં વહેવા માંડયું.

પીર મહંમદશાહ દુલ્હાએ સંઘના લોકોને બોલાવી પ્રશ્ન કર્યો કેઃ—" તમો કયાં જાવ છો ?" લોકોએ પ્રતિયુત્તર આપ્યો કેઃ—"હમો કાશીની યાત્રાએ જઈએ છીએ." આપે ફરમાવ્યું કેઃ—"જો તે યાત્રા તમોને આજ સ્થળે કરાવીએ તો કેમ ?" લોકોએ વિજ્ઞપ્તિ કરી કે "જો એક માસની મુસાફરીની જગ્યા તમો વટાવી દર્શન કરાવો તો હમો સર્વે આપના આજ્ઞાકિંત અનુયાયિઓ થઇશું." બીજે દિવસે સવારમાં તે સંઘના સર્વે લોકો પોતાના પરિવાર સાથે આપની સેવામાં હાજર થયાં. શુક્રવારનો દિવસ હોવાથી આપે ખુદાવંદે કરીમની દરગાહમાં પ્રાર્થના કરી. આ ક્રિયા પુરી થયા પછી પોતે સંઘની વચ્ચમાં આવ્યા અને મુબારક હાથ ઉંચો કર્યો અને સંઘના લોકોને કહ્યું કે હાથની બાંહેની અંદર જુઓ ? જ્યારે તે લોકોએ જોયું તો તેમાં એક મોટો દ્વાર ઉઘડેલો જોયો. પછી આપે ફરમાવ્યું કેઃ—અંદર પેસો અને ખુદાની તાકાત જુઓ; પરંતુ શરત એટલી છે કે એક



અઠવાડિયાથી વધારે ત્યાં ન રહેતાં મુદ્દત અંદર ચાલ્યા આવવું. સઘળા લોકોએ દરવાજામાં પ્રવેશ કર્યો કે તરતજ કાશી ક્ષેત્રમાં દાખલ થઈ ગયાં અને ગંગાજળમાં સ્નાનાદિ કરી પૂંજા કરવા લાગ્યા. એક અઠવાડિયા બાદ તેઓ પોતાના અસલ સ્થળે આવી પહોંચ્યા. આ જોઇ તેઓ વિસ્મય પામી કાશી જવા આવવાનું સ્વપ્નું સમજી કાશીના લોકો ઉપર પત્ર લખી પોતાને ત્યાં આવવાની વાત પૂછાવી; જ્યારે તેઓની ખાત્રી થઇ ત્યારે તે હઝારો યાત્રાળુઓ આપના હાથ ઉપર પાવન થઇ સતપંથ સંપ્રદાયમાં દાખલ થયાં.

આપ ત્યાંથી બુરહાનપુર પધાર્યા. અને એક દિવસ તાપી નદીના તટે ફરતા હતા. ત્યાં એક ગણેશની મૂર્તિ (પ્રતિમા) સ્થાપિત જોઈ. આપે અનુયાયિઓને પૂછ્યું કે આ લોકો અહીંઆ કેમ એકત્ર થયા છે ? સાથવાળાએ ઉત્તર આપ્યો કે અહીં હિંદુ જ્ઞાતિનું મંદિર છે અને તેને માનનારા તેની મહત્વતાના કારણે પ્રતિમાની પૂજા કરવા આવે છે. તેથી આપ તે તરફ ગયા અને ગણેશની મૂર્તિ ઉપર સવાર થયા અને તેને હુકમ કર્યો કેઃ—"હે પથ્થરનાં હાથી ! તું ખુદાના હુકમથી પશ્ચિમ દિશાએ પ્રયાણ કર. તારા પૂજનારા તને જુએ." આપના એ વાક્યો નીકળતાજ ગણેશની મૂર્તિમાં ચૈતન્ય આવ્યું અને તે જાગૃત થઈ પોતાનું મૂળ સ્વરૂપનું મુખ પૂર્વથી પશ્ચિમ તરફ ફેરવી તે પ્રતિમા ચાલવા લાગી. આપ તેને તાપી નદીમાં લઈ ગયા અને પાણી પીવા હુકમ કર્યો. ગણેશે પાણી પીધું. એ પ્રતિમાને આપે ત્યાંજ ઉભા રહેવા ફરમાવ્યું ને આપ તેના ઉપરથી ઉતરી પડયા. હાલ પણ એજ આકારમાં મજકુર જગ્યાએ પ્રતિમા બિરાજે છે. અને તેને જોવા ઘણાં લોકો જાય છે. આપની આ કરામત જોઈ સમસ્ત ખાનદેશ પ્રદેશમાં આ બનાવે લોકોનું ધ્યાન ખેંચ્યું. અને દરરોજ

લોકોનાં ટોળાં આવી અનુયાયિઓ થવા લાગ્યા. વરાડ અને નિમાડ ઇલાકાઓ સુધી આપના અનુયાયિઓની સંખ્યા વધી ગઈ.

આ ચમત્કારની ખબર થતાં બુરહાનપુરના સુબા અબ્દુર્રહીમ અસરી આપને નદીના તટ સુધી લેવાને આવ્યો અને ઘણી ધામધૂમથી દબદબા ભરેલા ભવ્ય સરઘસથી શહેરમાં લઈ ગયો. આ પછી આપે કાયમને માટે ત્યાં મૂકામ કરી સતપંથ આશ્રમની સ્થાપના કરી. હમેશાં દુર દુરથી શિષ્યો આવતા અને આપની શુદ્ધ હૃદયે સેવા કરતા. આપની આવી જાહેર કરામતો જોઈ મુરિદોની સંખ્યા દિન પ્રતિદિન વધતી જતી હતી.

બુરહાનપુરના સુબાએ આપની એ કસ્ફો કરામત જોઈ પોતાની પૂત્રિ મીસરી બેગમની શાદી આપની સાથે કરી આપવા ઇચ્છા બતાવી. સુબાની એ દરખાસ્ત આપે માન્ય રાખી અને ત્યાં ઘણા ધામધૂમથી આપના લગ્ન થયાં. કન્યાદાનમાં સુબાએ ત્રણ હાથી, ચાલીસ સ્વાર અને ત્રણસો સિપાઈઓનો રસાલો, ઉપરાંત ઝવેરાત અને ચાંદી સોનું વિગેરે અસંખ્ય સંખ્યામાં દાનમાં આપ્યું હતું.

દર મહિનાની તારીખ ૧૦મીએ અને ૧૪મીએ આપ સઘળા શિષ્યોને બોલાવતા અને તેઓની સમક્ષ પ્રવચન આપતા.

આપને ન્યામત અને કરામત પોતાના પિતાશ્રીથી મળેલી હતી. આપની વફાત તારીખ ૨૫મી રજ્જબ હિજરી સન ૧૦૬૦માં થઈ હતી. આપનો રોઝો બુરહાનપુરની નજીક બહાદર પુર નામના ગામે છે. આપનો ફૈઝ હજી જારી છે. દરગાહ સૈયદ ખાની વંશના સાદાતોને તાબે છે.

આપની ઓલાદ નીચે પ્રમાણે હતી (૧) સૈયદ બાકરશાહ (૨) સૈયદ કબીરશાહ (૩) સૈયદ સાલેહ (૪) સૈયદ મીરનશાહ (૫) સૈયદ શાહજીમીયાં અને પૂત્રિ ઝેબુન્નનિસા.



એક અજોડ ભજનિક અને વિદ્વાન પ્રચારક હોવાથી આખાયે ખાનદેશ જીલ્લામાં દાવતનું કામ ઘણી ફતેહમંદી સાથે આપે કર્યું હતું. આપના બનાવેલા ઘણાં ભજનો સતપંથ સાહિત્ય ભંડારમાં મોજુદ છે. તે પૈકી એક ભજન વાંચકોના પરિચય માટે હેઠળ લખવામાં આવે છે:—

### જ્ઞાન

સાહેબજી તું, મોરે મન ભાવે;
અવર મોરે, ચીંત્ત ન આવે;
દુજા મોરે મન, ન ભાવે,
સાહેબજી તું મોરે મન ભાવે. (૧)
એજી ચાર ચારે જુગમાં, ફરી ફરી જોયું,
તેરે તોલે, કોઈ ના આવે–સાહેબજી. (૨)
એજી ચાલો સાહેલી, વર જોવા જઈએ,
સો પીયા મૂજે, પાયા–સાહેબજી. (૩)
એજી જીસરે વિના, ઘડી દોહલી જાવે,
સો પીયા મોરે, મંદીર આવે–સાહેબજી, (૪)
એજી જીસકારે સાહેબ અએસા કહાવે,
સો દુઃખ કીયું કર પાવે–સાહેબજી. (૫)
એજી દોષ દયાળને, કીયું કર દિજે,
કરમે લીખીયા સો પાવે–સાહેબજી (૬)
એજી રામ રહેમાન, એક ગુસાહિઆ,
મૂરખ મર્મ ન પાવે–સાહેબજી. (૭)
એજી બોલ્યા સૈયદ મહમદશાહ શરણુ તમારે,
તૂજે છોડી દુજે દ્વારે કહાં જાવે–સાહેબજી. (૮)

# પીર સૈયદ અલીસગીર (કદ્દ)

**બુરહાનપુરમાં** આપનો જન્મ થયો હતો અને ન્યામત તથા કરામત પિતા બુઝુર્ગવાર સૈયદ હાસમશાહથી મેળવી હતી.

સુરતના ઈમામશાહી સાદાત સૈયદ નૂરશાહ પાસે પીર સતગુરૂ નૂરની દરગાહનો વહીવટ હતો. આપે બુરહાનપુરથી પધારી દરગાહના કારોબાર સંબંધે દાદ મેળવી. જે ઉપરથી એવો ફેંસલો થયો કે દરગાહ ઉપર સૈયદ નૂરશાહનો હક્ક ઇલાકો પહોંચતો નથી પરંતુ મજકુર દરગાહના ખરા હક્કદાર અને વારસ સૈયદ અલીસગીર છે.

આપ સારા પ્રચારક અને વિદ્વાન ઉપદેશક હતા. એક વખત બારડોલી તાલુકાના વાંકાનેર ગામે અનુયાયીઓમાં ઉપદેશાર્થે પધાર્યા હતા. ગામના સેવક સુથે આવી વિનંતિ કરી કેઃ—વાંદરાઓનું પ્રબળ એટલું બધું વધી ગયું છે કે હમારી સઘળી ખેતીના પાકનો નાશ કરે છે. માટે દુઆ કરો કે આ નુકશાનકારક ત્રાસથી હમો બચીએ. આપે પ્રતિયુત્તરમાં જણાવ્યું કેઃ—"ખુદાનો હુકમ હશે તો શુક્રવારે સર્વ વાનરો તમારા ગામની સીમની હદ છોડી ચાલ્યા જશે." શુક્રવારના દિવસે ગામના સર્વ લોકોને આપે બોલાવ્યા અને સીમમાં સાથે લઈ ગયા. ત્યાં સર્વ વાનરોને બોલાવી તેમના હાથમાં એકેક કેળું આપ્યું અને ફરમાવ્યું કેઃ—આજ પછી વાંકાનેરની સીમમાં નુકશાન કરવું નહિ. સર્વ વાનરો હાથમાં એક એક કેળું લઇ, સીમની હદ છોડી ચાલ્યા ગયા.

આપની વફાત નવસારી મુકામે થઈ હતી. પીર સતગુરૂ નૂરની દરગાહની સામે બીજી દરગાહમાં આપની કબર છે.



# પીર સૈયદ અલીકબીર (કદ્દ)

**આપના** પિતા બુઝુર્ગવાર સૈયદ અલીસગીરથી ન્યામત અને કરામત મળી હતી. જાહેર તથા છૂપી વિદ્યા આપને હતી. ધર્મ પ્રચાર અર્થે એક વખત બારડોલી તાલુકામાં વરાડ ગામે પધાર્યા હતા.

મજકુર ગામમાં એકજ કુવો હતો અને તેમાં પાણી ન હોવાથી લોકોને ઘણીજ વિટમ્બણા પડતી હતી. ગામ લોકોએ એકત્ર થઇ આપને વિનંતિ કરી કેઃ—"પાણી માટે અમોને ભારે ત્રાસ સહન કરવો પડે છે. આપ કાંઈ દુઆ કરો કે કુવામાં પાણી ચાલુ થાય." આ ઉપરથી સર્વે લોકો સહિત આપ કુવા ઉપર પધાર્યા અને તે સ્થળે નમાઝ ગુજારી અને ખુદાની પાસે કુવામાં પાણી ચાલુ થવા દુઆ કરી. આ પછી કુવામાં પાણી વધવા માંડ્યું અને થોડીજ મીનીટોમાં કુવો પાણીથી અડધો ભરાઇ ગયો. આપે ફરમાવ્યું કેઃ—હવે પછી કુવાનું પાણી ખુટશે નહિ. અને જેમ જેમ તમો એનું પાણી વાપરશો તેમ તેમ તમારી ખેતીવાડી અને વેપાર રોજગારની સ્થિતિ સુધરી વૃદ્ધિ થશે.

મજકુર આશિર્વાદ પછી ગામથી દરિદ્ર નારાયણનો પડાવ ઉઠી ગયો અને અતિયા લોકોની વસ્તીનાં બીજા ગામોના મુકાબલામાં અત્યારે આ ગામ સમૃદ્ધિમાં મોખરે છે.

આખુ ગામ અત્યારે મુરતદ થઈ ગયેલું છે. બારડોલી તાલુકામાં બીજા ગામો પણ આવેલાં છે. પરંતુ સતપંથની તાલિમ વગર હાલમાં તેમની સ્થિતિ ઉપર માફક થઈ પડી છે. તેમને માટે વિદ્વાન ઉપદેશકો અને સારા પ્રચારકોની આવસ્યકતા છે.

આપની વફાત નવસારી મૂકામે થઈ હતી અને પીર સતગુરૂ નૂરની દરગાહની સામે દરગાહમાં દફનાવ્યા છે.

# પીર સૈયદ હાશમશાહ (કદ)

**સૈયદ** બાપુ મીયાંના ગૂજર્યા પછી આપ ગાદી ઉપર આવ્યા. ન્યામત અને કરામત, જાહેર અને છૂપુ જ્ઞાન, પિતાશ્રીથી મેળવ્યું હતું. વિદ્વાન ઉપદેશક અને સારા પ્રચારક હતા.

દરગાહની બાજુની જમીન, જે શરબતીયા તળાવનો એક ભાગ હતો તે આપે શ્રીમંત સરકાર પાસેથી જાહેર હરાજીમાંથી વેચાતી લીધી અને ત્યાં એક સુંદર બગીચો બનાવ્યો છે. તેના હંમેશ તાઝાં પુષ્પો દરગાહ ઉપર ચઢે છે.

કુટુમ્બના ભાઈઓને ઓલાદ ન હોવાના સબબે તેમણે દરગાહ અને તેને લગતી બીજી મિલ્કતો પૂત્રિ વંશમાં બક્ષીશ કરવા તજવીજ કરી હતી. પરંતુ આપે વાંધો લઈ એવું ઠરાવ્યું કેઃ— "દરગાહ અને તેને લગતી જે મિલ્કતો હોય તે કુટુમ્બી વકફ છે." માટે તેને હંમેશ સાચવી પુરૂષ વંશની ઓલાદમાં ઉત્પન્નનો ઉપયોગ કરવો એમ ઠર્યું.

એક વખત આપ જલાલપુર તાલુકામાં સીસોદ્રા ગામે પ્રચારાર્થે ગયેલા હતા. ત્યાં દાદુ પંથની ગાદીના મોતીરામ નામના એક સંત પણ આવ્યા હતા અને તેમણે અનુયાયીઓને સમજાવી શુદ્ધિ લેવા હીલચાલ શરૂ કરી હતી. ગામના લોકોએ આવી આપને સર્વ બીના રોશન કરી. આપે લોકોને કહ્યું કેઃ—"તમો જરા પણ ગભરાશો કે ફિકર કરશો નહિ. એનો ફેસલો આપણે કુદરતને હાથ સોપીશું. પછી ખુદાને જે મંજુર હશે તે થશે." આપે એક પત્ર સંત મોતીરામને લખ્યો. તેનો મજકુર નીચે પ્રમાણે હતોઃ—

"દુઆ સલામ બાદ લખવાનું કે તમો સીસોદ્રા ગામનાં કેટલાએક અનુયાયીઓને સમજાવી શુદ્ધિ માટે તૈયાર કર્યા છે, પરંતુ મારે તમોને એટલુંજ જણાવવાનું છે કે આવતી કાલે આપણે બન્નેએ ગામ બહાર નીકળી જવું અને ગામનાં લોકોને કહેવું કે ગામનાં મૂખ્ય રસ્તા ઉપર તેમણે અગ્નિ પ્રદિપ્ત કરવો. મજકુર અગ્નિ ઉપરથી જે ચાલીને ગામમાં પ્રવેશ કરે તેણે ગામના લોકો ઉપર ધાર્મિક ગુરૂપદ મેળવવું."



ઉપરનો પત્ર સંત મોતીરામને મળ્યા પછી તેઓએ એ પત્રનો કાંઈ પ્રતિયુત્તર આપ્યો નહિ અને તેજ રાત્રે તેઓ સાતેમ ગામનાં ભૂલા ગોંસાઈ નામના પટેલ જોડે ચાલ્યા ગયા.

આ બનાવ વખતે આ અદના લેખક પિતાની સંગાથે હતો અને પત્ર લઈને મુનસાડ, સીસોદ્રા, પારડી અને સાતેમનાં લોકો ગયા હતાં, તે પ્રત્યક્ષ બનાવ જોયલો લખ્યો છે.

આપની રૂહાની તાકાત કમાલ દરજ્જે વધેલી હતી. હમેશાં હિંદુ-મુસલમાન અને પારસી કોમનાં સંખ્યાબંધ લોકો આપની પાસે આવતાં અને આપની દુઆની બરકતથી તેમની ધારેલી મૂરાદો બર આવતી. રાતનો અમુક ભાગ આપ હરહમેશ ઇશ્વિર ચિંતનમાં ગુજારતા. તાવીઝપલીતા અને ઇસ્મિયાતના કામમાં આપની ખ્યાતિ લોકોમાં ઘણી હતી.

આપને વિશેષ પ્રિતી અશ્વો ઉપર હતી. અને તેના નિષ્ણાત હતા. હમેશાં બેચાર અશ્વો (ઘોડાઓ) આપને ત્યાં બાંધેલાં રહેતા હતા. નવ નવા અશ્વો દર સાલ ખરીદતા અને જાતેજ ફેરવી તેને કેળવતા. એ બાબતમાં આપની ખ્યાતિ એટલે સુધી હતી કે ધરમપુરના મહારાજા શ્રી. મોહનદેવજી મહારાજા પોતાની સ્વારીના અશ્વો કેળવવા આપને ત્યાં હમેશાં મોકલતાં. ઘણાં ચાબુક સ્વારો અને અશ્વોના શોખિન શ્રીમંતો આપની સેવામાં આવતા અને તેઓને નવિન નવિન બાબતો એ સંબંધી જાણવાને મળતી.

અશ્વોની દરેક જાત, ખોડ, ખાંપણ અને બિમારીઓ સંબંધી આપને સંપૂર્ણ માહિતી હતી.

શ્રીમંત ખંડેરાવ ગાયકવાડ મહારાજા સાહેબ નવસારી પધાર્યા અને દરગાહની મુલાકાતે આવ્યા હતા ત્યારે આપે એક ઘોડો તેમને અર્પણ કર્યો હતો. ઘોડાની ખુબીઓ જોઇને શ્રીમંત ખંડેરાવ મહારાજ ઘણાં ખુશ થયા અને પોતાની ખાસ અશ્વશાળામાં એ અશ્વને રાખવા હુકમ કર્યો હતો.

આપની વફાત તારીખ ૧૫ માહે સપ્ટેમ્બર સને ૧૯૦૧ ને હિજરી સનની તારીખ ૧ લી જમાદિઉલ્લઆખર ૧૩૧૯ માં થઈ હતી.

આપની કબર પીર સતગુરૂ નૂરની દરગાહની સામે બીજી દરગાહમાં છે. મજકુર દરગાહ ઘણી જીર્ણ થયેલી હોવાથી સને ૧૯૦૩ માં આફ્રિકાના મુરિદોએ ઉઘરાણું કરી નવી બંધાવી હતી.

---

# પીર સૈયદ હસનઅલીશાહ (કદ)

સૈયદ હસનઅલીશાહ સાઠ વર્ષની ઉમરે નવસારીમાં વફાત પામ્યા હતા. તેઓ પરહેઝગાર અને આબિદ હતા. ઈલ્મે માઅરિફતમાં કમાલ દરજ્જો ધરાવતા હતા. બેઠાં બેઠાં એમના હૃદયમાં દર્દ ઉઠ્યું અને આપે ઝિક્રે-ઈલાહી ચાલુ કરી અને વફાત ફરમાવી. આપને ચાર પૂત્રો અને ત્રણ પૂત્રીઓ હતી, તે સર્વે છોકરાઓ અને એક છોકરી આપની હયાતીમાંજ ગુજરી ગયાં હતાં. હાલ બે પૂત્રીઓ ભૂરીબેગમ અને બેગમાજાન હયાત છે. એક પુનીયાદ (પ્રાંત વડોદરા) અને એક પીરાણે (જીલ્લે અમદાવાદ) ખાતે રહે છે.



સૈયદ હસનઅલીશાહને બીજા ત્રણ ભાઇઓ હતા. એકનું નામ સૈયદ મુહમ્મદશાહ હતું, તેમને ઓલાદમાં એક પૂત્ર સૈયદ કાસિમઅલી હતા, જે તેમના પછી વગર ઓલાદે ગુજરી ગયા. બીજા એક ભાઈ સૈયદ અમરૂમિંયા હતા, તેઓ પણ વગર ઓલાદે ગુજરી ગયા. એ સઘળાઓને નવસારીમાં હઝરત સૈયદ નૂરૂદ્દીન મુહમ્મદ (કદ.) ઉર્ફે સૈયદ સાદાત સાહેબની દરગાહ પાછળ પૂર્વ દિશામાં દફનાવવામાં આવેલા છે.

એ ત્રણે સાદાતો આ પુસ્તક કર્તાના સગા કાકા થતા હતા. હાલ એમના ઘરો ઓલાદ વિના બંધ પડયા છે. ચોથા ભાઇ સૈયદ હાશિમશાહ સાહેબને ઓલાદ થઈ. બે પૂત્રો (૧) સૈયદ પ્યારે સાહેબ (હાલ હયાત) (૨) સૈયદ સદરૂદ્દીન (મજકુર પુસ્તકના કર્તા)ને પાંચ પૂત્રીઓ (૧) એહમદી બેગમ, એમના લગ્ન સુરત થયા હતા, વિધવા હોઈ, હાલ હયાત છે. એમને એક પૂત્રી અને એક પૂત્ર છે. પૂત્રી કમરૂન્નીસાના લગ્ન અમદાવાદ ખાતે સૈયદ ઝુલ્ફીકારઅલી નૂરઅલી પીરાણાવાળા જોડે થયા હતા. સૈયદ ઝુલ્ફીકારઅલી સાહેબ ગુજરી ગયા છે ને પોતાની પાછળ એક પૂત્રી રૂહાબાનુ મૂકી ગયા છે. પૂત્ર સૈયદ અબ્બાસઅલી હાલ પોસ્ટ માસ્ટર છે અને તેમને હબીબુન્નીશા નામની એક પૂત્રી છે. (૨) હુસેની બેગમ, એમના લગ્ન પીરાણા થયા હતા. તેમને બે પૂત્રીઓ આબિદા બેગમ અને ઝાહિદા બેગમ તથા એક પૂત્ર સૈયદ તસ્દુક હુસેન છે. એ ત્રણે હાલ હયાત છે. સૈયદ તસ્દુક હુસેનને ત્રણ પૂત્રો ને એક પૂત્રી હાલ હયાત છે અને પીરાણામાંજ રહે છે. (૩) મુહમ્મદી બેગમ એમની શાદી વેમાર (પ્રાંત વડોદરા) ખાતે થઈ હતી. તેઓ ગુજરી ગયા છે ને પોતાની પાછળ બે પૂત્રો સૈયદ અમીરઅલી તથા સૈયદ જાફરઅલી ઉર્ફે છોટે સાહેબ મૂકતા ગયા છે. (૪) ઉમરાવ બેગમ એમના લગ્ન અમદાવાદ થયા હતા. કંઈ ઓલાદ નથી, એઓ

વિધવા છે ને હાલ નવસારીમાં રહે છે. (૫) નૂરજહાં બેગમ એમના
લગ્ન પણ અમદાવાદ ખાતે પીરઝાદા સૈયદ યાવરઅલી નૂરઅલી
પીરાણાવાળા જોડે થયા હતા. સૈયદ યાવરઅલી સાહેબ વફાત
પામ્યા છે. તેઓ પોતાની પાછળ એક પૂત્રી રહીમુન્નીસા મૂકતા
ગયા છે. તેમના લગ્ન નવસારી ખાતે આ પુસ્તકના કર્તાના વડીલ
ભાઈ સૈયદ પ્યારે સાહેબના વડા પૂત્ર જોડે સને ૧૯૨૯માં થયા છે.

સૈયદ પ્યારે સાહેબ મારા વડિલ બંધુ થાય છે. સજ્જાદા
નશીન છે. વડોદરા રાજ્યની ધારાસભાના અને નવસારી સુધરાઈના
સભ્ય છે. એમને બે પૂત્ર છે. (૧) સૈયદ સજ્જાદ હુસેન અને
(૨) સૈયદ શૌકતહુસેન.

આ લેખકને હાલ હયાત ઓલાદ નીચે મુજબ છે:—

(૧) સૈયદ અલી સગીર
(૨) સૈયદ ઇમામુદ્દીન
(૩) સૈયદ નૂરૂદ્દીન
(૪) સૈયદ મસીહુદ્દીન
(૫) સૈયદ યુસુફુદ્દીન
(૬) તાહિરા બેગમ
(૭) મુહમ્મદી બેગમ
(૮) મુમતાઝ બેગમ
(૯) સૈયદ મુસ્લિમ

એ પૈકી સૈયદ અલી સગીર, સૈયદ ઇમામુદ્દીન અને તાહિરા
બેગમના લગ્ન સને ૧૯૨૯ માં થયેલાં છે. સૈયદ અલીસગીરને
(૧) રઈસુન્નીશા (૨) અનીસુન્નીશા અને (૩) અલી કબીર એ પ્રમાણે
બે પૂત્રીઓ અને એક પૂત્ર હયાત છે. સૈયદ ઇમામુદ્દીનને દિલશાદ
બેગમ અને શમશાદ બેગમ નામની બે પૂત્રીઓ હયાત છે. તાહિરા
બેગમના લગ્ન બહાદરપુર (વાયા બુરહાનપુર)ના પીરઝાદા અશરફ
અલી સાહેબના વડા પૂત્ર સૈયદ નૂરઅલી પીરઝાદા જોડે થયા છે
અને તેમનાથી નીચે પ્રમાણે ઓલાદ હાલ હયાત છે.

(૧) તાજુદ્દીન (૨) જહાંઆરા બેગમ (૩) શાહઝાદા અલી.



# પીર સૈયદ બાકરશાહ (કદ)

પીર ઇમામુદીન સાહેબના આપ પુત્ર હતા. અરબી, ફારસી, અને ઉરદુ ભાષામાં નિષ્ણાત હતા. ન્યામત અને કરામત પિતા બુઝુર્ગવારથી મળી હતી. સારા વ્યાખ્યાનકાર અને પ્રચારક હતા. આખી ઉમર દેશાટન કરી દાવતનું કામ કર્યું છે. આપના હાથ ઉપર પાવન થએલાઓ પૈકી નુરશાહી મોમનાઓની જમાત જાણીતી છે. આપની વફાત અમદાવાદમાં થઈ હતી. જુના ચાર તોડાના કબરસ્તાન પાસે દફનાવવામાં આવ્યાં છે. મઝાર શરીફથી હાલમાં પણ ફૈઝ જારી છે. મકબરા ઉપર આલીશાન દરગાહ બનાવવામાં આવી છે. દરગાહના ફરતે કોટ ચણેલો છે. અંદર એક મુસાફરખાનું બાંધેલું છે. તેમજ મુજાવરને રહેવાને એક મકાન બાંધેલું છે. મુરીદો સિવાય બીજી કોમના લોકો પણ આપને માને છે. હંમેશાં ન્યાઝ નઝર લઈને આવે છે. દરગાહ જોવા લાયક છે. દરગાહને લગતી સર્વે વ્યવસ્થા અમદાવાદની મોમીન જમાતના હાથમાં છે.

# પીર સૈયદ બાલિકશાહ (કદ)

શ્રીમંત ગાયકવાડ સરકારના કડી પ્રાંતના પાટણ શહેરમાં આપની દરગાહ આવેલી છે. ઉરસ રજબ મહીનાની પંદરમી તારીખે થાય છે. એ દરગાહ સૈયદખાની સાદાતોના તાબામાં છે. મઝાર શરીફથી ફૈઝ જારી છે. આપે દાવતનું કામ કંદોઈ, ભાવસાર, મોઢઘાંચી વિગેરે કોમોમાં કર્યું છે. વિદ્વાન ઉપદેશક અને સારા પ્રચારક હતા. પીર ઇમામુદીન સાહેબના આપ બીજા પુત્ર હતા. દરગાહ જોવા લાયક છે.

# પીર સૈયદ બાલેશાહ (કદ)

**પીર** ઇમામુદીન સાહેબના આપ ત્રિજા પુત્ર હતા. આપની દરગાહ ખંભાત શહેરમાં નારંગસર તળાવના કાંઠા ઉપર આવેલી છે. મઝાર પાકથી હજી પણ ફૈઝ જારી છે. દરગાહ જોવા લાયક છે. આપને માનનારાઓમાં કુંભાર, ગોલા, કાછીઆ, કણબી વિગેરે ન્યાતના લોકો છે. આપને લગતી વિશેષ હકીકત એવી છે કેઃ—

એક વખત આપ પીર ઇમામુદ્દીન સાહેબની જોડે ધર્મ પ્રચાર માટે ખંભાત આવ્યા હતા. અને તે અરસામાં એક હિંદુ કુંભારના છોકરા જોડે આપની મિત્રાચારી બંધાઇ હતી. પરમાત્માનું કરવું કે તે છોકરાનું અચાનક મૃત્યુ થયું. તેના શબને સગાંવહાંલાઓ સ્મશાન યાત્રા લઈ જવાની તૈયારીમાં હતા. પીર બાલેશાહ સદર છોકરાને મળવાને તેના ઘેર ગયાં. આપને ત્યાં ખબર પડી કે મજકુર છોકરો મૃત્યુ પામ્યો છે અને લોકો તેને ઉંચકી જવાની તૈયારીમાં છે. છોકરાના માબાપને એકજ સંતાન હોવાથી પીર બાલેશાહને તેઓ વળગી પડયાં અને મજકુર છોકરાને સજીવન કરવા વિનંતિ કરવા લાગ્યા; તેથી આપનું હૃદય પણ પીગળી ગયું અને તરતજ આપને જઝબો આવ્યો. પોતે દુનીઆનું ભાન ભુલી ગયા અને મસ્ત હાલતમાં છોકરાનો હાથ પકડી લઇ ખુદાવંદે કરીમની દરગાહમાં દુઆ ગુજારી. આપની દુઆ બારી તાલાએ કબુલ ફરમાવી અને તે છોકરો આળસ મરડીને બેઠો થયો.

આ બનાવની ખબર વિજળી વેગે આખા શહેરમાં પસરી. મજકુર છોકરો અને તેનું આખું કુટુંબ આપના હાથ ઉપર કલમો ભણી મુરીદ થયું અને એની વંશના મુસલમાન કુંભારો હાલ પણ સુરત, ભરૂચ અને ખંભાતમાં વસે છે અને ઇમામ શાહી સાદાતોને માને છે.



મજકુર બનાવની ખબર પીર ઇમામુદ્દીન સાહેબને મળતાં તેમણે બાલેશાહને બોલાવી કરામત બતાવવા બદલ ઠપકો આપ્યો. હજી તબીયત, પિતાની હઝુરમાં આવ્યા ત્યાં સુધી ઝઝબામાં હતી; તેથી આપને પિતાના વચન અસહ્ય અને કડક માલમ પડવાથી ત્યાંજ વફાત ફરમાવી. આ જોઈ આપની નાની બ્હેન શમ્શ ખાતુન પણ જઝબામાં આવ્યા અને ક્ષણવારમાં મૃત્યુ પામ્યા. આપનો મકબરો પણ પીર બાલેશાહની બાજુમાંજ છે.

# પીર સૈયદ મશાયખ (કદ)

**આપના** પિતાશ્રીનું નામ સૈયદ ફાઝલ હતું. ઇમામ જાફરે સાદિકની ઓલાદના ફાતમિ સાદાત હતા. પેઢીનામું ઇમામ ઇસ્માઇલથી મળે છે. જટરાલ જે પાટણની પાસે આવેલું ગામ છે, તે પેદાઇશનો મુકામ હતો. ત્યાં તારીખ ૧૩ માહે રબીઉલ આખીર સને ૧૦૬૦ હિજરીમાં આપ પેદા થયા હતા.

નાનપણનો વખત કડીમાં ગુજારી યુવાન વયે અમદાવાદમાં વસવાટ કર્યો હતો. નવ વર્ષની ઉમ્મર થતાં પિતાશ્રી ગુજરી ગયા હતા. હજારો મુરીદો આપને માનતા હતા. પોતે વીસ સાલ સુધી વિદ્યા સંપાદન કરવા તરફ બેદરકાર રહ્યા હતા. આવી અજ્ઞાન સ્થિતિમાં મુરીદોમાં દાવતનું કાર્ય શી રીતે થશે તેની આપને પાછળથી ચિંતા થવા લાગી. એક દિવસ ખુદાવંદે કરીમની દરગાહમાં પીર મશાયખે દુવા કરી કેઃ—હે રબ્બુલ આલમિન મારી ઇઝ્ઝત અને શરમ તારા હાથમાં છે. તું મને નવાઝ. તારી મહેરબાની સિવાય મારાથી મુરીદોમાં કાંઈ પણ બની શકે તેમ નથી.

ઉસે ફઝલ કરતે નહિ લગતી બાર,
ન હો ઉસસે માયુસ ઉમ્મીદવાર.

એક દિવસ સ્વપ્નામાં જોયું કે ખુદાવંદે કરીમની રેહમત ઉતરી રહી છે. હઝરત રસુલુલ્લાહ (સ. અ. વ.)ને આપે જોયા. આં હઝરત (સ. અ. વ.) પોતાના મુખમાંથી કાંઈ કાઢી એમના મુખમાં આપી રહ્યા છે. આ દ્રશ્ય જોઈ ઉંઘમાંથી એકાએક ચોંકી ઉઠ્યાં અને પોતાને છૂપા ને જાહેર સર્વ ભેદ અને ઇલ્મ રોશન થયેલું માલુમ પડ્યું. આપે પછી મુરીદોને હિદાયત કરવા માંડી અને ઘણાં પુસ્તકો મુરીદોની કેળવણી અને જ્ઞાન માટે રચ્યા. તે કલામોમાંથી વાંચકોની જાણ માટે કેટલાક ફકરા અત્રે ટાંચણ કરવામાં આવે છેઃ-

બદ દીન દીન કાજ મૂજ પાસ આવે,
અને અકિદા ઢૂંઢને કું સહી કર લાવે;
તો કરમ રે અલ્લાહ સુ કુફર ઉસ્કા જાવે,
અને દીન કેરી રાહા સહી રે પાવે;
પીછે હોવે સરાવક હિંદુ કે મેશરી,
કે હોવે રે મુનાફિક ટોળી મુમનો કેરી;
કે હોવે ઉસે મલીયા દિનકા ચોર,
તો કુફર ભી ઉસકા તોડું રે ઓહતેરા;
શિયા મઝહબ કા જો કદી રે આવે,
તો સુન્નીઓ કેરી રાહ વે પાવે;
ઇતિની રે સમજ હય મુજ માહે,
તે નબી કી દોસ્તી મુજસુરે માહે.

લોકો આપની કરામતો સાંભળી દુરદરાઝથી ખિદમતમાં હાઝર થતા. આપ તેમને દીનની તલકીન આપી મુરિદ બનાવતા.



પીર મશાયખને માનનારા અનુયાયિઓ મુમન એટલે મોમિનના નામે જાણીતા છે. ઘણાં લોકો તે પૈકી ગૂજરાત અને કાઠિઆવાડમાં વસી ખેતી કરે છે ને થોડાઓ મુંબઇમાં જઇ વિકટોરીઆ ગાડી ભાડે ફેરવવાનો અને ભેંસો રાખી દુધ વેચવાનો ધંધો કરે છે.

ઔરંગઝેબ બાદશાહના રાજ્ય અમલમાં આપ સોલાપુરમાં દાવતના પ્રચાર કાર્ય અર્થે ગયા હતા. ત્યાં ઔરંગઝેબનું સૈન્ય જોવામાં આવ્યું. જે વિજાપુર શહેરના કિલ્લાને સર કરવા માટે જઈ રહયું હતું. આપ પણ તેની સાથે જોડાયા. લશ્કરમાં આપની પવિત્રતા અને વિદ્વતા માટે ચર્ચા થવા લાગી. લાંબા વખત સુધી લડાઈ ચાલુ રહી; પરંતુ ફતેહ ન મળી. ઔરંગઝેબ બાદશાહ ફતેહ ન મળવાના કારણે ઘણોજ નાસીપાસ થયો અને હમેશા ઉદાસીન રહેતો હતો. લશ્કરી માણસો દ્વારા પીર મશાયખની ખ્યાતિ બાદશાહના કાને પહોંચી. સિપાઈઓની ફરમાશથી આપે બાદશાહ ઔરંગઝેબની ફતેહ માટે દુઆ કરી અને ભવિય કહ્યું કે "ગુરૂવારે વરસાદ થશે અને જીલ્કદની ચોથી તારીખે ખુદાવંદે કરીમના હુકમથી બાદશાહને વિજાપુર ઉપર ફત્તેહ મળશે." આપના કહેવા મુજબ જીત થઈ. પાદશાહ ઘણોજ ખુશ થયો અને ગોવળકુંડાની ફત્તેહ માટે પણ આપે બાદશાહને બસારત કરી, તે મુજબ ત્યાં પણ કીર્તિવંત વિજય મળ્યો. તે પછી હંમેશા આપની સલાહ મુજબ ઔરંગઝેબ બાદશાહ ચાલતો. આપે એક કલામમાં તેના માટે લખ્યું છે કેઃ—

અયસે ઉમ્મતી નબી કે, યતિમ જીનકા નામ રે,
ઇસિ ઝમાનેકે બાદશાહ, પુછ ઉન્કુ કરતે કામ રે.

પોતાની ઉમ્મરનો છેલ્લો ભાગ આપે અમદાવાદમાં વસવાટ કરી પસાર કર્યો હતો. વફાત પણ અમદાવાદમાં થઈ. સારંગપુર

દરવાજાની બહાર ચારતોડાની પાસે આપની દરગાહ હસ્તી ધરાવે છે. સદરહુ દરગાહ જોવા લાયક છે. ઉપર આલિશાન રોઝો ચણાવેલો છે. ઉરસ મોહર્રમ માસની ૨૧મી તારીખે ભરાય છે. મઝાર શરીફથી ફેઝ જારી છે. સજ્જાદાનશિન આપની ઓલાદમાં સૈયદ મહેર હુસેન છે અને પાલણપુરમાં રહે છે. સઘળી કડીવાલ જમાત તેમના માતેહત છે.

---

## પીર સૈયદ ફતેહઅલી (કદ)

પીર ફતેહઅલી ઈમામ ઈસ્માઈલની ઓલાદમાં હોઈ ફાતમી સાદાત હતા. આપના ઘણાં ભજનો હાલ પણ ખોજા કોમમાં સુરક્ષિત છે. આપ વિદ્વાન ઉપદેશક અને સારા પ્રચારક હતા. ઇલ્મે જાહેરી તેમજ બાતિની ખુલેલું હતું. આખી ઝિંદગી દાવતનું કામ કર્યું છે. ઈમામ મેહદીની સીફતમાં હંમેશાં ભજનો કહેતા. પેદાઈશ અને વફાતની તારીખ મળતી નથી. આપના કલામો નીચે મુજબ હતાઃ–

નર નકલંક કેરી વાત કોઈ એક જાણેજી,
જેને સતગુર મીલીઆ સાર સોહી પીછાણેજી. (૧)
સતગોર સત કરી જાણુ મહમદ રૂપેજી,
શમશી સૈયદ ફતેહઅલી દાસ ઉભા વિનવેજી. (૨)

---

## પીર સૈયદ અબ્દુલ નબી (કદ)

મજકુર પીરે ખોજા અને મોમીન કોમમાં દાવતનું કામ કર્યું છે. જાહેર અને બાતિન જ્ઞાનથી ભરેલા હતા. તેમના કેટલાક ભજનો હાલ પણ મોજુદ છે, જે બ્રહ્મજ્ઞાન ઉપર સારૂં અજવાળું નાંખે છે. આપે આખી ઉમર કચ્છ, કાઠિઆવાડ અને ગુજરાતમાં દેશાટન



SA MEHTA

કરી લોકોને બોધ કર્યો હતો. ઇમામ ઈસ્માઈલની ઓલાદમાં અને ફાતિમી સાદાત હતા. પેદાઈશ અને વફાતની તારીખ જડતી નથી. આપના કલામો પૈકી એક પદ હેઠળ લખવામાં આવે છે.

એજી પાપ પરમેલ દેહી છે નિરમલ
સહેજેથી સતપંથ ધોઓજી. (૧)
હીરા ને વીરા તમે પરખીને લેજો
નહીતો ફોગટ ખાશો ફેરાજી. (૨)

---

## પીર સૈયદ શાહજીમીયાં
### અને
## પીર સૈયદ બાલા મહંમદશાહ (કદ)

પીર સૈયદ મહમદશાહ દુલ્હા બુરહાનપુરીના આપ સાહેબઝાદા હતા. ન્યામત અને કરામત પિતાશ્રીથી મળી હતી. આપને જાહેર અને બાતિન ઇલ્મ રોશન હતું. એક સારા પ્રચારક અને વિદ્વાન ઉપદેશક હતા. આપના માટે અમદાવાદના સુબા સુજાતખાં ( ઈ. સ. ૧૬૮૪–૧૭૦૩ ) એ દિલ્હી ઔરંગઝેબ બાદશાહ ઉપર લખ્યું, કે સૈયદ સાહેબ કેટલાએક કુફરના કામો કરે છે. તેથી બાદશાહની હઝુરથી આપને તેડું થયું, જે ઉપરથી સુબા સુજાતખાંએ પિરાણાથી આપને અમદાવાદ બોલાવ્યા. આપે વિચાર્યું કે કેટલાક ઈર્ષ્યાખોર લોકોની ઉશ્કેરણીથી આ બનાવ હસ્તીમાં આવ્યો છે. જો હું નહિ જઉશ તો બાદશાહ વધારે ક્રોધે ભરાશે, પછી આપ અમદાવાદ આવ્યા અને તેજ રાત્રે તારીખ ૧૦ સવ્વાલ હિજરી સને ૧૧૧૩માં વફાત થઇ. આપને ત્યાંથી પિરાણે લઇ આવી દફન કર્યા. મઝાર શરીફથી હજી પણ ફેઝ જારી છે.

આપની અચાનક વફાતની ખબર પવન વેગે દૂર દૂરના પ્રદેશમાં ફેલાઈ અને મુરિદોના મન શોકાતુર થયા. એ સર્વેએ વિચાર્યું કે અમદાવાદના સુબા સુજાતખાનની ઇર્ષ્યાના સબબે આ બનાવ હસ્તીમાં આવ્યો છે માટે તેનો બદલો લેવો જોઇએ, એમ ધારી લોકોના ટોળેટોળા ભેગા થવા લાગ્યા. તેમાં યુવાનથી લઈને વૃદ્ધ સુધી માણુસો હતા. લોકોએ પૈસા ટકા પણ સાથે બાંધ્યા અને ઘરબાર ત્યજી જીવની લેશમાત્ર પણ પરવાહ કર્યા વગર ખાનદેશથી સુરત તરફ રવાના થયા અને ત્યાંથી કુચ કરી નર્મદા નદી ઉપર આવેલા ભરૂચ શહેરની સામે કાંઠે મુકામ કર્યો અને હોડી દ્વારા ભરૂચ શહેરમાં પ્રવેશ કર્યો. ભરૂચના સુબાને આ બનાવની ખબર થતાં તેણે લોકોને અટકાવવા પ્રયાસ કર્યો પરંતુ આ માનવ સમૂહને કોણ રોકે એમ હતું? ભરૂચનાં હાકેમના લશ્કર જોડે તેમનો મુકાબલો થયો પરંતુ તેના લશ્કરનો પરાજય થયો. સુબો માર્યો ગયો અને ભરૂચનો કિલ્લો સતપંથી અનુયાયિઓએ સર કરી ફાતમી ઝુંડો (ઇ. સ. ૧૬૯૧માં) ફરકાવ્યો. સતપંથીઓએ ઘણીજ સાવચેતીથી ભરૂચના વતનીઓનું રક્ષણ કર્યું અને તેઓનાં જાનમાલની સલામતીને લેશમાત્ર પણ નુકશાન કર્યું નહિ અને કિલ્લાને ફરીથી સરામત કરી મજબુત કર્યો.

મરહુમ સૈયદ સાજી સવાઇનાં સગીર પુત્ર બાલા મહમ્મદશાહને ત્યાંજ રાજ્યાભિષેક કર્યા અને દિનપ્રતિદિન મુરિદોની સંખ્યામાં વધારો થવા લાગ્યો. તે વખતે બાલા મહમ્મદશાહની વય માત્ર અગીયાર વર્ષની હતી.

મજકુર ખબર વડોદરા પહોંચતાંજ ત્યાંનો સૈન્યાધિપતિ લશ્કરની મોટી સંખ્યા લઇ ભરૂચ ઉપર ચઢી આવ્યો પરંતુ અહીં તેને વિજય મળવો મુશ્કેલ હતો કેમકે ભરૂચનો કિલ્લો ઉંચી ટેકરી ઉપર આવેલો હતો. તેની એક બાજુએ નર્મદાનદી વહેતી હતી અને



બીજી બાજુએ અઢાર હજાર અનુયાયિઓ જાન ઉપર ખેલી કેસરિયા કરવા તૈયાર હતાં. સૈન્યાધિપતિએ વિચાર્યું કે કોઈ પણ રીતે વિજય મળે તેમ નથી માટે તે વ્યુહરચનાના તરંગો વિચારતો પાછો ફરી ગયો. એ બનાવને લગભગ છ માસ વ્યતિત થઈ ગયા. અમદાવાદનો સુબો આ સમાચાર સાંભળી ઘણોજ ઉદાસીન થયો. આખાયે ગૂજરાતમાં તેણે મદદ માટે પત્રો પાઠવી એક મોટા સૈન્યનો જમાવ કર્યો અને ભરૂચ ઉપર લડાયક સાધનો સહિત બીજો મજબુત હુમલો લાવ્યો, ભરૂચ નજીક એક ખુનખાર લડાઈ થઈ. આવેલા લશ્કરના હાથે હજારો અનુયાયિઓ માર્યા ગયા. આ મુકાબલામાં મોટી ખુબી તો એ હતી કે એક તરફ હથિઆરોનો ઉપયોગ થતો હતો અને બીજી બાજુએ હાથો હાથ, વગર હથિઆરથી મુરીદ લોકો લડતા હતા. આખરે અમદાવાદના સુબાના સૈન્યની ફતેહ થઈ, અને સૈયદ બાલા મહંમદશાહને ૫૦૦ પાંચસો મુરીદો સહિત કેદ પકડી, સુબાએ દિલ્હી ઔરંગઝેબ (ઈ. સ. ૧૬૫૯–૧૭૦૭) ની પાસે મોકલી આપ્યા.

આપને સગીર જોઈ બાદશાહે કેળવણીને માટે તેમને રાજગુરૂ કાઝી અબ્દુલ્લાની પાસે મોકલી આપ્યા. જે શાહઝાદાઓની કેળવણી માટે મુકર્રર થયેલા હતા. તે દરમ્યાન આપને બાદશાહના રાજ્ય કુમાર બહાદુર શાહ સાથે મિત્રાચારી બંધાઈ. કેટલાએક વર્ષ એ બનાવને વિત્યા બાદ એક દિવસે શાહઝાદાએ આપને અરજ કરી કે આપ મારા માટે કંઇ દુઆ કરો. જેથી આપે ફરમાવ્યું કે "આજથી આઠમે દિવસે તમો દિલ્હીના તખ્ત ઉપર બેસશો." ખુદાનું કરવું કે તેજ પ્રમાણે બન્યું. તે પછી બહાદુરશાહએ લખલૂટ દૌલત ભેટ આપી અને ઘણાજ માન અને શાહી દબદબા સાથે ઇ. સન ૧૭૦૭માં તેમના વતન પીરાણે વિદાય કર્યા.

આપ જ્યારે પિરાણા મૂકામે પધાર્યા અને રહેવા લાગ્યા તે પછી આપની શાદી (લગ્ન)ની તૈયારી કરવામાં આવી પરંતુ

એ દરમ્યાન આપની ઓરમાન માતુશ્રી બીબી રાજેતાહેરા સાથે અણબનાવ ઉપસ્થિત થયો તેથી ગુસ્સે થઈ દક્ષિણ હૈદ્રાબાદ તાબે આવેલા ગુલબર્ગા શહેર ખાતે પોતે ચાલ્યા ગયા. અને લગ્ન માટે બાંધેલ મિંઢળ તોડી નાંખ્યું. થોડો વખત જીવી ત્યાંજ આપે વફાત ફરમાવી. ત્યાંથી ૭ મહિના બાદ આપની લાશ પિરાણે લઇ આવ્યા. મરણ પછી પણ આપની એ કરામત હતી કે મુરિદોએ દિદાર કરવા કફનનું મોંઢું ખુલ્લું કર્યું, તો વાળ અને નખ વધેલા અને લાશ તાજી હતી અને મુખ ઉપર ખુદાનું નૂર જલવાગીર હતું.

પીર બાલા મહંમદશાહના ગુજર્યા પછી ગાદી ઉપર કોને બેસાડવો એ પ્રશ્ન ઉત્પન્ન થયો તે વખતે ગુજરાતની સૈયદખાની જમાત વીસ મુખિઓની આગેવાની હેઠળ હતી, તે ત્રણ વિભાગમાં વહેંચાઈ ગઇ: (૧) આઠ મુખિઓની સલાહ પ્રમાણે જે લોકો ચાલ્યા તેઓ "આઠિયા" કહેવાયા (૨) સાત મુખિઓ અને તેમના તાબાની જમાતે શહેર ગુલબર્ગાથી સૈયદ બાલા મહંમદશાહની લાશને લાવી પિરાણામાં દફન કરી તેઓ "સાતિયા" કહેવાયા (૩) પાંચ મુખિઓએ અને તેમના હાથ હેઠળની જમાતે વિચાર્યું કે આપણે તો માજી રાજે તાહેરાને માનવા, તેથી તેઓના કહેવામાં જે જમાત રહી તે "પાંચિયા" કહેવાયા. અદ્યાપિ પ્રર્યંત એ ત્રણે જમાતો ઉપરના નામોથી ઓળખાય છે.

પીર બાલા મહંમદશાહની વફાત સને હિજરી ૧૧૨૫માં શહેર ગુલબર્ગામાં થઈ હતી.

**આઠીયા, સાતીયા** અને **પાંચીયા**ઓની જુદી જુદી જગ્યા પિરાણામાં હસ્તી ધરાવે છે અને તે ત્રણે સંસ્થાઓ સૈયદખાની સાદાતોને કબજે છે.



પીર બાલા મહંમદશાહની જોડે જે પાંચસો માણસો કેદ થઇ દિલ્હી મોકલવામાં આવ્યા હતા, તેમના ઉપર ત્યાં મુકદ્દમો ચાલ્યો અને તેઓની ધર્મ સંબંધી અદાલતમાં તપાસ થઇ એવો નિર્ણય થયો કે એ લોકો નવ-મુસ્લિમ છે માટે "શેખ"નો ઇલ્કાબ આપી સર્વને માનસહિત મૂક્ત કર્યા તે કારણે સતપંથી અનુયાયીઓમાં એ પાંચસો ઘરો "શેખ" તરિકે હજુ પણ ઓળખાય છે અને એમની વસ્તી નડિઆદ, વસો, પેટલાદ, ખંભાત, નાર, સોજીત્રા વિગેરે બાર ગામોમાં આવેલી છે ×

× (૧) મજકુર બનાવ ગુજરાતની સુપ્રસિદ્ધ તવારિખ મીરાતે એહમદીમાં પણ વિસ્તારપૂર્વક લખલામાં આવ્યો છે.

(૨) પીર સાજીમીયાંને જે ગેરવ્યાજબી શ્રમ પહોંચ્યો હતો તેનું એવું પરિણામ આવ્યું કે સુબા સુજાતખાનનું મૃત્યુ હિજરી સન ૧૧૧૩ માં થયું.

(૩) "ગુજરાતનું પાટનગર અમદાવાદ"ના વિદ્વાન કર્તા શ્રી રત્ન મણિરાવ ભીમરાવ બી. એ. પૃષ્ટ ૬૫૬ ઉપર લખે છે:—"ઇ. સ. ૧૬૯૧માં એમના સૈયદોને કંઇ હરકત થવાથી આ પંથના લોકોએ મોટું હુલ્લડ કર્યું હતું અને ભરૂચનો કિલ્લો હાથ કર્યો હતો."

# ઈમામ શાહી સાદાતો

## પીર શાહબુદ્દીન (કદ)

પીર ઇમામુદ્દીનનાં આપ પૌત્ર હતાં. ન્યામત અને કરામત દાદા બુઝુર્ગવારથી મળેલી હતી. દિની અને દુન્યવિ ઇલ્મ રોશન હતું.

એક અચ્છા પ્રચારક અને વિદ્વાન ઉપદેશક હતાં. દાવતનું કાર્ય પોતે સુંદર રીતે બજાવ્યું હતું.

જલાલશાહી સાદાતો આપની સીધી નસલમાં ઉતરેલા છે ને તે અત્યારે પણ એ નામથી મશહુર છે.

આપની વફાત પિરાણામાં થઇ છે અને ત્યાંજ મદફન કરવામાં આવ્યા છે, જયાંથી હજી પણ ફૈઝ જારી છે,

## પીર મુસ્તુફા ( કદ )

આપ પીર ઇમામુદ્દીનનાં પૌત્ર હતા. ન્યામત અને કરામત દાદા બુઝુર્ગવારથી મળી હતી. જાહેર અને બાતિનનાં ગુપ્ત ભેદો જાણનાર હતા. દુન્યવિ અને દિની ઇલ્મ રોશન હતું.

એક વિદ્વાન ઉપદેશક અને સારા ભજનિક હતા.

શરિયતના ઘણાં પાબંદ હતા અને હરહમેશ દાવતનાં કાર્ય માટે ફરતા રહેતાં હતાં.

આપની વફાત પિરાણામાં થઇ છે. દફન પણ ત્યાંજ કર્યા છે. ત્યાંથી હજી પણ ફૈઝ જારી છે.



## પીર નૂરશાહ (કદ)

આપને ન્યામત અને કરામત પીર ઇમામુદ્દીનથી મળી હતી. દિની અને દુન્યવી ઇલ્મ રોશન હતું. જીવનનો મોટો ભાગ ખુદાવંદે કરીમની યાદબુદમાં વ્યતિત કરતા હતા.

ઈમામશાહી સાદાતોમાં નુરશાહી સિલસિલાના સાદાતોનો સંબંધ આપથી નજદીકી ધરાવે છે.

અમદાવાદની મોમિન જમાત આપને પીરો-મુરશિદ તરીકે ખરા ઇમાને માને છે.

હમેશાં દરગાહ ઉપર ન્યાઝ-નઝર ચઢાવે છે તથા ઉરસની ક્રિયા કરે છે.

આપની વફાત પિરાણામાં થઇ છે અને મદફન પણ ત્યાંજ કર્યા છે. હજી પણ આપથી ફૈઝ જારી છે.

## પીર ફત્તેહઉલ્લાહ (કદ)

પીર ઇમામુદ્દીન સાહેબથી ન્યામત અને કરામત મળી હતી. જાહેર તથા છુપા ભેદોના જાણકાર એક વિદ્વાન ઉપદેશક હતા. સારા પ્રચારક હોવાથી દાવતનું કાર્ય જીવનભર કર્યું હતું.

આપની જાત બા બરકાતથી હજારો મનુષ્યોને ફૈઝ પહોંચ્યો હતો.

આપની વફાત પિરાણામાં થઈ હતી અને ત્યાંજ દફનાવ્યા છે.

આપને ચાર ફરઝંદ હતા. તે સર્વે સાહેબે કરામત અને રૂહાની ફૈઝથી ભરપુર હતા. તેમણે આખી ઉમ્મર દાવતનું કામ કર્યું છે, તેમના નામો નીચે મુજબ છેઃ-

(૧) પીર શાહ દરવેશ. (૩) પીર કાસમશાહ
(૨) પીર ફઝલે અલીશાહ (૪) પીર વલીયુદ્દીન શાહ

# પીર વલીયુદ્દીનશાહ (કદ્દ)

આપને ન્યામત અને કરામત પીર ઇમામુદ્દીનથી મળી હતી. ઇલ્મ અને દાવતના કામમાં રોશન ખ્યાલ હતા.

વિદ્વાન ઉપદેશક અને સારા પ્રચારક હતા. ઉમર ભર દાવતનું કામ કર્યું હતું.

પિરાણામાંજ વફાત થઇ છે અને ત્યાંજ દફનાવવામાં આવ્યા છે. કબરથી ફેઝ જારી છે.

# પીર કાસમશાહ (કદ્દ)

ન્યામત અને કરામત પીર ઇમામુદ્દીન સાહેબથી મળી હતી. શરિયત, મારેફત, હકીકત અને તરિકતનું આપને બહોળું જ્ઞાન હતું.

કિનાયત અને ઇબાદતમાં આપ લાસાની હતા. વિદ્વાન ઉપદેશક અને ઉંચ કોટિના ભજનિક હતા.

આખીયે મપારા કોમ આપની કરામત જોઇ ઇસ્લામથી મુશર્રફ થઇ હતી. ઝબાનમાં એ તાસિર ખુદાએ બક્ષી હતી કે જે બોલતા તેજ થતું. આપના ઘણાખરા ભજનો "ઇલ્મે મારફત"માં તરબોળ છે. ઇસ્લામના અધ્યાત્મિક જ્ઞાનના આપ નિષ્ણાત હતા.

આપની વફાત અમદાવાદ થઈ છે. મદફન પણ ત્યાંજ કર્યા છે. કબરથી ફેઝ જારી છે. હજારો રૂપિયા ખરચી દરગાહ બનાવવામાં આવી છે. દરગાહને ફરતે કોટ અને એક મસ્જીદ હતી જે લાંબો કાળ ગુજરવાથી હાલ જમીનદોસ્ત થઈ ગઈ છે.

દરગાહનો વહીવટ અને વ્યવસ્થા સૈયદ તંસ્ફુક હુસેન જાફરઅલી કરે છે.



રોઝાના મુખ્ય દ્વાર ઉપર શિલાલેખ છે, તે પર આપની જે વંશાવળી આપેલી છે તે નીચે મુજબ છે:—

**વંશાવળી**

| | |
|---|---|
| (૧) સૈયદ કાસમ ઇબ્ને | (૧૬) સૈયદ સાબિક ઇબ્ને |
| (૨) ,, નૂરમુહમ્મદ ઇબ્ને | (૧૭) ,, એહમદ ઇબ્ને |
| (૩) ,, મુસ્તુફા ઇબ્ને | (૧૮) ,, મુહમ્મદ ઇબ્ને |
| (૪) ,, મુહમ્મદ ઇબ્ને | (૧૯) ,, હાશિમ ઇબ્ને |
| (૫) ,, શાહ ઇમામુદ્દીન ઇબ્ને | (૨૦) ,, હાદી ઇબ્ને |
| (૬) ,, કબીરૂદ્દીન ઇબ્ને | (૨૧) ,, મોહીયુદ્દીન ઇબ્ને |
| (૭) ,, સદરૂદ્દીન ઇબ્ને | (૨૨) ,, સિદ્દિકુદ્દીન ઇબ્ને |
| (૮) ,, શહાબુદ્દીન ઇબ્ને | (૨૩) ,, અબ્દુલ જમાલ ઇબ્ને |
| (૯) ,, નસીરૂદ્દીન ઇબ્ને | (૨૪) ,, ગાલિબ ઇબ્ને |
| (૧૦) ,, શમ્શુદ્દીન ઇબ્ને | (૨૫) ,, મનસુર ઇબ્ને |
| (૧૧) ,, સલાહુદ્દીન ઇબ્ને | (૨૬) ,, ખાલિદ ઇબ્ને |
| (૧૨) ,, ઇસ્લામુદ્દીન ઇબ્ને | (૨૭) ,, ઇમામુદ્દીન ઇબ્ને |
| (૧૩) ,, ખાલિદ ઇબ્ને | (૨૮) ,, નૂરમુહમ્મદ ઇબ્ને |
| (૧૪) ,, મોમીનશાહ ઇબ્ને | (૨૯) હઝરત ઇમામ શાહ ઇસ્માઇલિ ઇબ્ને |
| (૧૫) ,, મોહિબુદ્દીન ઇબ્ને | (૩૦) હઝરત ઇમામ જાફરો સાદિક (અ. સ.) |

ઉપલી વંશાવળી પત્થર ઉપર કોતરેલી હોઈ, તે ઉપર હિજરી સને ૧૧૨૮ની સાલ નાખેલી છે.

# ઈમામશાહી સાદાતોના વસવાટો

## પેટલાદ

પેટલાદમાં ઇમામશાહી સાદાતો બસો વર્ષથી જઈ વસ્યા છે. તેઓની વસ્તી હાલમાં ૧૨૫ માણસોની છે.

સૈયદ બાપુમીયાંને પાંચ પુત્રો હતા તેઓના નામો નીચે મુજબ છે:—

(૧) સૈયદ મીરશાહ (૪) સૈયદ હુસેન
(૨) સૈયદ મીયા સાહેબ (૫) સૈયદ મીયાં ઉર્ફે છોટે સાહેબ
(૩) સૈયદ મીરાં સાહેબ

સૈયદ એહમદ સાહેબથી સૈયદ અબ્દુલ્લા મીયાં અને તેમનાથી સૈયદ અબ્બાસઅલી, જે હાલમાં વડોદરા રાજ્યમાં ઉર્દુ વિભાગમાં કેળવણી ઇન્સ્પેકટરના હોદ્દા ઉપર છે અને બી. એ. સુધી કેળવણી લઇ પ્રમાણપત્ર મેળવેલું છે. તેમના પુત્ર સૈયદ એહમદઅલી છે, જે મેટ્રિક પાસ હોઈ હાલમાં વિદ્યાભ્યાસ કરે છે.

સૈયદ બાપુમીયાંના પુત્ર મરહુમ સૈયદમીયાં સાહેબ હતા. તે ઘણા સાહસિક હોવાથી પોતાની હયાતીમાં તેમણે બે પરા (ગામો) વસાવ્યા હતા. હાલ તેમની ઓલાદમાં સૈયદ અકબરઅલી વગેરે છે.

સૈયદ એહમદ હુસેન ગુજરી ગયા છે. તેમના ફરઝન્દ સૈયદ બાકરઅલી છે. જેમણે વેપારી આલમમાં સારી પ્રસંશા મેળવી ધનપ્રાપ્તિ કરી છે. તેમના બીજા ભાઈ સૈયદ મીરૂમીયાં છે. બંને ભાઈઓ સારા સ્વભાવના મિલનસાર અને પેટલાદ મ્યુનિસિપાલીટીનાં સભ્યો છે.

સૈયદ અલીમીયાં સાહેબની ઓલાદમાં સૈયદ આબીદઅલી હતા, જે થોડા અરસા ઉપર ગુજરી ગયા છે. પાછળ બે પુત્રીઓ અને એક પુત્ર સગીર મૂકી ગયા છે.



આબીદઅલી પેટલાદની મ્યુનિસિપાલીટીના સભ્ય અને વડોદરાની ધારાસભાના મેમ્બર હતા. તેમજ ઓનરરી મેજીસ્ટ્રેટ પણ હતા. એમના બીજા ભાઈઓમાં સૈયદ હાફીઝઅલી મેટ્રિક પાસ હતા; પરંતુ ભરયુવાવસ્થામાં ગુજરી ગયા હતા. ત્રીજા ભાઈ સૈયદ સાદિકઅલી હયાત છે. તેમણે પણ ઉંચી કેળવણી સંપાદન કરેલ છે.

એ કુટુંબ પાસે મોટી જાગીર છે તેમજ પહેલાં સરકાર પાસે નાકાંઓના મોટા કોન્ટ્રાકટો રાખતાં તેથી “ શાહેરવાલા ” તરિકે ઓળખાય છે.

સૈયદ મહેરઅલીનાં પુત્રો સૈયદ ઉમરાવઅલી હતા, તેઓ પણ ઇજારાઓ રાખતાં તેથી “શાહેરવાલા” તરિકે પ્રખ્યાત છે,

તેમની ઓલાદમાં સૈયદ યાવરઅલી તથા સૈયદ અનવરઅલી છે, તેમને પણ ઓલાદ છે.

સુરતથી બીજા ઇમામશાહી સાદાત સૈયદ બાવા સાહેબ પેટલાદ જઇને રહ્યા છે અને તેમને ગ્યાસુદ્દીન નામે પુત્ર છે.

## અમદાવાદ

કડીવાલ સાદાતોમાં સૈયદ કાસમઅલી હયાત છે, તેમના પિતા સૈયદ મીરૂમીયાં ગુજરી ગયા છે. તેમની લાશને તેમના મોમિન મુરિદો અમદાવાદથી કાઠિયાવાડનાં વાંકાનેર ગામે લઇ જઈ, ત્યાં મદફન કર્યા હતા.

કબર ઉપર દરગાહ ચણાવી છે, સાથે એક મસ્જિદ અને મુસાફરખાનું બંધાવ્યું છે, એ સઘળા કામ માટે ત્યાંના રાજ્યે ઉદાર દિલથી જમીન બક્ષીસ આપી છે.

સૈયદ મીરૂમીયાંના પિતાનો રોઝો નવાવાસ ભેમાલ જીલ્લે સાઠ દાતાં સ્વસ્થાનમાં છે.

ખંભાતમાં આવેલી પીર અબુતાલિબની દરગાહ સાથે એઓનો નજીકનો સંબંધ છે.

અમદાવાદમાં ઇમામશાહી કુટુમ્બમાં બીજુ એક મકાન છે. ત્યાં સૈયદ ગુલામઅલી રહે છે, તે ઘણાં નેક ચલણુ સાદાત છે. તેમનાં પુત્ર સૈયદ કરામતઅલી છે જેમણે યુનાની તિબ્બીયા કોલેજમાં દિલ્હી જઈ અભ્યાસ કરી હકીમી ડોકટરની સનંદ પ્રાપ્ત કરી છે.

અમદાવાદમાં ત્રીજુ ઘર સૈયદ અબનમીયાં સાહેબનું છે, જે પેટલાદથી પાછા અમદાવાદ જઈ વસ્યા છે.

## સુરત

સુરતમાં ઇમામશાહી સાદાતોના ત્રણ ચાર મકાનો છે.

સૈયદ અબલ હુસેન ઇમદાદઅલી તથા તેમના પુત્ર શમશુદ્દીન છે.

ગોપીપુરામાં એક બીજુ ઘર સૈયદ સકુમીયાં કાસમઅલીનું છે, તેની પાસે ત્રીજુ મકાન સૈયદ બક્ષેઅલી મીરહુસેનનું છે.

સૈયદ અલીહુસેન ઇમિદાદઅલી ફરતા રહે છે. તેમના પુત્ર સૈયદ ફઝલે હુસેન અને સૈયદ યાવર હુસેન મોસાળમાં રૂસ્તમપુરા નામના જાગીરી ગામે રહે છે.

સૈયદ અબ્બાસઅલી સાદિકઅલી હાલમાં પોસ્ટલ ડીપાર્ટમેન્ટમાં નોકરીએ છે અને પ્રીવીયસ સુધી સુધી અભ્યાસ કરેલ છે. સુરતમાં એમનું મકાન છે.

એમના કુટુંમ્બમાં પીર બડે સાહેબ, પીર શેરશાહ સૈયદ હસનઅલી પીર સૈયદ બાકરઅલી વિગેરે ઇમામશાહી સાદાતો થયા છે અને તેમણે દાવતનું કામ કર્યું છે. તેઓની કબરો કોલાપીરના કબરસ્થાનમાં આવેલી છે.

છોકરાઓની બિમારીઓ માટે લોકો તેમની બાધા રાખે છે અને બચ્ચાં સારા થવાથી કોળાં ચઢાવે છે.



સુરતમાં કોલાપીરના કબરસ્થાન નામે એ સ્થળ મશહુર છે.

બીજી એક દરગાહ પીર શેરશાહવલીની આવેલી છે, તે ઇમામ શાહી સાદાત હતા અને નાની ખાડી નામની જગ્યાએ તેમની કબર છે.

પીર અબ્દુલ નબીની કબર કાકરાખાડી પાસે છે, તેઓ સૈયદખાની સાદાત હતા. કબરથી ફૈઝ જારી છે. તેનો વહીવટ સૈયદ ખાની જમાતના મુસ્લિમ કુભારો, જે સુરતમાં છે, તેઓ કરે છે.

## પીરાણા

પીરાણામાં સૈયદ તસ્દુકહુસેન જાફરઅલી એક સાહસિક યુવક છે અને તેમણે મોટર વગેરેના ધંધામાં સારી પ્રસંશા પ્રાપ્ત કરી છે. તેમને ત્રણ પુત્રો અને એક પુત્રી છે. મોટા પુત્રનું નામ સૈયદ મોહસિનુદ્દીન છે.

સૈયદ મુર્તુઝાઅલી ફત્તેહઅલી હાલ પીરાણામાં રહે છે. વયોવૃદ્ધ સાદાત છે. ઇતિહાસિક જ્ઞાન સારૂં છે. કરબલા અને ઇરાન વગેરે પ્રદેશની એમણે પગપાળે મુસાફરી કરી છે.

સૈયદ પૂંજામીયાં હુસેનમીયાં તથા સૈયદ પૂંજામીયાં હસનઅલી તથા સૈયદ બાવા સાહેબ એહમદઅલી તથા સૈયદ એહમદ હુસેન હૈદરઅલી તથા સૈયદ અકબરઅલી મીયાં સાહેબ તથા સૈયદ ગુલામ હુસેન અકબરઅલી તથા સૈયદ ગૌહરઅલી અલીરઝા તથા સૈયદ મુહમદ અલી મીરમીયાં વિગેરે સાદાતોનાં મકાનો પીરાણામાં આવેલા છે. સૈયદ અમીર સાહેબ પીર સાહેબ પણ પીરાણા રહે છે તથા ફતેહઅલી વિગેરે પીરાણામાં છે.

# બહાદરપુરના સાદાતોની હકીકત અને વંશાવળી.

**બહાદરપુર,** સી. પી. ના નિમાડ જીલ્લામાં આવેલું એક સાધારણ વસ્તીવાળું ગામ છે અને જી. આઈ. પી. રેલ્વેની મેન લાઇન પર આવેલા પ્રખ્યાત ઐતિહાસિક શહેર બુરહાનપુરથી બહાદરપુર ગામ ત્રણ માઈલ દૂર છે. ત્યાં હઝરત સૈયદ દિવાન મુહમ્મદશાહ દુલ્હા કુદ્દેશિકનનો મઝાર શરીફ છે. એમના ખાનદાનની કેટલીક રસમય હકીકત અને વંશાવળી હેઠળ આપવામાં આવે છેઃ—

મજકુર સાદાતો હઝરત સૈયદખાનના વંશના છે અને હઝરત પીર મુહમ્મદશાહ દુલ્હાની બહાદરપુરની ગાદીના સજ્જાદાનશીન છે. એ સઘળા સૈયદો હઝરત ઈમામ જાફરે સાદિક (રહે.) ના પવિત્ર વંશમાં ઉતરી આવેલા છે અને એમણે આખા ખાનદેશ અને સી. પી. માં દાઅવતનું કામ ભારે ખંતપૂર્વક કરેલું હોઈ, એ આખા પ્રદેશમાં એમના લાખો મુરિદોની સંખ્યા છે. એમની વંશાવળી આ પ્રમાણે છેઃ—

૧ હઝરત મુહમ્મદ મુસ્તુફા (સ. અ. વ.)
૨ અમીરૂલ મોઅમીનીન હઝરત સૈયદના અલી (અ. સ.)
૩ હઝરત સૈયદના ઈમામ હુસેન (અ. સ.)
૪ ,, ઇમામ ઝયનુલ આબેદીન (અ. સ.)
૫ ,, ,, મુહમ્મદ બાકિર (અ. સ.)
૬ ,, ,, જાફરે સાદિક (અ. સ.)
૭ ,, સૈયદ ઇસ્માઈલ અફબરૂલ આરેઝ (રહે.)



૮ હઝરત સૈયદ સાદાત નુરૂદ્દીન નૂરેજહાં (કદ.)ઃ નવસારીઃ
૯ ,, ઇસ્માઇલ સાની (કદ્દ.)
૧૦ ,, મુહમ્મદ મન્સુર મુન્તસીર બિલ્લાહ
૧૧ ,, ગાલિબુદ્દીન ઉર્ફે એહમદ
૧૨ ,, અબ્દુલ મજીદ
૧૩ ,, મુનતસીર હાદી
૧૪ ,, એહમદ હાદી
૧૫ ,, હાશિમ
૧૬ ,, મુહમ્મદ મનસુર (બીજા)
૧૭ ,, મેહમુદ સબ્ઝવારી
૧૮ ,, મોહિયુદ્દીન
૧૯ ,, ખાલિદશાહ
૨૦ ,, મોમિનશાહ
૨૧ ,, ઇસ્લામુદ્દીન
૨૨ ,, સલાહુદ્દીન
૨૩ ,, શમ્શુદ્દીન
૨૪ ,, નસીરૂદ્દીન
૨૫ ,, શહાબુદ્દીન
૨૬ ,, મેહમુદ સદરૂદ્દીન હુસેની
૨૭ ,, હસન કબીરૂદ્દીન
૨૮ ,, ઇમામુદ્દીન
૨૯ ,, નૂરમુહમ્મદશાહ
૩૦ ,, સઆદુદ્દીન ઉર્ફે સૈયદખાન
૩૧ ,, મુહમ્મદ સાલેહ
૩૨ ,, હાશિમ
૩૩ ,, દિવાન મુહમ્મદશાહ દુલ્હા (કદ) બહાદરપુર

૩૪ હઝરત સૈયદ મુહમ્મદ બાકિર
૩૫ „ ઝયનુલ આબેદીન
૩૬ „ ઈમામુદ્દીન
૩૭ „ શાહજીમિયાં
૩૮ „ મુહમ્મદજાન સાહેબ
૩૯ „ પીરઝાદા સૈયદ સિકંદરઅલી સાહેબ
૪૦ „ પીરઝાદા સૈયદ અશરફઅલી સાહેબ (મોજુદ)

એમના બે પૂત્ર

૧ સૈયદ નુરઅલી મહંમદશાહ (મોજુદ) ૨ સૈયદ કબીરૂદ્દીન (મોજુદ)

પીર મુહમ્મદશાહ દુલ્હાની ગાદીના સજ્જાદાનશીન પીરઝાદા સૈયદ અશરફઅલી સાહેબને ત્યાં એક દોઢસો બસો વર્ષ પૂર્વે ફાર્સી ભાષામાં લખાયેલું હસ્તલિખિત પુસ્તક જેનું નામ "મલફુઝાતે મ્હેંદી" છે અને જે સૈયદ મુહમ્મદ મ્હેંદી સાહેબે પોતાના હાથે સુંદર અક્ષરોમાં લખ્યું છે, તેમાં બહાદરપુરના ખાનદાનના સાદાતો અને પીરોની ઘણી રસિક હકિકતો આલેખેલી છે. સદરહુ પુસ્તક મને જાતે જોવા અને વાંચવાનો પ્રસંગ મળ્યો છે, તેમાંથી કેટલીક અગત્યની વિગતો તારવી લઇ અહિં રજુ કરવામાં આવે છેઃ—

બહાદરપુરની ગાદીના દરેક સજ્જાદાનશીન પોતાના જમાનામાં કામિલ વલીઅલ્લાહ ગુજર્યા છે. જીલ્લે ખાનદેશ, જીલ્લે નિમાડ અને જીલ્લે બિરારમાં ભારે શ્રમપૂર્વક દાઅવતનું કામ કરી લાખો શખ્સોને મુરિદ બનાવ્યા હતા અને એકેશ્વરવાદના માર્ગે આણ્યા હતા. જેઓ અદ્યાપિપર્યંત એ સિલસિલાના તાબામાં છે.

બહાદરપુરના સિલસિલામાં ઘણાં આલિમ અને ફાઝિલ સાદાત ગુજર્યા છે, જેમણે સેંકડો લોકોને પોતાની જીંદગીમાં ફયઝયાબ કર્યાં હતા અને તેમના ગુજર્યા પછી પણ હમણાંય ફયઝ જારી છે. હાલના સજ્જાદાનશીન સૈયદ શાહ અશરફઅલી, સૈયદ સિકંદરઅલી સાહેબના



ઇંતેકાલ બાદ ગાદી ઉપર આવવા પામ્યા છે. એઓ હયાત છે અને એમની ઉમર આશરે ૭૮ વર્ષની છે. ઇલ્મે તસવ્વુફમાં પ્રવિણ અને ઝિન્દા કામિલ દુર્વેશ છે. આપની ઝાત બા બરકાતથી જાહેર અને ગુપ્ત ફયઝ જારી છે. ખાસ વિશેષતા એ છે, કે એઓ યુનાની વૈદ્યામાં નિષ્ણાત છે. સેંકડો લોકો આપના હાથે સારા થાય છે. હંમેશા ઇબાદતે ઇલાહીમાં મશગુલ રહે છે અને તહજ્જુદ ગુઝાર છે. એમના વડા બેટા સૈયદ નુરઅલી જોડે આ પુસ્તકના અદના કર્તાની બેટી તાહિરાબેગમના લગ્ન સને ૧૯૨૯ ના મે માસની ૨૪ તારીખે નવસારી મુકામે થયા હતા. એમનાથી ઓલાદ થઈ છે.

સૈયદ નુરઅલી વલદે સૈયદ શાહ અશરફઅલી

| | | |
|---|---|---|
| ૧ સૈયદ તાજુદ્દીન હસન (હયાત) | ૨ જહાંઆરા બેગમ (હયાત) | ૩ શેહઝાદાઅલી (હયાત) |

સૈયદઅલી કબીરના બુરહાનપુરથી નવસારી આવ્યા પછી આ આ એકજ ખાનદાનનું ફરીવાર જોડાણ ઉપરના લગ્નથી લગભગ ૨૫૦ વર્ષના લાંબા ગાળા પછી મજબુત થયું છે.

સૈયદ સિકંદરઅલી સાહેબ પોતાના સમયના એક કામિલ વલી હતા. એમને પીર ઇમામુદ્દીન સાહેબની સ્વપ્નામાં આજ્ઞા મળવાથી ખાનદેશની જમાતના એક ગિરોહને લઇને પીરાણે ઝિયારત માટે બુરહાનપુરથી પાલખીમાં બેસી જમાતના લોકોની સાથે પગપાળા રવાના થયા. માર્ગમાં સુરત ખાતે મુકામ થતાં એમને એમની વફાતની આગાહી થઈ એટલે મુરિદોમાંથી આગેવાનોને બોલાવી કફન ખરીદવા હુકમ કર્યો. મુસાફરી કરતાં કરતાં એ સંઘ છેવટે અમદાવાદ થઇ પીરાણા પહોંચ્યો. અને શાહ ઈમામુદ્દીન સાહેબની ઝિયારતથી સઘળા મુશર્રફ થયા. તેજ રાત્રે એમની તબીયત અસ્વસ્થ જણાઇ એટલે આપે તુરતજ પીરાણાના સાદાતોને પોતાની પાસે બોલાવી

કુબર માટે જગ્યા તલબ કરી પરંતુ સંતોષકારક ખુલાસો સાદાતો તરફથી ન મળવાથી આપ બિમારીની હાલતમાં હઝરત સૈયદખાનની દરગાહમાં ગયા અને ત્યાં આપે પ્રાર્થના કરી અને મજકુર રોઝામાં પોતાની કુબરની જગ્યા કરી આપવા પોતાના દાદા સૈયદખાનને અરજ કરી, જેથી સૈયદખાનના રોઝામાં કુદરતી રીતે એક જબરદસ્ત ફેરફાર થયો અને કુબર વજદમાં આવી, અસલ જગાએથી એક ગજ દૂર ખસી ગઈ. પોતાના વડિલ બુઝુર્ગની આ કૃપા જોઈ પોતે ઘણાંજ આનંદ પામ્યા અને ખુદાવંદ કરીમનો અનહદ ઉપકાર માન્યો અને ૨૭ વર્ષની ભરજવાન વયે પીરાણામાં વફાત પામ્યા અને આપની અંતિમ ઈચ્છા મુજબ સૈયદખાનના રોઝામાં પીરાણામાં દફનાવવામાં આવ્યા. આપની વફાતથી ખાનદેશની જમાતને ઘણો આઘાત થયો, જેઓ પોતાના હાદી અને રહેબરની સરપરસ્તી હેઠળ ઝિયારત માટે આવ્યા હતા, તેઓ પોતાના પીરો મુર્શદને પીરાણાની ઐતિહાસિક ભૂમિને હવાલે કરી અશ્રુભીની આંખે બુરહાનપુર પરત ગયા. એજ ગાદી ઉપર હાલમાં પીરઝાદા શાહ અશરફઅલી સાહેબ મુકીમ છે.

બહાદરપુરના મોજુદા પીરઝાદાઓમાં જનાબ સૈયદ શાહઅલી સાહેબ તથા તેમના ભાઈ સૈયદ મેહમુદઅલી સાહેબ ઘણા રોશન ખ્યાલ સાદાત છે. મર્હુમ સૈયદ શહાબુદ્દીન સાહેબની ગાદી ઉપર હાલમાં સૈયદ મહેમુદઅલી સાહેબ બીરાજે છે. એઓ ઘણાં આલિમ છે અને મસ્નવી શરીફનો એમણે ઘણા ખંતપૂર્વક અભ્યાસ કર્યો છે. પીરઝાદા મેહમુદઅલીના પ્રથમ લગ્ન કડીવાલ સાદાત પીર મશાયખના સજ્જાદાનશીન સૈયદ એહમદ હુસેનની પુત્રી હુસેની બેગમ જોડે થયા હતા. અને તેમનાથી બે પુત્ર શહાબુદ્દીન અને કયસરઅલી થયા છે. તેઓ બન્ને હાલ હયાત છે અને બે પુત્રીઓ પણ અવતરી હતી. જેમના નામ (૧) ઉમ્મતુલ ફાતિમા અને (૨) મકબુલ



ફાતિમા છે. એ બંને પણ હયાત છે. તે પછી એમણે બીજી વેળા સૈયદખાની સાદાત સૈયદ મીરસાહેબ મુહમ્મદઅલી સાહેબ (બાકર-અલીવાળા)ની પુત્રી હફિઝુન્નિશા જોડે લગ્ન કર્યાં છે; તેમનાથી પણ બે પુત્રીઓ અવતરી છે. જેમના નામ (૧) મનઝુર ફાતિમા અને (૨) મલતુફ ફાતિમા છે.

સૈયદ શાહઅલી સાહેબની શાદી પીરાણાના બાકરઅલીવાળા ખાનદાનમાં સૈયદખાની સાદાત સૈયદ મુસ્તુફામિયાં બડામિયાં, જેઓ હાલ અમદાવાદ મ્યુનિસિપાલીટીના ચુંટાયેલા સભ્ય છે, તેમની બ્હેન વઝીરા બેગમ જોડે થઈ છે અને તેમનાથી નીચે પ્રમાણે ઓલાદ છે.

| | |
|---|---|
| ૧ ઝફરઅલી | ૨ ગઝન્ફરઅલી |
| ૩ હુમાયુનફરઅલી | ૪ બીબી સલમા |

એજ ખાનદાનમાં સૈયદ વલી સાહેબ પણ એક બા કમાલ આલિમ ગુજર્યાં છે. એઓ સંસ્કૃત ભાષાના એક અચ્છા પંડિત હોવાથી એમના વ્યાખ્યાનોની હિન્દુભાઈઓ પર ભારે અસર થતી હતી અને સેંકડો હિન્દુ સાધુ–સંતો સતસંગ માટે એમની પાસે હંમેશા બેઠેલા રહેતા હતા. એમણે જમાતની દાઅવતનું કામ ખંત-પૂર્વક કરી જમાતમાં અચ્છો વધારો કર્યો હતો. સંસ્કૃત ઉપરાંત એઓ ફાર્સીના પણ મુન્શી ફાઝિલ હતા અને મૌ. જલાલુદ્દીન રૂમી કૃત મસ્નવી શરીફના જાહેરી અને બાતિની સઘળા ભેદોના જ્ઞાતા હતા. એમનું અવસાન પચાસ વર્ષની વયે થયું હતું અને એમને બહાદરપુર ખાતે પીર મુહંમદશાહ દુલ્હાની દરગાહની બાજુમાં દફના-વવામાં આવ્યા છે.

સૈયદ વલી સાહેબના એક પુરા બેટા સૈયદ સુલતાનઅલી સાહેબ પણ પાકબાઝ લોકોમાંથી હતા. તેમણે દાઅવતનું કામ કરવા ઉપરાંત બુરહાનપુરની જાહેર જનતાની ઘણી સારી સેવા બજાવી હતી.

ખિલાફતની હિલચાલ વેળા સૈયદ સુલતાનઅલી વલદે સૈયદ વલિ સાહેબે તેમાં સક્રિય ભાગ લીધો હતો તેમજ માર્શલ લૉ વખતે પણ બુરહાનપુરના લોકોને સારો સધ્યારો આપી ઘણી સવલતો મેળવી આપી હતી. એ કારણોસર ઘણાં લોકપ્રિય થઈ પડયા હતા. એમનું અવસાન ૪૫ વર્ષની વયે હમણાં બે સાલ પૂર્વેજ થયું છે છતાં બુરહાનપુરના લોકોના દિલો પર એમની યાદ હજી તાજીજ છે. એમના જનાઝાની જોડે વીસથી પચીસ હજાર લોકો હતા એજ વાત એમની લોકપ્રિયતા સ્પષ્ટ પણે સૂચવે છે. એઓ ઘણા મીલનસાર અને રમુજી સ્વભાવ માટે જાણીતા હતા. એમને પણ બહાદુરપુરમાં દફનાવવામાં આવ્યા છે. એઓ પોતાની પાછળ એક પૂત્ર મુકી ગયા છે.

# રૂસ્તમપુરાના સાદાતોની હકીકત

અને

# વંશાવળી

**રૂસ્તમપુરા** (તા. ઠાસરા.) ના સાદાતોની હકીકત અને કુર્સીનામું સૈયદ જાફરઅલી મહમદમીયાં તરફથી મળ્યું છે અને તે હેઠળ લખવામાં આવે છે. મજકુર સાદાતો બની ફાતમી નસબથી છે અને ઈમામ જાફરે સાદિકથી તેમનું નસબનામું મળે છે. તેઓ સૈયદખાનની ઓલાદમાં હોવાથી સૈયદખાની સાદાતોના નામે અમદાવાદ અને રૂસ્તમપુરામાં જાણીતા છે:—

## કુર્સીનામું.

| | |
|---|---|
| ૧ સૈયદ નુરમહમદશાહ | ૨ સૈયદખાન |
| ૩ મહમદ સાલેહ | ૪ હાશમશાહ |
| ૫ મહમદશાહ બુરહાનપુરી | ૬ હાશમશાહ |



| | | |
|---|---|---|
| ૭ સાલેહ મોહમદ (૨ જા) | | ૮ બદરૂદ્દીન |
| ૯ એહસાનમીયાં | | ૧૦ મોહમદમીયાં |
| ૧૧ જાફરઅલી | ૧૨ હુસેનમીયાં | ૧૩ મહમદમીયાં |

મહમદમીયાંના એક ફરઝંદ જાફરઅલી બીજા ફરઝંદ એહમદઅલી ને ત્રીજા ફરઝંદ ઇમામઅલી, ચોથા ફરઝંદ મીરસાહેબમીયાં પાંચમા ફરઝંદ છોટે સાહેબ, છઠ્ઠા ફરઝંદ એહસાનઅલી છે. બધા ભાઈઓ હયાત છે. તેમની ઓલાદ નીચે પ્રમાણે છે.

જાફરઅલીની ઓલાદ:—

૧ કમરઅલી ૨ હુસેનમીયાં ૩ સઈયદઅલી ૪ શરીફુદીન

છોકરીઓમાં ૧ ઝેનબબીબી ૨ મદીનાબીબી

સૈયદ એહમદઅલીની ઓલાદ નીચે મુજબ છે:—

૧ દુલહન બેગમ, ૨ અમીર બેગમ, ૩ લાડલી બેગમ.

સૈયદ ઇમામઅલીની ઓલાદ નીચે મુજબ છે:—

| | |
|---|---|
| ૧ સરફરાઝઅલી | ૫ જમીલાબીબી |
| ૨ મોહમદમીયાં | ૬ હસીનાબીબી |
| ૩ બાકરઅલી | ૭ સાબેરાબીબી |
| ૪ કાસમઅલી | |

સૈયદ છોટેસાહેબને કાંઈ ઓલાદ નથી. સૈયદ એહસાનઅલીને મોહસીનઅલી અને મોહીબઅલી નામે બે છોકરા છે. સઇયદ મીરસાહેબ મીયાંને હરીઝુન્નીશા, બુતુલબીબી અને છોકરાઓમાં અનવરઅલી, અબુ તાલીબ, નાઝરઅલી અને ફૈયાઝઅલી નામે છોકરાઓ છે.

સૈયદ બાકરઅલીને કાંઈ ફરઝંદ ન હતું, તેથી પોતાના પિતરાઈ અને ભાણેજ સૈયદ હુસેનમીયાંને જે તેમની બેન રહીમાબીબીના દિકરા થતા હતા તેમને પોતાના વારસ ઠરાવ્યા હતા.

તેમની શાદી પ્રથમ પીરાણે થએલી, તે બીબી ગુજરી જવાથી બીજા લગ્ન રૂસ્તમપુરાના જાગીરદાર સૈયદ અબુમીયાં લતીફમીયાંની દિકરી છબ્બનબીબી ઉર્ફે દુલહન બેગમ સાથે કરેલાં. એમનાથી મોહમદમીયાં, નુરશાહમીયાં તથા ફાતમા બેગમ એમ ત્રણ ફરજંદ થએલા. એમની ત્રીજી ધણીઆણી વેમારના પીરઝાદા સૈયદ હસનસાહેબ બીન દુરવેશઅલીની દિકરી બનીબેગમથી થઈ હતી અને તેમનાથી બડામીયાં તથા અમીરબીબી એમ બે ફરઝંદ થયા હતા.

મરહુમ હુસેનમીયાં સાહેબે તેમના વડા દીકરા સૈયદ મહમદ મીયાંની શાદી અબુમીયાંના ભાઇ મીયાંસાહેબની દિકરી ડોસનબીબી ઉર્ફે બડીબેગમ સાથે કરી હતી.

પાલી ગામના ઇનામદારોના અનેક ગામો હતા, તે ગામોની વ્હેંચણીથી વારસામાં આવેલા ગામ સૈયદ અનવરમીયાંને મલ્યાં હતાં. રૂસ્તમપુરા તાલુકે ઠાસરા તથા જંબુગામ તાબે સાવલી મહાલ વડોદરાના તાબે, એ બંને ગામો પોતાના સ્વતંત્ર હતા અને મુખ્ય ગામ પાલી તથા લીટલ ગોઠડા (જીલ્લે પંચમહાલ રેવાકાંઠા એજન્સી) એ બન્ને ગામોમાં હીસ્સો હતો.

મજકુર અનવરમીયાંના બે પુત્રો નામે અબુમીયાં તથા મીયાંસાહેબ હતા અને બંને ભાઈઓને દિકરા ન હતા તેમજ પિત્રાઈઓની શાખાઓમાં પણ કોઈ ન હતું, તેથી સઘળી જાગીર દિકરીઓના વંશમાં આવી. દિકરી છબ્બનબીબીના લગ્ન હુસેનમીયાં સાથે થએલા અને મીયાં સાહેબની દિકરી ડોસનબીબીના લગ્ન સઇયદ મહમદમીયાં સાથે થયા હતા, જેથી અબુમીયાં તથા મીયાં સાહેબની એકંદર ઇનામી જાગીર હુસેનમીયાંના દીકરા મોહમદમીયાં તથા નુરશાહ મીયાંને મળી હતી.

પાલી, રૂસ્તમપુરા વિગેરે ગામો મેહમુદબેગડાના વખતમાં જાગીર તરીકે મળેલા હતા. તે ગામો મુગલાઈ શાસનકાળના અંત પછી



ગાયકવાડ સરકારને તાબે થયા. આ ગામોનો પ્રથમ ઉચક આંકડો ખંડણી તરીકે ભરવો પડતો પણ બ્રિટિશ અમલ થયા પછી અંગ્રેજ સરકારે સૈયદોને તેમની આગલી વફાદારી બદલ સનંદ લખી આપીને એકંદર ઇનામી ગામો પોતાના વહીવટમાં લીધા. તે સનંદના આધારે આજે પણ સરકાર જે મહેસુલ ઉઘરાવે છે તેમાંથી દર રૂપીએ સાત આની સૈયદોનો હીસ્સો આપે છે ને નવઆની સરકારના હીસ્સે જાય છે. એ સિવાય પણ બીજી કેટલીક ખાનગી જમીનો રૂસ્તમપુરાના સૈયદોને પ્રાપ્ત થએલી છે, તેમાં સરકારનો ભાગ નથી અને તે સ્વતંત્ર " નકરી " જમીન તરીકે ઓળખાય છે.

ગોરલગામ શ્રીમંત ગાયકવાડ સરકારના તાબે છે અને તે શ્રીમંતે ખાલસા કરી ડોસનબીબીની હયાતી સુધી પેન્સન આપવાની શરતે તાબે લઈ લીધું છે.

ગામ લીટલ ગોઠડામાં ઘણા ભાગીદાર હોવાથી રેવાકાંઠાના પોલીટીકલ એજન્ટ ટુ ધી ગવર્નર સાહેબે જપ્તીમાં લીધેલું છે.

રૂસ્તમપુરા તથા પાલી ગામ મહીસાગર નદીના કાંઠા ઉપર આવેલાં છે. મજકુર નદી તથા તેના કાંઠાની ડુંગરીમાંથી કાળા પત્થર નીકળે છે, તેની ઉત્પન્નમાંથી સૈયદોને અમુક ટકા રોયલ્ટી મળે છે અને સારી ઉત્પન્ન આવે છે. મહંમદમીયાં સાહેબના સઘળા દિકરા અને તેમની ઓલાદ હાલમાં ઉપરની જાગીરના સબબે રૂસ્તમપુરે વસવાટ કરી રહી છે. અમદાવાદમાં પણ એમના મકાનો છે અને પીરાણાની દરગાહોથી હક દસ્તુર વહીવટ પ્રમાણે મળતો રહે છે. પીરાણાની સૈયદખાનની સંસ્થાઓ અને મુરીદો સૈયદોના તાબામાં છે.

જે દરગાહો એમના તાબામાં છે તેના ઉરસ નીચેની તારીખે થાય છે:—

| | વફાત તારીખ | મુકામ |
|---|---|---|
| સૈયદ બદરૂદ્દીન (રહે.) | તા. ૬ માહે જમાદીઉલ આખીર પોષ સુદ ૮ | પીરાણે બાકર-અલીના રોઝામાં |
| સૈયદ શરીફ (રહે.) | ચૈત્ર ૦)) સં. ૧૮૫૧ તા. ૨૯ માહે રજબ | „ |
| બાકરઅલી (રહે.) | માગસર સુદ ૫ સં. ૧૮૯૮ તા. ૪ માહે જીલકદ | „ |
| હુસેનમીયાં જાફરઅલી (રહે.) | સંવત ૧૯૩૩ તા. ૧૮ માહે જીલકદ | બહાદરપુર સ્ટેશન બુરહાનપુર |
| મોહમદમીયાં હુસેનમીયાં (રહે.) | ઇ. સ. ૧૯૧૬ તા. ૫ માહે રબીઉલ આખીર | પીરાણા બાલા મહમદ શાહના રોઝા પાસે |
| છબનબીબી (રહે.) | તા. ૧૫ માહે મોહર્રમ | પાલી કબ્રસ્તાન |
| ડોસીબીબી (રહે.) | તા. ૧૬ માહે મોહર્રમ હી. સ. ૧૩૫૧ તા. ૨૨-૫-૧૯૩૨ | „ |

# સૈયદ નુરશાહ મીચાં સાહેબ

**મરહુમ** સૈયદ હુસેનમીયાંના બીજા પુત્ર સૈયદ નુરશાહમીયાંની હકીકત નીચે મુજબ છે. પીરાણામાં આવેલી બાલે મહમદશાહ તથા બીજી દરગાહોના સજ્જાદાનશીન થતા હતા. ૬૮ વરસની ઉમરે વફાત થઈ હતી. મરહુમ ઘણા વિવેકી, શાંત અને નમ્ર સ્વભાવનાં તથા માયાળુ વર્તન ધરાવનારા બુઝુર્ગ હતા. પોતે સેંકડો માણસોના ધાર્મિક વડા હોવા છતાં નાનાથી લઇને મોટા સુધી બધાને એકી નજરથી



જોઈ એક સરખો વિવેક વાપરતા. અમદાવાદ જેવા પાદશાહી શહેરમાં અસલ મુગલાઇ ઠાઠ તથા શાનશૌકત ધરાવનાર સાદાત કુટુંબોમાં મરહુમ પણ એક આગેવાન હતા. સરકાર દરબારમાં સારો માન મરતબો ધરાવતા હતા. અમદાવાદના મશાયખોએ એક મોભ્ભાદાર આગેવાન ગુમાવ્યો છે. સૈયદ કુટુંબોએ પોતાના એક મહાન ધાર્મિક નેતાને ખોયા છે. મરહુમને નીચે પ્રમાણે ઓલાદ હતી:—

| | | | |
|---|---|---|---|
| ૧ | સૈયદ બાકરઅલી | ૩ | સૈયદ ઝુલ્ફીકારઅલી |
| ૨ | „ યાવરઅલી | ૪ | „ અશરફઅલી |

સૈયદ બાકરઅલી પિતાની હયાતીમાં સંવત ૧૯૫૬ માં ગુજરી ગયા હતા. સૈયદ યાવરઅલી અરબી, ફારસી, ઉર્દુ, ગુજરાતીનું સારૂ જ્ઞાન ધરાવતા હતા. પિતાના ગુજર્યા પછી તેઓ ગાદી પર આવ્યા હતા અને પોતાના વડીલોના બધા સદગુણ તેમનામાં હતા અને પોતાના બધા મુરીદોને આત્મિક જ્ઞાન આપવામાં પુરેપુરી લાયકાત ધરાવતા હતા પરંતુ તેમની વફાત પણ યુવાન વયે સને ૧૯૨૮માં થઇ છે. પીરાણે લઇ જઇને દફનાવ્યા છે. પાછળ એક પુત્રી બીબી રહીમુન્નીસા મુકી ગયા છે, તેમના લગ્ન નવસારીના મીર પ્યારે સાહેબના પુત્ર સૈયદ સજ્જાદ હુસેન સાથે થએલા છે.

ત્રીજા પુત્ર સૈયદ ઝુલ્ફિકારઅલી પણ ભરયુવાન વયે વફાત પામ્યા છે. તેમને એક પુત્રી રૂહાબાનુ હયાત છે.

સૈયદ અશરફઅલી એક સારા લેખક અને વકતા છે. હાલ તેઓ અમદાવાદ રહે છે. તેમના લગ્ન સુરતના સઇયદ કુટુંબમાં થએલાં છે, અને તેમને નીચે મુજબ ઓલાદ છે:—

| | | | |
|---|---|---|---|
| ૧ | સઇયદ હસનઅલી | ૨ | ઝાકીરઅલી |
| ૩ | અલીશાહ | ૪ | શરીફુન્નીસા |

મરહુમ સઈયદ નુરઅલીની વફાત સને ૧૯૧૩ના એપ્રીલમાં થઇ હતી. મરહુમને પીરાણે લઈ જઇ પીર બાલા મહમદશાહની દરગાહની બાજુમાં પોતાના વડીલોના કબ્રસ્તાનમાં દફનાવ્યા છે.

હુસેનમીયાં સાહેબના ત્રીજા પુત્ર સૈયદ બડામીયાં સાહેબ પણ ગુજરી ગયા છે. તેઓ પોતાની પાછળ એક પુત્ર સૈયદ મુસ્તુફામીયાં મુકી ગયા છે. જે હાલ અમદાવાદ મ્યુનિસિપાલીટીના કાઉન્સીલર છે.

બાકરઅલીની દરગાહ પીરાણામાં આવેલી છે, ત્યાં ઘણી ગેરવ્યવસ્થા ચાલવાથી અને સૈયદોના લાગા જે કદીમથી મળતા હતા તે બરાબર નહીં મળવાથી સૈયદ નુરશાહમીયાંએ સૈયદોના હક દસ્તુર સ્થાપન કરવા અને દરગાહની સારી વ્યવસ્થા અને કારભાર માટે અમદાવાદની ડીસ્ટ્રીકટ જડજ કોર્ટમાં દાવો કર્યો હતો. તેની લંબાણ તપાસ ચાલ્યા પછી વિદ્વાન જડજ દયારામ ગેંડુમલે ફેંસલો આપી એક કમીટી નીમી સ્કીમ ઘડી આપી છે. કમીટીમાં સાદાતો પૈકી એક, કાકા પૈકી એક, અને બીજા જમાતના લોકો છે. કમીટી થયા પછી સઘળી મીલ્કત તેણે પોતાની દેખરેખ હેઠળ લઈ લેવાથી હાલ સારો વહીવટ ચાલે છે. આ કામ માટે સૈયદ નુરશાહમીયાંએ તનતોડ મહેનત અને ઘણી ઝહેમત ઉઠાવી મુંબઈ હાઈ કોર્ટ સુધી લડી નાંણાનો ભારે ભોગ આપ્યો હતો, જેથી સૈયદ કુટુંબના સઘળા હક્ક કાયમ થઈ હાલ નિર્ભય થયા છે.

સૈયદ યાવરઅલીને ત્યાં ખાનદાની વસ્તુઓના સંગ્રહ તરીકે એક કુરસીનામું, ઇસ્મિયાતને લગતી બે જુની કિતાબો તથા પીરોને લગતી એક કલમી કિતાબ તવારીખે જવહરે ઓલીયા છે. એ વસ્તુઓ ઘણીજ જુની અને અમુલ્ય છે. હાલ હજારો રૂપીઆ પણ ખર્ચતા પણ એવી વસ્તુઓ મળી શકે તેમ નથી. તેની સંભાળ રાખવા પુરેપુરી જરૂર છે.



# માજી ફાતમાબેગમ સાહેબા (રહે)

**એઓ** પીરાણાના બાકરઅલીના ભાણેજ, હુસેનમીયાં સાહેબની પુત્રી થતા હતા અને આ અદના પ્રયાસના કર્તાના માતુશ્રી થતા થતાં હતાં. સમસ્ત જીવન રયાઝ અને તકવામાં તથા ધર્મ મય અને પરહેઝગારીથી વ્યતિત કર્યું હતું. સારા ભજનિક અને પ્રચારક હતા. કર્તાના પિતાશ્રી સને ૧૯૦૧માં ગુજર્યાબાદ ગાદીનું કાર્ય ત્રીસ વર્ષ સુધી સતત બાખુબી ચલાવ્યું હતું. પુત્રો લાયક ઉમરનાં થતાં ગાદીનો કારોબાર એમને સોંપી પોતે નિવૃતિમય જીવન ગાળતાં હતાં. હયાતીમાં તથા ઇન્તેકાલ બાદ હજી પણ ફેઝ જારી છે. આપને મુસ્લિમો "અમ્મા સાહેબ" અને હિન્દુ-પારસી વિગેરે "માજીશ્રી"ના નામથી સંબોધતાં રહ્યાં હતાં. બાળકોના ઇલાજ, ગુમ થયલી વસ્તુ વિગેરે તથા કોઈ પણ બાબતની શંકાનુ સમાધાન અર્થે સચોટ જોઈ આપવાની આપને બુઝુર્ગોથી બક્ષીશ હતી, જેથી મરહુમે સર્વત્ર ઘણોજ ચાહ મેળવ્યો હતો. આપની વફાત હીજરી સને ૧૩૫૦ તારીખ ૨૨ માહે રજ્જબ, સને ૧૯૩૨માં થઇ છે. સૈયદ સાદાત સાહેબની દરગાહ પાછળ ચબુતરા ઉપર એમની મઝાર શરીફ છે.

# નૂરજહાં બેગમ

**અમદાવાદમાં** સૈયદ યાવરઅલીના ગુજર્યા પછી મુરીદોમાં દાવતનું કામ નુરજહાં બેગમ કરે છે. રબારી કોમનાં મુરીદોમાં તેઓ જાતે ફરવા જાય છે. અને પોતાના મરહુમ પતી સૈયદ યાવરઅલીની માફક લોકોમાં સુનીતી અને આત્મજ્ઞાનનો પ્રચાર કરે છે.

સેવકોના મુખ્ય ગામો અમદાવાદથી ઘણે દુર સુકા પ્રદેશ અને રેતાળ જમીન પર આવેલાં છે છતાં વરસમાં એક વખત જાતે જઈ તેમને મળીને બોધ આપે છે અને નવા સેવકો પણ બનાવે છે. ઘણી હોશીયારીથી દાવતનું કામ કરે છે. એમને ઉર્દુ ગુજરાતી અને અરબીનું સારૂં જ્ઞાન છે.

દર વરસે અમદાવાદના તેમના રહેવાના મકાને મોહર્રમના દિવસોમાં સઘળી જમાત આવે છે અને નજરો ન્યાઝ કરે છે. પોતે તેમને એક ધર્મ ગુરૂની હેસીયતથી નસીહત કરે છે અને ઈમામ હુસેન (અલે.)ની શહાદતને લગતો કરૂણા રસિક ઈતિહાસ સમજાવે છે. ઓલાદમાં એકજ પુત્રી રહીમાબીબી છે. મજકુર બાનુ આ પુસ્તક કર્તાનાં બ્હેન થાય છે અને હાલ હયાત છે.

---

# ઉમરાવ બેગમ

**અમદાવાદમાં** સૈયદ બાકરઅલીની સાથે એમના લગ્ન થયાં હતા; પરંતુ બાળવયમાં સૈયદ સાહેબ મજકુરનું અવસાન થતાં એ બ્હેનને આખીએ ઉમર માજી ફાતમા બેગમ સાહેબની સાથે નવસારીમા રહેવું પડયું. અમ્મા સાહેબની સેવા ચાકરી કરવાનો યોગ સાંપડવાથી આપે પુત્રીના હકકમાં દુવા ગુજારી અને જાહેર તેમ બાતીન ફેઝ બક્ષ્યું. દરરોજ દુઃખી દરદી લોકો માજી ફાતમા બેગમની ગાદી ઉપર તેમની જીંદગીમાં આવતા તે માફક આવતા જતા રહે છે. તેમને તાવીઝ અને પાણી દમ કરીને આપે છે. તેથી લોકોને ફાયદો પહોંચે છે. ગુજરાતી, ઉર્દૂ અને અરબી ભણેલા છે. પાછળ કાંઈ ઓલાદ નથી. એ પણ સૈયદ સદરૂદ્દીન દરગાહવાલાના બીજા બ્હેન થાય છે અને હાલ હયાત છે.

---



# કાનમની મોમિન જમાત
## તથા
# સાદાતો

**કાનમ** જીલ્લાંમાં મોમિનોનાં બાર ગામ આવેલા છે, તેના અંદર સાદાતોના મકાનો પણ છે. જેમને લગતી હકીકત નીચે મુજબ છે.:—

**ગામ અવાખલ**

મજકુર ગામે એક મસ્જીદ છે, તેમાં અરબીની તાલીમ માટે મદરેસો ચાલે છે. મસ્જીદમાં શુક્રવાર અને ઇદોની નિમાઝ થાય છે, મોમિન કોમના છોકરાઓ પણ અરબી ભણવા આવે છે. આગેવાનો પૈકી નીચેના ગૃહસ્થો છે.

(૧) જીવાભાઈ ત્રિકમભાઇ (૨) કેશુરભાઈ રાયજીભાઇ (૩) હરજી ભાઈ કેશુરભાઈ (૪) અમરાભાઈ ભૂલાભાઈ સઘળા હયાત છે. મુખ્યત્વે ખેતીનો ધંધો કરે છે.

સાદાતોમાં મુરાદઅલી બંદેઅલી તથા પૂંજામીયાં બંદેઅલી તથા બડામીયાં અમીરઅલી તથા સૈયદમીયાં અમીરઅલી તથા હુસેનઅલી ગુલામઅલી તથા સૈયદ મોહમદ શાહ મીર સાહેબ તથા સૈયદ પીર સાહેબ મીર સાહેબ વગેરે છે.

ગામે ઇમામશાહ બાવાનું ખાતું છે. ખાનાના અંગે ત્રણસો વીંઘા જમીન ધર્માદા શ્રીમંત ગાયકવાડ સરકાર તરફથી પળે છે.

**જીથરડી**

સૈયદોમાં એહમદઅલી મહેરઅલી તથા બીસામીયાં નઝરઅલી તથા નિઝામઅલી અલીમીયાં ઇમામશાહી સાદાતો છે.

મોમિનોના ઘર ૨૭ છે, તેમા આગેવાન નાથાભાઈ ભાઈજીભાઈ તથા મૂળજીભાઈ કેશુરભાઇ વિગેરે છે. વિશેષ આધાર ખેતી ઉપર છે.

**પુનીયાદ**

ગામ મજકુરે મોમિન કોમના મકાન આશરે ૬૦ છે. આગેવાનોમાં ભાઈજીભાઈ શામળભાઈ તથા મૂળજીભાઈ બાપુભાઇ તથા નાથાભાઈ નરોત્તમભાઇ છે.

ગામે મસ્જીદ નવિન બનાવવામાં આવી છે. બન્ને ઈદોની તથા શુક્રવારની નિમાઝ થાય છે. અરબી કેળવણી માટે એક મદરેસો ચાલે છે.

સૈયદોમાં હાલ અશરફઅલી કાસમઅલી તથા બડામીયાં અલીમીયાં તથા નઝરઅલી હુસેનમીયાં યાત છે. સદર ગામે પીર મહમદશાહની દરગાહ આવેલી છે. દરગાહની ચિરાગ બત્તિના અંગે શ્રીમંત ગાયકવાડ સરકાર તરફથી જમીન મલી છે. દરગાહની દેખરેખ સૈયદો રાખે છે તથા વહીવટ કરે છે. કબરથી ફેઝ જારી છે.

**ફુકેસ**

મજકુર ગામે મોમિન કોમના મકાનો ૫૦ ઉપરાંત છે. આગેવાનોમાં ત્રિકમભાઈ કેશુરભાઈ તથા ભાઈજીભાઈ ઘેલાભાઇ ભગત બહુ સારા માણસો છે. મોલેસલામ ગરાસિયાઓનાં ચૌદએક મકાનો છે.

**પીસાઈ**

મજકુર ગામે મોમિનોની વસ્તી ૫૦ ઘરોની છે. ઇમામ શાહ બાવાનું ખાતું છે. આગેવાનોમાં નથ્થુભાઇ વીરમભાઈ તથા શામળભાઇ ખ્હાડજી ભાઇ છે.

**ભેખડા**

ભેખડામાં મોમિન કોમના ૨૫ ઘરો હશે. આગેવાનોમાં બાવાભાઈ ત્રિકમભાઈ તથા કેશુરભાઇ ઇશ્વરભાઇ વિગેરે છે.

સૈયદોના બે ઘરો છે. તેમાં હયાત બાવા સાહેબ ફત્તેહઅલી તથા અહમદઅલી ફત્તેહઅલી છે. મુખ્યત્વે ખેતી ઉપર આધાર છે.



**વેમાર**

મોમિન જમાતના ૬૦ ઘરો છે. સઘળા ખેતી કરે છે. આગેવાનોમાં વસનભાઈ ખુશાલભાઈ તથા ભાઈજીભાઈ હરિભાઈ તથા કેશુરભાઈ લલ્લુભાઇ તથા જીવાભાઈ ભાઈજીભાઇ છે.

સૈયદોમાં રહીમુદ્દીન નૂરશાહના મકાનો છે.

**માંજરોલ**

સદરહુ ગામે મોમિન કોમની વસ્તી ૨૦ ઘરોની છે. આગેવાનોમાં શામળ નાથા તથા છીતા રાયજીભાઈ છે.

**માલપુર**

સદર ગામે મોમિનોની વસ્તી ૨૦ ઘેરની છે. તેમજ આગેવાનો પટેલ કસનભાઈ લાલભાઇ તથા મોતીભાઈ ઇશ્વિરભાઈ વિગેરે છે. મુખ્ય ધંધો ખેતીનો છે. સદર ગામમાં સૈયદોના પણ બે ઘરો છે. હાલ હયાત પીરસાહેબ હૈદરઅલી તથા મીરહુસેન સદરઅલી છે.

**સોંધા**

તરસાણા તેમજ ચીસરામાં પણ મોમિન કોમની છૂટી છવાઈ વતીઓ છે.

# સુરત તથા અમદાવાદની મોમિન જમાત

સુરતમાં મોમિનોના સાઠ ઘરો છે, તેમાં નૂરશાહી તથા ફજ્જુશાહી પણ સમાઇ જાય છે. વિશેષ કરી એ લોકો વણવાનો ધંધો કરે છે. ગોપીપુરાની મોમનાવાડમાં મોમિન મહંમદભાઇ જમાલ ભાઈ છે. એમનો રેશમી કાપડનો અને જરી કાપડનો વેપાર હોઈ સારૂં દ્રવ્ય મેળવ્યું છે. બીજા મહંમદભાઈ કંગરીવાલા છે, તે પણ જરી કામનો વેપાર કરે છે. ત્રીજા ફકીરભાઈ જીવાભાઈ છે, તે ઘણાં પરહેઝગાર અને નેક મુસ્લિમ છે તથા ફત્તેહભાઈ પીર મુહમ્મદ એ

ભાઇઓ જમાતના આગેવાનો પૈકી છે. મહોલ્લામાં ઇમામખાનું અને મસ્જિદ છે. ઇમામશાહી સાદાતો પ્રત્યે એ લોકો સારો ભકિત ભાવ દાખવે છે.

સુરત સલાબતપુરામાં મોમિન કોમના આગેવાનો પૈકી ગુલામ હુસેન જીવાભાઈ તથા કમાલભાઈ કરીમભાઈ તથા રાજે મુહમ્મદ ફકીરભાઈ તથા ગબરૂભાઇ નૂરમુહમ્મદ શેઠ, પીરભાઈ બત્તિવાલા વિગેરે મોમિનો છે, મહોલ્લામાં મસ્જીદ તથા ઇમામખાનું પણ છે. ઇમામશાહી સાદાતોને પીરોમુર્શદ તરીકે ઘણું માન આપે છે. અને હંમેશા ખિદમત કરે છે. એમના ઘરની સ્ત્રીઓ પણ ઘણી ભાવિક અને નેક એતેકાદ છે. મી. અબ્દુલકરીમ રાજભરા મોમિન જમાતમાંથી છે; તેઓ બાર–એટ–લો હોઈ, સુરતમાં પ્રેકટીશ કરે છે.

અમદાવાદમાં હાજી ગુલામઅલી ચાંદાભાઈ શ્રીમંત માણસ છે તથા અમથાભાઈ કાસુભાઈ રેશમી કાપડના મશહૂર વેપારી છે તથા શકરલાભાઈ નૂરભાઈ તેમજ મોમિન ફકીરભાઈ તથા જેઠાભાઈ તથા ડો. ગુલામ હુસેન મલમપટાવાલા ઘણાં ઉમંગી યુવકો છે, સાદાતો પર સારો એતેકાદ છે. એ પૈકી ઘણાં ભાઇઓ હજ કરી આવેલા હોઈ કરબલા મોઅલ્લા અને નજફે અશરફઆદિ પવિત્ર સ્થળોની ઝીયારતે પણ જઈ આવેલા છે. મહોલ્લામાં મસ્જિદ અને ઇમામખાનુ છે. મોમિન વલિમુહમ્મદ છગનભાઈ હાલમાં માણાવદરના નવાબ સાહેબના ચીફ સેક્રેટરી હોઈ, યુરોપ અને અમેરિકા તેમજ મિસર વિગેરેની મુસાફરી કરી આવેલા છે. એઓ જાણીતા ઇસ્લામી લેખક હોઈ સારા પ્રચારક અને શરીઅતના પાબંદ છે. “વિશ્વ ધર્મ ઇસ્લામ”, “જાગતો નવાબ,” “મીસકીટનું ઇસ્લામ” વિગેરે ગ્રંથોના એઓ લેખક છે. મી. ગુલામઅલી પંજેતની સુશિક્ષિત યુવક હોઈ, સાહસિક વેપારી પણ છે. હાલમાં એઓ દિલ્હી હોઈ મીલ રાખી કાપડનો મોટા પાયા ઉપર વેપાર કરે છે.



# વેમારની દરગાહ અને સાદાતોની હકીકત

## વંશાવળી

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | પીર ઇમામુદ્દીન | (કદ.) ૮ | પીર જહાંગીરશાહ | (કદ.) |
| ૨ | પીર નૂરમહંમદશાહ | „ ૯ | પીર ઇલ્મુદ્દીન | „ |
| ૩ | પીર મુસ્તુફા | „ ૧૦ | પીર જાફરશાહ | „ |
| ૪ | પીર નૂરમહંમદશાહ (બીજા) | „ ૧૧ | પીર દુર્વેશઅલીશાહ (બીજા) | „ |
| ૫ | પીર ફત્તેઉલ્લાહ શાહ | „ ૧૨ | પીર હસનશાહ | „ |
| ૬ | પીર દુર્વેશઅલી | „ ૧૩ | પીર મહંમદશાહ | „ |
| ૭ | પીર શાહજી | „ ૧૪ | પીર હુસેનઅલી | „ |

પીર હુસેનઅલીના ત્રણ પૂત્રો:–

(૧) સૈયદ અમીરઅલી (૨) સૈયદ શહાબુદ્દીન (૩) સૈયદ જાફરઅલી ઉર્ફે છોટે સાહબ

વેમાર, ના૦ વડોદરા સરકારના તાબે આવેલું હોઈ, મિયાંગામ કરજણથી જી. બી. એસ. રેલ્વે દ્વારા ત્યાં જવાય છે. વેમારની ગાદીના મોજુદા સજ્જાદાનશીન સૈયદ અમીરઅલી તરફથી ઉપરની સત્તાધારી વંશાવળી અને તેમના વડવાઓની હકીકતનું એક લંબાણ નિવેદન અમને મળ્યું છે, તેમાંથી જરૂરી સત્તાધારી નોંધ હેઠળ આપવામાં આવે છે:—

## પીર જાફરશાહ (કદ)

**કાનમ** જીલ્લામાં મોમિનોના બાર ગામ છે અને તેમની હિદાયત માટે કેટલાક સાદાતોના કબીલાઓ પણ પીરાણા (જી. અમદાવાદ)થી આવીને વસેલા છે. એ કબીલાઓમાં વેમારના સાદાતોએ દાઅવતના કામ ઉપર વિશેષ લક્ષ આપેલું માલમ પડે છે.

મજકુર પીરને ન્યામત અને કરામત પોતાના વડિલ બુઝુર્ગોથી મળેલી હતી. મોમિન કોમમાં સુન્નત, નિકાહ, રોઝા, જનાઝાની નમાઝ અને કુરઆન ખ્વાનીનો પ્રચાર પીર જાફરશાહના ઉપદેશથીજ

થવા પામેલો છે. પહેલાં એઓ અવાખલ ગામે રહેતા હતા પરંતુ પાછળથી તેઓએ વેમારના મોમિનોની તરબીયત માટે વેમાર ખાતે આવી સ્થાયી વસવાટ કર્યો હતો અને વેમાર ખાતેજ એઓ સંવત ૧૮૭૫માં વફાત પામ્યા હતા. એઓએ પોતાની હયાતીમાંજ દરગાહ તૈયાર કરાવી હતી, તેમાં એઓને દફન કરવામાં આવ્યા છે. મઝાર શરીફથી ફયઝ જારી છે. મુરીદો નઝરો ન્યાઝ ચઢાવે છે અને શ્રીમંત વડોદરા સરકાર તરફથી પણ સાલયાણું મળે છે.

## પીર દુર્વેશઅલીશાહ (કદ્દ)

એમને પણ ન્યામત અને કરામત પોતાના પૂજ્ય પિતાશ્રીથી પ્રાપ્ત થઈ હતી. એઓની સાદાઈ, ભકિત અને સાધુતા જોઈને શ્રીમંત ગાયકવાડ સરકારે જમીનનો એક કિંમતી જથ્થો ભેટ કર્યો હતો અને એમણે પોતાના ઉપદેશ અને બોધના કારણે સેવકોમાં પણ સારી કીર્તિ સંપાદન કરી હતી. એમણે ખુદાવંદ કરીમની સિફત અને શાનમાં ઘણા ભજનો અને જ્ઞાનો રચેલા છે, તેનો સંગ્રહ વેમારના સાહિત્ય ભંડારમાં મોજુદ છે અને તે જોવાના આ પુસ્તક કર્તાને અનેક પ્રસંગો મળેલા છે. એમની વફાત સંવત ૧૮૯૯ ના ફાગણ વદ ૮ ને ગુરૂવારના દિને થઈ હતી. એમને એમની વસિયત મુજબ એમના પિતાશ્રીનાજ વેમારના રોઝામાં દફનાવવામાં આવ્યા છે. મઝાર શરીફથી હમણાં પણ ફયઝ જારી છે. પોતે આમિલ કામિલ હોવાથી એમના તાબે જીન્નાતો હતા, હાલમાં પણ એ જીન્નાતો એમની દરગાહની નિગેહબાની કરે છે. ત્યાં આજુ બાજુ વસનારાઓને એ વખતો વખત દેખાય પણ છે. આ પુસ્તક કર્તાને એક રાત્રે અચાનક એક જીનનો ભેટો થવા પામ્યો હતો. લોકો કહે છે કે, જો કોઈ અપવિત્ર આત્માની સાથે એ જીન્નાતોનો



ભેટો થાય છે તો તેઓ તેને શિક્ષા કરે છે પણ મારી પોતાની જોડે એ જીને જે નમ્રતા બતાવી તેથી હું અજાયબીમાં છું. પીરાણામાં પણ સને ૧૯૧૧માં ત્યાંની મસ્જીદ અને ઇમામખાનાની વચ્ચમાં રાત્રે બે વાગે મસ્જીદમાંથી નીકળતાં એક જીનની મારી જોડે મુલાકાત થવા પામી હતી પણ સાહેબ સલામ થયા પછી તે જીન મારી નજરોથી અદ્રષ્ય થઈ ગયો હતો.

જીન લોકોની એક આખી કોમ છે, જેમનું વર્ણન કુરઆને શરીફમાં પણ કરવામાં આવેલું છે. તે પવિત્ર, ખૂદા પરસ્ત અને આમિલ લોકોને તાબે થાય છે અને તેમની દરેક આજ્ઞા બજાવી લાવે છે.

## પીર હસનશાહ (કદ્દ)

આપ નવસારીના મોજૂદા સજ્જાદાનશીન મીર પ્યારે સાહેબના દાદા પીર બાપૂમિંયા સાહેબના ભાણેજ થતા હતા. આપને તાલિમ તરબિયત અને રૂહાની ફયઝ પણ મામાથીજ મળેલાં હતાં. દાઅવતના કામમાં એઓ અજોડ હતા અને કાનમ પ્રદેશની મોમિન કોમ એમનીજ વાણી અને ઉપદેશના કારણે પ્રગતિના શિખરે પહોંચવા પામી હતી. એમની ખ્યાતિ અને મોમિન કોમમાં મેળવેલા ગુરૂપદના કારણે એમને પીરાણાથી મળતો હકક દસ્તુર ત્યાંના સૈયદોએ બંધ કર્યો હતો પણ પાછળથી મોમિન જમાતના આગેવાનોએ વચ્ચમાં પડી એવો ઠરાવ પસાર કરાવ્યો હતો કે, પીરાણાના કાકા કાનમ પ્રદેશની જમાતમાં ફરવા આવે તો વેમારના ગાદીનશીનને રૂા. ૩૦૦ ત્રણસો રૂપિયાની ભેટ મૂકે તોજ કાનમની જમાતે કાકાને ઉઘરાણી આપવી, જેથી પીરાણાના કાકાને એ પ્રમાણે ઘણાં વર્ષો સુધી વર્તવું પડયું હતું.

એમણે એમની હયાતીમાંજ પીર જાફરશાહના મકબરાની નજીક વેમારમાં પોતાના માટે રોઝો ચણાવ્યો હતો અને હક થયા પછી તેમાંજ દફન કરવા વસિયત કરી હતી. એમની વફાત સંવત ૧૯૨૫માં પોષ વદ ૧૪ અને રમઝાન માસની ૨૭ મી તારીખે થઈ છે અને વસિયત મુજબ તેમણે બનાવેલા અલગ રોઝામાંજ એઓશ્રીને દફનાવવામાં આવ્યા છે, ત્યાંથી અત્યારે પણ ફયઝ જારી છે.

## પીર મહંમદશાહ (કદ)

પીર મહંમદશાહ એક આનબાનવાળા સાદાત હતા. દાઅવતનું કામ આપે મરતાં દમ સુધી કર્યું છે. નવસારીની દરગાહના મર્હુમ સજ્જાદાનશીન સૈયદ હાશમશાહ બાપૂમિયાંના ભાઇ, સૈયદ હસનઅલી સાહેબના પુત્રી બીબી ભૂરી બેગમ જોડે એમના લગ્ન થયા હતા. હાલ એ બીબી હયાત છે અને પૂનીયાદ ગામે રહે છે અને મોમિન જમાતમાં દાઅવતનું કામ કરે છે. તેમને તાલિમ તરબીયત નવસારીના પોતાના પિતા બુઝુર્ગવારથી મળેલી છે.

સૈયદ મહંમદશાહની વફાત સંવત ૧૯૬૦ના અધિક જેઠ વદ ૪ ને વાર ગુરૂના દિને થઈ હતી.

## પીર હુસેનઅલીશાહ (કદ)

પીર સૈયદ હુસેનઅલી સાહેબને ખિલાફત અને ન્યામત પોતાના બુઝુર્ગ પિતાશ્રીથી મળેલી હતી. પોતે યુવાન વયે ગાદીએ આવ્યા હતા. ઘણાં છૂટા હાથે દોલત ખર્ચતા, ગરિબોના બેલી અને નિરાધારોના આધાર સમાન હતા. આપનું લંગરખાનું વસી હતું. રોજ પચાસ સાઠ માણસો ભોજન જમતા રહેતા હતા. શ્રીમંત



ગાયકવાડ સરકારના દરબારમાં પણ એમણે સારી પ્રતિષ્ઠા મેળવી હતી. પોતે ઘણાં નમ્ર સ્વભાવના હોઇ, સખી દિલ, ઉદાર અને મળતાવડા સ્વભાવના હતા. દાઅવતનું કામ કરવાનો એમને ઝાઝો વખત મળ્યો ન્હોતો અને આપ ભર યુવાન વયેજ નવસારી ખાતે વફાત પામ્યા હતા. એઓ જનાવરોમાં ભયંકર રોગચાળો ફાટી નીકળતો ત્યારે લોકોને તાવિઝ આપતા હતા, જેથી સેંકડો ઢોરો ખુદાપાકની મહેરબાનીથી બચી જવા પામતા હતા.

એમના લગ્ન આ પુસ્તક કર્તાના બ્હેન બીબી મુહંમદી બેગમ જોડે થયા હતા, તેમના તનથી બે સાહેબઝાદાની પેદાઈશ થઈ હતી. તેમના નામ (૧) સૈયદ અમીરઅલી અને (૨) સૈયદ જાફરઅલી ઉર્ફે છોટે સાહેબ છે. એમના બીજા પત્નિ ઇમામશાહી સાદાતોમાંથી હતા તેમનાથી સૈયદ શહાબુદ્દીનનો જન્મ થયો હતો. એ ત્રણે પૂત્રો અત્યારે હયાત છે અને મળી સમજીને ચાલે છે.

સૈયદ હુસેનઅલીની વફાત ઇસ્વી સને ૧૯૧૧ માં નવસારી ખાતે થઇ હતી અને તેમના સેવકોના અતિ આગ્રહથી તેમની લાશને રેલ્વે દ્વારા વેમાર ખાતે લઈ જવામાં આવી હતી, જ્યાં એમના વડિલ બુઝુર્ગવારોની બાજુમાં એમને દફનાવવામાં આવેલા છે.

હાલ (૧૯૩૫)માં વેમારની ગાદી ઉપર સૈયદ અમીરઅલી બિન હુસેનઅલી સજ્જાદાનશીન તરીકે છે, તેમના લગ્ન પીરાણા ખાતે જાણીતા સૈયદ ફીદાઅલી નનામિયાની પૂત્રી બીબી મીરનબીબી જોડે થયા હતા અને તેમને બે ફરઝંદો થયા છે, જેઓ બન્ને હાલમાં હયાત છે.

# કડીવાલા સાદાતોની વંશાવળી
અને
# હકીકત

**કડીવાળા** પીર રહમતુલ્લાહશાહ (ક.) ના વંશમાં જે સાદાતો થયા છે તે સઘળા કડીવાળ સાદાતના નામથી ઓળખાયા છે અને એમના હાથ પર જે લોકો મુરિદ થયા તેઓ કડીવાળ જમાતના નામે ઓળખાયા છે અને સઘળા તેજ ગાદીના મુરિદો છે. મજકુર સાદાતો પણ હઝરત ઇમામ જાફરે સાદિક (રહે.)ની ઓલાદમાંના હોઇ ફાતમી સાદાતો છે અને તેમણે પણ હિન્દમાં દાઅવતનું કામ ઘણા મોટા પ્રમાણમાં કર્યું છે. તેમને લગતી વિશેષ હકીકત હેઠળ આપવામાં આવે છે.:—

**વંશાવળી**

| | | | |
|---|---|---|---|
| ૧ | પીર રહમતુલ્લાહ શાહ | (ક.) | : ખેરપુર જી. ભાવલપુર : |
| ૨ | પીર મશાયખ | (ક.) | : દિલ્હી : |
| ૩ | પીર અબુલ હસન | (ક.) | |
| ૪ | પીર ઝયનુદ્દીન | (ક.) | : વડનગર : |
| ૫ | પીર સદરૂદ્દીન | (ક.) | : વડનગર : |
| ૬ | પીર મહંમદ ફાઝલ | (ક.) | : કડી : |
| ૭ | પીર મશાયખ (બીજા) | (ક.) | : અમદાવાદ : |
| ૮ | પીર અબ્દુલ્લાહ | (ક.) | |
| ૯ | પીર મીર આલમ | (ક.) | |
| ૧૦ | પીર બડામિયાં | (ક.) | |
| ૧૧ | પીર ફઝલેઅલી | (ક.) | |
| ૧૨ | પીર અબુલ હસન | (ક.) | |
| ૧૩ | પીર દુર્વેશઅલી | (ક.) | |

એમની બે પુત્રીઓ

૧—બીબી અહમદુન્નીસાં    ૨—બીબી ઝહેરા



## પીર રહમતુલ્લાશાહ (કદ્દ)

જાણીતા પીર હસન કબીરૂદ્દીન સાહેબના જ્યેષ્ટ પુત્ર હતા. કસ્ફો કરામત અને ન્યામત પોતાના પિતાશ્રીથી એમણે મેળવી હતી. આખી ઉમર દાઅવતનું કામ કર્યું છે. જો કે એઓ ગુજરાતમાં કડી અમદાવાદ વિગેરે સ્થળોએ પ્રચાર અર્થે ફર્યા હતા પણ એમની વફાત દિલ્હીમાં થઈ હતી. એમની દરગાહ જુની દિલ્હીમાં આવેલી છે. મઝાર શરીફથી હજી પણ ફયઝ જારી છે. દરેક કોમના લોકો હમેશાં ઝિયારત માટે મુરાદો લઇને આવતા રહે છે.

## પીર મશાયખ (કદ્દ)

પીર મશાયખ (ક.)એ ન્યામત અને કરામત પોતાના પિતાશ્રીથી મેળવી હતી. તેઓ અચ્છા દુર્વેશ અને આબિદ હતા. તેમની દરગાહ પણ જુની દિલ્હીમાં પોતાના વડિલોની આરામગાહ પાસે છે અને એમનેથી ફયઝ જારી છે.

## પીર અબુલ હસન (કદ્દ)

પીર અબુલ હસન (ક.) પીર મશાયખના સાહેબઝાદા છે. જાણીતા પીર ઇમામુદ્દીન સાહેબ પીરાણાવાળાથી એઓને કરામત અને ન્યામત મળી હતી. આપે ઉત્તર હિન્દથી ગુજરાતમાં આવી શ્રીમંત ગાયકવાડ સરકાર તાબાના કડી શહેરમાં સ્થાયી થઈ એ તરફ ઘણાં મોટા પ્રમાણમાં પ્રચારનું કામ કરેલું છે. કડી ઉપરથી આપની ઓલાદના સાદાતો કડીવાલ સૈયદ તરીકે મશહુર થયા છે. એમની દરગાહ કડીમાં હોઇ, તેમનેથી હાલમાં પણ ફયઝ જારી છે.

## પીર ઝયનુદ્દીન (કદ્દ)

પીર ઝયનુદ્દીન, પીર અબ્દુલ હસનના ફરઝંદ થાય છે. જાહેર અને બાતિનના ઇલ્મ અને ખુદાપાકના સઘળા ઇસરારો અને રૂહાની ભેદો જાણવાના કારણે આપ તે ઝમાનામાં કુતુબ હતા. ધર્મના ઉલ્મા અને હાફિઝ પણ હતા.

પીરાણાવાળા પીર નૂરમહંમદશાહે (નર મહંમદશાહ) એમની જોડે પોતાની બેટીના લગ્ન કર્યા હતા. એ છોકરી ગુજરાતના સુલ્તાન મહંમદશાહ બેગડાની પૂત્રી બીબી બુઝુર્ગ બેગમ–જેમના લગ્ન નૂરમહંમદશાહ જોડે થયા હતા–તેમના પૂત્રી હતા. એમની દરગાહ વડનગર ખાતે છે. હજી પણ ત્યાંથી ફયઝ જારી છે. મુરિદ લોકો અને અન્ય લોકો આપની ઝીયારતનો હંમેશા લાભ ઉઠાવે છે.

## પીર સદરૂદ્દીન (કદ્દ)

એઓ પીર ઝયનુદ્દીન (ક.)ના સાહેબઝાદા હતા. એમને કસ્ફો કરામત પોતાના પિતા બુઝુર્ગવારથી મળી હતી. એમણે પોતાનું આખું જીવન દુર્વેશી અને પરહેઝગારીમાં ગુજાર્યું હતું દાઅવતનું કામ ફતેહમંદીથી હાર પાડી વડનગરમાં વફાત પામ્યા હતા. ફયઝ હજી પણ જારીજ છે.

## પીર ફાઝલશાહ (કદ્દ)

પીર સદરૂદ્દીન (ક.)ના એઓ ફરઝંદ અને જાય નશીન હતા. વિદ્યા, ઇલ્મ અને રયાઝના અજોડ નમૂના હતા. એમનું આખું જીવન પ્રચાર કાર્યમાંજ સમાપ્ત થયું છે. આપને કસ્ફો કરામાત એમના પિતાશ્રી તરફથીજ મળી હતી. વફાત પણ કડીમાંજ થઇ છે.



## પીર મશાયખ બીજા (કદ્દ)

આપ દીન અને દુન્યવી ઇલ્મ–વિદ્યાના ભંડાર હતા. દાઅવતના કામ માટે આપે અનેક પુસ્તકો લખ્યા છે, જે કડીવાલ મોમિન જમાતમાં ઘણાં ઉમંગ અને અદબથી વંચાય છે. એમનું આખું જીવન ધર્મના પ્રચારમાંજ વ્યતિત થયું છે.

બાદશાહ ઔરંગઝેબના શાસન કાળમાં કેટલાક ધર્મિષ્ઠ ઇસ્લામી ઉલમાઓએ એમના પ્રચારકાર્યને રોકવા અને નુકશાન પહોંચાડવા બાદશાહ આગળ ચાડી ખાધી હતી, જેથી શહેનશાહ ઔરંગઝેબે એઓ સાહેબને દિલ્હી બોલાવી મંગાવી, ઇલ્મ અને કરામતોની કસોટી કરી હતી, તેમાં તેને સંતોષ જણાતા મોટું માન અને નવાઝીશો કરી આપને પાછા વતન મોકલ્યા હતા. આપે ત્યાંથી આવી અમદાવાદ શહેરમાં મુકામ કર્યો અને ત્યાંજ પરદે થયા. એમની આલીશાન દરગાહ અમદાવાદમાં સારંગપુર દરવાજા બહાર આવેલી હોઈ, મઝાર પાકથી ફયઝ જારી છે. એમના મુરિદોએ ભવ્ય દરગાહ ચણાવેલી છે, એમને લગતી વિશેષ હકીકત અલગ લખવામા આવી છે.

## પીર ફાઝલશાહ બીજા (કદ્દ)

એઓ પીર મશાયખના પુત્ર થાય છે. એમની નાનપણથી મેહઝુબ જેવી સ્થિતિ હતી. હંમેશા ખુદાપાકની યાદબુદમાં મસ્ત રહેતા હતા. એવી નાજુક હાલતમાં પણ એમણે દાઅવતનું કામ કરેલું છે. આપ હંમેશા મુસાફરી કરતા અને દાઅવતનું કાર્ય કરતા. એઓ મુસાફરીમાં હતા તે દરમિયાનજ દિલ્હી શહેરમાં વફાત પામ્યા હતા.

# પીર મીરઆલમ (કદ)

આપ પીર ફાઝલશાહના પૂત્ર હતા. આપને ન્યામત અને કરામત પોતાના પિતાશ્રી દ્વારા મળવા પામી હતી અને શરિયત, તરિકત, હકિકત અને માઅરિફતમાં કમાલ દરજ્જો મેળવ્યો હતો મોટા મોટા તત્વજ્ઞાની ઉલ્માઓએ એઓ સાહેબના હાથ ઉપર બેઅત લીધી હતી અને તે સઘળાઓ ફેઝ રશીદા થયા હતા. એમના લગ્ન જાણીતા ફિલસુફ પીર કાસમશાહના બેટી જોડે થયા હતા. આપે અમદાવાદમાં વફાત ફરમાવી છે અને પીર મશાયખની દરગાહ પાસેજ એમની મઝાર આવેલી હોઈ, દરગાહથી ફયઝ જારી છે.

પીર મીર આલમશાહ (ક.)ના પૂત્ર સૈયદ દુર્વેશઅલી શાહ થયા. તેમના પૂત્ર સૈયદ ફઝલેઅલી શાહ થયા અને તેમના પૂત્ર સૈયદ અબુલ હસન થયા. તેમના પછી સૈયદ નજમુદ્દીન થયા તેમના દુર્વેશ અલીશાહ થયા. સુરત સલાબતપુરામાં મજકૂર સાદાતોની કબરો છે. અને તેના ઉપર મુરિદોએ દરગાહ બનાવેલી છે. એ સઘળાઓએ પણ દાઅવતનું કામ ખંત પૂર્વક કર્યું હતું. સૈયદ દુર્વેશઅલી શાહને બે પૂત્રીઓ હતી. મોટી છોકરીનું નામ બીબી અહમદુન્નીસાં છે અને તેમન લગ્ન, સૈયદ મહંમદશાહ હુસેનઅલી, બાકરઅલી સાહેબની દરગાહના સજ્જાદાનશીનના પૂત્ર સૈયદ છોટે સાહેબની જોડે થયેલા છે. જેઓ દાસરા તાલુકાના રૂસ્તમપુરાના જાગીરદાર-ઈનામદાર હોઈ, તેમણે એન્જીનિયરિંગની પરિક્ષા પાસ કરેલી છે અને અંગ્રેજી સારી કેળવણી સંપાદન કરેલી છે. તેઓ સૈયદખાની ઓલાદના સાદાત છે. બીજી પૂત્રી બીબી ઝહેરાની શાદી કડીવાલ સૈયદ મીરૂમિયાના ફરઝંદ સૈયદ કાસીમઅલી જોડે થયેલી છે. તેઓ પોતાના પિતાશ્રાની અને સસરાની જમાતમાં પીર મુરિદી અને દાઅવતનું કામ કરે છે અને ઘણે ભાગે અમદાવાદ અને સુરત ખાતે રહે છે.



# પીર મહેરહુસેન સાહેબ
## અને
# મોમિન ગીરોહ

પીર મહેર હુસેન સાહેબ મોમિન કોમના મોજુદા પીર છે. પોતે સદ્ગુણી અને વિદ્વાન હોઈ મોમિન કોમની દાવત પાછળ સારૂ લક્ષ આપે છે. હમેશાં મુરીદોમાં ફરતાં રહે છે. મોમિન કોમનાં હજારો અનુયાયિઓ આપના પ્રત્યે ઉંચા પ્રકારનું માન અને ભક્તિ ભાવ ધરાવે છે.

શ્રીમંત ગાયકવાડ સરકારના હુઝુર હુકમથી દિવાની-ફોજદારી મુકદ્દમાઓમાં કોર્ટમાં જવાની માફી આપવામાં આવી છે. મુસ્લિમ કોમનાં સુધારા વધારા માટે પણ સારૂં લક્ષ આપે છે. પુના કેળવણી પરિષદમાં એક વખત પ્રમુખની જગ્યાએ બેસવાનું માન પણ મુસ્લિમ કોમે આપ્યું હતું.

નીતિ, પરમાર્થ અને કેળવણીની વૃદ્ધિ જેવા મુખ્ય લક્ષણો આપનામાં જોવામાં આવે છે.

પીર મશાયખ સાહેબની ગાદીના આપ સજ્જાદાનશીન છે.

ઈમામ જાફરે સાદીક (રહે.)ના વંશથી આ કુટુંબ ઉતરી આવેલ છે. આ કુટુંબના ધર્મ પ્રચારાર્થે હિંદમાં આવનાર પહેલાં પુરૂષ મહર્ષિ સૈયદ નૂરૂદ્દિન મોહંમદ (સતગુરૂનૂર) આજથી લગભગ આઠસો વર્ષ ઉપર આવેલાં હતાં.

પીર હસન કબીરૂદ્દીનનાં અઢાર પુત્રો હતાં, તેમાં મોટા પુત્ર પીર રહેમતુલ્લા શાહ હતાં, તે મોટા સંતપુરૂષ અને મહાત્મા હતાં.

પીર રહેમતુલ્લાશાહના પુત્ર શાહ મશાયખ અકબર બાદશાહનાં સમયમાં ગૂજરાત પ્રદેશમાં આવ્યા હતાં. પીર અબૂલ હસન શાહને

કડીમાં મૂકી આપ પાછા દિલ્હી ગયા અને ત્યાંજ વફાત ફરમાવી. દરગાહ જુની દિલ્હીમાં છે, મઝારથી ફૈઝ જારી છે.

પીર મશાયખ શાહ (પહેલાં) સૈયદ મોહમદ ગોસ ગ્વાલીયરી નામના મશહુર વલી અલ્લાહ, જેઓ શહેનશાહ હુમાયું તથા અકબર બાદશાહના જમાનામાં હતાં અને બન્ને બાદશાહો પોતાને પીરો મુરશદ તરિકે માનતા હતાં અને હિંદુસ્તાનમાં મહાન વલી અલ્લાહ તરિકે પ્રખ્યાત હતાં. તેમનાં (દોહિત્રો) પીર મશાયખ શાહ થતા હતાં.

પીર અબુલ હસનશાહનાં લગ્ન અમદાવાદના જાણીતા બાદશાહ મેહમુદ બેગડાની દોહિત્રી નામે અઝીઝા બેગમ જોડે થયા હતાં, તેમની વફાત કડીમાં થઇ છે અને રોઝો પણ ત્યાં બંધાવેલો છે. કબરથી ફૈઝ જારી છે. તેમના પછી પીર સૈયદ ઝયનુદ્દિનશાહ તથા પીર સૈયદ સદરૂદ્દિનશાહ થયા, તેમનો રોઝો વડનગરમાં શર્મિષ્ટા તળાવના કિનારે છે. તેમના પછી પીર સૈયદ મહંમદ ફાઝીલશાહ થયા, તેમનો રોઝો કડીમાં છે. કબરથી ફૈઝ જારી છે. સર્વે પીરો ઇમામ જાફરે સાદિકની ઓલાદમાં અને ઈસ્માઈલી સાદાતો હતા. તેમના પછી થયા તે પીર સૈયદ મશાયખ શાહ થયાં. (તેમને લગતી સવિસ્તાર હકિકત આ પુસ્તકમાં અલગ લખેલી છે તે જુવો). તેમના પછી પીર સૈયદ અબ્દુલ્લાહશાહ થયાં. આપે દાવતનું કામ ઘણીજ બાહોશીથી કર્યું છે. અને મૂરિદોની તાલિમ માટે ઘણાં પુસ્તકો રચ્યાં છે. તેઓ ઉંચી કોટિનાં પ્રચારક હતાં. તેમની કબર પણ પીર મશાયખ શાહનાં રોઝામાં છે, તેમના પછી પીર દિવાનજી ઉર્ફે પીર મશાયખ ત્રીજા થયાં, બાદ પીર અબુતાલિબ થયાં, તેમની વફાત પછી તેમની કબર ઉપર રોઝો બનાવ્યો છે. જે પીર મશાયખ શાહનાં રોઝાની બાજુમાં આવેલો છે. તેમના પછી પીર ગુલામ અલી ઉર્ફે હાઝર પીર થયાં; તેમને કરામત અને ન્યામત પોતાના વડિલ પીરોથી અનુક્રમે ઉતરી આવેલ મળેલી. આપને અરબી, ફારસી અને બીજી ઘણી ભાષાઓનું



જ્ઞાન હતું. પીરી મુરિદીના કામમાં નિષ્ણાત હતા. મોમિન કોમની તાલિમ તરબીયત માટે પોતે મહાન પ્રયાસો કરેલાં છે. આપે અમદાવાદથી ધોળકા જઇને નિવાસ કર્યો હતો, અને વફાત પણ ધોળકામાંજ થઈ હતી. કબરથી ફૈઝ જારી છે. ઉપર ભવ્ય રોઝો બનાવેલો છે. એમના પછી પીર કાસમઅલીશાહ ગાદી ઉપર આવ્યા અને તેમનાં પુત્ર પીર હસન અલીશાહ થયાં જે શરિયત, તરિકત, હકિકત અને મારેફતમાં પરિપૂર્ણ હતાં. શરિયતનાં પાકા આલિમ અને ફાઝિલ હતા. કેટલી એક હજ આપે કરી હતી. પીર કાસમઅલી પછી પીર હસનઅલી ગાદી ઉપર આવ્યા. પોતે કામિલ દરવેશ અને વલી અલ્લાહ હતાં એટલે પાલણપુરનાં નામદાર નવાબ ફત્તેહખાન સાહેબનું ધ્યાન તેમના પ્રત્યે ખેંચાયું અને પછી બન્ને વચ્ચે મૈત્રિ બંધાઈ. નવાબ સાહેબનો આગ્રહ અને પ્રેમ જોઈ તેઓશ્રીનાં આગ્રહ ભર્યા આમંત્રણથી આપે પાલણપુરમાં કાયમનો મૂકામ કર્યો. નવાબ સાહેબનું સમસ્ત કુટુંબ મુસ્લિમ મહાત્માઓનું સેવા ભાવી હોવાથી બીજા પણ ઘણાં મહાત્માઓ પાલણપુરમાં આવેલા. તેમના રોઝાઓ હજી પણ ત્યાં મોજુદ છે.

તેમના પીર એહમદ હુસેન થયાં, તેમના લગ્ન માજી સાહેબે વડોદરાના નવાબ મીર નૂરૂદ્દિન હુસેનખાન સાહેબની પુત્રી નવાબઝાદી હસિના બેગમ જોડે કર્યા હતાં, તેમનાથી પીર મેહેર હુસેનનો જન્મ હીજરી સન ૧૩૧૮ નાં જમાદીઉલઆખરની તારીખ ૨૨ મીના રોજ ઇલોલ ગામે થયો હતો.

પીર એહમદ હુસેન સાહેબની વફાત હીજરી સન ૧૩૩૮ ના જીલકદ્દ માસની ૨૭ મી તારીખે થઈ હતી. આપને પાલણપુર સંસ્થાનનાં મહેતા ગામમાં દફન કર્યા છે.

સદરહુ કુટુંમ્બનાં લોકો ફાતમી સાદાત છે. તથા પિરાણાવાળા ઈમામુદ્દીન સાહેબનાં વડિલ બંધુ પીર રહેમતુલ્લાહશાહની ઓલાદમાં

છે. ઉકત મહાત્માઓનાં હાથ ઉપર આખીએ મોમિન કોમ ઈસ્લામથી મુશર્રફ થઈ છે. એમની વંશાવળી નીચે મુજબ છે:—

## વંશાવળી

૧ પીર રહેમતુલ્લાહ શાહ (રહે.) ખેરપુર જી. ભાવલપુર
૨ પીર શાહ મશાયખ (રહે.) : જુની દિલ્હી:
૩ પીર અબુલ હસન (રહે.)
૪ પીર ઝયનુદ્દીન (રહે.) વડનગર ઉ. ગુજરાત
૫ પીર સદરૂદ્દીન (રહે.) વડનગર ઉ. ગુજરાત
૬ પીર મુહંમ્મદ ફાઝિલ (રહે.)
૭ પીર મશાયખ (રહે.) (બીજા) અમદાવાદ
૮ પીર અબ્દુલ્લાહ (રહે.)
૯ પીર દિવાન ઉર્ફે પીર મશાયખ (રહે.) (ત્રીજા)
૧૦ પીર અબુ તાલિબ (રહે.)
૧૧ પીર ગુલામઅલી ઉર્ફે હાઝર પીર (રહે.) ધોળકા
૧૨ પીર કાસમઅલી (રહે.)
૧૩ પીર હસનઅલી (રહે.)
૧૪ પીર એહમદ હુસેન (રહે.)
૧૫ પીર મહેરહુસેન (હયાત)

એમના ચાર પૂત્રો

(૧) સૈયદ ઝહીરૂદ્દીન
(૨) સૈયદ વસી એહમદ
(૩) સૈયદ નાદિરૂલ હસન
(૪) સૈયદ વિલાએ હયદર.



# પીર સૈયદ મુહંમદશાહ (કદ)

**પીર** મહંમદ શાહને શરિયત, તરિકત, માઅરિફત અને હકિકતનું બહોળું જ્ઞાન હતું. તેમણે ખોજા અને મોમિન કોમમાં પ્રચારનું કામ ઘણાં ખંત અને શ્રમ પૂર્વક કર્યું હતું. એઓ હંમેશા લોકોને રોઝા, નિમાઝ વિગેરે ધાર્મિક ક્રિયાઓ માટે ઉપદેશ કરતા રહેતા હતા. પોતે ઘણાં પરહેઝગાર અને બુઝુર્ગ હતા અને રૂહાની ઈલ્મીયતમાં કમાલ દરજ્જો મેળવ્યો હતો. ખોજા અને મોમિન જમાતના લોકો ઉપર આપની નસીહત અને ઉપદેશનો ભારે પ્રભાવ પડતો હતો અને લોકો આપના કલામો ઉપર ફિદા થઈ જતા હતા.

જ્યારે એઓ દાઅવતના કાર્ય માટે મુસાફરીએ નિકળતા ત્યારે પોતાની સાથે ઘોડા, ઉંટ, નિશાન અને ડંકો રાખતા અને સાથે જમાતના ઘણા લોકો રહેતા. જ્યાં આપ પડાવ નાંખતા ત્યાં ગરિબોને અન્નદાન આપતા અને હંમેશ લંગર ખાતું પાકતું અને તેમાંથી સાધુ ફકીરો જમતા.

કેરા ગામ ઉપર જ્યારે સંવત ૧૮૩૯ યા તેની આસપાસના સાલમાં સુબેદાર ફતેહમહંમદે ચઢાઈ કરી અને ગામના લોકો સાથે ખુના મરકી થવાનો પ્રસંગ ઉપસ્થિત થયો ત્યારે આપે વચ્ચમાં પડી બન્ને પક્ષો વચ્ચે સુલેહ કરાવી અને નાહકનું લોહી રેડાતું બંધ કરાવ્યું હતું.

એક સમયે આપના માણસે આવીને ફરિયાદ કરી કે, મળસ્કે હું દૂધ લેવા જાઉં છું ત્યારે ભૂત આદિ પિચાશો માર્ગમાં સતાવે છે. આપે તેને ફરમાવ્યું કે, દેગના તળીયાની મેસ તારે હાથે લગાડીને જવું અને તને જે રોકે તેના મૂખ ઉપર હાથ ઘસવા. નોકરે બીજે દિવસે તેમજ કર્યું. નોકર જ્યારે પાછો આવ્યો ત્યારે આપે તેના

હાથમાં આરસી (દર્પણ) આપી અને મૂખ જોવા આજ્ઞા કરી તો તેના પોતાના મૂખ ઉપર દેગની સઘળી કાળક ચોંટેલી જણાઇ અને તે ઘણાં આશ્ચર્યમાં પડી ગયો. આપે તેને સમજાવ્યો કે, માણસની ભ્રમણા તેજ ભૂત આદિ પિચાશો છે. ખરી રીતે તો ભૂત આદિ પિચાશો જેવી કોઈ વસ્તુ છેજ નહીં.

પીર મહંમદશાહ સંવત ૧૮૬૯ ના મહાવદી અમાવસ્યાના દિવસે મુંબઇ મધે વફાત પામ્યા છે. તેમને ખડક ઉપર દફનાવ્યા છે. કબરની ઉપર ખોજા કોમે હઝારો રૂપિયાના ખર્ચે એક અતિ સુંદર રોઝો બંધાવ્યો છે અને શિખર ઉપર સોનાના દેદિપ્યમાન કળસો ચળકે છે.

મઝાર શરીફથી હજી પણ ફયઝ જારી છે. સેંકડો લોકો દેશ પ્રદેશથી દર્શનાર્થે આવે છે. મકબરા ઉપર ઝરીનો મૂલ્યવાન ગિલાફ હંમેશા રહે છે. ઘીનો દિવો બળે છે. ગરિબોને લોકો તરફથી સદાવ્રત પણ અપાય છે. આ પુસ્તકના કર્તાએ જાતે અનેક વેળા દરગાહની ઝિયારત કરીને ફયઝ પણ મેળવ્યો છે.

પીર મહંમદશાહ હઝરત ઇમામ જાફરે સાદિક (રહે.) ની ઓલાદમાં હતા અને ફાતમી સાદાત ઘરાનાના હતા. દર વર્ષે મહાસુદ ૧૧ થી સુદ ૧૫ સુધી દરગાહ પર મેળો ભરાય છે. આપનો એક છિલ્લો કેરા ગામે પીર ગુલામઅલીશાહની દરગાહના ટેકરા નજીક પણ છે, ત્યાંથી પણ ફયઝ જારી છે.

આપે મુરીદોની હિદાયત માટે ઘણાં કલામો કહયા છે, તે પૈકીનું એક સુંદર જ્ઞાન હેઠળ આપવામાં આવે છેઃ—

એજી ચીલા છોડી દિનકા, ધાચા મત ખાઓ,
સુનોરે વટારૂ બાવરે, મત ભૂલી જાઓ—વરાણિ.



એજી સાથી એસા કીજીએ, જે કોઈ રાહા બતાવે,
ઉનકે સંગે ચાલીએ, મન માંહે શક ન લાવે, સુનોરે. ૧
એજી સાથી તુજકો તો મીલે, જબ છોડે હું હું,
સબ બાતાં સાહીં કું સોંપીએ, હરદમ કહેવે તુંહી તુંહીં, સુનોરે. ૨
એજી સાચા દીન રસૂલકા તમે સહી કરી જાણો,
જે કોઈ ચહાવે દીન કુ, તાકું દીનમેં આણો, સુનોરે. ૩
એજી સૈયદ મહંમદશાહ આંખવે, દિલમાંહે સાથી કીજે,
પ્રેમ પ્યાલા નૂરકા, બાવા ભર ભર પીજે, સુનોરે. ૪

(રચનારઃ—પીર સૈયદ મહંમદશાહ)

## પીર સૈયદ ગુલામઅલી શાહ (કદ)

**યેહ હે રાઝે મખ્ફી, ન કહેના તુ અઝીઝ,**
**ન યેહ હે, ન વોહ હે, ન મે હું, ન તુ હય.**

પીર ગુલામઅલી શાહ ફાતિમી સાદાત અને કડીવાલ સૈયદોની શાખામાં હતા. કડીવાલ મોમિનોની જમાતમાં એમણે દાઅવતનું કામ કર્યું છે. એઓ હંમેશા ફક્રો ફાકામાં જીંદગી ગુજારતા અને દુરવેશી અખત્યાર કરી ભગવા રંગના વસ્ત્રો પહેરતા અને સાત્વિક ખોરાક ખાતા હતા.

આપ ઝાકિર હતા જેથી હજારો હિન્દુ-મુસ્લિમો આપની પવિત્રતા અને પરહેઝગારી જોઈ હંમેશા આપના અમ્રત વચનોથી ભરેલા જ્ઞાનો સાંભળવા આવતા. ખોજા કોમમાં આપનો ભારે પ્રભાવ હતો. દર ત્રીજે વર્ષે દાઅવત કરવા તેઓમાં ફરતા. લોકો આપના પ્રવચનો હોંસથી સાંભળતા અને નાણાંની પણ સારી ભેટ આપતા, જે આપ સાધુ ફકીરોને આપી દેતા.

આપે કચ્છ પ્રાંતમાં કેરા ગામ પસંદ કર્યું હતું, તેથી લાંબા કાળ સુધી ત્યાં રહેતા હતા અને હંમેશા અલ્લાહની ઈબાદતમા મશગુલ રહેતા હતા. આપે હિન્દુ ધર્મ અને વેદાંતનો સારો અભ્યાસ કર્યો હતો, જેથી ઘણા સાધુ સંતો આપની સેવામાં આવી જ્ઞાનની ચર્ચા કરતા.

સદરહુ ગામની દક્ષિણે આપે પંજેતનનો છીલ્લો બનાવ્યો હતો, ત્યાં બેસી વ્યાખ્યાનો આપતા. ગામનાં વૃદ્ધજનો કહેતા હતા કે, મજકુર જગ્યાએ પહેલાં જીન કોમ વસ્તી હતી પણ આપ ત્યાં મુકીમ થવાથી તે લોકો ત્યાંથી ખસી ગયા, પ્રસંગોપાત કરામતો પણ જાહેર થયલી છે તેથી ઘણાં લોકો આપને પ્રેમથી ચાહવા અને માનવા લાગ્યા હતા.

આપ સંવત ૧૮૫૩માં કરાંચી શહેરમાં વફાત પામ્યા હતા અને વસિયત મુજબ આપના શબને કેરા ગામે લઈ જઈ પંજેતનના છીલ્લા નજીક મુરિદોએ દફનાવ્યા છે. એમના મઝાર પાકથી હમણાં પણ ફયઝ જારી છે. મકબરા ઉપર ખોજા શિષ્યોએ એક સુંદર રોઝો ચણાવ્યો છે, ત્યાં દર વર્ષે ચૈત્ર સુદ ૧૧ થી વદ ૧ સુધી ઉરસ ભરાય છે. ખોજા કોમ, મોમિન કોમ ઉપરાંત બીજી કોમોના હજારો લોકો પણ ઓરસમાં ભાગ લે છે.

આપના કલામો પૈકી મનહર નામના કલામો ફિલસુફીથી પરિપૂર્ણ છે, જે સતપંથી સેવકોમાં અત્યારે પણ ઘણાં રસપૂર્વક વંચાય છે. એ કલામોમાં એક ખૂબી એવી છે કે, આપે જ્ઞાનની મસ્તીમાં આપની ગ્રહણી અજન બીબીને સંબોધીને એ જ્ઞાનરસ ભરી વાણી સંભળાવી છે; જે પૈકી કેટલાક પદો હેઠળ આપવામાં આવે છે:—



સઘળી વાતથી એ વાતજ સાર,
મન શુદ્ધ થાય સકલ ભવ પાર.
કારણુ સઘળું મનજ તણું,
મુનીવર એથી શું કહીએ ઘણું.
કાયા કલેશ મા કરસો જન,
સ્થિર કરી રાખો તમે ચન ચલ મન.

બ્રહમ જ્ઞાને મન સ્થિર થાય,
મુનીવર નથી બીજો કોઈ ઉપાય.
કાયા કાશી, મન શ્રી ગંગા,
ગોરનર ચરણે જો લાગે રંગા.

ધર્મા તીરથ ને ધર્માવન,
નિરમળ હોવે આપણું મન.
જહાં લગી મનસુ ફીરતા ફરીએ,
તીર્થ વનમાં અર્થ નવ સરીએ.

કારણુ સઘળું મનનું જાણુ,
અજન અનજાણી શું બોલે વાણુ.
શોધો શાસ્ત્ર ને વેદ પૂરાણુ,
પૂછો સતગુર, પંડિત શું જાણુ.

પીર ગુલામઅલી શાહના પત્ની અજન બીબી પણ મહાજ્ઞાની હતા. એમને પોતાના પતિ પીર ગુલામઅલી શાહથીજ ન્યામત મળેલી હતી. પોતે હંમેશા માલિકના જ્ઞાન–ધ્યાનમાં મગ્ન રહેતા હતા. સ્ત્રીઓના વિભાગમાં દાઅવતનું કામ અજન બીબીજ કરતા. એઓ પણ ભગવા કપડા પહેરતા હતા. પરદો રાખતા ન્હોતા પણ જાહેર સમારંભોમાં ભાગ લઈ જ્ઞાન ચર્ચા કરતા, જેથી લોકો આપની અમૃતવાણી સાંભળવા આકર્ષાતા. એમની મઝાર પણ પીર ગુલામ

અલીશાહની મઝારની બાજુમાંજ કેરા ગામે છે. એમના બનાવેલા ભજનો પૈકી એક હેઠળ આપવામાં આવે છે:—

ધ્યાન કા તંતા ને જ્ઞાનકા તુંબા,
ગૂર ગત બીડ લગાઈ.
અનહદ જંત્રી અહોનીશ બાજે,
શો સુરતી ગગન સમાઇ.
સાધુ જંગી પ્રેમકી ગાજી,
સાધુ જંત્રી પ્રેમકી વાગી.

પીર ગુલામઅલી શાહના પૂત્ર અકબરશાહ અને પૂત્રી બીબી સાહેબાએ પણ પોતાના માતા-પિતાની માફક દાઅવતનું કાર્ય કર્યું હતું. એઓ બન્ને ઘણાં સારા પ્રચારક અને વ્યાખ્યાનકાર હતા. અકબરશાહનો મઝાર પણ પીર ગુલામઅલીશાહના મઝાર પાસે છે, જ્યારે બેટી બીબી સાહેબાની મઝાર સિંધમાં પીર તાજદ્દીનની દરગાહ નજીક સ્ત્રીઓના વિભાગના કબ્રસ્તાનમાં છે.

પીર ગુલામ અલીશાહની દરગાહની આવકમાંથી હંમેશા જાતિ ભેદ વિના સઘળા હિન્દુ–મુસ્લિમ સાધુ–ફકીરોને સદાવ્રત આપવામાં આવે છે અને બીજો પણ ખર્ચ ચાલે છે.

## બીબી ઈમામ બેગમ સાહેબા (કદ)

હમે યારસે વસ્લકી આરઝુ હય;
શબો રોઝ દિલકો યેહી જુસ્તજુ હય.

આ સાધ્વી બાનુ પણ પીરોની ઓલાદમાંથી ઉતરેલા ફાતમી સાદાત હોવા જોઈએ કેમકે એમના રચેલા જ્ઞાનોનું નિરિક્ષણ કરતા



તે ભકિત રસ અને યોગાભ્યાસથી તરબોળ થયેલા માલમ પડે છે. એ પવિત્ર અને સાધ્વી બાનુના જન્મ મરણ અને જીવનને લગતી આથી વધુ હકિકત મેળવવા અમોએ ભારે મહેનત કરી, છતાં કોઇ સ્થળેથી તે મળવા પામી નથી, પરંતુ તેમના રચેલા જ્ઞાનો, જે સતપંથ ધર્મના હસ્ત લિખિત પુસ્તકોમાં અદ્યાપિ પ્રર્યંત રક્ષાયેલા છે, તે પૈકી એક જ્ઞાન હેઠળ ઉતારવામાં આવે છે તે પરથી એમના જ્ઞાન અને અભ્યાસની વાંચકોને ઝાંખી થશે:—

એજી હરદમ જપો પીરશાહાનું [1] જાપ, જપતા રહીએ—દોઢ
એજી મુલ કમલ ભાઈ થીર કરી રાખોજી, નાભી કમલ કુ જગાએ
—જપતા ૧
એજી સતગૂર શબ્દકા માંહે વાજા વજાઇએજી, સુરતીકુ સુહાગ ચડાઇએ
—જપતા ૨
એજી મુખ બીન ગાઈએ ને શરવણ બીન સુણએજી, બીન કર તા–લવજાઇએ
—જપતા ૩
એજી તાલ પખાવઝ મૃદંગ વાજે, બીન રસના ગુણ ગાઈએ.
—જપતા ૪
એજી ઈંગલા પીંગલા સુખમના નાડીજી, ત્રીવેણિકે ભમર પર ઠેરાઇએ
—જપતા ૫
એજી ભમર ગુફા ઉપર તખત બીરાજેજી, ઉંચાં જાઈ નિશાન વજાઇએ
—જપતા ૬
એજી કહત ઇમામ બેગમ સુનો મોરા ભાઈજી, ઇયું કરી દર્શન પાઇએ
—જપતા ૭

[1] પીર શાહના ઝીકર અસગાલથી મુરાદ શાહ એટલે ખુદાવંદે કરીમની ઝાતેપાક અને પીર એટલે હઝરત મોહંમદ (સ.) સમજવું.

## પીર રામદેવ (કદ)

પીર રામદેવ જ્ઞાતે રાજપુત (ક્ષત્રિય) હતા. તેમની માતુશ્રીનું નામ મેણલી ઉર્ફે મૃણાંલિ હતું અને પિતાશ્રીનું નામ અજમલસિંહ હતું. એમણે જુદો પંથ ચલાવ્યો છે. સેવકોમાં ઘણે ભાગે રાજપુત, લોહાણા, ઓસવાલી, અને મારવાડના મેઘવાળા વગેરે છે.

ભજનો ઈમામ મ્હેંદીની પધરામણીના બોલે છે અને બીજી ક્રિયાઓ મેઘવાળા માફક કરે છે. એમની સમાધિ પોકરણના કોરભંડા ગામમાં છે. તેની યાત્રા દર વરસે ભાદરવા શુદ ૧૧ સે ભરાય છે. તેમાં સેવકો ઉપરાંત ઈતર પંથના લોકો પણ ભાગ લે છે.

પીર રામદેવને ન્યામત અને કરામત પીરો તરફથી બક્ષિસ થયેલ હતી. પોતે જુદો પંથ ચલાવ્યો હતો અને અલગ સેવકો કર્યા હતા. એમના પ્રત્યેક ભજનોમાં હઝરત અલીની પ્રસંશા અને પીર સતુગુરૂનું વર્ણન જણાય છે.

## પીર હસન (કદ)

પીર હસન, ઈમામ ઇસ્માઇલની ઓલાદમાં અને ફાતમી સાદાત હતા. ન્યામત અને કરામત પોતાના વડિલ મહાત્માઓથી મળેલી હતી.

ગૂજરાત, કચ્છ, કાઠિઆવાડમાં પોતે દાવતનું કાર્ય કરતા હતા. પ્રચારકાર્ય કરવાની શૈલિ ઘણીજ અસરકારક અને નમ્ર હતી. પોતે એક સારા દુરવેશ અને પરહેઝગાર વલી હતા ગણોદ ગ્રામ્યની પશ્ચિમ દિશાએ દફનાવ્યા છે. મોમિન અને ખોજા લોકોએ કબર ઉપર સંવત ૧૭૭૪ માં રોઝો બનાવ્યો છે. દર વર્ષે ભાદરવા વદ ત્રીજનો મેળો ભરાય છે. તે આસો શુદ બીજ સુધી રહે છે. ઓરસ ઉપર



રબારીઓ, મોમના, અને ખોજા લોકો અનુક્રમે રોશની કરે છે. સત્ય, અસત્યની પરિક્ષા માટે લોકો બેડી પહેરે છે. દરગાહનાં સત્યે બેડી તૂટે છે અને કબરથી ફેઝ જારી છે.

## પીર બુરહાનુદ્દીન (કદ)

પીર બુરહાનુદ્દિન ઇસ્માઈલી કડીવાલ સાદાત હતા. પોતાને ન્યામત અને કરામત વડિલ બુઝુર્ગોથી મળેલી હતી. આખી ઉમ્મર મોમિન જમાતમાં દાવતનું કાર્ય કર્યું છે, હઝારો મનુષ્યોને રાહેરાસ્ત તરફ સમજાવી લાવ્યા હતા. આપને સામાન્ય લોકો "બુલા ખી બાવા" ના નામે ઓળખતા. સારા ભજનિક અને ઉપદેશક હતા. બે સ્ત્રીઓ હતી. તેમનાથી બે પુત્રીઓનો જન્મ થયો હતો. પુત્ર ન હતો. વફાત, મહુવા ગામે થઇ હતી. ગામ બહાર સરોવર ઉપર દફન કર્યા છે. કબર ઉપર ખોજા લોકોએ રોઝો બંધાવ્યો છે. કબરથી હાલ પણ ફેઝ જારી છે.

## ચચ ઉર્ફે માતંગ

ચચ પહેલાં મૂમી હતો. સતગુરૂ નૂર પાસે રહેતો હતો પણ તેના એક દગાથી પોતે નારાજ થયા અને તેને તેમની પાસેથી નીકળી જવું પડયું. તે મેઘવાળામાં જઈને ભળ્યો અને સતપંથનું રચનાત્મક કાર્ય તેણે ત્યાં શરૂ કર્યું. ઈમામ મહેંદીની પધરામણીનાં ભજનો સતપંથ મિશનમાંથી ત્યાં તે લઈ ગયો ને તેનો ખુબ પ્રચાર કર્યો. મેઘવાળામાં તેણે ગુરૂપદ ધારણ કર્યું. તેની મોટી સંખ્યા કચ્છ કાઠિઆવાડ ઈત્યાદિ સ્થળોએ છે. મેઘવાળાઓનો પંથ ચાલે છે. અને માતંગ તેનો આદિ પુરૂષ ગણાય છે.

માતંગનો પિતા એક વિદ્વાન બ્રાહ્મણ હતો એમ "ખોજા વૃત્તાંત"ના કર્તા લખે છે. ગમે તેમ હોય પરંતુ ચચ ઉર્ફે માતંગ ઘણોજ વિદ્વાન હતો. તે ભજનો બનાવી શકતો અથવા વિદ્વતા ભર્યા વ્યાખ્યાનો આપી શકતો હતો, તેની ચંચળ બુદ્ધિના કારણે સર્વ મેઘવાળાઓ પર વડપણ મેળવવા તે ભાગ્યશાળી થયો હતો. તેના ઉપદેશની કલા જાણવા એક ફકરો તેના બોધ વચનોમાંથી અત્રે ટાંકવામાં આવે છે:—

પહેલા યુગનો શબ્દ આદેશ નખી;
કહયો સલામ સદાજી ગુર ૧
સતગુરૂએ વરતાઈ સ્માચાર અને ધર્મ;
કે જો ચાર સેવસ્તાન ગુરૂ ઇમામ, ૨

માતંગની જગ્યા સિંધનાં રાએમા બજાર નામના ગામના ઇશાન ખૂણા તરફ ત્રણ ગાઉનાં અંતરે છે. ત્યાં તેનાં પંથના અનુયાયિઓ યાત્રાર્થે જાય છે. સિંધના નગર ઠઠ્ઠામાં માતંગના પૌત્રો રહે છે.

માતંગએ જુનાગઢનાં અસલ રાજ્યવંશ ચુડાસમાં ને પોરબંદરના જેઠવા અને કચ્છના જાડેજાઓમાં સારૂ માન પ્રાપ્ત કર્યું હતું. તેના વંશના મામે નામના માણસે કચ્છ વિષે કેટલીએક ભવિષ્યવાણી કહી છે તે પ્રમાણે અત્યારે બને છે.

માતંગનાં વંશના હજી પણ કચ્છના "રાવ" અને નવાનગરના "જામ" ને ગાદીએ બેસાડતી વખતે તિલક કરે છે. તે સામે બ્રાહ્મણ જેવા પણ તેની છિત ગણતાં નથી.



# પીર દાદુ (કદ)

**નામદાર** આગાખાનના વડવાઓના જમાનામાં ઇસ્માઇલી પંથના ખોજા ભાઇઓમાં ઉપદેશ અને પ્રચાર કરવાનું કામ પીરોના હાથમાંજ હતું. એ મહાન મહાત્માઓના પુનઃ પ્રતાપેજ એ આખી કોમ ઇસ્લામથી મુશર્રફ થઈ હતી.

આગાખાનના કુટુંબના લોકો ઇરાનમાં વસ્તા હતા અને પીરો દુન્યવી વૈભવોનો ત્યાગ કરી દાઅવતના કાર્ય માટે હિન્દમાં આવ્યા હતા. આગાખાન અને પીરોના કુટુંબના મૂળ પૂરૂષ હઝરત ઇમામ જાફરે સાદિક (રહે.)ના જયેષ્ટ પૂત્ર શાહ ઇસ્માઇલ હતા. તેમની ઓલાદમાં ઉભય શાખાઓના લોકો હતા પરંતુ પીર સદરૂદ્દીન સાહેબના જીવન કાળ પછી ઉભય કુટુંબોનો સંબંધ એક બીજાથી છૂટો પડતો ગયો જેથી પીરોની જગ્યાએ ના. આગાખાનના વડવાઓને ખોજા કોમમાં ઉપદેશનું કાર્ય કરવા માટે વકીલો રાખવા પડયા અને તેમનાથી કામ લેવા માંડયું.

પીરો ફાતમી સાદાત હોવાથી દાઅવતના મેદાનમાંથી ખસ્યા નહીં. તેમણે પણ ઘણી સાવધતાથી પોતાનો અલગ ગીરોહ બાંધી દાઅવતનું કામ ઘણાજ ખંત અને શ્રમ પૂર્વક કરવા માંડયું અને થોડાજ વર્ષોમાં લાખો માણસોને દાઅવત પહોંચાડી, સ્વતંત્ર મુરિદોના જુથોના જુથ ઉભા કર્યા, જે અધાપિ પર્યંત પીરોની ઓલાદનાજ તાબે છે. પરંતુ એ એકજ શાખાના બન્ને કુટુંબોનો સંબંધ દિનપ્રતિદિન વિશેષ છૂટો પડતો ગયો અને તે એટલે સુધી કે બન્નેના દાઅવતના તરીકાઓમાં પણ આકાશ–પાતાળ જેટલો અંતર પડી ગયો છે.

આ પુસ્તક લખવાનો મારો મૂળ હેતુ એટલોજ છે કે, શાહ ઇસ્માઇલની શાખાના પીરો અને બીજા પ્રચારકોના દાઅવતના કાર્યો

ઉપર અજવાળુ પાડવું અને કોઈ પણ પક્ષને નારાજ કર્યા સિવાય તેમના સુંદર કાર્યો જનતા આગળ રજુ કરવા, એ કારણે અહિં પીર દાદુની હકીકત રજુ કરીએ છીએ કેમકે તેમના વંશના લોકોએ પણ પીરોના જમાના પછી ખોજા ભાઈઓમાં ઉપદેશ માટે જે પ્રયાસો કર્યા છે તેને અમારા હાથે જરૂર ઈન્સાફ મળવો જોઈએ અને તે કારણસર દરેક પ્રચારકે દાઅવતના ક્ષેત્રમાં કરેલા કાર્યો આ પુસ્તકમાં એકઠા કરી લખવા પ્રયત્ન કર્યો છે. અમને કોઈ પણ પક્ષની માન્યતા અને સિદ્ધાંતો જોડે કશી લેવા દેવા નથી. અમને તો ફક્ત પ્રચારકોના સ્તુત્ય કાર્યોની અને દાઅવતના તરીકાઓની નોંધની જરૂરત છે. એ હેતુના કારણે અમને જ્યાં જ્યાંથી એવી હકીકતો મળી આવી છે તે આ પુસ્તકમાં રજુ કરવાને અમે ચૂકયા નથી.

પીર દાદુને આગાખાને કાર્તક સુદી પૂનેમે ખિલાફત આપી ઉપદેશ કરવા ફરમાવ્યું તે કારણે સદરહુ તીથીએ અત્યારે પણ ખોજા કોમ એક શુભ દિવસ ગણી તેની ઉજવણી કરે છે.

સંવત ૧૬૦૬માં પીર દાદુએ સિંધનો પ્રદેશ છોડી કચ્છ તરફ પ્રયાણ કર્યું અને કચ્છના પાટનગર ભૂજમાં રહયા. એ વખતે કચ્છની ગાદી ઉપર શ્રી ભારમલજી ખેંગાર બીરાજતા હતા, તે વર્ષે વર્ષાદ નહીં વરસવાથી આખા કચ્છમાં દુષ્કાળ પડયો હતો. પ્રજા પાણી વિના વલખાં મારી રહી હતી અને ઢોર ઢાંકરો ચારાના અભાવે મરવા પડ્યા હતા એટલે કચ્છના રાવશ્રી ગભરાયા અને પીર દાદુની ચમત્કારિક વાતો સાંભળીને તેમના ચર્ણે આવ્યા અને વર્ષાદ માટે માંગણી કરી. પીર દાદુએ રાજાને આશ્વાસન આપતાં કહ્યું કે, ચાલીસમે દિવસે વર્ષાદ થશે અને તમારો દેશ આબાદ થશે. એટલું કહી રાવશ્રીને વિદાય કર્યા અને પોતે ચાલીસ દિવસનો છિલ્લો બાંધી તપ કરવા બેઠા. ખૂદા-પાકને મંઝુર હશે તો બરાબર ચાલીસમે દિવસે કચ્છના સુકા પ્રદેશ ઉપર આકાશે વાદળા છવાયા, મેઘનાદ



થયો, વિજના ચમકારા થયા, અંધકાર વ્યાપ્યો અને ઘડી બેઘડીમાં મૂશળધાર વર્ષાદ તુટી પડયો અને આખા દેશને લીલો છમ બનાવી મુકયો.

આ કારણે કચ્છના રાવની પીર દાદુ ઉપર શ્રદ્ધા વધી અને તેમની ભક્તિના પ્રતાપની ચર્ચા લોકોમાં થવા માંડી. પીર દાદુના તપનો ચાલીસમો દિવસ અશાડ સુદ પાંચમનો હતો અને તેજ દિવસે મેઘરાજાની પધરામણી થઈ હતી. આજે પણ એજ દિવસે પીર દાદુની દરગાહ ઉપર મોટો મેળો ભરાય છે અને તે વેળા કચ્છના મહારાવળશ્રીની દબદબા ભરી સ્વારી ત્યાં પધારે છે. એ મેળો અશાડ સુદ બીજથી શરૂ થઈ સુદ પાંચમે સમાપ્ત થાય છે.

પીર દાદુએ કચ્છમાં ઘણાં સિંધી ખોજાઓને બોલાવ્યા હતા અને કેટલાકોને છેક કાઠિયાવાડથી બોલાવ્યા હતા. તેઓ ઘણાંજ બાહોશ, વિદ્વાન અને એક અચ્છા પ્રચારક હતા. તેમના પ્રચાર કાર્યથી સેંકડો લોકો ખોજા થયા હતા.

પીર દાદુની વય પરહેઝગારી અને બાતિની શક્તિના કારણે ૧૨૨ વર્ષની થઈ હતી અને તેમની વફાત સંવત ૧૬૫૦ના પોષ વદી છઠના દિને કચ્છના ભૂજ ગામે થઇ હતી. મઝાર શરીફથી હજી પણ ફયઝ જારી છે. હિન્દુ મુસલમાનોને સદા વ્રત અપાય છે. કબર ઉપર ગિલાફ રહે છે અને ઘીનો દિવો કાયમ બળે છે.

પીર દાદુના વંશના લોકો બાવાના નામે ખોજા કોમમાં જાણીતા હતા પણ સંવત ૧૯૦૦ની સાલમાં આગાખાન તરફથી આગા મહંમદ જાફરશાહની વકીલ તરીકે નિમણુંક થઈ. તે દિવસથી બાવા લોકોની વકીલાત પણ બંધ થઈ ગઈ છે.

અહિં પીર દાદુને લગતી વિશેષ હકીકત "ગુપ્ત પંથકા શિજરા" નામના પુસ્તકમાંથી હેઠળ આપવામાં આવે છે:—

સંવત સોલસોને છજ કહીએ
તિસ દિન કી હકીકત લઇએ

પીર દાદુ સિંધસે આએ
ચાલીસ ઘર સાથ લાએ
× × ×
પીર દાદુ કી ઉમર કા સચેઆ
એકસોને બાવીસ વરસ પાયા
વકીલાત કરી સિંધ મિંજાર
પીરત કરી કચ્છ હાલાર
× × ×
સંવત અઢારસોને બારજ પુરા
ધરમસી ખોજા સતપંથી સુરા
પીર અલાદાદ કે પડા પાઉં
હુકમ ફરમાવો તો રોજા બનાઉં
× × ×
પીર અલાદાદને હુકમ ફરમાયા
ધરમસી ખોજેને રોજા બનવાયા
આઠ બરસ કામ ચલા રોજેકા
નેક નામ હુવા ધરમસી ખોજેકા
× × ×
સંવત અઢારસો વીસમેં સાલ
સોને કે કળસ ચઢાયે લાલ
ખાઈ પી સૌ થાનકે ગયા
રોજા રોસન પીર દાદુકા ભયા×

---

×આ બુઝુર્ગ જીવદયાના મોટા હિમાયતી હતા, એમ તેમના એક પદમાંથી સ્પષ્ટ મળી આવે છે. આપે એક પદમાં કહ્યું છે કેઃ-

"દાદુ" દુનિયા બાવરી કહે ચામકો રામ,
બેલ હાંક કે પુંછ મરોડે કાઢે અપના કામ.



# હયદર બેગ
## ઉર્ફે
# હાજર બેગ (કદ)

**હયદર બેગ**, દિલ્હીના શાહી કુટુંબના એક નબીરા હતા. પીર ઈમામુદ્દીનના દિલ્હીના પ્રવાસ દરમિયાન આપની કરામતો જોઈ તેમણે કુટુંબ અને સર્વ વૈભવોનો ત્યાગ કરી આપની સેવાનો આદરપૂર્વક સ્વીકાર કરી સેવામાં રહેવા લાગ્યા. હૈદર બેગના કામથી આપે પ્રસન્ન થઇ હાજર બેગનો ખિતાબ બક્ષ્યો. દેશાટનમાં હંમેશા સાથે રહી આજ્ઞા મુજબ હાજર બેગ બધું કામકાજ કરતા.

પીર ઈમામુદ્દીન સાહેબના જે સાડા ત્રણ પટશિષ્યો ગણાય છે તેમના નામ નીચે મુજબ છેઃ—

(૧) હાજર બેગ
(૨) નાયા કાકા
(૩) ભાભા રામ
(૪) કીકીબાઈ (અર્ધાંગના)

જ્યારે પીર ઈમામુદ્દીનના અંતકાળનો વખત નજીક આવ્યો અને તેની આગાહી આપને થવા લાગી એટલે આપે ઉપરના આજ્ઞાધારી શિષ્યોને પોતાની પાસે બોલાવ્યા અને કહ્યું કે, તમે લોકોએ સતપંથના મહાન આદર્શને જગત સમક્ષ ધરી સતપંથ મિશનની ભારે સેવા બજાવી છે, તેનો બદલો ખુદાપાક તમને આપશે. અને પછી આપે તે સર્વના હકકમાં દુઆ ગુજારી. આપની દુઆ પૂર્ણ થતાં તરતજ તેનો સ્વીકાર થયો અને એ સાડા ત્રણ ભક્ત ખુદાની કૃપાથી સંત પુરૂષોની પંક્તિમાં મૂકાયા ને તેમની ઝાતથી કરામતો અને આત્મિક ફાયદાઓ લોકોને પહોંચવા લાગ્યા.

હાજર બેગ સર્વ પ્રકારની કુદરતી કરામતોથી પહોંચેલા સેવાભાવી પુરૂષ હતા. પીર સાહેબના સહચર તરીકે સાથે રહી ખુદાની

ભકિતમાં હંમેશા તલ્લીન રહેતા. ઈમામુદ્દીન સાહેબના અવસાનના
થોડા વખત પહેલાં આપે હાજર બેગને બોલાવી ફરમાવ્યું કે, "મારી
વફાત પછી તમારૂં મૃત્યુ થશે અને તમને પીરાણા મુકામે આવેલી મારી
દરગાહની સામે વીસ કદમે દફનાવવામાં આવશે. ગમે તેવા ઉનાળાના
તાપ તડકામાં તમારી કબર ન તપતાં હંમેશા શીતળ રહેશે. મારા
સર્વ અનુયાયીઓ સૌથી પહેલાં તમારી કબર પર પુષ્પો ચઢાવશે
અને પછી મારી દરગાહમાં આવશે." આ વસિયત પછી પીર
ઈમામુદ્દીન સાહેબ આ ફાની દુનિયાનો ત્યાગ કરી ગયા ;અને થોડાજ
દિવસો પછી હાજર બેગનું મૃત્યું થયું.

હાજર બેગને ઈમામુદ્દીન સાહેબની કબરની દક્ષિણ બાજુએ
વીસ કદમ છેટે રોઝાના વિશાળ કંપાઉન્ડમાં દફનાવવામાં આવ્યા
છે. ભર ઉનાળામાં પણ હાજર બેગની કબર સૂર્યના તાપથી તપતી
નથી અને દરેક સેવક પ્રથમ હાજર બેગની કબરની મુલાકાત લીધા
પછી પીર ઈમામુદ્દીન સાહેબના રોઝામાં દર્શનાર્થે જાય છે.

હાજર બેગની કબરથી આજે પણ કરામતો જાહેર થાય છે.
કબર ઉપર હંમેશા ગલેફ રહે છે. સતપંથી અનુયાયીઓ સિવાય
જાહેર જનતામાં પણ તેમનો ભારે પ્રભાવ પ્રસરેલો છે.

પીર ઇમામુદ્દીન સાહેબના બ્હેન બીબી ખુદાઈને સતપંથનું
રહષ્ય સમજાવવા માટે પીર ઇમામુદ્દીન સાહેબે હાજર બેગને પસંદ
કર્યા હતા અને હાજર બેગના હાથે પોતે બ્હેનને બયત-દિક્ષા લેવા
આજ્ઞા આપી હતી. એ ઉપરથી જણાય છે કે, પીર ઈમામુદ્દીન
સાહેબના એક વિશ્વાસુ ખલીફા તરીકે પણ હાજરબેગે કામ બજા-
વેલું છે. એ બાબદ ઉપર ભાઈ-બ્હેન વચ્ચે સંવાદ થયેલો છે, જે
જ્ઞાન શાસ્ત્રમાં મોજુદ છે. હાજર બેગ સાધારણ કોટિના માણસ
ન્હોતા પણ એક પ્રભાવશાળી, જ્ઞાનની ઉચ્ચ સિમાએ પહોંચેલા મહાન
પુરૂષ અને તે જમાનાના મોટા સુરી હતા.



# નાયા નસીરૂદ્દીન (કદ)

**નાયા** કાકા જાતે ભીલ હતા અને લુટારૂ ટોળીના આગેવાન
ગણાતા હતા.

પીર ઇમામુદ્દીન સાહેબ અમદાવાદથી ગીરમથા આવવા રવાના
થયા તે વખતે રસ્તામાં નાયાકાકાએ આપની વહેલ રોકી લુટવા
માંડી. આપે ફરમાવ્યું કે, તારા એ કર્તબ્યની કમાઈ તારા કુટુંબ સાથે
તું ખાય છે પણ તેના પાપમાં તેઓ ભાગ લેવા કબુલ છે કે કેમ?
એમ તારે તેમને પૂછવું જોઈએ. નાયાએ તેમ કર્યું જેથી તેની સ્ત્રી
કેસર, દિકરી ધીરજ, બાપ પશુર અને બ્હેન ગંધાર એ બધાઓએ
પાપમાં ભાગ લેવા ચોખ્ખી ના પાડી. એ જવાબ સાંભળતા નાયા
કાકાના હૃદયે પલટો ખાધો અને આત્મિક જ્ઞાન સતેજ થયું. તે
દિવસથી રાહમારૂનો નીચ ધંધો ત્યજવા પ્રતિજ્ઞા લીધી અને પીર
ઇમામુદ્દીન સાહેબની સેવામાં આવી રહયા. આપે તેમને સતપંથથી
પાવન કર્યા અને તેઓ ગુરૂની સેવામાં રહી ખુદાની ભક્તિ કરવા લાગ્યા.

કેટલાક વર્ષો પછી ખૂદાની માઅરેફતના ઉંડા જ્ઞાનમાં નાયાને
ડુબેલો જોઇ આપે તેમનું નામ નસીરૂદીન રાખી કાકાનો ખેતાબ
બક્ષ્યો, અને ફરમાવ્યું કે તમારે કાનમ જીલ્લાના કુકસ ગામે જઇ
રહેવું અને નાયાકાકાને જાહેર તથા છૂપા ઇશ્વરી ભેદોથી પરિપૂર્ણ
કરવા ઇશ્વરને પ્રાર્થના કરી.

ગુરૂની આજ્ઞા મુજબ નાયાકાકા કુકસ જઇને રહયા અને તેમનું
મૃત્યુ પણ ત્યાંજ થયું. તેમની કબર ઉપર સુંદર રોઝો બાંધવામાં
આવ્યો છે. કબર ઉપર કિંમતી ગલેફ રહે છે અને દરગાહમાં ચાલુ
ઘીનો દીવો બળ્યા કરે છે. રોજ ગરિબોને સદા વ્રત અપાય છે.

દર વર્ષે ભાદરવા સુદ ૨ ના દિને ત્યાં મેળો ભરાય છે અને
ન્યાત જાતના તફાવત વગર હજારો લોકો તેમાં ભાગ લે છે. દરગાહની

બાજુમાં મસ્જિદ છે[1] પરંતુ તે બિસ્માર હાલતમાં પડી છે. બજેટ થયું છે છતાં મસ્જિદના અંગે કંઈ ખર્ચાતું નથી એમ જણાય છે.

નાયાકાકાને માનનારા મુખ્યત્વે કરી ભીલ, કોળી, માછી વિગેરે દલિત કોમોના લોકો છે. આજે પણ એમની કબરથી ફેઝ જારી છે. માનતાઓ ચઢે છે તથા સેવકો સિવાય બીજી કોમમાં પણ આપનો ભારે પ્રભાવ પડેલો છે.

શ્રીમંત ગાયકવાડ સરકાર તરફથી સેંકડો વિઘાં જમીન દરગાહની ચિરાગ બત્તિ માટે પળે છે. હાલ દેવસ્થાન પીરસ્થાનનો કાયદો અસ્તિત્વમાં આવ્યા પછી દરગાહના ખર્ચના માટે બજેટ લાગુ કરવામાં આવ્યું છે. બજેટ માફક સંસ્થાનો ખર્ચ ચાલે છે. ગાદી ઉપર મોમિન કોમમાંથી નાથાભાઈને બેસાડવામાં આવ્યા છે. એ ગાદી ઉપર બેસાડવાની ક્રિયા વેમારના સજ્જાદાનશીનના હાથે વખતો વખત થાય છે, તે વખતે બાર ગામના મોમિન જમાતના લોકો પણ ભાગ લે છે.

નાયાકાકાની દરગાહથી પીર ઈમામુદ્દીન સાહેબના વંશના સૈયદોને વાર્ષિક હક્ક દસ્તુર મળતો હતો, જે હાલના નાથાકાકાએ બંધ કરી દીધો છે. સૈયદો સંઘટ્ટિત ન્હોવાના કારણે પોતાનો કાયમનો આ હક ગુમાવી બેઠા છે. રંગ રાગ અને માનપાન પાછળ કાકા લખલુટ ખર્ચ કરે છે અને પોતે સ્વતંત્ર હોવાનું જણાવે છે; પરંતુ એ એક પીરાણાની શાખા છે અને પહેલાં વડી ગાદીના હુકમ સિવાય કાકા કશું પણ કરી શકતો ન્હોતો પણ હાલ તે બધું નિકળી ગયું છે. સતપંથી જમાતની એ એક સાર્વજનીક સંસ્થા છે અને દરેક ઈમામશાહી જમાત

૧–પીર મહંમદ શાહ દુલ્હા બુરહાનપૂરીના હાલના સજ્જાદા નશીન સૈયદ અશરફઅલી સાહેબના પાસે એક જુની હસ્ત લીખીત કીતાબ **મલફુઝાતે મહેંદી** નામે મોજૂદ છે તેમાં નાયાકાકાની મસ્જીદનું વર્ણન છે. જે હાલના કાકા નાથાએ શહીદ કરાવી દીધી છે.



તરફથી ઉઘરાણી આપવામાં આવે છે. કાનમ જીલ્લામાં બાર ગામ મોમિન કોમના આવેલા છે. તેમણે હાલના કાકાને કેટલાક અંગત કારણોના સબબે ઉઘરાણી (ધર્મદાન) આપવાનું બંધ કર્યું છે.

દલિત વર્ગના ઉધ્ધાર માટે સતપંથના મૂળ ઉપદેશકોએ પ્રથમ-થીજ જોગવાઈ રાખેલી છે. પીર ઈમામુદ્દીન સાહેબના જે સાડા ત્રણ ભકત હતા તે પૈકી નાયાકાકા એક હતા.

ગુજરાત, કાઠિયાવાડ અને કચ્છના અત્યંજ ભાઇઓમાં સતપંથનો પ્રચાર પીર સતગૂરૂ નૂરના વખતથી ચાલ્યો આવે છે. મૂખ્ય કરી અત્યંજ ભાઈઓ નકળંકના ભજનો ગાઈ પ્રાર્થના કરે છે. મુરદાઓને દાટે છે. કન્યા વિક્રય કરતા નથી. માંસ મદિરાનો ત્યાગ રાખે છે.

## ભાભારામ

**વસો** (પ્રાંત વડોદરા) ગામની પાટીદાર કોમમાંથી ભાભારામ હતા. તેમના પિતાનું નામ પટેલ કેશવદાસ શંકર હતું. માતાનું નામ ગંગા બ્હેન હતું. રાજ કાજમાં એમનું કુટુંબ આગળ પડતો ભાગ લેતું હોવાથી દિલ્હીની રીયાસત તરફથી એમને **અમીન**નો ખેતાબ મળ્યો હતો.

અચાનક રીતે નાયાકાકાનો એમની જોડે મેળાપ થયો. તેમણે એમને સતપંથની દિક્ષા–બોધ કર્યો. ભાભારામ તે માટે તૈયાર થયા અને પીર ઈમામુદ્દીન સાહેબની સેવામાં જવાનું નકકી થયું. ભાભારામે ઘરે જઈ વિદાય માંગી અને નાયાકાકા જોડે થયેલી જ્ઞાનગોષ્ટિની વાત બ્હેન કીકીબાઇને જણાવી. આથી કીકીબાઇનું મન પણ ગુરૂ દિક્ષા લેવા તરફ આકર્ષાયું એટલે એ હકીકત નાયાકાકાને ભાભારામે જણાવી. નાયાકાકાએ તેમને સાથે લેવા માટે સંમત્તિ આપી એટલે ભાઇ–બ્હેન બન્ને તૈયાર થઇ ઘેરથી નીકળ્યા.

પીર ઇમામુદ્દીનની સેવામાં આવી ભાભારામ કહેવા લાગ્યા: "હે પરમ પૂજ્ય મહાત્મા! હું ખૂદાની દરગાહમાં પહોંચવા આશા રાખું છું." પીર ઇમામુદ્દીને ફરમાવ્યું "ઘણું સારૂં. તમે ખૂદાથી ઉમ્મેદ રાખો. તે કૃપાળુ અને દયાળુ છે એટલે તે તમારી ઇચ્છા પૂર્ણ કરશે." ભાભારામને ત્યાર પછી આપે સતપંથની દિક્ષા આપી પાવન કર્યા અને ખૂદાઈ ભેદોનો માર્ગ બતાવ્યો. ભાભારામે, પરહેઝગારી અને ઇશ્વિર ચિંતનના કારણે થોડાજ દિવસોમાં ગુરૂની મહેરબાનીથી સંપૂર્ણ રૂહાની કમાલાત પેદા કર્યા, જેથી હૃદય જાહેર તથા ગુપ્ત જ્ઞાનના પ્રકાશથી ઉભરાવવા લાગ્યું. આપે ભાભારામને ભાભાનો ખેતાબ બખ્શી આજ્ઞા કરી કે, તમારે ચરોતર જીલ્લામાં જઈ સતપંથનું પ્રચાર કાર્ય કરવું. ગુરૂની આજ્ઞાનુસાર નડીયાદ તાલુકાના દેવા ગામે તેઓ આવ્યા અને હજારો પાટીદાર ભાઇઓને સતપંથનો સંદેશ પહોંચાડયો. ત્યાંજ તેમનું મૃત્યુ થયું. જગ્યા જોવા લાયક છે. હંમેશા ત્યાં ઘીનો દિપક બળે છે. ગરિબોને ન્યાત જાતના તફાવત વગર સદાવ્રત અપાય છે. મેળો દર સાલ ભાદરવા શુદ આઠમનો ભરાય છે. એ પીરાણાની શાખા છે. પહેલાં સઘળો કારભાર પીરાણાની સંમત્તિથી થતો હતો. સતપંથી જમાતની સાર્વજનિક સંસ્થા છે. સંસ્થાના અંગે ઘણી જમીન જાગીર બખ્શીશ મળેલી છે.

દાસ કાકા ગુજર્યા પછી હાલ બાવા કાકા નામે એક નવજવાન કાકા વહીવટ ચલાવે છે; તે પણ મરણ પામ્યા છે. જગ્યાના અંગે હાલ ઘણું કરજ થઈ ગયું છે. એમને માનનારાઓમાં મૂખ્યત્વે રજપુતો અને પાટીદાર લોકો છે. દિવા બત્તિ અને સદાવ્રતના માટે દર વર્ષે ઇમામશાહી જમાત તરફથી સારો ફાળો મળે છે. ભાભારામની કબરથી અધાપિ પ્રર્યંત ફાયદો થાય છે. અનુયાયીઓ સિવાય પણ ઘણાં લોકો એમની માનતાઓ માને છે ને તેઓ તેમના ઇરાદાઓમાં ફતેહ મેળવે છે. રીયાઝ તથા પરહેઝગારી જેવા સદ્દગુણો કાકાઓએ



ખીલવવા જોઈએ. પ્રથમ તો કાકા લોકોને મૂખ્ય કામ એ સોંપાતું હતું કે, સતપંથી જમાતમાં ફરી ધર્મોપદેશ કરે. સંસ્થામાં એક પવિત્ર ધર્મભિક્ષુ તરીકે રહે. બ્રહ્મચર્યનું પાલન કરે. આવનાર લોકો સાથે સત્સંગ કરે અને તેમની સેવા ચાકરી કરે; પણ હાલના કાકાઓમાં આવા ગુણો જણાતાં નથી. તેમણે એ ત્રુટિઓ દુર કરવી ઘટે.

પીર ઇમામુદ્દીન સાહેબે પોતાના સેવકોને ઘણે ખરે ભાગે દિક્ષા આપ્યા પછી જુદી જુદી દિશાએ જઇ વસવા આજ્ઞા આપેલી માલમ પડે છે. તેમ કરવામાં તેમના બે હેતુઓ સમાયલા હતા. જેઓ સતપંથથી પવિત્ર થયા હતા, તેમનો તેમની જ્ઞાતિએ બહિષ્કાર કર્યો હતો, માટે તેમને હિજરત કરાવવા જરૂર હતી, બીજું એ કારણ હતું કે, એ નવા ધર્મીઓ જુદી જુદી કોમો અને જુદા જુદા દેશોમાં જઇ ભેળાય અને ત્યાં સતપંથના પ્રચાર કાજે રચનાત્મક કાર્ય કરે તેથી આપે એક ટોળાને કચ્છમાં જઇ વસવા આજ્ઞા કરી, બીજા ટોળાને કાનમ તરફ રવાના કર્યો અને ત્રીજા ટોળાને સુરત જીલ્લામાં જઈ રહેવા ફરમાવ્યું. આવી રીતે ચોતરફ સતપંથ મિશનનું કામ ચાલુ કરવામાં આવ્યું હતું.

## સાધ્વી કીકીબાઈ

હિંદુ સન્નારીઓમાં મીરાંબાઈ, ગારગી આદિ સાધ્વીઓ જે પ્રમાણે ધર્મ જીવનમાં ઉન્નતિ પ્રાપ્ત કરીને જગતના ઈતિહાસમાં સ્થાયી નામ રાખી ગયા છે, તેજ પ્રમાણે ઈસ્લામમાં બીબી ફાતિમા (રદી), રાબેયા બસરી (રદી.), ઝુબયદા અને ઝેબુન્નિશાં આદિ બુધ્ધિશાળી નારીઓએ પોતાના દૃષ્ટાંતો દ્વારા ભકત હૃદયોને પીગળાવી નાંખ્યા છે.

સતપંથમાં સાધ્વી કીકીબાઈએ પીર ઈમામુદ્દીન સાહેબના હાથ હેઠળ શિક્ષણ મેળવી પોતાની આખીય જીંદગી ઈશ્વર ચિંતનમાં વ્યતિત કરી હતી અને ખાસ કરી પીર ઈમામુદ્દીન સાહેબે સતપંથના સ્ત્રી વર્ગમાં ધાર્મિક પ્રચારનું કામ કરવા એમને આજ્ઞા આપી હતી. હજારો સતપંથીઓ આજે તેમના ધામે દર્શનાર્થે જાય છે અને અન્ય લોકોમાં પણ તેમનો પ્રભાવ અને માનતા ચાલે છે. મેળો ભાદરવા સુદ પાંચેમનો ભરાય છે.

નડીયાદના પાટીદાર દેશાઈ ખાનદાનમાંથી એ બાઈ હતાં. પીર ઈમામુદ્દીન સાહેબના સેવક થયા પછી ઘણો ખરો વખત એઓ ગુરૂની સેવામાં રહી સેવા-ધર્મ બજાવતા હતા. પીર ઈમામુદ્દીન સાહેબના અંતકાળ વખતે તેમને હુકમ મળ્યો હતો કે, તમારે દેવા ગામથી એક ગાઉ દૂર જઈ એક નવું ગામ વસાવવું. તેજ પ્રમાણે તેમણે ત્યાં જઈ **કીકીબાઈની** રેણુ નામનું ગામ વસાવ્યું અને ત્યાં રહી ખુદાની ભકિત કરવા લાગ્યા. થોડા વખત પછી તેમનું મૃત્યુ થયું અને ત્યાંજ તેમને દફનાવવામાં આવ્યા. ત્યાં હાલમાં મુજાવર રહે છે. રોજ ગરીબોને સદાવ્રત અપાય છે. અખંડ ઘીનો દીવો બળે છે અને દરગાહના અંગે ઘણી જમીન જાગીર છે. ખાસ કરી રજપુત, પાટીદાર આદિ ઉચ્ચ કોમના લોકો એમની ગાદીને માનનારા છે.

મજકુર સંસ્થા પીરાણા (જી. અમદાવાદ) ની ગાદીની એક શાખા (Branch) છે અને કોઈ અગત્યનું કામ હોય તો પીરાણાની ગાદીના વડાની સલાહથી થાય છે; પરંતુ હાલના કાકા પોતે સ્વતંત્ર છે એવો દેખાવ કરી રહયા છે; પણ સતપંથી અનુયાયીઓની એ એક સાર્વજનિક સંસ્થા છે અને તેના ખરા હકદાર સતપંથી અનુયાયીઓ અને સૈયદ લોકો છે. કાકા તરફથી વર્ષના



અંતે સંસ્થાના નિભાવ માટે ઉઘરાણું કરવામાં આવે છે અને સતપંથી અનુયાયીઓ તરફથી તેમાં સારો ફાળો આપવામાં આવે છે.+

## સાધ્વી લીલાબાઈની દાઅવત

એ બ્હેને દાઅવતનું કાર્ય ઘણુંજ સારૂં બજાવ્યું છે. સનાતન ધર્મની શૈલિની માફક ભજનો બનાવી હિંદુ સમાજમાં તેનો બહુ સારો પ્રચાર કર્યો છે. એ બ્હેન સારા વકતા ઉપરાંત કવિ હતાં, જે તેમના ભજનોના અભ્યાસથી જણાઈ આવે છે.

એ સાધ્વી કયા સૈકામાં થયા હતા અને કયી જ્ઞાતિના હતા તથા તેમના જન્મ-મરણની તારીખની નોંધ મળતી નથી. ફકત હિંદુ સમાજની ભજનાવળીમાં તેમના ભજનો માલમ પડે છે. તેમના એક ભજન પૈકી કેટલાક પદો વાંચકોના પરિચય માટે હેઠળ લખવામાં આવે છેઃ—

સપનું

તમે સાંભળજો રે હાં રે હાં મારી બાઈ;
મારા સપનાનો રે વિચાર,
હરો હરી એને અસ્વારિયે ઉભો મારે આંગણે હાં;
હે મારી બાઈ, (૧)

+કાકા દુરાચારી હોવાથી તેને હાલમાં નહી જણાયલી કોઈ વ્યકિતઓએ મારી નાખ્યો છે. તેની જગ્યાએ હાલ બીજો ત્યાગી ગાદીએ આવ્યો છે. મરનારે કુછંદના કારણે સઘળી સાર્વજનિક મીલકત ગીરો વેચાણ કરી વેરવીખેર કરી નાખી છે. કાકાઓ ઉપર જમાતનો તેમજ સૈયદોનો અંકુશ નહીં હોવાથી આ પરીણામ આવ્યું છે.

જાણે લીલુડાં રે નેત્રો;
હરોહર દેશ રે પછમ કેરો રાજીઓ રે હાં,
દેશ પછમ કેરો રાજીઓ ને મારે તે મંદિરે આવીયો;
હરીને હીરા માણેક પુરીને,
મોતીડે અલખ વધાવીઓ;
**નકલંકીનો** અવતાર દીધો રે હા,
તે અલખ જાણીને અરાધિયો;
હરીને પાયે પદમને હાથે પુસ્તક,
મોર મુગટ શિર બિરાજીયો;
લીલુડે રેવત મારો સામ ચડયો રેહાં,
તેત્રિસ ક્રોડ દેવતા મળીને;
કાંકણુ બાઈનું ત્યાં ભર્યું,

## કવિ ગંગેવની દાઅવત.

ગંગેવ રાજપુત જ્ઞાતિના હતા. દશોંદી તરિકે એમનું કુટુમ્બ અદ્યાપી પર્યંત ઓળખાય છે. જાતે કવિ અને પ્રચારક હતા. એમને માટે શોધખોળ કરતાં ભાઈ બહાદુરસિંહએ એમને લગતી થોડીએક માહિતી પુરી પાડી છે.

મજકુર ભગતે સુરત જીલ્લામાં અને પોતાની રજપુત કોમમાં ઘણા સારા પ્રમાણમાં દાવતનો પ્રચાર કર્યો છે. તેમને ગુજરવાને એક સદીનો કાળ થયો છે. તેમની સમાધિ નવસારી પ્રાંતનાં નવસારી તાલુકાના પરજણ ગામે વાસમ વગેની સીમમાં ઈનામી જમીનમાં પીપળાના મોટા વૃક્ષ હેઠળ આવેલી છે.

એમને હાલમાં લોકો "**મામાદેવ**"ના નામે માને છે અને બાધાઓ ચઢતી રહે છે.

એમના ભજનો પૈકી એક ભજન હેઠળ આપવામાં આવે છેઃ—



ગંગેવ

નુર દરગા પર વારી ખાવિંદ,
નીત્ય નીત્ય ચઢે અસ્વારી
હુકમ કરો તો રહીએ હજુરમાં.
નુર દરગા પર વારીજી —ટેક
પંચ તત્વકા બન્યા બંગલા;
દશ માંહે મેલી બારીજી,
અવિનાશી તો આવે ને જાવે;
સર ભંગીના યારી. —નૂર
સાચાની સાથે સગપણ કીધું;
તન વીંધાણું ગુરૂ બાણે,
ભવસાગરથી તારી લીધા;
વાલમ તારે વાહાણે. —નૂર
પરએ તો પીર પોતે પધાર્યા;
નકલંકી નેજા ધારી,
લીલા ને પીળાં નિશાન ફરકે;
દરગાહ ઉપર વારી. —નૂર
પ્રિત વિના પરમોદીએ જેતે,
ખાંડ લાગે તે ખારી;
હેત વિના હરી હાથ ન આવે,
હેત તણી બલીહારી, —નૂર
અનામ ચીનો આત્મા તેણે,
દિલની દુબ્ધા ટાળી;
ગંગેવદાસ માહુરાને ચરણે,
અલખ લીધો ઉગારી. —નૂર

# પંડિત દેવાયત
## તથા
# સહદેવ જોશી
## ની
# દાઅવત

**મજકુર** ભકતો નીઝારી પંથના હતાં એમ તેમના ભજનોનું અવલોકન કરતાં જણાય છે. તેમને લગતી વિશેષ હકીકત ભકતોને લગતાં બીજા ગ્રંથોમાં આવેલી હોવાથી અમોએ તે સંબંધે અત્રે કાંઈ લખ્યું નથી પરંતુ તેમની દાવતને લગતાં ભજન હેઠળ લખવામાં આવે છે.

મજકુર ભકતોએ પ્રચારનું કાર્ય વિશેષ ભાગે ગુજરાતમાં કર્યું છે અને તે એવી તો સરસ રીતે કર્યું છે કે હિન્દુ સમાજની સઘળી જ્ઞાતિઓમાં તેમનાં ભજનો ઘણીજ પ્રિતી સાથે હાલ પણ બોલાય છે.

## દેવાયત પંડિત

સુણો દેવલદે નાર, આપણા ગુરૂએ સત્ય ભાખ્યા,
જુઠા નથીરે લગાર, લખ્યા ભાખ્યા સો દીન આવશે.–ટેક,
પેલા પેલા પવન ફરકશે, નદીયે નહિ હોય નીર,
ઊતર દીશાથી દળ આવશે, આગળ હનવો વીર.–(૧)
ધરતી ઉપર હેમર હાલશે, સુંના નગર મોઝાર,
લક્ષ્મી લુટાશે લોકો તણી, તેની કાંઈ રાવને ફરિયાદ.–(૨)
પોથીને પુસ્તક ખોટા હોશે, ખોટાં હોશે કાજીના પુરાન,
અસલ જાદી ચુડો પહેરશે એ આગળના એંધાન.–(૩)



કાંકરીઆ તળાવે તંબુ તાણશે સો સો ગામની સીમ,
રૂડીરે દીસે રળીયામણી, આવશે અરજુનને ભીમ.–(૪)
પોરોરે આવ્યો રે સંતો પાપનો, ધરતી માંગે ભોગ,
કેતાગ ખડગ સંહારશે કેતા મરશે રોગ.–(૫)
જતી સતીને સાબરમતી ત્યાં હોશે સુરાના સંગ્રામ,
કાયમ **કાલીંગાને** મારશે, ધરશે **નકલંકી** નામ.–(૬)
પોરોરે આવ્યો રે સંતો પાપનો ધરતી માંગે છે રે ભોગ,
કલજુગ ઉથાપી **સતજુગ** થાપશે, બોલ્યા દેવાયત પીર.–(૭)

## સહદેવ જોશી

શબ્દે ચાલો તમે વચન મલો હાં,
સુમના તમે ખરી વસ્તીમાં ખેલો.
ભાઇ ભલોરે ભાવનો મેળો,––ટેક
પ્રથમ જુગમાં પેલાદ સીધ્યા.
જેણે સત ધરમની કરી વાત,
રાણી રતનાવળે રોપીઓ.
ધન્ય ધન્ય ધર્મ **નીજારીયા,**—ભાઈ
માતંગ રૂષીને ઘેર પાટ માંડયો.
અને રમીયો મહાજાગ,
નિજારીયા કારણ નીસર્યા.
સતી તારાને હરિચંદ,—ભાઈ
રાજા યુધિષ્ટર સહદેવની કુળ.
અર્જુનને વળી ભીમ,
શ્રી કૃષ્ણને રાણી રૂક્ષમણિનો.
નિજારીયા ધરમના જામ,—ભાઈ

વામન રૂપે મારા ધણી રે પધાર્યા.
બળી રાજા તણે દ્વાર,
ગુરૂ સુક્રાચાર્ય રે આવીયા.
તું સર્વે વસ્તુમા હાર,—ભાઈ
ઇંદ્રિ બ્રહ્મ શેષ શંકર.
નારદને વિદૂર વ્યાસ,
નમ્યે નાથને સિધ ચોરાશી.
એતે નિજારીયા ધરમની આશ,—ભાઈ
શિવ સનકાદિ ભર ભરથરી ધરી.
ગુરૂ દત્તાત્રિ રૂસભ દેવ,
નવ જોગેશ્વર જનક વિદેહી.
અને નીજારીયા ધરમની ટેવ,—ભાઈ
આ તો ધર્મે અનેક તર્યા.
અસંગને અપાર,
જે કોઇ એને ચરણે ગયા.
તે નર ઉતર્યા પાર,—ભાઈ
નિજારીયા ધરમનો મહિમા મોટો
જીભ્યાએ કહ્યો નવ જાય,
**સંત શબ્દે** ગુરૂને વચને,
સહદેવ જોષી એમ ગાય.—ભાઈ ×

×પશ્ચિમ દિશાથી ઇમામ મેહદી સાહેબની સ્વારી પધારશે, અને તે સર્વે જગતમાં એકજ ધર્મની સ્થાપના કરશે તે સંબંધી ઉકત ભગતોના ભજનોમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને નકલંકના નામે તેમની ઓળખાણ આપવામાં આવી છે, જેમના માટે હિન્દુ સમાજના ધાર્મિક ગ્રંથોમાં ભવિષ્યવાણી આપવામાં આવેલી માલમ પડે છે.



# કબીર સાહેબની દાઅવત

**મહાત્મા** કબીર સાહેબ વિદ્વાન ઉપદેશક અને મહાન ધર્મ પ્રચારક હતા.

એમણે સતપંથના ધર્મ-પ્રચારકોની ઢબછબ અને શૈલિનું અનુકરણ કરી પોતાના પંથની તે ઉપર ઇમારત ચણી હતી.

ખુદાવંદે-કરીમની વહદાનિયત અને પયગમ્બર સાહેબની રિસાલતની દાવત આપે ઘણીજ ખુબીની સાથે પહોંચાડી હતી.

રામાનંદ ગુરૂની સેવામાં રહી વેદાંતનું ઉચ્ચ જ્ઞાન સંપાદન કર્યું હતું તેમજ હિન્દી ભાષામાં પદો રચવાનું શિક્ષણ મેળવ્યું હતું. યોગાભ્યાસમાં આપ પૂર્ણ યોગી અને તત્વજ્ઞાની હતા.

ખુદાવંદે કરીમની મારેફત સર્વથી પહેલાં હિન્દી ભાષામાં સંભળાવવાનું માન આપના ભાગ્યમાં સર્જાયલું હતું.

એમના પછી ગુરૂ નાનકે તથા ગુરૂ દાદુએ કબીર સાહેબના પગલે ચાલી ખુદાવંદે કરીમની વહદાનિયતનો પ્રચાર કર્યો હતો પરંતુ કબીર સાહેબના કલામોના મુકાબલામાં તે મહાત્માઓની વાણી નિરસ હતી. કબીર સાહેબની વાણી અમૃત જેવી મધુર અને વિજળીની માફક અસર કારક હતી. તેમના દરેક પદો જ્ઞાનનાં ચૂંટી કાઢેલા પુષ્પો હતા.

કબીર સાહેબને ન્યામત, કરામત, અને રૂહાની ફેઝ મુસ્લિમ મહાત્માઓની દુઆના પ્રતાપે મળ્યું હતું અને તેમને ખુદાની મારફતના ઉંડા જ્ઞાનમાં તેઓએ રંગી દીધા હતા, જેની અસર મરણ પર્યંત કાયમ હતી.

આપના સમાનતા ભર્યા સુમધુર ઉપદેશથી સેંકડો હિંદુ મુસલમાનો આપની તરફ ખેંચાતા હતા અને આપને ગુરૂ તરીકે માનતા હતા; તે એટલે સુધી કે દરેક વર્ગના લોકો પોતાનામાં આપનો સુમાર કરતા, જેથી કબીર સાહેબના અંતઃકાળ પછી

હિન્દુઓ બાળવા માટે તૈયાર થયા અને મુસલમાનો દાટવા માટે તૈયાર હતાં. એ ઝઘડો એટલેથી પતાવટ થાય એમ ધારી કબીર સાહેબે પોતાના આત્માની સાથે અંગને (શરિરને) પણ સમેટી લીધું અને આ ફાનિ દુનિયાથી અદૃશ્ય થઈ ગયા.

જ્યારે મકાનનું બારણું ઉઘાડયું તો બિછાના ઉપર પુષ્પોનો ઢગલો બન્ને કોમના નેતાઓ અને અનુયાયિઓએ જોયો. આથી સર્વે લોકો આશ્ચર્ય પામ્યા. આવી સેંકડો કરામતો આપની જાહેરમાં આવી હતી.

કબીર પંથના લોકો હિંદુસ્તાનમાં દરેક સ્થળે મોજુદ છે. તેમના મંદિરોમાં ગ્રંથ સાહેબ રહે છે. અનુયાયિઓ માદક પદાર્થોનો ઉપયોગ કરતા નથી. સંધ્યા સમયે મંદિરમાં આવી ખુદાવંદે કરીમનું ચિંતન કરે છે.

કબીર સાહેબના શિક્ષણના પ્રતાપે એ પંથના લોકોમાં હિંદુ મુસ્લિમ ભેદ જણાતો નથી. માન્યતામાં ભકિતજ પ્રધાન છે. કબીર સાહેબના માતાપિતા મુસ્લિમ હતા. અને તેમના પેટે એ હિન્દી ભાષાના અજોડ કવિનો જન્મ થયો હતો. એક પદમાં પોતે ફરમાવ્યું છે કેઃ—

માઈ તૂરકની બાપ ઝુલાહા
ઓર કબીર સંત

ખુદાવંદે કરીમની વહદાનિયત અને પયગમ્બર સાહેબની સચ્ચાઇ માટે આપે નિચે પ્રમાણે પદો કહયા છેઃ—

મહાદેવ હી **મહુમ્મદ** કહીએ
હિન્દુ કેરે ધરમમેં ન રહીએ

* × ×



એક બીજા પદમાં આપ કહે છે કેઃ—

યારો દિલ તો **અલ્લાહ** હય,
નેન તો **નબી** હય.
કાન તો **કાબા** હય,
હાથ તો **હઝરત** હય.
કદમ તો **રસૂલ** હય,
સાહેબ કે દરબાર મેં.
તસ્બીહ કબૂલ હય,
કહત કબીર તું બંદગી.
કયું નહિ કરતા હય.

ત્રીજી જગ્યાએ આપ ફરમાવે છે કેઃ—

એસા કોઈ હય **મુરશિદ** મોલા.
મૂજસે જુદા બતાવેગા,
પંચ તત્વ કે દરમ્યાને.
**કુરાન** કિતાબ સૂનાવેગા.

ચોથે ઠેકાણે આપ કહે છે કેઃ—

નારદ બ્રહ્મા અલી **મોહમ્મદ**
કર ગયે શબ્દ નિવેડારે
વેદ કિતાબ લિખ્ખી
એક બીજક શબ્દ મોહે ડારો રે

સતપંથ મિશનની માફક કબીર સાહેબના મિશનમાં પણ એક એવી ખુબી જોવામાં આવે છે કે સેંકડો હિન્દુભાઈઓ પોતાની ન્યાત જાતમાં રહી મૂર્તિપૂંજાનું બંધન તોડી એકજ ઇશ્વરની સેવા-પૂંજા કરે છે અને પયગમ્બર સાહેબને જગતગુરૂ તરીકે સ્વિકારે છે અને તેમના પુન્ય પ્રતાપે આત્મિક ઉન્નતિ મેળવી પોતાનું કલ્યાણ-શ્રેય સાધે છે.

## નાનક સાહેબની દાઅવત

**ભારતમાં** કેટલાએક એવા ધર્મ પ્રચારકો થયા છે, જેમણે હિન્દુ ઇસ્લામી ધર્મ ભેદભાવ દુર કરી બન્નેમાં ઐકયતા સ્થાપન કરવા અર્થે પ્રયાસ કર્યો હતો. તે પૈકી નાનક સાહેબ પણ એક હતા.

નાનક સાહેબને વિલાયત અને રૂહાની ફેઝ સતપંથના પીરોના પુનઃ પ્રતાપે મળ્યો હતો. જેને લગતી સવિસ્તાર હકીકત તવારીખ **"જવહરે ઓલિયા"** નામના ફારસી (કલ્મી) પુસ્તકમાં આપવામાં આવી છે.

સતપંથના પ્રચારકો માફક નાનક સાહેબના પ્રચારમાં પણ ખુદાવંદે કરીમની વહદાનીયત અને પયગમ્બર સાહેબની રિસાલત માટે સ્થળે સ્થળે બોધ કરેલો, તેમના ધાર્મિક ગ્રંથો જોતાં માલમ પડે છે. માટે તેમની હકીકત લંબાણથી અમોએ હેઠળ લખી છેઃ—

શિખ-ધર્મના સ્થાપક નાનક સાહેબ જન્મે હિન્દુ હતા. પરંતુ તેઓ જાહેર રીતે ઇસ્લામી કૃત્યો માટે ફરજો બજાવતા હતા. મુસલમાનો સાથે મળતા અને મિત્રાચારી ધરાવતા ઇસ્લામી અકાયદ (કાનુનો)ના ચુસ્ત માનનારા હતા. આપે જે પર્યટન બનારસનું કર્યું તે ઉપરથી સાબિત થાય છે કે જાહેર દેખાવમાં પોતે હિન્દુ છે. પણ એવું કશું ચિન્હ પોતા પાસે રાખ્યું નહોતું. ઉલટું આપ મુસલમાનો જેવા રહેતા અને ઇસ્લામી ફકીરો જેવા બધા ચિન્હો તેઓ પોતાના દેખાવ અને રૂપમાં રાખતા, તેઓ પોતાનું પવિત્રજીવન મશાયખો-ધાર્મિક પુરૂષો અને ફકીરોની સાથે ગુજારતા અને તેઓની સાથે ખાતાપીતા. તેઓ માત્ર મુસલમાન સુફીઓ (તત્વજ્ઞાનિઓ) પાસે કુદરતના ભેદની હકીકત સમજવા જતા હતા પરંતુ તેમના સમસ્ત જીવન દરમ્યાન એક પણ એવી સાબિતી નથી મળવા પામી કે આપ કોઈ પંડિત



પાસે જ્ઞાન પ્રાપ્તિ અર્થે ગયા હતા. આપ સ્પષ્ટ મુસ્લિમ સુફીઓના કાયદા પ્રમાણે છીલ્લો (ચાલીસ દિવસનો જાપ) કરતાં અને જયાં જયાં આપે એવા ચાલીસ દિવસના અપવાસ કર્યા છે, ત્યાં આજ સુધી પણ તેના અવશેષો મોજુદ છે. આપે મકકાની હજ કરી અને મુસલમાન દેશોમાં પર્યટન કર્યું. આ બધી મુસાફરી દરમ્યાન જો આપનો કોઇ પણ સાચો સ્નેહી હોય તો તે પણ એક મુસલમાન હતો. આપે મુસ્લિમ ફકીરો માફક રહેણી કરણી સંપાદન કરી હતી જેનું અનુકરણ તેમના પહેલા અનુયાયીઓ પણ કરતા રહ્યા હતા. પાંચમા ગુરૂ અર્જુનના જમાના સુધી નાનક સાહેબના જેટલા ચેલાઓના ચિત્રો છે, તે બધા એવા છે કે જાણે મુસલમાન ફકીર. જેમના હાથો અને ગળામાં માળા છે પરંતુ ગુરૂ અર્જુન પોતાના આગલા પુર્વજોના નિત્ય કર્મ અને રિવાજને ત્યજી મુસલમાનોથી જુદા પડી ગયા.

જો આપણે તેમના (નાનકના) શિક્ષણ ઉપર નજર નાખીશું તો જણાશે કે તે હિન્દુ રિવાજ અને માન્યતાથી ઉલ્ટું છે. અને તેમાં ઘણાંજ ભાર પૂર્વક તે માન્યતાઓ અને રિવાજોના મૂળીયાં ઉખેડવામાં આવ્યા છે. આપે ન્યાતિ ભેદ વિના ઘણાજ જોરથી ધર્મ બોધ આપ્યો. જનોઈ પહેરવી, મૂર્તિ પૂંજા કરવી, સૂતક કાઢવું ઇત્યાદિ પ્રથાઓને સખ્ત રીતે વખોડી કાઢી. જો કે એ બાબતો પણ નાનક સાહેબે હિન્દુ ધર્મનો ત્યાગ કર્યો હતો, એ સાબિતી માટે પુરતી છે. કારણ તે જમાનામાં હિન્દુ ધર્મ માટેના એજ મૂખ્ય ચિન્હો હતાં છતાંયે શિખોના પવિત્ર પુસ્તકોમાં એથી પણ વધારે ખુલ્લી સાબિતી મળે છે કે, "નાનક સાહેબે ખચિત હિન્દુ ધર્મનો ત્યાગ કર્યો હતો." ખુદાના અદ્વૈત્યપણાને જે રીતે આપે "ગ્રંથ સાહેબમાં" વર્ણવ્યું છે તે આબેહુબ મુસલમાન સુફીઓ (તત્વજ્ઞાનીઓ)ના વચનો પ્રમાણે છે. હિન્દુ પુસ્તકોમાં કોઈ ઠેકાણે

તેવો ઉલ્લેખ નથી. એથી ઉલટું આપે મુસલમાનોની એ માન્યતાનો સ્વીકાર કર્યો છે કેઃ–મનુષ્ય આત્મિક ઉન્નતિ મારફતે ખુદાને મળી શકે છે. હિન્દુ અને મુસલમાનો ખુદાના વ્યકિતત્વને જે રીતે માને છે તેમાં મોટો ફરક એટલોજ છે કે હિન્દુઓ ખુદા મનુષ્ય રૂપ ધારણ કરે છે એ બાબતને માને છે. જ્યારે મુસલમાનો માને છે કે મનુષ્ય આત્મિક ઉન્નતિથી ખુદાને જઇ મળે છે. નાનક સાહેબે હિન્દુ માન્યતાનો અસ્વિકાર કર્યો અને મુસ્લિમ માન્યતા આગળ માથું નમાવી દીધું. જો કે તેઓ તે વખતે હિન્દી–ભાષામાં સદ્બોધ આપતા હતા કારણ કે, તે ભાષા તે વખતે ચાલુ હતી અને વળી તેજ એક એવી ભાષા હતી જેની મારફતે તેઓ પોતાના વિચારો જાહેર જનતાને પહોંચાડી શકતા હતા, છતાં આપની માન્યતા ખુદાવંદે કરીમ સંબંધમાં તેજ હતી કે જે મુસલમાનોની હતી. એટલુંજ નહિ પરંતુ એ સંબંધી મુસ્લિમ સુફીઓની ઉપભાષાને કાયમ રાખી તેઓ ખુદાને "વાહેદ" (અદ્વૈત્ય) "અહં અદ્વૈત્ય" કહી પોકારતા હતા જે માટે જરાપણ શંકા રહેતી નથી કે આ ઉપભાષા તેમણે મુસ્લિમ સુફીઓ પાસેથી શીખી કે જેમની સંગાથમાં તેઓ લાંબા વખત સુધી રહ્યા. તેઓ ખુદાને "નૂર" (પ્રકાશ)ના નામથી ઓળખતા. ટુંકમાં તેમના વચનોમાં છે કેઃ—

"ખુદા નૂર છે, પ્રકાશ છે, અને તેના નૂરથી બધામાં નૂર છે."

એ આબેહુબ કુરાનની આયત "અલ્લાહો નૂરૂસસ્મા–વાતે વલ અર્દ્દ"નો તરજુમો છે." મી. પેન્કોટનું કહેવું તદ્દન યોગ્ય અને ખરૂં છે કેઃ—

"ઉપભાષાનું મળતાપણું જે સુફીઓ અને નાનક સાહેબના વચનોમાં મળે છે તે માત્ર ખુદાના અદ્વૈત્યપણા સુધીજ સંકુચિત નથી બલ્કે સુફીઓના બીજા ઉપવચનો પણ શિખ ધર્મમાં દૃષ્ટિગોચર થાય છે."



હમારી પાસે એ માટેના ઘણા દાખલાઓ એ સાબિત કરવા માટે મવજુદ છે કે નાનક સાહેબે હિન્દુ ધર્મનો ત્યાગ કર્યો હતો. આ હકીકત હમે ખુદ તેમના વચનો અને તે બાબતો કે જે તેમના તરફ સંબંધ ધરાવે છે તે વડે સાબિત કરી શકીએ છીએ પરંતુ લંબાણ થવાના કારણે તે પડતી મૂકીએ છીએ. હિન્દુ ભાઈઓના પ્રેરિત પુસ્તકો વેદ છે. તેથી એક શખ્સ હિન્દુ રહી તેના ઉપર ટીકા કરે એ વાત ન માની શકાય એવી છે પરંતુ નાનક સાહેબ જગજાહેર વેદો ઉપર ટીકા કરતા હતા. "ગ્રંથ સાહેબ"થી તે સિદ્ધ થાય છે કે, નાનક સાહેબે વેદોને એવા તો જ્ઞાન અને વિદ્યાથી ખાલી જોયા કે તેમને વાર્તાની ઉપમા આપી એવું ફરમાવ્યું કે "વેદ સાધુ અને સંતને પણ બચાવી શકતા નથી"

એવું પણ કહ્યું છે કેઃ—

"મોટામાં મોટો જે ચમત્કાર વેદોએ દેખાડયો છે તે જાતિ ભેદનો સવાલ છે."

આ ઉપરથી તેમની જાતિભેદ પ્રત્યેની વિરોધતા અને વેદ પ્રત્યેની ટીકા સાબિત થાય છે. ખરી બાબત એ છે કે નાનક સાહેબનું શિક્ષણજ એવું હતું કે મુકિત અને અમર જીંદગી વેદો મારફતે પ્રાપ્ત થઈ શકતી નથી. ટુંકમાં ઘણાં વચનોથી એ બાબત સાબેત થઈ જાય છે.

નાનક સાહેબે હિન્દુ ધર્મનો સંપુર્ણ ત્યાગ કર્યો હતો. એ માટેનું વધુ દૃષ્ટાંત તેમનો "ચોલો" છે, જેને ચોલા સાહેબ તરીકે ઓળખવામાં આવે છે. અને જેને ગુરૂદાસપુર જીલ્લામાં દેરા બાવા નાનક ખાતે એક પવિત્ર વસ્તુ તરીકે સાચવી રાખવામાં આવ્યો છે. તે એક લાંબી કફની છે કે જે નાનક સાહેબ પોતાની જીંદગી સુધી પહેરતા રહ્યા અને તેમના પછી તેમના બીજા ચેલાઓ તેને એટલી બધી તો પવિત્ર ધારતા રહ્યા કે તેને તેઓએ દરેક રીતે સુરક્ષિત રાખવાની કોશિષ કરી. કેટલાએક વખત સુધી તો આ

"ચોલો" નાનક સાહેબના મુખ્ય ચેલા કે જે ગુરૂના નામે ઓળખાતા હતા તેમના પાસે રહયો, પરંતુ પાછળથી મજકુર ચોલો એક શિખને ઇનામ તરિકે આપવામા આવ્યો કારણકે તેણે પોતાની આખી કોમની એક કદર કરવા જોગ સેવા બજાવી હતી.

જે વચનો નાનક સાહેબના ગ્રંથ સાહેબમાં જોવામાં આવે છે તે તેમની જીંદગી દરમ્યાન દાખલ કરવામાં આવ્યા નહોતા બલ્કે તેમના પાંચમાં શિષ્ય ગુરૂ અર્જુનના સમયમાં તે દાખલ થયા હતા. આ કારણે શિખ ધર્મની હકીકત સંબંધમાં તેના ઉપર એવો વિશ્વાસ નથી મૂકી શકાતો કે તે તદ્દન સત્યજ હોય કારણકે તે વખતે શિખોએ ઇસ્લામની વિરૂધ્ધતા શરૂ કરી દીધી હતી પરંતુ આ ખામી અને ખોટ ચોલા સાહેબમાં જરાએ નથી. આ ચોલો નાનક સાહેબે પોતેજ પોતાના હાથે આપ્યો અને તે અત્યાર સુધી એવી સ્થિતિમાં ચાલ્યો આવે છે, તેથી તેની સાબિતી દરેક રીતે યોગ્ય અને વિશ્વાસ પાત્ર થઈ પડશે. આ સાબિતી ખુદ ચોલા ઉપર મોજુદ છે અને તપાસમાં સાબિત થયું છે કે તેના ઉપર કુરાનની આયતો શિવાય બીજું કશુંએ લખ્યું નથી અને તે વાત તદ્દન ખોટી છે કે જે શિખોની વાતોમાં કહેવામાં આવે છે કે ચોલા ઉપર જુદી જુદી ભાષા અને જુદા જુદા ધાર્મિક પુસ્તકોના વચનો લખવામાં આવ્યા છે તેમ નથી પરંતુ ખાત્રી પૂર્વક તપાસથી જણાયું છે કે તેના ઉપર માત્ર કુરાનની આયતો છે કે જે ભાર પૂર્વક કુરાને શરિફની સચ્ચાઇ અને ઈસ્લામની સત્યતાની સાબિતી રજુ કરે છે. નાનક સાહેબ આ ચોલાને એટલા માટેજ પહેરતા હતા કે આપના ધર્મ સંબંધમાં કોઇને પણ કોઇ પ્રકારની શંકા બાકી રહેવા ન પામે. પરંતુ અજબ થવા જેવું છે કે નાનક સાહેબના શિક્ષણ માફક ચોલા સાહેબ માટે પણ ગેર સમજુતી આગળ રહી. એટલે કે જેવી રીતે તે નાનક સાહેબનું શિક્ષણ શરૂઆતમાં માત્ર



ઈસ્લામ અને ઇસ્લામનુંજ હતું તે પાછળથી હિન્દુ ધર્મ અને મુસલમાનો વચ્ચેની એક સમજુતી સમજાવવા લાગી તે એવીજ રીતે ચોલા સંબંધમાં પણ બન્યું છે. ચોલાની આ વાત કે જે તે વખતે જગ જાહેર હતી (અને એજ કારણે તેનું વર્ણન જન્મ સાખીમાં પણ આપવામાં આવ્યું છે) તેમાં એક એવી ખોટી વાતનો પ્રચાર કરવામાં આવ્યો છે કે ચોલા ઉપર બીજી આયતો ઉપરાંત સંસ્કૃત શ્લોકો પણ છે. વળી વધુ મુસ્કેલી એ ઉભી થઇ કે ચોલા સાહેબનું પવિત્ર હોવું સચ્ચાઈનાં માર્ગમાં આડે આવ્યું કારણકે તેની ઇજ્જતના કારણે તેના ઉપર કિમતી આભુષણો ચઢવા લાગ્યાં. પુંજારીઓએ તો તેનાં ઢગલા ભેગા કરી દીધા અને તે અહીં સુધી કે અસલ લખાણ આભુષણો હેઠળ છુપાઈ ગયું જેથી ખોટી સમજને કામ કરવા માટે વધારેની તક મળી. ચોલાની આ સાબિતી એવી બીના સિદ્ધ કરી બતાવે છે.

નાનક સાહેબના ચેલાઓએ ગુરૂનાં શિક્ષણ ઉપર ખોટો મત અખત્યાર કર્યો. આભુષણો હેઠળ જે લખાણ છૂપાયલું છે તે ઉઘાડી વાંચવાનું કામ તો સહેલું છે. ભલે ચોલા સાહેબ ઉપરના લખાણને ગમે તેટલા આભુષણોથી છુપાવવામાં આવ્યું કેમ ન હોય ? છતાં તેના ઉપરથી પરદો ખસેડવાનું કામ ઘણુંજ સહેલું છે અને તે એ માટેની પણ સાબિતી છે કે નાનક સાહેબનો ધર્મ કયો હતો ? પરંતુ નાનક સાહેબની કેળવણી ઉપર ગેર સમજનો જે પરદો નાખવામાં આવ્યો છે તે ખસેડવાનું કાર્ય જરા મુશ્કેલ છે. કારણ કે ગ્રંથ અને જન્મ સાખીઓમાં સત્ય સાથે અસત્યનું એટલું બધું તો મિશ્રણ થઈ ગયું છે કે આ હદે તેનું અલગ થવું મુશ્કેલ છે એ કામ પણ નાનક સાહેબના તેજ ચેલાઓનું છે કે જેમને ચોલા સાહેબ માટે પણ ભૂલ ભરેલી વાતોનો પ્રચાર કર્યો છે.

ઉપર દર્શાવેલ સાબિતીઓ ઉપરાંત ગ્રંથ સાહેબ અને જન્મ સાખીઓમાં પણ એવી એવી સાબિતીઓ મોજુદ છે, જેનાથી એ

બિના સંપૂર્ણ રીતે સિદ્ધ થાય છે કે આપે ઈસ્લામી અકાયદ (માન્યતા)નો સ્વિકાર કર્યો હતો અને મુસલમાન બન્યા હતા પરંતુ અમે શરૂઆતમાં જણાવી ચુકયા છીએ તેવી રીતે અત્રે હમો માત્ર એકજ બાબત ઉપર વિવેચન કરીશું અને તે ભાઇ બાલાની જન્મ સાખી છે. તે માણસ નાનક સાહેબનો પરમમિત્ર હતો. અને બીજી જન્મ સાખીઓમાં જણાવ્યા પ્રમાણે તે આપની સર્વે મુસાફરીઓ દરમ્યાન સાથેજ રહેતો હતો. નાનક સાહેબની જીંદગીનો મોટો ભાગ એક ઠેકાણેથી બીજે ઠેકાણે પર્યટન કરવામાંજ ગુજર્યો છે જે ઉપરથી હમો ભારપૂર્વક કહી શકીએ છીએ કે શિખ ધર્મના વ્યવસ્થાપકની તેને સંપૂર્ણ માહિતી હતી એટલુંજ નહિ પરંતુ હમે વિશ્વાસપાત્ર રીતે લખી શકીએ છીએ કે તે તેમનો અંગત ભેદુ હતો. આ તેજ શખ્સ છે કે જેની મારફતે પહેલાં ગુરૂ અન્ગદને નાનક સાહેબની જીંદગીનો પત્તો લાગ્યો હતો.

ભાઈ બાલા પોતે હિન્દુ હતો અને શિખ ધર્મ નાનક સાહેબના મૃત્યુ પછી ઈસ્લામથી દૂરદૂર રહેવા લાગ્યો તેથી ઇસ્લામ સંબંધમાં જે કોઇ સાબિતી તેની જન્મ સાખીથી મળે છે તેને આપણે છેવટની અને મજબુત શાક્ષી તરિકે કબુલવીજ પડશે. આ સાબિતીને વાંચકોએ વિરૂધ્ધ પક્ષનો પુરાવો ધારવો જોઇએ કારણકે જે વાતનો ખુદ શત્રુ સ્વિકાર કરતો હોય તેનો ઇન્કાર કોઈ પણ ડાહયો પુરૂષ નથી કરી શકતો. નીચે તે સાબિતીઓ લખી છે કે જે ભાઇબાલાની જન્મ સાખીથી હમને મળી છે. (જુઓ જન્મ સાખી ભાઇબાલા ૩ જી આવૃતિ કેકીશીસ્ટ પ્રેસ અનારકલી લાહોરમાં છપાયલી.)

પૃષ્ટ ૧૩૪ ઉપર લખ્યું છે કે નાનક સાહેબને પ્રેરણા થઇ કે:-
"તીસ સીપારે કુરઆન શરિફ કે હય ઓર કોટ ચહારે ઓર એકહી નામકી મહીમા કરો, ઓર દુસરા મેરા કોઇ શરિક નહિં. સો તૂ જગ્તમેં જાકર ઇસિવા ઢંઢેરા ફેર."



ભાવાર્થ:—"ત્રીસ ભાગ કુરાને શરિફના છે અને ચાર મઝહબ કોટ સમાન છે. એકજ નામની માહિમા કરો અને બીજો કોઇ પણ ભાગીદાર નથી એમ તું જગતમાં જઇ ઢંઢેરો ફેરવ."

ખુદાના આ હુકમના જવાબમાં કહે છે, કે નાનક સાહેબે એવી અરજ કરી કે:—

"કે બોલી હો રહેં ઇસ બોલીકુ લુંટ હિંદોરડે હય સમજત નહિ."

આ પછી ખુદાએ નાનક સાહેબને પ્રેરણા કરી.

વડયાઇ તસાનો શેજડી મલી હય, દેવલ હય તે ઓર પરાધિન, તિર્થજો હિન્દુ વાંડે હય ઉન્હાતું મન સુખ કરો.

આ બાબતો જાહેર કરે છે કે આપ ખુદાના તરફથી પ્રેરણા પ્રમાણે કામ કરતા હતા અને એ બાબત પ્રેરણાનાં હિન્દુ સવાલથી તદ્દન જુદીજ છે કારણકે તેઓ કહે છે કે ખુદા દુનિયાની શરૂઆતમાં એકજ વખત બોલ્યો અને તે વાતચિત પણ તે ચાર ઋષીઓ સુધીજ સંકુચિત કરી કે જેમણે વેદ બનાવ્યા અને ત્યાર પછી ખુદા કોઇ સાથે બોલ્યો નથી. મુસલમાનોની માન્યતા મુજબ ખુદા પોતાના પ્રિય સેવકો સાથે હર વખતે વાત કરે છે અને તે સાથે તેમની એવી માન્યતા છે કે કુરાને શરિફ પછી કોઇ નવું પુસ્તક ઉતરનાર નથી જેનો ખુદ નાનક સાહેબે પણ સ્વિકાર કર્યો છે. ઉપલા વચનોથી એ પછી સાબિત થાય છે કે તેમણે શા માટે હિન્દી ભાષામાં બોધ આપ્યો અને પોતાના વિવેચનોમાં સંસ્કૃત શબ્દો અથવા સંસ્કૃતમાંથી નીકળેલા શબ્દો વાપરતા હતા. હિન્દુ આ ભાષા સમજતા ન હતા ((બલ્કે તેઓ તેનાથી ડરતા હતા અને જે એ ભાષામાં બોલતો તેનું કહેવું તેઓ સમજી શકતા ન હતા) તેથી નાનક સાહેબે પણ એજ લોકોની ભાષા પોતાના બોધ માટે અખત્યાર કરી તેથી તેઓ એવા શબ્દો જેવા કે " हरिहर परमेश्वर "

ખુદા માટે વાપરતા હતા તો તેનાથી એ નથી સિધ્ધ થઇ શકતું કે તેમની માન્યતાજ હિન્દુ હતી અથવા તો તેઓ હિન્દુ અને મુસલમાન ધર્મ વચ્ચે કાપકુપ કરી કોઇ વચગાળેનો ધર્મ ઉત્પન્ન કરવા માંગતા હતા. ભાઇ બાલાની જન્મ સાખીમાંથી જે વચનો હમે આગળ આપી ગયા તેનાથી એમ સિધ્ધ થાય છે કે જે નામોનો તેમણે ઉપયોગ કર્યો છે તે એટલાજ માટે કે તેમના સાંભળનારાઓ તેમની વાતને સંપૂર્ણ ગ્રાહ્ય કરી શકે.

ભાઇબાલાની જન્મ સાખીમાં "કલ્મએ તૈયબ" ઉપર ઘણું જોર આપવામાં આવ્યું છે. મુસલમાનોનો એકેશ્વરવાદનો એકરાર અને ઇમાન એજ કલ્મો છે કે "લાઇલાહા ઇલલલ્લાહ મોહંમદુર રસુલીલ્લાહ." એટલે કે કોઈ પણ પૂજ્ય નથી અલ્લાહ સિવાય અને મોહમ્મદ (સ.) તેના રસુલ-પયગમ્બર છે. એનુ નામ કલ્મો છે અને તેમા ઇમાનના બન્ને મૂળ સિધ્ધાંતો સામેલ છે. કલ્માના પહેલા ચરણમાં "તોહિદ" (અદ્વૈત્યપણા)નો એકરાર છે, જે બીજા બધા ધર્મોમાં માત્ર ઇસ્લામની ખુબી છે અને બીજા ચરણમાં ખુદાના પવિત્ર પયગમ્બર મોહમ્મદ મુસ્તફા (સલ.)ની પેગમ્બરીનો એકરાર છે. એજ બે એકરાર છે.જેનાથી એક શખ્સ ઇસ્લામમાં દાખલ થઈ જાય છે ભાઇ બાલાની જન્મ સાખીમાં આ કલ્માની ખુબીઓ જુદી જુદી જગ્યાએ વર્ણવામાં આવી છે તે પૈકી નીચે થોડાએક શ્લોક આપવામાં આવ્યા છેઃ—

કલ્મા એક પુકાર્યા દુજા ના હય કોઈ, ૧
કલ્મા ગો ન સડસન હો કે બે ઇમાન. ૨
કલ્મા પાક રસુલ પઢ ઝાડ દે ગુનાહ, ૩
કલ્મા પઢયાં અઝાબ દીન દુન્યા વા જાએ. ૪
કલ્મા જીસ્તે આખ્યા પરતાં કયું મીલે સજાય, ૫
કલ્મા અખ્યા ઇગન હુવે ગુનાહ તો પાક. ૬



નાનક આકે રૂકનદીન કલ્મા સચ પહેછાન, ૭
અકો રૂહ ઇમાન દેજો સાબેત રખે ઇમાન. ૮
કલ્મા એક યાદ કર ઓર નભા બાત, ૯
નફ્સ હવાએ રૂકનદીનસે સે હોવેં માત. ૧૦

બાલાની જન્મ સાખી ઉપરથી જણાય છે કે શિખ ધર્મના વ્યવસ્થાપકે પણ નબીએ કરીમ (સ.) નો પયગમ્બર તરિકે સ્વિકાર કર્યો હતો. પૃષ્ટ ૨૭૧ ઉપર નીચેનો શ્લોક છેઃ—

હિન્દુ કોહન નાપાક હય દોઝખ જાવે સુઈ,
કેહદો અલ્લાહ ઓર રસુલકો ઓર ન બુઝો કોઈ;

પછી એજ પુસ્તકના પૃષ્ટ ૧૩૪ ઉપર આપણે વાંચીએ છીએ કે "ખુદાએ મોહમ્મદ મુસ્તફાને દુનિયાના ઉધ્ધાર માટે મોકલ્યા."

પૃષ્ટ ૧૨૯ ઉપર લખ્યું છે કેઃ—

વ્હો પેગમ્બર હોયા ઇસ દુન્યા કે માબેન,
નામ મોહમ્મદ મુસ્તફા રબ ઇડા એપરવા હય.

પૃષ્ટ ૧૪૧ ઉપર લખ્યું છેઃ—

પાક પઢો કલ્મા રબ્હા મહમ્મદ નામ મીલાએ,
હુવા માશુક ખુદાએ વા હુવા તુલ આલહી.

પછી એજ પૃષ્ટ ઉપર લખ્યું છેઃ—

ઇટા નૂર મહંમદી ઇટા નબી રસુલ,
નાનક કુદરત દેખકર ખુદી ગઈ સબ ભૂલ.

બાબા નાનક સાહેબ માત્ર હઝરત નબી કરીમ (સલ.) ને પેગમ્બર તરીકે માનતા હતા એટલુંજ નહિ બલ્કે તેઓ તેમને મુક્તિ અપાવનાર પણ માનતા હતા કારણકે જન્મ સાખીનાં પૃષ્ટ ૧૯૫ ઉપર લખ્યું છે કે.—

હુજજત રાહ શેતાનકી જહાનકી કબુલ,
સો દરગા ઘોઇ ના મીલે શફાઅત ન ભરે રસુલ.

તેમની નજીક નબીએ કરીમ (સલ) ને માનવું એ દરેક મનુષ્યની ફરજ છે કારણકે જન્મ સાખી પૃષ્ટ ૧૯૬ પર તેઓ ફરમાવે છેઃ—

હય પેગમ્બર મુસ્તફા તસદે ચારે પાર,
ઉમર ખત્તાબ, અબુબકર. ઉસ્માન, અલી કે ચાર.
ચારો યાર મુસલ્લમી ચાર મુસલ્લેકી,
પંચવાં નબી રસૂલ હય જીન કલ્યા સાબેત કી.
ઇહાં પીછે ઇમામ ચાર આઝમ, શાફઇજાન,
માલેક અહમદ અબ્દે સાબેત ચાર ઇમામ.
ચારો યાર મુસલ્લમી કરે ના આવે જા,
જો ઇહાં ફરમાયા વ્હો ચલાવે રાહ.

પછી તેઓ એજ પુસ્તકના ૨૦૪ પૃષ્ટ ઉપર ફરમાવે છેઃ—

પઢયા ખુત્બા નબીકા હોવા સગલે આનંદ.

અને પૃષ્ટ ૨૦૫ ઉપર લખ્યું છેઃ—

એક કરન દે કારે, આયા નબી રસૂલ,
લાલચડી, વીચ લગકે, દુન્યા ગઈ હય ભૂલ.

કુરાન શરીફ સંબંધમાં બાબા સાહેબની એવીજ માન્યતા છે જેવી કે એક સાચા મુસલમાનની હોઇ શકે છે. આપના એ વચનોમાં કુરાન શરીફ વિરૂધ્ધ એક શબ્દ પણ નથી. ખરી બાબત એ છે કે કુરાન શરીફ સંબંધમાં આપે જે ઇજ્જત અને માન દાખવ્યું છે તે કોઇ બીજા પુસ્તક પ્રત્યે નથી નજરે પડતુ અને જે શબ્દો તેમણે વેદો સંબંધમાં ઉચ્ચાર્યા છે તેમા અને કુરાન શરીફ સંબંધમાં તેમણે ઉચ્ચારેલા શબ્દોમાં હદ વગરનો ફરક છે. જો કે તેમના હિન્દુ પ્રકૃતિના ચેલાઓએ વેદ સંબંધના તેમના શબ્દોને ઘણાં નરમ બનાવવાની કોશિષ કરી છે છતાંએ હમે ઉપર કહી ગયા તે પ્રમાણે તેમણે વેદોને જરાએ માન આપ્યું નથી. દુન્યાના બધા



પ્રેરિત પુસ્તકોમાં આપ માત્ર કુરાન શરીફનેજ એક પ્રેરિત પુસ્તક તરીકે માન્ય રાખતા હતા. ટુંકમાં ફરમાવે છે કેઃ—

તોરેત ઇન્જીલ ઝુબુર તરે પઢસુન ફટે વેદ,
રહ્યા કુરઆન શરીફ કુલ જગમેં પરિવાર.

એટલે કે "તોરેત, ઇન્જીલ, ઝુબુર અને વેદ વાંચી સાંભળી જોઇ લીધા છે. આખા જગતમાં ભક્તિનું સાધન માત્ર કુરઆન શરીફજ છે."

પૃષ્ટ ૧૩૯ ઉપર ફરમાવે છે.—

કટી હય ચાર કિતાબ અકસબાજન કોઈ,
વહદહુ લા શરિક હય દુજા હુવા ન હોઈ.

એટલે કે આ એ પુસ્તકોનું અવલોકન કર્યું પરંતુ કુરઆન શરીફ સિવાય કોઈ પુસ્તક નથી, તે અદ્વેત્ય છે તેની જોડ નથી.

કહે છે કે તેઓ દરેક પ્રકારનાં જાહેરના રીત રિવાજો વિરૂદ્ધ હતા. ખરૂં પણ એજ છે કે આપે હિન્દુઓના બધા રિવાજો પ્રત્યે અણગમો જાહેર કર્યો. દાખલા તરિકે "જનોઇનું બાંધવું, બાળકના જન્મ પછી પવિત્ર કરવા માટે જે ક્રિયા કરવામાં આવે છે અને ગંગા વિગેરેમાં સ્નાન કરવું વિગેરે. આપનું જીવન ચરિત્ર વાંચવાથી જણાય છે કે તેઓ માત્ર તેજ રિવાજો વિરૂદ્ધ હતા કે જે તદ્દન નક્કામાજ હતા. જયારે બીજી ઘણી બાબતો આપ નજીક અગત્યની હતી, જેનું નામ "સરસા" છે. અને ત્યાં આગળ આપે ચિલ્લો કર્યો હતો અને તે જગ્યા આજ સુધી "બાબા નાનકના ચિલ્લા" તરિકે પ્રખ્યાત છે. તેની સાથેજ શેખ ફરીદ (રહ.)નો ચિલ્લો છે આ તે બુઝુર્ગ છે જેમની સંગતમાં નાનક સાહેબે બાર વર્ષ ગાળ્યા હતા અને જેમના તેઓ સાચા મિત્ર હતા. એવીજ રીતે તેમણે હાજીઓનાં વસ્ત્રો સજી લાકડી, કુરઆન શરીફ અને મુસલ્લો (નમાઝ માટે પાથરવાનું વસ્ત્ર અથવા સાદડી) અને કુજો સાથે લઈ મક્કે હજ માટે

ગયા. પુરાતન ઈતિહાસ કર્તાઓ-લેખકો તેમની આ મક્કાની હજને કલ્પિત વાત તરિકે ધારે છે. પરંતુ આ હજથી ઇન્કાર કરવો આ એક એવી બાબત છે કે જાણે કોઈ શખ્સ એમ કહે કે નાનક સાહેબ જેવો કોઈ શખ્સ થયોજ નથી. એમાં જરા પણ શક નથી કે તેમના હજના બનાવમાં ઘણી અસત્ય બાબતોનો ઉમેરો કરી દેવામાં આવ્યો છે; પરંતુ કિસ્સાઓ માફક, એક ઈન્સાફને ચાહનાર ઈતિહાસકાર માટે એ શોભિતું નથી કે તે બનાવનીજ ના પાડે. આ તેમની જીંદગીનો એક એવો બનાવ છે, જે માટે બધા ઇતિહાસ ટેકો આપે છે અને તેથી તેના માટે ઈન્કાર કરવામાં આવે તો પછી તે વાત માન્ય રાખી શકાયજ નહિ. કદાચ આ બનાવથી ઇન્કાર કરવાનો હેતુ યુરોપિયન ઈતિહાસકર્તાનો એ હોવો જોઈએ કે એનાથી નાનક સાહેબ ઇસ્લામની તદ્દન નજીક થઈ જાય છે એટલે કે એનાથી આપનું ટોળું મુસલમાન સાબિત થાય છે. (વળી હું ઉપર જણાવી ગયો છું કે તેમની જીંદગીના એવા ઘણા બનાવો છે જેનાથી એ હકીકત સાબિત થાય છે). જે મુસલમાન ચીલ્લા ખેંચે છે. અને એક એવી કફની પહેરે છે કે જેના ઉપર લખવામાં આવ્યું હોય કે:-

"અલ્દીન ઇન્દીલ્લાહીલ ઇસ્લામ,"

એટલે કે:-ખુદાની દૃષ્ટિમાં જો કોઇ પણ ધર્મ છે તો તે માત્ર ઇસ્લામજ છે. તો એવા શખ્સનું હજ માટે જવું અને મક્કા જઇ હજ કરવી કાંઇ વિચિત્ર વાત નથી. કેટલાકોનું એવું કહેવું છે કે તેઓ માત્ર મક્કા જોવા માટે ગયા હતા. હજ માટે ગયા ન હતા તેઓ નથી સમજતા કે; તે જમાનામાં આવી વાત અશક્ય હતી અને વળી બીજી વાત એ છે કે તેઓ પોતાની માન્યતા ઉપર સાચા હૃદયે અમલ કરતા હતા અને જાહેર કાંઇ અને અંદર ખાનેથી કંઇ એવા દૂર્ગુણોથી માહલો દુર હતા. અજબ થવા જેવી બાબત એ છે



કે એ માટેનો જાહેર સ્વીકાર થઈ ચુકયો છે કે આપ હજ માટે સિધાવ્યા હતા તો તે વખતે તેમણે પોતાના વસ્ત્રો હાજીઓ માફક પહેરી, હાથમાં લાકડી લઈ નમાઝ પઢવા મુસલ્લો અને વઝુ કરવા પાણીનું વાસણ સાથે લેવા ઉપરાંત એક કુરઆન શરીફ પણ લીધું હતું. એ ઉપરથી તો એજ પરિણામ નીકળે છે કે તેઓ સાચા હાજી બનીને ગયા હતા. આ બધું બાબાની જન્મ સાખી અને બીજી જન્મ સાખીઓમાં મોજુદ છે પરંતુ ભાઇ બાલાની જન્મ સાખીથી એટલો વધુ પત્તો મળે છે કે આપને ખુદા તરફથી હુકમ થયો હતો કે "મક્કાની હજ કરવી." ટુંકમાં ૧૩૬માં પૃષ્ટ ઉપર લખ્યું છે:—

અય નાનઝુ મક્કા મદિના જાકર હજ કર.

એજ પુસ્તકમાં એવું પણ લખ્યું છે કે મક્કામાં તેઓ કાઝી રૂકનુદીનને મળ્યા, કે જેઓ ઇમામ હતા અને તેમની સાથે તેમણે લંબાણ વાટાઘાટ ચલાવી. ટુંકમાં આ ચર્ચા દરમ્યાન તેમણે કુરઆન શરીફ અને સુન્નતે નબવીનો સ્વિકાર કર્યો. આપે દોઝખ અને પાપીઓને સજા અને નેકોની મુક્તિ તેમજ કયામતના દિવસનો એકરાર કર્યો અને ભંગ તેમજ શરાબ-દારૂ પીવાનું બંધ કર્યું તેમજ નબીએ કરીમ મુક્તિ આપનારા છે એ વાતનો એકરાર કર્યો.

ફિર નીલા ઝભ્ભા પહેનકર બેઠા મક્કે આન,
એક પાક ખુદા હમ અખે મું નહો કલામ.
નીલા બાના પહેનકર ધર્યા મુસલ્લે શિસ,
અસા કઝા પાસ રખ પુરી કી હદીસ.
અમલા અલતે ન બડે દરગા પુએ કબુલ,
હુજ્જત હાજત નફસી પર આંખો નબી રસૂલ.
હુજ્જત રાહ સેતાનકી જહાંકી કબુલ,
સો દરગા ધોઈ ન મિલે શફાઅત ન ભરે રસૂલ.

એવી રીતે તેમણે બધી ઇસ્લામી માન્યતાઓનો સ્વિકાર કર્યો. આ હકીકત માત્ર ભાઇ બાલાની જન્મ સાખીમાંજ છે એમ નથી બલ્કે તે જન્મ સાખીના પુરાતન હસ્તપત્રોમાં પણ મોજુદ છે કે જે લંડનની ઇન્ડિયા ઓફિસમાં છે. અને જેમના માટે એવું ધારવામાં આવે છે કે તેજ જમાનામાં લખાયલા છે. જે જમાનાનો આ બનાવ છે, તેથી તે હસ્તપત્રો પણ ભાઈ બાલાની જન્મ સાખીને ટેકો આપે છે.

નાનક સાહેબ માત્ર માન્યતાની રૂએ મુસલમાન હતા એમ નથી બલ્કે આપ અલ્લાહની પ્રાર્થના કર્તવ્યથી કરવા માટે ઘણું જોર આપતા અને તેને પણ તેવીજ રીતે માનતા હતા જેવી રીતે કે શરિયતે મોહંમદીએ તેને જરૂરી કરેલ છે. તેઓ પોતાના બોધ વખતે આ બાબત ઉપર ઘણું જોર આપતા હતા. પૃષ્ટ ૧૯૩ ઉપર લખ્યું છે કેઃ—

નાનક આખે રૂકનદીન સચ્ચે સુનો જવાબ,
સાહબ વા ફરમાઇયા લખ્યા લચ મુકતાબ.
દુન્યા દોજખ ઓ ચઢે જો કહે ન કલ્મા પાક,
મકરૂહ તરીયે રૂ જડે પંજ નમાઝ તલાક.
લુકમા ખાને હરામવા સરતે ચઢે અજાબ,
આતશ દોઝખ હાલીયા પાયા તન્હા નશીબ.

પછી એજ જન્મ સાખીમાં પૃષ્ટ ૧૪૭ ઉપર લખ્યું છે કેઃ-

તા સુ કરમ તરનપે રોઝા ના નમાઝ,
અમલા બા ઉરજ્જો મોમિનો દોઝખ દુની અઝાબ.

એટલે કે જેઓ રોઝા અને નમાઝને સારા કૃત્ય વગર તરછોડે છે. બુરા લોકોને નર્કની સજામાં નાખવામાં આવશે. પછી પૃષ્ટ ૨૨૧ પર લખ્યું છેઃ—



રાહત ઇમાનકી અધુ દેખી જાય,
પંજો દરજો રૂક નહી સાંઇ સોચિત લાપ.

એટલે કે ઇમાન આસ્થાનું સુખ તેજ ભોગવી શકે છે કે જે પાંચ વખતની નમાઝ ઉપર અમલ કરનારો હોય. જેઓ નમાઝને છોડે છે, તેમને તેઓ ફીટકાર કરે છે. ટુંકમાં પૃષ્ટ ૨૨૨ ઉપર તેઓ કહે છેઃ—

લાઅનત બર સર તન્હા જો તર્ક નમાઝ કરે,
થોડા લેના ખટપા હથું હઠ ગવે.

એટલે કે જેઓ નમાઝને છોડે છે તેઓ જે કાંઇ પણ મેળવેલું હોય છે તેને પણ પોતાને હાથે ગુમાવે છે. આપે કદિ પણ માંસાહારની મનાઇ નથી કરી. હિન્દુઓ તો માંસાહારને બુરૂ બતાવે છે પરંતુ સાચા મુસલમાન માફક તેઓ ભંગ, શરાબ અને તેમજ અન્ય કેફી વસ્તુઓનો ઉપયોગ નહિ કરવા મનાઈ કરતાં રહ્યા. ટુંકમાં પૃષ્ટ ૨૨૨ ઉપર તેઓ ફરમાવે છે.

નાનક અખે રૂકનદીન લખવા વીચ કિતાબ,
દરગાહ અન્દર યારમેં જા પીકે ભંગ શરાબ.

વળી એજ જન્મ સાખીમાં લખ્યું છે કે બધી ઈસ્લામી સૂચનાઓ ઉપર તેઓ અમલ કરતાં હતા. પૃષ્ટ ૧૯૮ ઉપર લખ્યું છેઃ—

બાબાજી એક બરસ મઝે વીચ રોઝે રખ દે રહે.

પૃષ્ટ ૨૦૭ ઉપર લખ્યું છે કેઃ—

બાબા સાહેબે પોતાના કાનોમાં આંગળીઓ મૂકી જેવી રીતે અઝાન દેનારા અઝાન આપે છે તે માફક અઝાન આપી. ટુંકમાં લખ્યું છેઃ—

કન વીચ ઉંગલીયાં પાકે બાબાને બાંગ દીતી

અને પૃષ્ટ ૨૦૪ ઉપર લખ્યું છેઃ—

પઢયા ખુત્બા નબી કા હોય, સગલ અનંદ.

એટલે કે જનાબ મહમ્મદ મુસ્તફા (સલ.) નો ખુત્બો પઢ્યો અને દિલને આનંદ થયો.

ઉપલા ઉતારા એ માટેની સાબિતી માટે પુરતાં છે કે નાનક સાહેબે ઇસ્લામની સત્યતા અને નબી સાહેબની સચ્ચાઇનો એકરાર કર્યો હતો એટલુંજ નહિ પણ આપે "શરિયતે મહંમદી" ઉપર પોતે અમલ કર્યો અને બીજાઓને પણ તે પ્રમાણે કરવા બોધ આપ્યો બલ્કે હુકમ કર્યો. હવે કુદરતી એ સવાલ ઉત્પન્ન થાય છે કે એક ધર્મ જેને એક રીતે ઇસ્લામનો એક ફાંટો સમજવો જોઇએ તે કેવી રીતે હિન્દુ ધર્મને મળી ગયો. જે શખ્સને શિખ ધર્મના ઇતિહાસનું સંપૂર્ણ જ્ઞાન છે તે જાણે છે કે એ વાત તદ્દન ખરી છે અને તેમાં શત્રુને જરાએ દખલ નથી કે શિખ ધર્મની જીંદગીમા એવી અસર કામ કરતી હતી કે જેણે તેની ગતિ સાથે તેના ફેરફાર પણ બદલી નાખ્યા. જે કારણોએ એ ફેરફાર થવા પામ્યા તે રાજદ્વારી હતા, ધાર્મિક નહિ. થોડાજ વખત પછી શિખોએ ધાર્મિક ઝભ્ભો (ચોલો) છોડી સિપાઈઓના હથિઆરો સજ્યાં જેથી તેમના અને મુસલમાન અમલદારો વચ્ચે ખટપટ જાગી, જેનું પરિણામ એ આવ્યું કે જે કાંઈ નાના નાના મતભેદો પહેલા હતા તે પણ રાઈના પહાડ સમાન થઈ ગયા. પાંચમા ગુરૂ અર્જુન પછીથી જેટલાં ગુરૂ થયા તેમના વખતમા શરૂઆતમા તેમની શત્રુતા મુસલમાન અમલદારો પ્રત્યે રફ્તે રફ્તે વધતી ગઈ અને તે અંતમાં બધા મુસલમાનો પ્રત્યેની શત્રુવટમાં ફેરવાઇ ગઇ. એવી રીતે જેમ જેમ વખત વહેતો ગયો તેમ તેમ શિખો ઇસ્લામથી જુદા થવા લાગ્યા. લગભગ એક સૈકાના ચોથા ભાગમાં તો બધી શિખ કોમ હિન્દુઓ સાથે મળી ગઈ કે જેઓ કોઇને કોઈ રીતે મુસલમાનોથી નારાજ હતા. આ કારણે દરેક સમજુ ઇસમ એ બિના સંપૂર્ણ રીતે સમજી શકે છે કે આવી સ્થિતિમાં આ કોમ મુસલમાન તરીકે કેવી રીતે રહી શકતી હતી.



પરંતુ અહીંઆ એવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે જો ખચિતજ શિખ ધર્મ ઇસ્લામની એક શાખા છે તો તેને માટે માત્ર રાજદ્વારી કારણો રજુ કરવા એ પુરતુ નથી. જો શિખ ધર્મનો વ્યવસ્થાપક ખરેખર મુસલમાનજ હતો તો પછી એ સાબિતી રજુ કરવી જોઇએ કે કેમ ? અને કેવી રીતે આ મતભેદ ઉત્પન્ન થવા પામ્યો ? એમા શક નથી કે રાજદ્વારી કારણોએ આ મતભેદને વધારી દીધો. ખરૂં તો એ છે કે એક સાચા ઇસ્લામીના અનુયાયીઓ કેવી રીતે તે માર્ગે જઈ ચઢ્યા કે જે ઇસ્લામથી ઉલટો છે એ કહેવું અશકય છે પરંતુ કોઈ પણ કોમના ધાર્મિક વિચારો બદલવાના કારણો કંઇ એવા તો ઉંડા અને વિચિત્ર હોય છે કે તેનો સંપૂર્ણ ખુલાસો સંતોષપૂર્વક કરવો ઘણી વખતે અશકય થઇ પડે છે. જે સફાઇ અને જોરથી નાનક સાહેબે ફરમાવ્યું હતું કે મુકિત પ્રાપ્ત કરવા માટે ઇસ્લામી શરીઅતનું અનુકરણ કરવું જોઈએ તેવીજ રીતે હઝરત ઇસા (અલ.) એ ફરમાવ્યું હતું કે હઝરત મુસા (અલ.) ની શરીયતને કદી પણ બદલવી નહિ પરંતુ એક સદી પણ ગુજરવા પામી ન હતી કે આ હુકમની જરાએ પરવા કરવામાં આવી નહિ. જો કે તે પુસ્તકોમાં તો મોજુદ છે.

શિખ ધર્મના શરૂઆતના જમાનામાં કેટલાએક બનાવો એવા બન્યા જેનાથી એવું પરિણામ કાઢવામાં આવ્યું છે કે જે ધર્મનો પાયો નાનક સાહેબે નાખ્યો હતો, તે ઇસ્લામથી ઉપરથી વિરૂધ્ધ હતો અને તે એક શરૂઆતમાં માત્ર હિન્દુઓને નાનક સાહેબે મુરીદો બનાવ્યા હતા. એ વાત ઉપરથી નાનક સાહેબ મુસલમાન ન હતા એમ કેહવું એ ભૂલ ભરેલું છે અને તે પણ વળી એવી સ્થિતિમાં કે જયારે આપણે ખુલ્લી રીતે જોઈએ છીએ કે નાનક સાહેબની મુસલમાન હોવાની સાબિતીઓ મોજૂદ છે. એ વાત ખાસ યાદ રાખવી જોઇએ કે નાનક સાહેબ માત્ર "નવ મુસ્લિમ" હતા

એટલુંજ નહિ બલ્કે ભાઈ બાલાની સાખી ઉપરથી જણાય છે કે એમને લોકો "શેખ" ના ઉપનામે બોલાવતા હતા. વળી તે પોતે પણ એવી ઇચ્છા ધરાવતા હતા કે બીજા ઈસ્લામી સુફીઓ માફક તેઓ પણ લોકોના આત્મિક માર્ગ દર્શક બનવા પામે અને પોતે પણ પોતાના અનુયાયિઓને બનાવે કારણકે તે જમાનામા એ વાત સામાન્ય રીતે બનવી અસંભવિત હતી. નાનક સાહેબના મુરીદોમાં મુસલમાનોની જમાતને, શિખ ધર્મ ને ઈસ્લામથી જૂદી બતાવવાને બદલે ઉલટું સંપૂર્ણ રીતે એવી સાબિતી રજુ કરે છે કે તે ઇસ્લામની એક શાખા હતી. જેવી રીતે હિન્દમાં તે જમાનામાં બીજા સુફીઓની "પીરી મૂરિદી" નો વહેવાર ચાલુ હતો તેવીજ રીતે તેમનો પણ હતો અને મુસલમાનો નાનક સાહેબના આ કર્મને તે વખતે ઇસ્લામનો એક વેપાર ધારતા હતા. એવી એક પણ સાબિતી નથી મળતી કે જે મુસલમાનો તેમના સેવકો તરિકે દાખલ થયા હતા તેમનામાંના એકે પણ પોતાના ઈસ્લામી અકાયદ (માન્યતા)નો ત્યાગ કર્યો હોય અને તેના ઉપર અમલ કરવાનું છોડી દીધું હોય. વળી તેઓ એમ કરી પણ કેવી રીતે શકતા હતા? કારણકે તેઓ જોતા હતા કે તેમનો શેખ ચિલ્લા કરે છે, નમાઝ પડે છે; નમાઝ માટે મુસલ્લો અને પાણીનું વાસણ સાથે છે, બગલમાં કુરઆને શરીફ છે. આ એવી વાતો છે જેમનું કરવું સાધારણ મુસલમાનોનું કામ નથી બલ્કે એ એક મોટા સુફી સાહેબ અને મોમીન મુસલમાનનું કામ છે. ખરી બાબત એ છે કે તે મુસલમાનોને કે જેઓ તેમની મૂરિદીમાં સામેલ હતા તેમને જો જરાપણ એવી શંકા ઉપસ્થિત થાત કે તેમનું શિક્ષણ ઈસ્લામ વિરૂદ્ધ છે તો તે લોકો કદી પણ તેમના મુરિદ થાત નહિ. જ્યાં સુધી એ બાબત સાબિત થાય નહિ કે જે મુસલમાનો તેમની મુરીદીમાં સામેલ હતા. તેમણે ઇસ્લામનો સ્વિકાર કર્યો હતો ત્યાં સુધી મુસલમાનોનું તેમના મુરિદોમાં સામેલ હોવું એ



માટેની સાબિતી નથી કે શિખ ધર્મ ઈસ્લામ અને હિન્દુ ધર્મ વચ્ચે એક વચમાનો ધર્મ હતો બલ્કે એનાથી તો એ સાબિત થાય છે કે નાનક સાહેબ એક સાચા મુસલમાન હતા.

કેટલીએક એવી બાબતો હમારી પાસે મોજુદ છે જેના આધારે આટલા લાંબા વખત પછી પણ હમે કહી શકીએ છીએ કે નાનક સાહેબના ધર્મને તે વખતના ઈસ્લામીઓ એક જુદા માર્ગ તરિકે માનતા ન હતા. પંજાબના રાજ્યકર્તા તે વખતે મુસલમાન હતા તે વખતના ઇસ્લામી રાજ્યોમાં ઇસ્લામથી મુરતદ (ધર્મ ભ્રષ્ટ) થવું એ એક એવો ગુન્હો હતો જેની સજા મોત હતી. મુસલમાન રાજ્યકર્તાઓ બીજા ધર્મના લોકોને પોતાના તાબા હેઠળ સુલેહ શાન્તિથી રહેવા પરવાનગી આપતા હતા અને તે રાજ્યકર્તાઓની ફરજ હતી કે જે ધાર્મિક છુટ ઇસ્લામીઓને હતી તેજ ધાર્મિક છૂટ તેમની અન્ય ધર્મની પ્રજાઓ માટે પણ હતી પરંતુ જે શખ્સ મુસલમાન થઇ મુરતદ થાય તેને તો તુરતજ કતલ કરવામાં આવતો અને જગતમાં તેને કોઇ પણ બચાવી શકતો નહતો. હવે એક બાજુએ તો આપણી પાસે ખુલ્લી અને ખાત્રી પૂર્વક એ સાબિતીઓ મોજુદ છે કે મુસલમાનો નાનક સાહેબની સાથે જુજજાજ જોડાયા અને બીજી બાજુએ આપણને એવું જડે છે કે કોઇએ કાંઈ તેમને પૂછ્યું નહિ? આ તે મોતની સજા તો દુર રહી પરંતુ કોઇ પણ પ્રકારની રોકટોક પણ કરવામાં આવી નહિ. જ્યારે તે વખતે તે ઈસ્લામી મુરતદને તરતજ કતલ કરવામાં આવતો હતો તો પછી નાનક સાહેબના મૂરિદોની જરાએ છેડછાડ ન થતી એ હકીકત ખુલ્લી રીતે સાબિત કરી દેખાડે છે કે તે વખતના સત્તાધારિઓ એમ ખુલ્લું સમજતા હતા કે નાનક સાહેબના પંથને ઈસ્લામથી જુદો કહેવામા નથી આવતો. દિલ્હીના બાદશાહ ઇબ્રાહીમ લોદીએ નાનક સાહેબને કેટલીએક વખત કેદમાં રાખ્યા હતા પરંતુ એનાથી

એ પરિણામ નથી નિકળતું કે તેઓ મુસલમાનજ ન હતા. મુસલમાન બાદશાહો અને સરકારોથી ઘણી વખતે મહાવિદ્વાન ઇસ્લામી ઉલ્માઓને દુઃખો પહોંચ્યા છે પણ તે પ્રિય ઇસ્લામી ઉલ્માઓ જેમના નામો આજકાલ માનથી લેવામાં આવે છે તેમની જીંદગીનો વધારે વખત જેલમાંજ વ્યતિત થયો હતો. એ માટેના ઘણાં દાખલાઓ મોજુદ છે, છતાં લંબાણના ભયે તે અત્રે રજૂ કરવામાં નથી આવતા અને વખતે જાહેર રીતે લોકોની જાણમાં તે છેજ. હઝરત શેખ અહમદ સર હિન્દી મુજર્દદ અલફેશાની, જેમના રોઝાની ઝયારત માટે હિન્દ ખાતે કાબુલના મર્હુમ અમીર હબિબુલ્લાહખાન પધાર્યા હતા, તેમને જહાંગીરે કેદમાં નાખ્યા હતા અને ઘણાં સંત પુરૂષો અને ચમત્કારિક વ્યકિતઓ મુસલમાનોમા થઇ ગઈ છે અને જેમને ઇસ્લામી દુન્યા માન આપે છે તેમને તેમના જમાનામાં પણ એવીજ વિટમ્બણાંઓ ભોગવવી પડી હતી; તેથી નાનક સાહેબ કેદમાં પડયા હતા તો તેમનું કેદી થવું એ માટેની સાબિતી નથી કે તેઓ મુસલમાન ન હતા અને વળી તેમના મુસલમાન અનુયાયિઓમાંથી કોઇ એકને પણ મુરતદ ઠેરવી મોતની શિક્ષા થઇ નથી. એ હકીકત એ માટેની સ્પષ્ટ દલિલ છે કે તેમની કેળવણી ઇસ્લામી શિક્ષણ વિરૂધ્ધ ન હતી.

હવે એક સવાલ એ રહી જાય છે કે જેઓ સનાતન રૂઢીઓને ચાહનારા છે. તેઓ કેવી રીતે એક ઇસ્લામી સુફીના મૂરિદ થયા ? ભલે આ ગમે તેટલી પવિત્ર વાત કેમ ન હોય પરંતુ એ હકીકત બતાવે છે કે મુસલમાન સુફીઓએ હિન્દુઓને મુસલમાન બનાવ્યા સિવાય પણ પોતાના મુરિદ બનાવ્યા છે (જેવા કે પિરાણા પંથના હિન્દુ મુરીદો) અને તેના માટે તેમણે કશો વાંધો પણ ઉઠાવ્યો ન હતો. હિન્દુઓએ હિન્દુ રહી મુસ્લિમ તત્વજ્ઞાનીઓને પોતાના આત્મિક માર્ગદર્શક તરિકે સ્વિકાર્યા છે. આ જમાનામાં પણ સંખ્યા બંધ હિન્દુ ગ્રહસ્થો કિબ્લએ આલમ હઝરત હૈદરશાહ જલાલપુરીની મૂરિદીમાં દાખલ છે



અને પોતાનાજ ધર્મમાં રહી ચિસ્તીયા ખાનદાનના મિત્રો રહે છે પરંતુ નાનક સાહેબનો ઇતિહાસ વાંચવાથી એવું જણાય છે કે તેમનો વિચાર લોકોની નજરોમાં ઇસ્લામને અતિપ્રિય બનાવી મૂકવાનો હતો, તેથી નાનક સાહેબે હિન્દુ મૂરિદો પાસેથી સંપૂર્ણ રીતે ઇસ્લામનો સ્વિકાર કરાવવાની કોશેશ કરી નહિ બલ્કે તેઓ રફતે રફતે તેમને ઇસ્લામનું શિક્ષણ આપવા માંગતા હતા, તેથી તેમણે પોતાના વિચારો એક એવી ભાષામાં જાહેર કર્યા કે જે લોકોની દૃષ્ટિએ ઓછી ઠરાવનારી હતી એટલે કે પંજાબી ભાષામા એક હિન્દુ માટે મુસલમાન થવું મોત બરાબર છે કારણકે ધર્મ ફેરફાર પછી બધા સંબંધનો ત્યાગ કરવો પડે છે અને સગા સ્નેહી સાથેનો સંબંધ પણ છોડવો પડે છે. આ કારણે આ મુસ્કેલી દુર કરવા નાનક સાહેબ કોશિશ કરતા રહ્યા અને એજ સબબે તેમણે પોતાનું કાર્ય પણ હીકમતથી ધીમે ધીમે આગળ ધપાવ્યું.

બીજો પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે હિન્દુઓના વિચારો આ કોમ ઉપર કેવી રીતે ઠસી ગયા અને કેવી રીતે તેમણે ઇસ્લામી તાલીમ વિસારી દીધી. તેમની જીંદગીમાં મુસલમાન મુરિદોની સંખ્યા ગમે તેટલી કેમ ન હોય ? પરંતુ એ બાબત માનવા માટે પુરતી દલીલો મોજુદ છે કે તેમના મૃત્યુ પછી મુસલમાનો તેમના મુરિદોમાં સામેલ થતાં બંધ થયા. શિખોના ઇતિહાસ ઉપરથી એ માટેનો જરાપણ પત્તો નથી ચાલતો કે નાનક સાહેબના મૃત્યુ પછી કોઈ ઇસ્લામી એ કહેવાતા નવા પંથમાં દાખલ થયો હોય. તે બાબત જેનાથી મુસલમાનો નાનક સાહેબની સેવામાં દોડતા હતા, તે તેમનું અંગત આકર્ષણ અને રૂહાની નૂર હતું, અને તેમને ખાત્રી હતી કે તે સુફી સાચો મુસલમાન છે.

તેમનું મૃત્યુ શિખ ધર્મમાં એક મહાન ફેરફાર ઉત્પન્ન કરવાનું સાધન થઈ પડયું તેજ વખતથી મુસલમાનો તેમાં સામેલ થતા

અટક્યા અને તેનો બધો વહેવાર માત્ર હિન્દુઓના હાથમાંજ રહી ગયો, જેના કારણે કુદરતી રીતે મુસલમાન રીતરીવાજો પડતા મુકાયા. વળી એ પણ એક કુદરતી વાત હતી કે જે લોકો શિખ મતમાં દાખલ થયા હતા તે ઓછા વત્તા પ્રમાણમાં પોતાના ધર્મ તરફ પાછા જતા રહ્યા. ઉપર જણાવ્યા પ્રમાણે રાજદ્વારી બાબતોએ આ વિખુટાપણાને વધુ મજબૂત બનાવ્યું અને શિખ મત, જે મુખ્યત્વે કરીને ઈસ્લામની એક સુફી શાખા હતી, તે હિન્દુ-ધર્મની પાછી એક શાખા તરીકે ઓળખાવા લાગ્યો. ×

---

× કબીર અને નાનક સાહેબને તેમના હિન્દુ સેવકો હિન્દુ ગણતાં હોય અને મુસલમાનો મુસલમાન માનતા હોય તેની સાથે અત્રે કાંઈ કામ નથી. પરંતુ તે મહાત્માઓની ઉપદેશ કરવાની શૈલી આપણને ધર્મ અને સત્ય માટે જે અમુલ્ય બોધ આપે છે એજ આપણે જોવાનું છે. તે મહાત્માઓનો ધાર્મિક અનુભવ અને હિન્દુ મુસ્લિમ એકતાનો ઉપદેશ હાલની તકે હિન્દુ મુસ્લિમ મૈત્રિ માટે કેટલે દરજ્જે ગ્રાહ્ય કરવા યોગ્ય છે, તેજ આપણે વિચારવાનું છે.

મૂર્તિ પૂંજામાં ઘેરાયલા દેશમાં ન્યાતી બંધનો તોડી એકજ ખુદાની વહેદાનિયત અને પયગમ્બર સાહેબની સચ્ચાઈ માટે કોઈથી નહિ ડરતાં જે એક પરમ સત્ય તેઓએ લોકોના કલ્યાણ માટે શુભેચ્છાથી સ્થાપન કર્યું છે તેનો લાભ જાહેર જનતાને મળે તે માટેજ અમોએ "તવારિખે પીર"ના બીજા ભાગમાં કબીર સાહેબ અને નાનક સાહેબની હકીકત દાખલ કરી છે.



# અવરંગઝયબ આલમગીરનું ફરમાન

ખુદા સાહેબના નામથી, કે જે બખ્શનાર તથા પાલનાર છે. અબુ ઝફર મોહિયુદ્દીન મુહમ્મદ અવરંગઝયબ આલમગીર બાદશાહ ગાઝીનું ફરમાન.

શાહી મોહોર

જોરે મુહમ્મદી પાક અરજમાં મુકે.

**અહમદાબાદ** સરકાર અને સુબા મજકુરના અમલદારની સનદ પ્રમાણે પીસ્તાલીસ વીઘાં જમીન માપ થોકે ગજેતારીથી ચોંતરીસ વીઘાં અને સાડી સત્તર વસા આપે છે. હવેલીએ અમદાવાદના પરગણાના ગીરમથા ગામથી સૈયદ ઈમામુદ્દીન કબીર ઈરાકીના ઓરસ અને મકબરાના ખર્ચની વજેમાં મુકર્રર હતી, અને આજ પર્યંત જમીન મજકુર ભોગવવાથી નીકળી ગએલી અને સૈયદ ઈમામુદ્દીનના પૌત્ર સૈયદ મુહમ્મદ અશરફ અરજ રાખે છે, કે જમીન મજકુર સૈયદ મોસુફના રોઝા ખર્ચને વાસ્તે ઈનાયત થાય, માટે જહાનના સાહેબનો માન કરવા જોગ હુકમ જાહેર થયો, કે જમીન મજકુર કદીમ મહોલથી રોઝા (દરગાહ) મજકુરના ખર્ચને વાસ્તે ફસલે ખરીફબીવાનઈલિની આનથી સૈયદ મુહમ્મદ અશરફ મજકુરના ગુજરાનની મદદ વજેમાંની બહીસે મુકર્રર થઇ, કે તેની ઉપજ ફસલે ફસલે અને વર્ષો વર્ષ પોતાનું ગુજરાન ખર્ચ કરી હંમેશા બાદશાહની દોલત અને ઉમર ઝીયાદા થાય એવી દુઆમાં મશગુલ રહેવાનું. કરનાર હોવો જોઈએ, કે હાલના અને આવનાર હાકીમો તથા અમલદારો તથા જાગીરદારો તથા કરોડીયાઓએ આ મોહોરો

આ હુકુમતને જારી જાણી મજકુરની તેમના વહીવટમાં છોડવી. અસલ અને તમામ રીતે તેને ફેરવવા અને બદલવાનો રસ્તો આપવો નહી તથા વજે માલના અને ખર્ચના કારણથી જેવું કે ગારસી તથા નઝરાણું તથા માપણીનું તથા ઝાબ્તાનું તથા મોરાલીનું તથા મોહ કરારનું તથા દરોગાઈનું તથા બેગારનું તથા સીકકરનું તથા દસે અરધો અને પટલાઇનું તથા સેંકડે બેનું કાનુનગોઈનું અને હર સાલની બઢતીનું તથા ખેડની તકરાર તથા સર્વે દાવાની હરકતો તથા બાદશાહીનું માંગણાની હરકત પહોંચાડવી નહીં અને આ બાબતમાં હર વર્ષે નવો હુકમ અને સનંદ માંગવી નહીં અને કોઈ બીજે ઠેકાણે કોઈ વસ્તુ રાખી હોય તેનો ભરોસો કરવો નહીં. તારીખ ૨૯ મી માહે જીલહજ સને ૮ જુલુસેવાલાના રોજ લખાણ થયું.

શેરો યાદદાસ્ત વાકે સોમવાર તારીખ ૨૭ માહે રજ્જબ સને જુલુસ ૭ પાકા મુતાબિક સને ૧૦૭૫ હિજરી મુતાબિક બહમન માહ એલાહી થદારત અને ફઝીલત નીંવના શરાફત અને સારાપણાનો બાદશાહી મહેરબાનીઓને લાયક બાદશાહતની મહેરબાનીઓના ઉપાડનાર સદર ઉંચા દરજ્જાના આબેદખાન અને પાકેનું લખાણ કરનાર જહાંપનાહની દરગાહના ખેદા મુહમ્મદ રફીથી લખાણ થાય છે, કે મોટી અને પાક અરજમાં પહોંચ્યું, કે અહમદાબાદ સરકાર અને સુબા મજકુરના હાકીમની સનંદ પ્રમાણે ભરતર ૪૫ વીંઘા જમીન માંપણીથી કે ઇલાહી ગજથી ચોંતરીસ વીંઘા અને સાડા સત્તર વસા થાય છે. હવેલી અમદાવાદના ગીરમથા ગામથી સૈયદ ઇમામુદ્દીન કબીર ઇરિકીના ઉરસ અને મકબરાના ખર્ચના વજેમાં મુકર્રર હતી, તે આજ પર્યંતે જમીન મજકુર વહીવટથી નીકળી ગએલી સૈયદ ઇમામુદ્દીનના પૌત્ર સૈયદ મુહમ્મદ અશરફ અરજ રાખે છે કે જમીન સૈયદ મોસુફના રોઝાના ખર્ચમાં ઇનાયત થાએ



જહાંનના સાહેબ સુરીદની જોદીઆ કામની ઉંચાણનો હુકમ જાહેર થયો, કે જમીન મજકુર કદીમ મોહોલથી રોઝા મજકુરના ખર્ચ વાસ્તે અને સૈયદ મુહમ્મદ અશરફ મજકુરના ગુજરાનની વજેમાં ઇનાયત ફરમાવી. અને કદાપિ બીજી કોઈ જગ્યાએ કોઈ વસ્તુ રાખી હોય તો તેનો ઇતબાર કરવો નહીં વાકે તારીખ ૧૨ જમાદિઉલ અવ્વલ સને ૭ યાદ દાસ્તાનના ખરાપણાં પ્રમાણે લખાણ થયું. મોટાઓ તલજુદદોલે અને બાદશાહતના ભરૂસાદાર મોટી શાનના વઝીરોમાના ઉમદા ઉમદા દરજ્જાના બવાનીનો વડા જુમલે તુલમુલકી કામોના લાઠના ફરખાનના ખતની સરે એક વાકે દાખલ કરવું. સદારત અને મોહોરાઈના પનાહ અશરાફ અને સારા નીદસ્તોગા બાદશાહી „ઇનાયતોને લાયક ઉંચા દરજજાના સદર **આબેદખાનના** ખતની સરે એક વાકે દાખલ કરવું. વાકે લખનારના ખતના સરે વાકેની બરાબર છે. મોટા મુતલીનુદદોલે બાદશાહતના ભરૂસાદાર ઉંચા સાનના વઝીરોના ઉમદા ઉંચા મકાનના ખ્વાનોના વડા મુલક અને માલના બંદોબસ્ત કરનાર દોલત અને ઇકબાલની રીતે ઇનાયતોની તરેહોને લાયક મહેરબાનીઓના **સરફરાઝખાન** નેકીનાની સાન જુલતુલ. મુલકી કામોના લાડ **જાફરખાનના** ખતની સરે એકે બીજી વાર અરજ પહોંચાડવી. સૈયદોના પનાહ ઉંચાઇ અને મોટાઈનાં દસ્તેમાં **અશરફખાનના** ખતની સરે એક પચમા સ્વાવરનેતમુબઇરતુંલુસી બીજી વાર તુલ 'મુલ્કી કામોના લાટના ખતની સરે કમી હો......તા. ૨૪ માહે રબીઉલ અવ્વલ ૧૦૭૬ હીજરી. દિવાન...

| | | |
|---|---|---|
| મોહોર | મોહોર | મોહોર |

# ઈતિહાસિક ગ્રંથોની યાદી

જુદી જુદી ભાષાના અનેક ઈતિહાસ ગ્રંથોમાં એહલે બયત. અને હઝરત ઈમામ જાફરે સાદિક (રહે)ના વંશજોનું વર્ણન આપેલું છે. નામવર પીરો પણ એજ ખાનદાનમાં ઉતરેલા હોવાથી તે સઘળા ગ્રંથોની યાદી હેઠળ આપવામાં આવે છે. જેથી ફાતમી સાદાતોના દાઅવતને લગતા ઈતિહાસની રસ ભરી હકીકતો જાણવાને વાંચકોને સાધન થઈ પડશે:—

| | |
|---|---|
| (૧) પ્રિચિંગ ઓફ ઈસ્લામ | By Sir Arnoldનો ઉર્દૂ તરજુમો |
| (૨) ઈંડીયન ઈસ્લામ | By Murray T. Titus Ph. D. D. D. |
| (૩) ફાતમી દાવઅતે ઈસ્લામ | ખ્વાજા હસન નિઝામી સાહેબ |
| (૪) તારિખે નૂરૂલ અયન | અબુ ઈસ્હાક ઈસ્ફહાની |
| (૫) મકતલે અબુ મખનીફ | લુત ઈબ્ને યહયા |
| (૬) રોઝતુલ જનાબ | હાફિઝ જમાલુદ્દીન મોહદ્દીસ |
| (૭) તારિખ રોઝતુસ સફા | ખાવિન્દશાહ |
| (૮) તઝકેરએ ખ્વાસુલ આયમા | અલ્લામા સિબ્ત ઈબ્ને જોઝી |
| (૯) તાસખુલ તવારિખ | સિપહર કાશાની |
| (૧૦) સવાએકે મોહરેકા | ઈબ્ને હજર મક્કી |
| (૧૧) ફઝલુલ ખિતાબ | ખ્વાજા મુહમ્મદ પાદશાહ |
| (૧૨) હુલીયઉલ અબરાર | હાફિઝ અબુ નઈમ |
| (૧૩) યનાબી ઉલ મોદત ફિલકુરબા | હાફિઝ સુલેમાન બલ્ખી કંદુરી |
| (૧૪) શોહદુલ ઈસ્લામ | સૈયદ મુહમ્મદ હારૂન મુમતાઝ ફાઝિલ |



| | |
|---|---|
| (૧૫) મોઅદ્દતુલ કુરબા | સૈયદ અલી હમદાની |
| (૧૬) શવાહદુલ નબુવત | મુલ્લાં જામી અબ્દુર્જામી |
| (૧૭) જલાલુલ અયુન | મુલ્લાં બાકિર મજલિસી |
| (૧૮) હયાતુલ કુલુબ | મુલ્લાં બાકિર મજલિસી |
| (૧૯) સાફી તફસીરે કાફી | મુલ્લાં ખલીલ કઝવીની |
| (૨૦) લવાએજુલ અહઝાન | સૈયદ મુહમ્મદ મ્હેંદી સાહેબ |
| (૨૧) લીસાનુલ વાએઝીન | મુલ્લાં મુહમ્મદ અલી શિરાઝી |
| (૨૨) કામિલ ઈબ્ને અસીર | અલ્લામા ઈબ્ને અસીર |
| (૨૩) કાશિફુલ હકાયક | સૈયદ મુઝફ્ફર હસન સાહેબ |
| (૨૪) તારિખે તિબરી | અલ્લામા ઈબ્ને જરીર તિબરી |
| (૨૫) તારિખે અબુલ ફિદા | શાહ ઈસ્માઈલિ મુંબઈ |
| (૨૬) ઝુબ્દતુલ અફર તારિખ બની ઉમૈયા | અબ્બાસ ઈબ્ને મનસુર |
| (૨૭) સિરત અલમામુન અને સિરતે અલ નોઅમાન | શમ્સુલ ઉલ્મા મૌ૦ શિબ્લી |
| (૨૮) રયાઝુલ શહાદતેયન | ..................... |
| (૨૯) ઝિયારતે નાહીયા | ..................... |
| (૩૦) તફસીરે કુમી | ..................... |
| (૩૧) અન્વારૂલ એઅજાઝ | મીર મ્હેંદી સાહેબ મજરૂહ |
| (૩૨) તારિખ એહરૂલ જમાત | સૈયદ મેહબુબશાહ સાહેબ |
| (૩૩) તારિખે ફિરિસ્તા | અલ્લામા મુહમ્મદ કાસિમ ફિરિસ્તા |
| (૩૪) તોહફતુલ નસાબ | સૈયદ હામિદ હુસેન ખલીફા સૈયદ મ્હેંદી હુસેન સાહેબ |
| (૩૫) રિસાલા તઝકેરતુલ સાદાત | શેખ એહમદ ઈબ્ને મેહમુદ મુહમ્મદી અલ અકબરાબાદી |

| | |
|---|---|
| (૩૬) અખ્બાર અલ અખ્યાર | અબ્દુલહક્ક મુહદ્દીસ દહેલ્વી |
| (૩૭) મુતાઅલા ઈન્ધિાર તારિખ | રામપુરી |
| (૩૮) તફરિહુલઝકીયા એહવાલુલ અંબીયા | દલાયલ ખેરાત |
| (૩૯) ઉમ્દતુલ મતાલિબ ફીનસાબે અબીતાલિબ | સૈયદ જમાલુદ્દીન કેરમાની |
| (૪૦) તારિખ ઈમામ હસન (અ. સ.) | સૈયદ અવલાદ હયદર કેરમાની |
| (૪૧) મલફુઝે કમાલિયા | સૈયદ કમાલુદ્દીન મુજર્રદ્દરિયા સબ્ઝવારી |
| (૪૨) તારિખ ઈમામ ઝયનુલ આબેદીન (રહે.) | સૈયદ અવલાદ હયદર ફોક |
| (૪૩) ફઝાઈલે મુર્તઝવી | હકીમ મુહમ્મદ હસન મેરઠી |
| (૪૪) તારિખ ગુલઝારે જન્નત | સૈયદ આલે મુહમ્મદ અમરોહી |
| (૪૫) કોલે ફયસલ મુઅરકે ઈસ્લામ | આગા મુહમ્મદ અસકરી અકબરા બાદી |
| (૪૬) તારિખે ખુલ્ફા | અલ્લામા જલાલુદ્દીન સિવતી |
| (૪૭) તઝકરતુલ અવલીયાએ હિન્દ | મીરઝા મુહમ્મદ અખ્તર દહેલ્વી |
| (૪૮) તારિખ શિજરાતે ફરમાન રવાયાને ઈસ્લામ | By મી. સ્ટેન્લી લેનપોલનો મીરઝાઅલી હુસેનનો ઉર્દૂ તરજુમો |
| (૪૯) દિવાન હઝરતશાહ શમ્શુદ્દીન નીઝ તબ્રેઝી (રહે.) | હઝરત શમ્શ તબ્રેઝ (રહે.) |
| (૫૦) તારિખ ઈમામ બાકિર (રહે.) | સૈયદ અવલાદ હયદર બેલગ્રામી |
| (૫૧) તારિખ ઈમામ જાફરે સાદિક (અલ) | હઝરત અવલાદ હયદર ફોક |



| | |
|---|---|
| (૫૨) તારિખ ઈમામ મુસા કાઝીમ (અલ.) | સૈયદ અવલાદ હયદર સાહેબ |
| (૫૩) તારિખ ઈમામ અલી રઝા (અલ.) ............ | સૈયદ અવલાદ હયદર સાહેબ |
| (૫૪) તારિખ ઈમામ મુહમ્મદ તકી (અલ.) | સૈયદ અવલાદ હયદર સાહેબ |
| (૫૫) તારિખ ઈમામ મુહમ્મદ નકી (અલ.) | સૈયદ અવલાદ હયદર સાહેબ |
| (૫૬) તારિખ ઈમામ હસન અસકરી (અલ.) | સૈયદ અવલાદ હયદર ફોક બેલગ્રામી |
| (૫૭) તારિખે આયમા | સૈયદ ગુલામ હયદરખાન સાહેબ બહાદુર |
| (૫૮) મુનાકીબુસ્સાદાત | મુફ્તી ઈમાદ દૌલતાબાદી |
| (૫૯) તારિખુલ આયમા | સૈયદ વઝીર હસન રિઝવી સબ ૭૪૩૭૪ |
| (૬૦) તવારિખે જવહરે ઓલીયા (હસ્તલિખિત) | સૈયદ યાવરઅલી નૂર અલી સાહેબ અમદાવાદ |
| (૬૧) તવારિખે નવસારી | મી. શો. મ. દેશાઈ નવસારી |
| (૬૨) ખોજા વૃત્તાંત | મી. નાનજીયાણી |
| (૬૩) હાલાતે શમ્શ તબ્રેઝ | ............ |
| (૬૪) બુરહાનપુરનો ઈતિહાસ | ............ |
| (૬૫) આગા જહાંગીરશાહનો રિસાલો | ............ |
| (૬૬) ખોજા કોમની તવારિખ | મી. એદલજી ધનજી કાબા |
| (૬૭) નૂરે વહેદાનિયત | મી. હાસમ બોધા માસ્તર |
| (૬૮) અસ્લીયતે ખોજા | મી. હાસમ બોધા માસ્તર |
| (૬૯) તઝકેરએ લાલશેહબાઝ કલન્દર | ............ |

(૭૦) મિરાતે એહમદી ...............
(૭૧) ખોજા સર્વ સંગ્રહ — મી. એદલજી ધનજી કાબા
(૭૨) તારિખે પીરઝાદા ઈમામશાહી — સૈયદ આબિદ અલી બાપુમિંયા
(૭૩) ઈલીયટ ગેઝેટ ..................
(૭૪) સાદી શિખામણ પુ. ૧ લું. આવૃત્તિ ૨ જી.

## ઈસ્માઈલી પીરોના રોઝાઓ

| પીરનું નામ | રોઝાનું સ્થળ |
|---|---|
| (૧) પીર સૈયદ નૂરૂદ્દીન મુહમ્મદ ઉર્ફે સતગુર નૂર | નવસારી |
| (૨) ,, શમ્શુદ્દીન સબ્ઝવારી તબ્રેઝી | મુલતાન |
| (૩) ,, નસીરૂદ્દીન મુહમ્મદ સબ્ઝવારી | સુમન બુર્જ કિલ્લામાં, લાહોર |
| (૪) ,, અહમદ શકરયાર | કસ્બે નરરઃ રિયાસત જયપુર લોહારૂ નજીક |
| (૫) ,, શમ્શુદ્દીન સાની | કસ્બે કટરાઃ ડીસ્ટ્રીકટ અલાહબાદ |
| (૬) ,, કમાલુદ્દીન સબ્ઝવારી | બલદાહદીબલઃ ઠઠ્ઠા નગર, ડીસ્ટ્રીકટ કરાંચી |
| (૭) ,, સલાહુદ્દીન | બલદાહદીબલઃ ઠઠ્ઠા નગર, ડી. કરાંચી |
| (૮) ,, જલાલુદ્દીન | ,, ,, ,, કરાંચી |
| (૯) ,, ઝયનુલ આબેદ્દીન | ,, ,, ,, કરાંચી |



| | |
|---|---|
| (૧૦) સૈયદ ખયરૂદ્દીન | સબ્ઝ ગુમ્બદઃ સક્કર (જુનું) સિંધ |
| (૧૧) ,, આદમઅલી | ટેકરી આદમશાહઃ સક્કર સિંધ |
| (૧૨) ,, આરિફશાહ | ,, ,, ,, સિંધ |
| (૧૩) ,, માઅરૂફશાહ | ,, ,, ,, સિંધ |
| (૧૪) ,, ઈનાયતુલ્લાહ | ખાઇઃ ડીસ્ટ્રીકટ મોન્ટ ગોમરી |
| (૧૫) ,, ઈબ્રાહીમ | કેસુખાઈઃ ડીસ્ટ્રીકટ ફીરોઝપુર |
| (૧૬) ,, કમરઅલી | લોહારકાઃ ,, અમ્રતસર |

પીર સૈયદ નસીરૂદ્દીન મુહમ્મદ સબ્ઝવારીના નાના પૂત્ર પીર સૈયદ શહાબુદ્દીનના વંશજોના રોઝાઓ કયાં કયાં આવેલા છે તેનું લીસ્ટ નીચે પ્રમાણે છેઃ—

| | |
|---|---|
| (૧) પીર સૈયદ શહાબુદ્દીન સબ્ઝવારી | નમતહોલઃ હેબ્બટ અબલુની છાવણી સામે, ડીસ્ટ્રીકટ હઝારાહ |
| (૨) ,, હાજી સદરૂદ્દીન સબ્ઝવારી | તીરન્ડા ગોરગેજઃ ડીસ્ટ્રીકટ ભાવલપુર |
| (૩) ,, ગ્યાસુદ્દીન | તીરન્ડા ગોરગેજઃ ડી. ભાવલપુર |
| (૪) ,, હસન કબીરૂદ્દીન | ઉચ્છઃ ડી. ,, |
| (૫) ,, ઈસ્લામશાહ | કંદહારઃ અફઘાનીસ્તાન |
| (૬) ,, મુસા ઝાહિર-અલી | સેતપુરઃ ડીસ્ટ્રીકટ મુઝફ્ફર ગઢ, પંજાબ |
| (૭) ,, સુલતાન અલી અકબર | શીયામ્યાનીઃ મુલતાન છાવણીના સામે |
| (૮) ,, નર નાસીરૂદ્દીન | તગલશાહઃ ડીસ્ટ્રીટક હોશિયારપુર |
| (૯) ,, ઔલિયા અલી | ચોળી મસ્જીદની સામે, આગ્રા |

| | | | |
|---|---|---|---|
| (૧૦) | સૈયદ | મુહમ્મદ નૂરબખ્શ સાની ઉર્ફે પીર મઠ્ઠા | જમ્મુઃ કાશ્મીર સ્ટેટ |
| (૧૧) | ,, | શમ્શુદ્દીન સાની ઉર્ફે ફત્હશાહ | ,, ,, ,, |
| (૧૨) | ,, | શહાબુદ્દીન સાની ઉર્ફે મસ્ત દરિયા | સમાનીઃ ડીસ્ટ્રીકટ રયાસી, કાશ્મીર સ્ટેટ |
| (૧૩) | ,, | નૂરશાહ | રળીઃ ડીસ્ટ્રીકટ હૈદ્રાબાદ, સિંધ |
| (૧૪) | ,, | ફત્હ મુહમ્મદ | જમ્મુઃ કાશ્મીર સ્ટેટ |
| (૧૫) | ,, | બાલા બુલંદ-અલી | ચન્બાઃ ડીસ્ટ્રીકટ રયાસી, કાશ્મીર સ્ટેટ |
| (૧૬) | ,, | મુહમ્મદશાહ ઝીન્દા | ભીંડીબજાર મુંબઈ, |
| (૧૭) | ,, | સદરશાહ | નગરી પજોહલઃ ડીસ્ટ્રીકટ કઠુઆ, કાશ્મીર સ્ટેટ |
| (૧૮) | ,, | ઝિન્દઅલી | રોહરીઃ ડીસ્ટ્રીકટ સક્કર, સિંધ |
| (૧૯) | ,, | હુસેનશાહ | સલદીરીઃ તાલુકે મેલસી, ડી. મુલતાન |
| (૨૦) | ,, | ઈમામશાહ | બસ્તી જાફરશાહ, ડી. ભાવલપુર |
| (૨૧) | ,, | શાહ શરીફ | મુન્દાહરઃ ડી. જેલમ, કાશ્મીર |
| (૨૨) | ,, | અચ્છાશાહ અશરફઅલી | કમાલીયાઃ સરકારી જંગલ, મોજે ઈનાયતશાહ |
| (૨૩) | ,, | નવબહારશાહ | કમાલીયા ફોર્ટઃ ડી. મોન્ટ ગોમરી |
| (૨૪) | ,, | સયદી અહમદશાહ | લીન્કન જમાલપુરઃ ડી. ભાવલપુર |
| (૨૫) | ,, | મુહમ્મદશાહ | પસીનઃ ડી. લાહોર |



| | | | |
|---|---|---|---|
| (૨૬) | સૈયદ | બાલા બુલન્દ અલી | ચોટીઃ ડી. ડેરા ગાઝીખાન |
| (૨૭) | ,, | આદિલશાહ | ડેરા ગાઝીખાન |
| (૨૮) | ,, | તાજુદ્દીન મેહમુદ | મ્યાની રોહથલઃ ડી. કરાંચી |
| (૨૯) | ,, | ઝમરૂદ્દીન એહમદ | ઠંડા ગુલામ હૈદરઃ ડી. હૈદ્રાબાદ સિંધ |
| (૩૦) | ,, | અલાઉદ્દીન મુહમ્મદ | ,, ,, |
| (૩૧) | ,, | ફત્હશાહ | તટર સોંદીયાં ડી. હૈદ્રાબાદ સિંધ |
| (૩૨) | ,, | મુહમ્મદશાહ | ફુલપુરઃ ડી. જાલંધર, પંજાબ |
| (૩૩) | ,, | સબ્ઝઅલી | મસ્તાબાદઃ ડી. મોન્ટ ગોમરી |
| (૩૪) | ,, | જાફરશાહ | કાઠિયાવાડ |
| (૩૫) | ,, | અલી ગૌહર નૂર સાબીત મેહમુદબુટી | લાહોર નજીક |
| (૩૬) | ,, | હસનશાહ | મુન્દ્રાઃ કચ્છભૂજ |
| (૩૭) | ,, | મુહમ્મદશાહ | ડેરા ,, |
| (૩૮) | ,, | ગુલામઅલી ઉર્ફે ગરમાલી શાહ | ,, ,, |
| (૩૯) | ,, | રહમતુલ્લાહ શાહ | ખેરપુરઃ ડીસ્ટ્રીકટ ભાવલપુર |
| (૪૦) | ,, | ઈસરાઈલ મીયાર ગાઝી | ભાગનાળીઃ ડીસ્ટ્રીકટ સીવી |
| (૪૧) | ,, | મીરાં મુહિબશાહ | કરાંચી |
| (૪૨) | ,, | કબીરશાહ | જુંઃ ડીસ્ટ્રીકટ હૈદ્રાબાદઃ સિંધ |
| (૪૩) | ,, | અકબરશાહ | માંડવી; કચ્છ ભૂજ |
| (૪૪) | ,, | મુહમ્મદઅલી શાહ | મીરપુર ફટવાઃ ડીસ્ટ્રીકટ હૈદ્રાબાદ સિંધઃ |

| | | |
|---|---|---|
| (૪૫) | સૈયદ શાહ મુહમ્મદ | ચહચહ જહાંખાં: ડીસ્ટ્રીકટ હૈદ્રાબાદ: સિંધ |
| (૪૬) | ,, હાદી રાહનુમા | લાહોર |
| (૪૭) | ,, ફીરોઝશાહ પીર પટ્ઠા | ખારાધર કરાંચી |
| (૪૮) | ,, નિઝામુદ્દીન શાહ | બાનમરી: ડીસ્ટ્રીકટ હૈદ્રાબાદ: સિંધ |
| (૪૯) | ,, ઈમામુદ્દીન ઉર્ફે ઈમામશાહ | પીરાણા: ડીસ્ટ્રીકટ અમદાવાદ |
| (૫૦) | ,, નૂરૂદ્દીન મુહમ્મદ ઉર્ફે નુરમહમ્મદશાહ | ,, ,, ,, |
| (૫૧) | ,, શહાબુદ્દીન | ,, ,, ,, |
| (૫૨) | ,, જલાલુદ્દીન | ,, ,, ,, |
| (૫૩) | ,, ઇમામુદ્દીન સાની | ,, ,, ,, |
| (૫૪) | ,, મુહમ્મદ અશરફશાહ | ,, ,, ,, ધોળકા: ,, ,, |
| (૫૫) | ,, નૂરમહમ્મદ સાની | પીરાણા: ,, ,, |
| (૫૬) | ,, ફત્તેહ ઉલ્લાહશાહ | પીરાણા: ,, ,, |
| (૫૭) | ,, વલનશાહ | પીરાણા: ,, ,, |
| (૫૮) | ,, ફઝુલ્લાશાહ | અમદાવાદ |
| (૫૯) | ,, ગુલામ નબી | બહાદરપુર: વાયા બુરહાનપુર: સી. પી· |
| (૬૦) | ,, ખાલિકશાહ | પાટણ: વડોદરા રાજ્ય |
| (૬૧) | ,, બાકરશાહ | અમદાવાદ |
| (૬૨) | ,, બાલે શાહ | ખંભાત: વાયા આણંદ |



| | | |
|---|---|---|
| (૬૩) | સૈયદ બીબી શમ્સ ખાતુન બિન્તે સૈયદ ઈમામશાહ | ખંભાત: વાયા આણંદ |
| (૬૪) | ,, સઈદુદ્દીન ઉર્ફે સૈયદ ખાન | પીરાણા: ડીસ્ટ્રીકટ અમદાવાદ |
| (૬૫) | ,, દુલ્હા મુહમ્મદ શાહ | બહાદરપુર: વાયા બુરહાનપુર: સી. પી. |
| (૬૬) | ,, મુહમ્મદશાહ | પુનીયાદ: વડોદરા પ્રાંત |
| (૬૭) | ,, શેરશાહ વલી | બુરહાનપુર: સી. પી. |
| (૬૮) | ,, શાહ મશાયખ | જુની દિલ્હી |
| (૬૯) | ,, અબુલહસન | કડી: વડોદરા રાજ્ય |
| (૭૦) | ,, ઝયનુદ્દીન | વડનગર: વડોદરા રાજ્ય |
| (૭૧) | ,, શાહ સદરૂદ્દીન | વડનગર: વડોદરા રાજ્ય |
| (૭૨) | ,, મુહમ્મદ ફાઝિલશાહ | કડી: વડોદરા રાજ્ય |
| (૭૩) | ,, દાઉદ એહમદ હુસેન | કડી: વડોદરા રાજ્ય |
| (૭૪) | ,, પીરસાહબમિયાં | સાથ દાંતા: |
| (૭૫) | ,, શાહ મશાયખ સાની | અમદાવાદ |
| (૭૬) | ,, અબ્દુલ્લાહશાહ | અમદાવાદ |
| (૭૭) | ,, અબુતાલિબ | ધોળકા: ડીસ્ટ્રીકટ અમદાવાદ |
| (૭૮) | ,, અબુતાલિબ સાની | ખંભાત: વાયા આણંદ |
| (૭૯) | ,, લાલ શહેબાઝ કલન્દર | સેવાન: સિન્ધ |
| (૮૦) | ,, કાસિમશાહ | અમદાવાદ |
| (૮૧) | ,, નૂરશાહ | વનેડવાલા: ડીસ્ટ્રીકટ મુઝફ્ફર ગઢ: પંજાબ |

| | | |
|---|---|---|
| (૮૨) | સૈયદ પેહનેશાહ | ફીલાઃ કસુરઃ ડીસ્ટ્રીકટ લાહોર |
| (૮૩) | ,, સબ્ઝઅલી ઉર્ફે હીરનશાહ | ભટીન્ડા હાજી રતન |
| (૮૪) | ,, ખૂદા બખ્શ | ભટીન્ડા હાજી રતન |
| (૮૫) | ,, લાલશાહ | પહેલવાન અરાઇંઃ ડીસ્ટ્રીકટ મુલતાન |
| (૮૬) | ,, મહેરશાહ | શેખુરાઃ ડીસ્ટ્રીકટ મોન્ટ ગોમરી |
| (૮૭) | ,, મુહમ્મદશાહ | ચાંપાનેર (ગુજરાત) |
| (૮૮) | ,, ગુલામઅલી | ધોળકાઃ ડીસ્ટ્રીકટ અમદાવાદ |
| (૮૯) | ,, ફાઝિલશાહ સાની | પાલણપુર ( ઉ. ગુજરાત ) |
| (૯૦) | ,, મુહમ્મદશાહ | ખોજા મહોલ્લા, ખડક, મુંબઈ |
| (૯૧) | ,, અલીકબીર | નવસારી |
| (૯૨) | ,, અલીસગીર | નવસારી |
| (૯૩) | ,, હાશિમશાહ | નવસારી |
| (૯૪) | માજી ફાતિમા બેગમ | નવસારી |
| (૯૫) | ,, દુર્વેશઅલી | વેમારઃ વાયા મિંયાગામ કરજણ |
| (૯૬) | ,, હસનશાહ | વેમારઃ વાયા મિંયાગામ કરજણ |
| (૯૭) | ,, બાલા મુહમ્મદ શાહ | પીરાણાઃ ડીસ્ટ્રીકટ અમદાવાદ |
| (૯૮) | ,, દુર્વેશઅલી | સલાબતપુરા, સુરત |
| (૯૯) | ,, ફઝલેઅલી | સલાબતપુરા, સુરત |
| (૧૦૦) | ,, બંદેઅલી | રૂસ્તમપૂરા, સુરત |
| (૧૦૧) | ,, અબ્દુલ નબી (સૈયદખાની) | સુરત |
| (૧૦૨) | ,, શેરશાહવલી | સુરત |
| (૧૦૩) | ,, સાહેબવલી | ગોપીપુરા, સુરત |



# જુદી જુદી વંશાવળીઓ

"ખોજા વૃતાંત"ના કર્તાએ પીરોની વંશાવળી પ્રગટ કરી છે, તે ઉપયોગી અને જાળવવા જેવી છે, જે આ પ્રમાણે છે:—

(૧)

૧ પીર સતગુરૂનૂર (ઉર્ફે સૈયદ મુહમ્મદ)
૨ ,, ઈમામદીન (ઉર્ફે ઈસ્માઇલ સાની)
૩ ,, મહંમદ મનસુર
૪ ,, ગાલીબદીન
૫ ,, અબ્દુલ અઝીઝ
૬ ,, મુસ્તનસીરબીલ્લાહ
૭ ,, અહમદ હાદી
૮ ,, હાશમશાહ
૯ ,, મહંમદ
૧૦ ,, મેહમુદ
૧૧ ,, મોહીયુદ્દીન
૧૨ ,, ખાલીકદ્દીન
૧૩ ,, અબ્દુલ મોમિન
૧૪ ,, ઈસ્લામુદીન
૧૫ ,, સલાહુદીન
૧૬ ,, શમશદીન
૧૭ ,, નસીરદીન
૧૮ ,, સાહેબદીન
૧૯ ,, સદરદીન
૨૦ ,, હસન કબીરદીન

(૨)

વળી ખોજા કોમના મુખી લાલજીભાઈ દેવરાજે **"તરબીયતે દુવા"** ના ગ્રંથમાં પીરોની વંશાવળી આ પ્રમાણે લખી છેઃ—

૧ પીર સતગુરનૂર (ઉર્ફે સૈયદ મુહમ્મદ)
૨ „ ઈમામદીન (ઉર્ફે ઈસ્માઈલ સાની)
૩ „ મહંમદ મનસુર
૪ „ ગાલીબદીન
૫ „ અબ્દુલ મજીદ
૬ „ મુસ્તનસીરબીલ્લાહ
૭ „ અહમદ હાદી
૮ „ હાશમશાહ
૯ „ મહંમદશાહ
૧૦ „ મેહમુદશાહ
૧૧ „ મુહીયુદીન
૧૨ „ ખાલીકદીન
૧૩ „ અબ્દુલ મોઅમિન
૧૪ „ ઈસ્લામદીન
૧૫ „ સાલેહદીન
૧૬ „ શમશદીન
૧૭ „ નસીરદીન
૧૮ „ શહાબુદીન
૧૯ „ સદરદીન
૨૦ „ હસન કબીરદીન



(૩)

ગુજરાતના સુપ્રસિદ્ધ ઇતિહાસ " **મીરાતે એહમદી**" નામના ગ્રંથમાં પીરોની વંશાવળી નીચે પ્રમાણે લખી છેઃ—

૧ સૈયદ ઇમામુદીન
૨ „ કબીરૂદીન હસન
૩ „ સદરૂદીન
૪ „ શહાબુદીન
૫ „ નસીરૂદીન
૬ „ શમ્શુદીન
૭ „ સલાહુદીન
૮ „ ઇસ્લામુદીન
૯ „ અબ્દુલ મોમીન
૧૦ „ ખાલીદ
૧૧ „ મુજીબોદીન (ઉર્ફે મુહિયુદ્દીન)
૧૨ „ મેહમુદ
૧૩ „ મહમદ
૧૪ „ હાસમ
૧૫ „ એહમદ હાદી
૧૬ „ જમાલ મુસ્તનસીરબીલ્લાહ
૧૭ „ અબ્દુલ મજીદ
૧૮ „ ગાલિબ
૧૯ „ મનસુર
૨૦ „ ઇસ્માઈલ સાની (ઉર્ફે ઇમામુદીન)
૨૧ „ મુહમ્મદ
૨૨ „ ઇસ્માઇલ

૨૩ સૈયદના હઝરત ઈમામ જાફરે સાદિક (અ. સ.) ×

(૪)

"ગુલઝારે શમ્શ તબ્રેઝ" ના કર્તાએ હઝરત પીર હસન કબીરૂદ્દીન સાહેબનો સિજરો નીચે પ્રમાણે લખ્યો છેઃ—

**વંશાવળી**

૧ સૈયદ હસન કબીરૂદ્દીન (ઉચ્છ)
૨ ,, મેહમુદ સાની પીર હાજી સદરૂદીન (તરીન્દા, જીલ્લે ભાવલપુર)
૩ ,, શહાબુદ્દીન
૪ ,, નસીરૂદ્દીન મુહમ્મદ (લાહોર)
૫ ,, શમ્શુદ્દીન સબ્ઝવારી (મુલતાન)
૬ ,, મુહમ્મદ નૂરબખ્શ પીર સલાહુદ્દીન
૭ ,, અલી પીર સલામુદ્દીન
૮ ,, અબ્દુલ મોમિન
૯ ,, અલી ખાલિદુદ્દીન
૧૦ ,, મુહિબુદ્દીન

× "મિરાતે એહમદી"ના કર્તાએ ઉપરની વંશાવળી લખી છે પરંતુ અમારા ખાનદાનની વંશાવળી જોડે તેનો મુકાબલો કરતા તેમાં સૈયદ ઇસ્માઈલ, સૈયદ મુહમ્મદ ઉર્ફે સતગુર નૂર અને હઝરત ઇમામ જાફરે સાદિક ( અ. સ.) ના નામો શરતચુકથી અથવા ભૂલથી રહી ગયેલા માલમ પડયાથી તે નં. ૨૧ નં. ૨૨ અને ૨૩ થી અમોએ વધારી લઇ, આ વંશાવળી સંપૂર્ણ ખરી કરી છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે આ વંશાવળીઓના ખરાપણામાં કશો શક નથી.



૧૧ ,, મેહમુદ સબ્ઝવારી (લાહોર)
૧૨ ,, મુહમ્મદ
૧૩ ,, હાશિમ
૧૪ ,, અહમદ હાદી
૧૫ ,, મુસ્તનસીર બીલ્લાહ
૧૬ ,, અબ્દુલ મજીદ
૧૭ ,, ગાલિબુદ્દીન
૧૮ ,, મુહમ્મદ મનસુર
૧૯ ,, ઇસ્માઇલ સાની (ઉર્ફે ઇમામુદ્દીન)
૨૦ ,, મુહમ્મદ (સૈયદ સાદાત સાહેબ)
૨૧ ,, ઇસ્માઇલ
૨૨ ઇમામ જાફરે સાદિક (અ. સ.)

(૫)

ઇસ્માઇલી ખાનદાનના સૈયદ અબ્દુલ મોમિનના વંશજો મોરોક્કોના બાદશાહો હતા. અને તે પૈકી તેર ઇસમોએ ત્યાં રાજસત્તા ભોગવી હતી, તેમનો અબ્દુલ મોમિનથી હઝરત ઇમામ જાફરે સાદિક (અ. સ.) ને જઈ મળતો સિલસિલો નીચે પ્રમાણે છે અને તે "ગુલઝારે શમ્શ તબ્રેઝ" નામના ઉર્દુ ગ્રંથમાંથી ઉતારી લેવામાં આવે છેઃ—

**વંશાવળી.**

| | |
|---|---|
| ૧ હઝરત ઇમામ જાફરો સાદિક | ૧૫ સૈયદ અબ્દુલ મોમિન |
| ૨ સૈયદ ઇસ્માઇલ | ૧૬ બાદશાહ સૈયદ અલી ખાલીદ |
| ૩ ,, મુહમ્મદ | ૧૭ સૈયદ મુહમ્મદ યુસુફ |
| ૪ ,, ઈ. સાની ઉર્ફે ઇમામુદ્દીન | ૧૮ યાકુબ મનસુર |
| ૫ ,, મુહમ્મદ મનસુર | ૧૯ ,, મુહમ્મદ નાસીર |

૬ ,, ગાલિબુદ્દીન
૭ ,, અબ્દુલ મજીદ
૮ ,, મુસ્તનસીર બિલ્લાહ
૯ ,, અહમદ હાદી
૧૦ ,, હાશિમ
૧૧ ,, મુહમ્મદ
૧૨ ,, મેહમુદ સબ્ઝવારી
૧૩ ,, મુહિબુદ્દીન
૧૪ ,, ખાલિદુદ્દીન
૨૦ ,, યુસુફ સાની મુનતસીર
૨૧ ,, અબ્દુલ વાહિદ
૨૨ ,, અબુ મુહમ્મદ આદિલ
૨૩ ,, યહયા મોઅતેસિમ
૨૪ ,, અબુ અલા ઇદરીસ મામુન
૨૫ ,, અબ્દુલ વાહિદ રશીદ
૨૬ ,, અબુલ હસન અલી સઇદ
૨૭ ,, અબુ હિફ્ઝ ઉમર મુર્તુઝા
૨૮ ,, સૈ. અબુઅલા વાસિક

(૬)

"ગુલઝારે શમ્શ તબ્રેઝ"ના કર્તા લખે છે કે "જમ્મુ (કાશ્મીર)માં હઝરત પીર મદ સાહેબની દરગાહના સજ્જાદાનશીન સૈયદ અઝીમશાહની પાસે એક હસ્ત લિખિત વંશાવળી છે, જે સૈયદ શાહ તાહિરથી શરૂ થઈ હઝરત ઇમામ જાફરે સાદિક (અ. સ.)થી જઈ મળે છે અને જે વંશાવળીને "તવારિખે ફિરિસ્તા"ના વિદ્વાન કર્તાએ પોતાના ગ્રંથમાં 'તારિખે અયુતુલ તવારિખ'નો આધાર ટાંકી નકલ કરી છે તે હેઠળ આપવામાં આવે છે.

કેમકે મજકુર સાદાતો પણ ફાતિમી વંશના હોઈ, શાહ ઇસ્માઈલની ઓલાદમાંથી ઉતરેલા હોવાથી વંશાવળીની ચોખવટ માટે એ વંશાવળી પણ અહિં રજુ કરવી જરૂરી જણાય છેઃ—

## વંશાવળી

૧ હઝરત ઇમામ જાફરે સાદિક (અ. સ.)
૨ સૈયદ ઇસ્માઈલ
૩ ,, મુહમ્મદ
૪ ,, ઇસ્માઈલ સાની ઉર્ફે ઇમામુદ્દીન



,, મુહમ્મદ મનસુર
,, ગાલિબ
,, અબ્દુલ મજીદ
૮ ,, મુસ્તનસીરબિલ્લાહ
૯ ,, અહમદ રાદી
૧૦ ,, હાશિમ
૧૧ ,, મુહમ્મદ
૧૨ ,, મેહમુદ સબ્ઝવારી
૧૩ ,, મુહિબુદ્દીન
૧૪ ,, અલી ઉર્ફે ખાલિદુદ્દીન
૧૫ ,, અબ્દુલ મોમિન
૧૬ ,, રઝીયુદ્દીન ઉર્ફે જાફર
૧૭ ,, કાસિમ અન્વાર
૧૮ ,, મુર્તુઝા
૧૯ ,, મુહમ્મદ ઇસ્માઇલ
૨૦ ,, અબ્દુલ મોમિન
૨૧ ,, અલી ખાલિદ
૨૨ ,, જાફરશાહ
૨૩ ,, મુહમ્મદ રઝા
૨૪ ,, અલી ઉર્ફે જમાલુદ્દીન
૨૫ ,, હસન આલમ
૨૬ ,, રફીઉદ્દીન ઉર્ફે સૈયદઅલી
૨૭ ,, અલમૌલા મોમિનશાહ
૨૮ ,, મુહમ્મદ ઉર્ફે શાહ રઝીયુદ્દીન
૨૯ ,, શાહ તાહિર

NOT TO BE ISSUED

SMT. HANSA MEHTA LIBRARY, BARODA.
RARE BOOK COLLECTION
UNIVERSITY LIBRARY.

NOT TO BE ISSUED

SHML
G9301

સંપૂર્ણ.

G.9301.

NOT TO BE ISSUED

BP
70
.D2

G.9301